હીરામાણેકનો પહાડ

સોવિયેત પ્રજાઓની વાર્તાઓ



કોઈ પણ પ્રજાના આત્માનું ઓજસ તેનાં ગીતો અને લોકજીભે જળવાઈ રહેલી વાર્તાઓમાં જોવા મળે છે.

આ સંગ્રહમાં સોવિયેત સંઘની પ્રજાઓની સર્વોત્તમ પુરાણી વાર્તાઓ રજૂ કરવામાં આવી છે. પુસ્તકમાં બધી મળીને ૩૮ વાર્તાઓ છે—અંધારા અતીતમાંથી આવેલી રશિયન વાર્તાઓ ('ભૂખરો ઘોડો', 'ખેડૂતનો દીકરો ઈવાન અને ત્રણ વિકરાળ રાક્ષસ', 'અનોખો મુકદ્દમો'), ઉક્રાઈનાની વ્યંગભરી રસમય વાર્તા ('ઘમંડી જમીનદાર અને ચતુર ખેડૂત'), સોવિયેત સંઘના પૂર્વપ્રદેશમાં રહેતી પ્રજાઓની અજબ મજેદાર વાર્તાઓ (તુર્કમેનિયાની 'હીરામાણેકનો પહાડ', આર્મેનિયાની 'આનાઈત', જ્યોર્જિયાની 'મૃગબાળ અને રૂપાળી યેલેના'), અને સુદૂર ઉત્તર વિસ્તારની અનોખી કલ્પનાસભર વાર્તાઓ (નેનેત્સ પ્રજાની વાર્તા 'પવનરાજ કેતુરા' અને ચુકચી પ્રજાની વાર્તા 'છોકરી અને ચાંદો').

વિવિધ પ્રજાઓની વાર્તાઓનાં નિરનિરાળાં રૂપલક્ષણો આ સંગ્રહને નાના કે મોટા સૌ વાચકો માટે જતનથી સાચવી રાખવા જેવું અનોખું પુસ્તક બનાવી દે છે.

ISBN 5-05-001797-1

હીરામાણેકનો પહાડ

સોવિયેત પ્રજાઓની વાર્તાઓ

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

પીપલ્સ બુક હાઉસ
ઘીકાંટા ચાર રસ્તા રીલીફ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૧

અનુવાદ — અતુલ સવાણી

ચિત્રો — બોરીસ દિઓદોરોવ અને બોરીસ મિનાયેવ

Гора самоцветов

СКАЗКИ НАРОДОВ СССР

на яз. гуджарати

A Mountain of Gems

FAIRY TALES OF THE PEOPLES
OF THE SOVIET LAND

in Gujarati

Гора самоцветов.
Сказки народов СССР.
На языке гуджарати.
Редактор О. А. Баева

Для среднего школьного возраста

Перевод сделан по книгам:
Гора самоцветов. - М.: Детгиз, 1957;
„Русские народные сказки" - М.: Детгиз, 1946;
Грузинские народные сказки. - М.: Детгиз, 1958;
Украинские народные сказки. - М.: Детгиз, 1958.

સોવિયેત સંઘમાં મુદ્રિત

ISBN 5-05-001797-1

અનુક્રમણિકા

પ્રિય વાચકો !

તમે સૌ જાણતા જ હશો કે સોવિયેત સંઘ વિશાળ દેશ છે. એ દુનિયાનો સૌથી મોટો દેશ છે. પૂર્વમાં આલાસ્કા અને પશ્ચિમમાં સ્કેન્ડિનાવિયા તેના પાડોશીઓ છે. સોવિયેત સંઘની ધરતી દક્ષિણમાં છેક કોકેસસ અને પામીરની પર્વતમાળાઓ સુધી પથરાયેલી છે અને ઉત્તરમાં આર્કટિક મહાસાગર જોડે મિલન સાધીને સાગરકિનારો રચે છે. આ વિશાળ દેશનુ ધબકતું હૈયું છે મોસ્કો શહેર.

દેશના દૂર પૂર્વના ભાગમાં ખાબારોવ્સ્ક નગરની ઉપર આકાશમાં પ્રાગડના દોરા ફૂટતા હોય ત્યારે પશ્ચિમનાં કીયેવ, મીન્સ્ક અને બીજાં નગરોના આકાશમાં સૂર્ય અસ્તાચળમાં ગમન કરવાનું શરૂ કરતો હોય છે. યાકૂતિયામાં હિમ જેવો ઠંડો પવન ફૂંકાતો હોય ત્યારે તાશ્કંદમાં ગુલાબનાં ફૂલ ખીલી રહ્યાં હોય છે, અને કાળા સમુદ્રને કાંકરિયાળે કિનારે સહેલાણીઓ સૂર્યનાં ઉષ્માભર્યાં કિરણોની મઝા માણી રહ્યા હોય છે.

એવા આ વિશાળ દેશમાં અનેકવિધ પ્રજાઓ વસે છે. દરેક પ્રજા પોતાની આગવી પરંપરાઓ તથા રીતરિવાજ અને ભાષા ધરાવે છે.

સોવિયેત સંઘની દરેક પ્રજા જૂના જમાનાથી લોકજીભે જળવાઈ રહેલો પોતાનો વાર્તાખજાનો ધરાવે છે.

નેનેત્સ અને ચુકચી પ્રજાઓની તેમ જ રશિયાના ઉત્તર ભાગમાં વસતી બીજી પ્રજાઓની વાર્તાઓ આપણને ચોમેર બરફ છવાયેલા ટુંડ્રપ્રદેશમાં લઈ જાય છે, જ્યાં નિરંતર આકરાં હિમનું તથા ગાજતા હિમઝંઝાવાતોનું સામ્રાજ્ય હોય છે અને કૂતરા તથા હરણો માનવીના સૌથી સારા દોસ્તો હોય છે. મધ્ય એશિયાની પ્રજાઓની

વાર્તાઓમાં ઊંટોની વણજારો ધીકતી રેતીનાં રણોમાં ધીરે ડગલે પંથ કાપતી હોય છે, અને તરસ્યાં ખેતરોને પાણી પાતી અસંખ્ય નહેરોમાં વહેતાં જળ નિરંતર કલકલ ધ્વનિ કરતાં રહે છે. રશિયન વાર્તાઓ વાંચીએ ત્યારે આપણી નજર સામે નિરાળાં દૃશ્યો અને કલ્પનાચિત્રો ખડાં થાય છે. ઉનાળામાં હરિયાળીથી ઓપતા અને શિયાળામાં ધવલ હિમજાજમથી શોભતા પર્વત અને ખીણ પ્રદેશોને આ વાર્તાઓના બહાદુર યુવાન નાયકો મારતે ઘોડે પાર કરતા હોય છે ત્યારે લાવણ્યમયી રાજકુમારીઓ ઊંચા મહેલોની અટારીઓમાં બેઠી બેઠી ધીરજથી એમની વાટ જોતી રહે છે.


આ વાર્તાઓ ગુજરાતીમાં પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ કેમ કે તેમાં રસની છોળો છે, અનેરા કલ્પનાવિહાર છે, સુખી ભાવિનાં સોણલાં છે.

પુસ્તક ખોલશો કે તરત જ તમે જાદુની દુનિયામાં પહોંચી જશો. ખેડૂતના દીકરા ઈવાનની ભેગા તમે પણ વિકરાળ આગિયા રાક્ષસની સાથે તલવારનું ધિંગાણું ખેલશો, લુચ્ચા અને ઘાતકી શાહને બુદ્ધિબળથી પરાજિત કરતી ઝાર્નિયારની ચતુરાઈ જોઈને તમે છક થઈ જશો, લોકોને બચાવવા ખાતર પોતાના જ દીકરાની જિંદગી જોખમમાં મૂકનાર આલ્તાઇ પહાડવાસી બહાદુર શિકારી બોરોલદોઈ મેરગેન પ્રત્યે તમારાં હૈયાંમાં પ્રશંસાની લાગણી ઊભરાશે, રાજાના સમર્થ સલાહકારોના ડહાપણને ઝાંખું પાડી દેતી એક સાદા વણકરની બુદ્ધિપ્રતિભા જોઈને તમારાં મન હરખાઈ ઊઠશે.

અમને ખાતરી છે કે આ વાર્તાઓના નાયકો જોડે તમારો પરિચય થતાં જ તમારાં હૈયાંમાં એમને માટે સ્નેહની સરવાણીઓ ફૂટશે અને એ સૌ તમારા સરસ વફાદાર મિત્રો બની જશે.

દેડકી લાડી

રૂસી વાર્તા





બહુ જૂના જમાનાની વાત છે. રશિયા દેશમાં એક રાજા થઈ ગયો. રાજાને ત્રણ કુંવર. કુંવર મોટા જુવાન થઈ ગયા ત્યારે રાજાએ ત્રણેય કુંવરને બોલાવીને કહ્યું :

"પ્યારા કુંવરો, હું ઘરડો થઈ જાઉં ત્યાર પહેલાં મારે તમને વરાવી પરણાવીને તમારાં બાળકોને મારા ખોળામાં રમાડવાનો લહાવો લેવો છે."

ત્રણેય કુંવર બોલ્યા :

"બાપુ, તમારું એવું જ મન હોય તો અમને આશીર્વાદ આપો. તમે કહો એને પરણવા અમે તૈયાર છીએ."

"તો બેટા, તમે ત્રણેય એકેક તીર લઈને ખુલ્લા મેદાનમાં જાઓ. મેદાનમાં ઊભા રહો અને કમાન ખેંચીને તીર છોડો. તીર જઈને જ્યાં પડશે ત્યાં

તમને દરેકને તમારા ભાગ્યમાં લખેલી લાડી મળશે."

ત્રણેય કુંવર પિતાને નમન કરીને બહાર નીકળ્યા અને હાથમાં તીરકામઠાં લઈને ખુલ્લા મેદાનમાં ગયા. ત્યાં કમાન ખેંચીને ત્રણેય કુંવરે પોતપોતાનાં તીર પવનવેગે છોડયાં.

પાટવી કુંવરનું તીર જઈને પડયું રાજકુળના ભાયાતના ફળિયામાં. એની જુવાન દીકરીએ તીર લઈને રાખી મૂક્યું. વચેટ કુંવરનું તીર સુસવાટા કરતું પહોંચ્યું એક ધનિક વેપારીના ફળિયામાં. વેપારીની દીકરીએ તીર લઈ લીધું અને સાચવીને મૂકી રાખ્યું. પણ સૌથી નાના કુંવર ઇવાનનું તીર ગગનમાં એવું ઊડયું કે એ ક્યાં જઈને પડયું હશે તેની એને ખબર જ ન પડી. નાનો કુંવર તો તરત જ તીરને ગોતવા નીકળી પડયો. એ ચાલતો ચાલતો આખરે કોઈ કાદવિયા કળણ નજીક પહોંચ્યો. ત્યાં જુએ છે તો એક દેડકી એનું તીર મોંમાં લઈને બેઠેલી.

ઇવાને દેડકીને સમજાવી:

"દેડકીબાઈ, દેડકીબાઈ, મારું તીર મને પાછું આપી દે!"

દેડકીએ જવાબ દીધો:

"આપું, જરૂર આપું, પણ મારી જોડે પરણો તો!"

"એ તે વળી કેમ બને? મારાથી દેડકીને કેમ પરણાય?"

"તમે મને પરણો જ પરણો. હું તો તમારા ભાગ્યમાં લખેલી તમારી લાડી છું."

ઇવાન તો બીચારો ઉદાસ ઉદાસ અને નિરાશ થઈ ગયો. પણ બીજો કોઈ ઉપાય જ નહોતો એટલે દેડકીને હાથમાં લઈને એ પાછો વળ્યો. રાજાએ ત્રણેય કુંવરનાં લગન ધામધૂમથી ઊજવ્યાં. પાટવી કુંવરને ભાયાતની દીકરી જોડે પરણાવ્યો, વચેટ કુંવરને વેપારીની કન્યા જોડે પરણાવ્યો, અને બીચારા ઇવાનને દેડકી જોડે પરણાવ્યો.

થોડાક દિવસ વીત્યા હશે ત્યાં રાજાએ વળી પાછા ત્રણેય કુંવરને બોલાવ્યા.

"મારે વહુઓના સીવણકામની પરીક્ષા લઈને જાણવું છે કે સૌથી સારું સીવતાં કોને આવડે છે. ત્રણેયને કહો કે કાલ સવાર સુધીમાં દરેક વહુ મારે માટે એક એક પહેરણ સીવીને મોકલાવે."

ત્રણેય કુંવર પિતાને નમન કરીને પાછા ગયા.

ઈવાન ઘેર આવ્યો અને ગમગીનીમાં માથું ઢાળીને બેઠો. ત્યાં તો દેડકીવહુ કૂદતી કૂદતી આવીને પૂછવા લાગી:

"અરે, તમે આમ માથું ઢાળીને ગમગીન કેમ બેઠા છો? એવી તે વળી શી વિપદા આવી પડી છે?"

"બાપુએ ફરમાન કર્યું છે કે તારે કાલ સવાર સુધીમાં એમને માટે એક પહેરણ સીવી દેવું."

દેડકીવહુ બોલી:

"ઠીક, પણ એની ફિકર અટાણે કરો મા, ઈવાન! તમતમારે જઈને નિરાંતે સૂઈ જાઓ. સાંજ કરતાં તો સવાર જ શાણી હોય. સવારનું સવારે જોઈ લઈશું."

ઈવાન જઈને સૂઈ ગયો. દેડકીવહુ કૂદતી કૂદતી ઓસરીમાં ગઈ અને ત્યાં દેડકીનું ખોળિયું તજીને શાણપ અને ચતુરાઈની પરી વાસિલીસા બની ગઈ. પરી જાણે રૂપનો અંબાર—એવી રૂપાળી કે જગતમાં ક્યાંય એની જોડ ના જડે.

એણે તાળી પાડીને સાદ કર્યો:

"બાંદીઓ ને દાસીઓ, જલદી આવો અને તરત કામે વળગો! મારા બાપુ પહેરતા એવું મઝાનું પહેરણ કાલ સવાર સુધીમાં સીવી આપો."

સવારના પહોરમાં ઈવાન ઊઠયો ત્યાં દેડકીવહુ કૂદતી કૂદતી સામે આવી. કુંવરે જોયું તો પહેરણ ટેબલ ઉપર તૈયાર પડ્યું છે, સરસ મઝાંના કપડામાં વીંટેલું. ઈવાન તો રાજી રાજી થઈ ગયો. પહેરણ લઈને એ પહોંચ્યો પિતા પાસે. રાજા એ વખતે બીજા બે કુંવરની ભેટ જોવામાં પડયો હતો. પાટવી કુંવરે પહેરણ ખોલીને રાજાની સામે મૂક્યું. તેની ઉપર એક નજર નાખીને રાજા બોલ્યો:

"આ પહેરણ તો કોઈ ગરીબ ખેડૂતને પહેરવા લાયક છે."

પછી વચેટ કુંવરે પહેરણ પેશ કર્યું. તેને જોઈને રાજાએ કહ્યું:

"આ તો ફક્ત નાહવા જતી વખતે કામ લાગે એવું છે."

છેલ્લે ઈવાને પહેરણ ગડી ખોલીને સામે ધર્યું. તેની ઉપર સોનેરી રૂપેરી તારની સુંદર ગૂંથણી હતી. પહેરણ ઉપર નજર પડતાં જ રાજા બોલી ઊઠયો:

"વાહ! પહેરણ તો આને કહેવાય! મોજ માણવા જતા હોઈએ ત્યારે

પહેરવા જેવું છે!"

બેઉ મોટા ભાઈ પાછા જતી વેળા માંહોમાંહે ઊભરો કાઢવા લાગ્યા:

"ઈવાનની વહુને હસી કાઢવામાં આપણે ભૂલ કરી છે. એ તો દેડકી નહિ પણ ડાકણ લાગે છે!"

રાજાએ વળી પાછા કુંવરોને બોલાવીને ફરમાન કર્યું:

"દરેક વહુ એકેક ડબલરોટી બનાવીને સવાર પહેલાં મને મોકલે. મારે જાણવું છે કે સૌથી સરસ રાંધતાં કોને આવડે છે."

ઈવાન તો બીચારો વળી પાછો દુખી થઈને ઊતરેલે મોઢે ઘેર પહોંચ્યો. એને જોઈને દેડકીવહુએ પૂછ્યું:

"ઈવાન, વળી પાછા તમે આટલા નરાશ કેમ થઈ ગયા છો?"

ઈવાને જવાબ આપ્યો:

"પિતાનું ફરમાન છે કે તારે એક રોટી બનાવીને સવાર પહેલાં એમને મોકલવી."

"હવે અટાણે સંતાપ કરો મા, ઈવાન! તમતમારે જઈને નિરાંતે સૂઈ જાઓ. સાંજ કરતાં તો સવાર જ શાણી હોય. સવારનું સવારે જોઈ લઈશું," દેડકીવહુ બોલી.

દેડકીવહુની બેઉ જેઠાણીઓએ પહેલાં તો એની ઠેકડી ઉડાડેલી. પણ હવે બેઉ જણીએ રસોડાની ઘરડી નોકરડીને બોલાવીને કહ્યું કે જા, ઈવાનને ઘેર જઈને છાનીમાની જોઈ આવ કે દેડકીવહુ રોટી કેવી રીતે બનાવે છે.

દેડકી ખૂબ ચતુર હતી એટલે તરત સમજી ગઈ કે એ બેઉની શું નેમ છે. એણે પહેલાં તો લોટ બાંધ્યો, અને પછી કણકનો પિંડો ચૂલામાં ઊંડે ધરબી દીધો. ડોશી દોડતીક બેઉ જેઠાણીઓ કને પહોંચી ગઈ અને માંડીને આખી વાત કરી. દેડકીવહુએ જેમ કર્યું હતું એમ જ બન્ને જેઠાણીઓએ કર્યું.

પછી દેડકી કૂદતી કૂદતી ઓસરીમાં ગઈ અને રૂપ બદલીને વાસિલીસા પરી બની ગઈ. તરત જ એણે તાળી પાડીને સાદ કર્યો:

"બાંદીઓ ને દાસીઓ, જલદી આવો અને તરત કામે વળગો! સવાર સુધીમાં મને મઝાની પોચી ને ધોળી રોટી બનાવી આપો. હું મારા બાપુને ઘેર

ખાતી એવી જ સરસ શેકજો!"

સવારમાં ઊઠીને ઇવાન જુએ છે તો રોટી ટેબલ ઉપર તૈયાર પડેલી. તેની ઉપર નિરનિરાળી રૂપાળી ભાતો પાડેલી હતી. બધી બાજુએ સુંદર પૂતળાં રચેલાં હતાં અને ઉપર એક મઝાનું મોટું નગર ચીતરેલું હતું. નગરમાં મોટી મોટી દીવાલોવાળાં ઘર હતાં અને તેને ફરતો ઊંચા ઊંચા દરવાજાવાળો ગઢ હતો.

ઇવાનનું દિલ હરખથી છલકાઈ ગયું. એ તો રોટીને સાફ કપડામાં લપેટીને પિતા પાસે પહોંચી ગયો. બેઉ મોટા કુંવર ઘેરથી આણેલી રોટી રાજાને પેશ કરી રહયા હતા. બન્ને વહુઓએ તો ડોશીની વાત સાંભળીને કણકના પિંડા ચૂલામાં ઊંડે ધરબી દીધેલા. એટલે તેમની રોટીઓ ઉપર બળી ગઈ હતી અને અંદર કાચી લોંદા જેવી હતી.

રાજાએ પાટવી કુંવરના ઘરની રોટી હાથમાં લીધી અને એક નજર ફેરવીને તરત જ દાસીઓને મોકલી દીધી. પછી વચેટ કુંવરના ઘરની રોટી જોઈને, એ પણ નોકરચાકરોને મોકલી દીધી. છેલ્લે ઇવાનના ઘરની રોટી હાથમાં લેતાં જ રાજા એકદમ બોલી ઊઠયો:

"આનું નામ રોટી! એવી સરસ છે કે ઉજાણીમાં ખાતાં લહેર જ આવી જાય!"

પછી રાજાએ ત્રણેય કુંવરને બીજે દિવસે સજોડે જમવા નોતર્યા.

વળી પાછો ઇવાન ખૂબ ઉદાસ થઈને દુખી હૈયે ઘેર પહોંચ્યો. આ વખતે તો ગમગીનીથી એનું માથું સાવ નીચું ઢળી ગયું. દેડકીવહુ એને જોઈને કૂદકા મારતી સામે આવી અને પૂછવા લાગી:

"ડ્રાંઉં, ડ્રાંઉં, આટલા બધા ઉદાસ કેમ થઈ ગયા છો, ઇવાન? પિતાએ નારાજ થઈને તમને કંઈ કહ્યું તો નથી ને?"

ઇવાન બીચારો કકળતે હૈયે બોલી ઊઠયો: "અરેરે! દેડકીવહુ! હું ઉદાસ ન થાઉં તો બીજું શું કરું! રાજાએ ફરમાન કર્યું છે કે કાલે તને લઈને મારે એમની મિજબાનીમાં જમવા જવું. પણ એટલા બધા માણસોની સામે તને હું કેવી રીતે લઈ જાઉં!"

દેડકી વિનયથી બોલી:

"સંતાપ કરો મા, ઇવાન! તમે કાલે મિજબાનીમાં એકલા જજો, હું

પાછળથી આવી જઈશ. બહારથી ભારે ધણધણાટનો ને વાદળાં ગરજતાં હોય એવો અવાજ સંભળાય તો જરાય ગભરાતા નહિ. તમને કોઈ પૂછે કે શાનો અવાજ છે તો કહેજો કે એ તો મારી દેડકીવહુ ડબલામાં બેસીને આવી રહી છે એનો અવાજ છે."

ઈવાન બીજે દિવસે એકલો જ મિજબાનીમાં ગયો. એના બેઉ મોટા ભાઈ તો પહોંચી ગયેલા પોતપોતાની વહુને લઈને. બેઉ ભાભીઓએ સોળેય શણગાર સજ્યા હતા—સરસ મઝાનાં કપડાં ને ઘરેણાં, ભવાં ઘેરા રંગે રંગેલાં અને ગાલે ગુલાબનાં ફૂલ ચીતરેલાં. બન્ને ભાભીઓ ઈવાનની મશ્કરી કરવા લાગી:

"અમારી દેરાણીને કેમ નથી લાવ્યા? તમે રૂમાલમાં લપેટીને લાવવી હતી ને! એવી રૂપાળી વહુ તમને ક્યાંથી મળી? એને ગોતી કાઢવા તો તમે આખી દુનિયાનાં કાદવ ને કળણ ખૂંદી વળ્યા હશો!"

પછી રાજા કુંવરો, પુત્રવધૂઓ, અને બીજા મહેમાનો ભેગો જમવા બેઠો. જમણ માટે સીસમનાં ટેબલ ગોઠવવામાં આવ્યાં હતાં અને તેની ઉપર ભરતગૂંથણની રૂડી રૂડી ભાતવાળા મેજપોશ બિછાવેલાં હતાં. અચાનક ભારે ધણધણાટનો અને વાદળોના ગડગડાટ જેવો અવાજ સંભળાયો. અવાજ એવો ભયંકર કે રાજાનો આખો મહેલ હલી ઊઠયો. બધા મહેમાનો અવાજ સાંભળતાં એકદમ ગભરાઈને ઊભા થઈ ગયા. પણ ઇવાને શાંતિથી કહ્યું:

"કોઈ બીશો નહિ! આ તો ડબલાનો અવાજ છે. મારી દેડકીવહુ ડબલામાં બેસીને આવી રહી છે."

બરાબર એ જ ઘડીએ રાજાના મહેલને દરવાજે ચમકારા મારતો એક રથ આવીને ઊભો રહ્યો. ધોળા દૂધ જેવા છ છ ઘોડા રથને જોડેલા. રથનું બારણું ઊઘડયું અને વાસિલીસા પરી રથમાંથી નીચે ઊતરી. એનાં આસમાની રેશમનાં વસ્ત્રોમાં તારલિયા જડેલા હતા, અને એને માથે બીજના ચંદ્રનો મુગટ હતો. વળી એવી તો રૂપાળી, એવી તો રૂપાળી, કે ચીતરવામાં રંગની કારી ન ફાવે અને બયાનમાં શબ્દો ઝાંખા લાગે. ખરેખર અજબગજબનું રૂપ, માંડેલી નજર ખસે નહિ એવું રૂપ! એણે આવીને ઈવાનના હાથમાં હાથ પરોવ્યો અને એને ભરતગૂંથણના મેજપોશથી શણગારેલા સીસમના ટેબલ પાસે લઈ ગઈ.

મહેમાનો તો ખાવા પીવામાં ને મિજબાની માણવામાં મશગૂલ થઈ ગયા. વાસિલીસા પરીએ પ્યાલામાંથી પીણું પીધું અને વધેલાં બચેલાં ટીપાં ડાબી બાંયમાં સેરવી દીધાં. પછી એણે બીજી વાનગીઓ થોડીક ખાઈને વધેલું બચેલું જમણી બાંયમાં સેરવી દીધું.

બેઉ મોટા કુંવરની વહુઓએ એને એમ કરતાં જોઈ લીધી અને નકલ કરીને એમણે પણ એમ જ કર્યું.

સૌ ખૂબ ખાઈ પીને નાચની મઝા માણવા ઊભાં થયાં. વાસિલીસા પરીએ ઇવાનનો હાથ પોતાના હાથમાં લીધો અને એની જોડે નાચ કરવા લાગી. એવી સુંદર રીતે નાચી, કૂદડી ફરતી નાચી, ગોળ ચકરાવામાં નાચી, કે સૌ અંજાઈ ગયાં અને વખાણ નીતરતી નજરે એને જોઈ જ રહ્યાં. એણે ડાબી બાંય હલાવી તો સરોવર રચાઈ ગયું, અને જમણી બાંય હલાવી તો સરોવરમાં હંસલાં તરવા લાગ્યાં. રાજા અને બધા મહેમાનો તો એવી કળા જોઈને તાજુબીમાં ગરકાવ થઈ ગયા.

પછી બેઉ મોટા કુંવરની વહુઓએ નાચવાનું શરૂ કર્યું. એમણે ડાબી બાંય હલાવી તો બધા મહેમાનોની ઉપર ગંદા છાંટા ઊડયા, પછી જમણી બાંય હલાવી તો ચોતરફ હાડકાં વરસ્યાં, અને એક હાડકું ઊડીને રાજાની આંખમાં વાગ્યું. રાજાને એવો ગુસ્સો ચડયો કે એણે બેઉ મોટા કુંવરની વહુઓને કાઢી મૂકી.

દરમિયાનમાં ઈવાન છાનોમાનો બહાર છટકી ગયો અને દોડતોક ઘેર પહોંચ્યો. ઘેર જઈને એણે દેડકીનું ખોળિયું ગોતી કાઢીને ચૂલામાં બાળી નાખ્યું.

વાસિલીસા પરીએ ઘેર આવીને જોયું તો દેડકીનું ખોળિયું ક્યાંય દેખાય નહિ. એ ખૂબ ઉદાસ અને દુખી થઈને આસન ઉપર બેસી ગઈ, અને ઈવાનની સામે જોઈને બોલી:

"અરે ઈવાન, આ તમે શું કર્યું! તમે ફકત ત્રણ જ દિવસ વધારે ધીરજ રાખી હોત તો હું સદાને માટે તમારી થઈ ગઈ હોત. પણ હવે તો છેલ્લા જુહાર સમજો. મને ગોતવી હોય તો હવે સાત દેશને પેલે પાર, ધરતીને છેડે આખરી રાજમાં, અમર કોશ્ચેઈ રહે છે ત્યાં આવજો."

એટલું કહેતાં તો વાસિલીસા પરી કોયલનું રૂપ લઈને બારીમાંથી બહાર

ઊડી ગઈ, અને જોતજોતામાં આકાશમાં અદૃશ્ય થઈ ગઈ. ઈવાન બીચારો ક્યાંય સુધી રોતો કકળતો રહ્યો અને આખરે ચારેય દિશાઓને નમન કરીને વહુને ગોતવા નીકળી પડયો. એને મુદ્દલ ગમ નહોતી કે પોતે ક્યાં જઈ રહ્યો છે, પણ એના મનમાં એક જ ધૂન સવાર હતી—ગમે તેમ કરીને વાસિલીસા પરીને ગોતી કાઢવી. એણે લાંબું અંતર કાપ્યું હશે કે ટૂંકો પંથ ખેડયો હશે, એ લાંબા કાળ સુધી ચાલતો રહ્યો હશે કે થોડો વખત જ ચાલ્યો હશે, એની તો કોઈને ખબર નથી. પણ ચાલતાં ચાલતાં એના જોડા ઘસાઈ ગયા, એનું અચકન ફાટીને લીરા થઈ ગયું, અને એની ટોપી વરસાદમાં પલળીને સાવ બેહાલ થઈ ગઈ. ઘણા વખત પછી એને એક ખૂબ ઘરડો માણસ મળ્યો.

ઈવાનને જોઈને એ બોલ્યો: "ભલા જુવાન, તારી કાલ ભલી ઊગે! શાની શોધમાં નીકળ્યો છે અને ક્યાં જઈ રહ્યો છે?"

ઈવાને પોતાની કથની કહી સંભળાવી એટલે બહુ ઘરડા માણસે એને કહ્યું:

"અરે ઈવાન, તેં દેડકીનું ખોળિયું શું કરવા બાળી નાખ્યું? એ કંઈ તારી ચીજ નહોતી કે તું મરજી પડે ત્યારે એને પહેરે કે ખતમ કરી નાખે. શાણપ અને ચતુરાઈની પરી વાસિલીસા એના પિતા કરતાંય વધારે શાણી અને ચતુર નીકળી એટલે પિતાએ ખૂબ ગુસ્સે થઈને એને ત્રણ વરસ માટે દેડકી બનાવી દીધી. ખેર, હવે તો કોઈ ઉપાય છે જ નહિ. લે આ દોરાનો દડો. એ દડતો જાય એટલે એની પાછળ પાછળ ચાલ્યો જા, મનમાં જરાય બીક રાખ્યા વગર."

ઈવાને ઘરડા માણસનો ખૂબ ખૂબ આભાર માન્યો અને પછી દોરાના દડાને દડતો મૂકીને એની પાછળ પાછળ ચાલ્યો. રસ્તામાં ખુલ્લા મેદાનમાં એને એક રીંછ મળ્યું. ઈવાને નિશાન તાક્યું અને એને ખતમ કરવા જ જતો હતો, ત્યાં તો રીંછ માણસ જેવા અવાજે બોલ્યું:

"મારો જીવ લે મા, ઈવાન! કોને ખબર છે, ક્યારેક તનેય મારી જરૂર પડે."

ઈવાનને દયા આવી એટલે એણે રીંછને જીવતું રહેવા દીધું અને આગળ ચાલ્યો. અચાનક એની નજર ઊંચે ગઈ તો આકાશમાં એક બતક ઊડતું દેખાયું. ઈવાને વળી નિશાન તાક્યું અને બતકને વીંધી નાખવા જતો હતો ત્યાં બતક



માણસ જેવા અવાજે બોલ્યું:

"મારો જીવ લે મા, ઈવાન! કોને ખબર છે, ક્યારેક તનેય મારી જરૂર પડે!"

બતકનેય જીવતું જવા દઈને ઈવાન આગળ ચાલ્યો. એટલામાં એને એક સસલું દોડતું આવતું દેખાયું. ઈવાને ઝટ નિશાન તાક્યું અને અબઘડી વીંધી નાખત, પણ ત્યાં તો સસલું માણસના અવાજે બોલ્યું:

"મારો જીવ લે મા, ઈવાન! કોને ખબર છે, ક્યારેક તનેય મારી જરૂર પડે!"

સસલાનેય જીવતું રહેવા દઈને ઈવાને કદમ આગળ માંડયાં. ચાલતો ચાલતો એ નીલા સાગરને કિનારે પહોંચ્યો. ત્યાં કાંઠા ઉપર રેતીમાં એક માછલી પડી પડી તડફડતી હતી.

એને જોઈને માછલી બોલી: "ઈવાન, મારી ઉપર દયા કરીને મને પાછી સાગરમાં નાખી દે તો મારો જીવ બચી જાય!"

માછલીને પાછી સાગરમાં નાખી દઈને ઈવાન કિનારે કિનારે આગળ ચાલ્યો. એમ ચાલતાં ચાલતાં કેટલો કાળ વીતી ગયો એની કોઈને ખબર નથી, પણ દોરાનો દડો દડતો દડતો જંગલમાં પહોંચી ગયો. જંગલમાં એને નાનકડી મઢૂલી નજરે પડી. એ મરઘાના પગ ઉપર બાંધેલી હતી અને ચક્કર ચક્કર ફર્યા કરતી હતી.

"મઢૂલી રે મઢૂલી, ઊભી રહી જા, બારણું મારી તરફ ને પછીત જંગલ તરફ રાખીને ઊભી રહી જા!" ઈવાન બોલ્યો.

મઢૂલી ઊભી રહી ગઈ. બારણું ઈવાન સામે હતું અને પછીત જંગલ તરફ. ઈવાને અંદર દાખલ થઈને જોયું તો બાબા-યાગા ડાકણ ચૂલાની અભરાઈની કોર ઉપર લાંબી પડેલી. વાંકું નાક છત સાથે દબાવીને ડાકણ મનપસંદ હાલતમાં ચત્તી પડી હતી.

"ભલા જુવાન, તું અહીં ક્યાંથી આવી ચડયો?" બાબા-યાગાએ પૂછયું. "કશાકની શોધમાં નીકળ્યો છે કે શું? બોલ, તારી વાત મને માંડીને કહી સંભળાવ!"

ઈવાને જવાબ દીધો:

"અરે બુઢ્ઢી ડાકણ, પહેલાં મને ખાવાનું દે, પીવાનું દે, ગરમ પાણીએ નવડાવ, પછી પૂછજે તારા બધાય સવાલ!"

બાબા-યાગાએ એને ગરમ પાણીએ નવડાવ્યો, ખાવાનું દીધું, પીવાનું દીધું, અને મઝાની પથારી પાથરી દીધી. ઈવાન પથારીમાં આડો પડયો અને પછી એણે બાબા-યાગાને કહ્યું કે હું મારી વહુ વાસિલીસા પરીને ગોતવા નીકળ્યો છું.

"વાસિલીસા ક્યાં છે એની મને ખબર છે," બાબા-યાગા બોલી. "એ તો અમર કોશ્ચેઈના હાથમાં સપડાયેલી છે. એને પછી મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે કેમ કે કોશ્ચેઈને હરાવવાનું કામ સહેલું નથી. એનું મોત તો સોયની અણિમાં છે, સોયની અણિ ઈંડામાં છે, ઈંડું બતકના પેટમાં છે, બતક સસલાના પેટમાં છે, સસલું પથ્થરના પટારામાં છે, અને પટારો ઊંચા ઝાડની ટોચ ઉપર છે. કોશ્ચેઈ એ ઝાડનું રખેવાળું આંખની કીકીની જેમ કરે છે."

ઈવાને રાત બાબા-યાગાની મઢૂલીમાં ગાળી. સવારે બાબા-યાગાએ એને સમજાવ્યું કે ઝાડની તલાશમાં કઈ તરફ જવું. પછી ઈવાન ઝાઝું ચાલ્યો હશે કે થોડું ચાલ્યો હશે એની કોઈને ખબર નથી, પણ આખરે એક દિવસ એ ઊંચા ઝાડ પાસે પહોંચી ગયો. ઝાડ સામે દેખાતું હતું, એનાં પાંદડાં સર્‌સર્‌ કરતાં હતાં, ડાળીઓ હવામાં હલતી હતી, અને ઝાડ ડોલતું હતું. પથ્થરનો પટારો ઝાડની ટોચ ઉપર હતો અને ત્યાં પહોંચવાનું કામ ખરેખર ખૂબ જ મુશ્કેલ હતું.

અરે! એકાએક આ વળી શું કૌતુક થયું! એક રીંછ ઝડપથી દોડતું આવ્યું અને એણે ઝાડને ભોંય ભેગું કરી દીધું. ઝાડ પડયું તે એવું પડયું કે મૂળિયાં પણ જમીનમાંથી ઊખડી ગયાં. ઝાડ પડયું એટલે પથ્થરનો પટારો ઉપરથી ધડાક કરતો નીચે પડયો અને એના ટુકડે ટુકડા થઈ ગયા. અંદરથી એક સસલું નીકળ્યું. એ તો બને એટલી ઝડપે માંડયું ભાગવા. પણ એટલામાં ક્યાંકથી એક બીજું સસલું આવી ચડયું અને એણે પટારાવાળા સસલાની પાછળ દોટ મૂકી. બીજું સસલું આંખના પલકારામાં એને આંબી ગયું અને એની ઉપર તૂટી પડયું, એવું તૂટી પડયું કે પટારાવાળા સસલાનું અંગેઅંગ નોખું પડી ગયું. સસલાના પેટમાંથી એક બતક નીકળ્યું અને પાંખ ફફડાવતું એકદમ ગગનમાં ઊંચે ઊડી ગયું. પણ

ચપટી વાગે એટલી વારમાં એક બીજા બતકે ક્યાંકથી આવીને એની ઉપર હલ્લો બોલાવી દીધો, અને એવી ઝાપટ મારી કે એના પેટમાંથી ઈંડું નીકળી ગયું. આસમાનમાંથી નીચે સરકતું ઈંડું નીલા સાગરમાં પડયું.

ઈવાન બીચારો નિરાશ થઈ ગયો. આવડા મોટા સાગરમાંથી ઈંડું કેવી રીતે શોધવું! દુખનો ઊભરો આવતાં એની આંખોમાંથી આંસુના ધોધ વહેવા લાગ્યા. પણ એટલામાં એક માછલી બતકનું ઈંડું મોઢામાં લઈને તરતી તરતી કિનારે આવી. ઈવાને ઈંડું લઈને તરત જ ફોડી નાખ્યું અને અંદરથી સોય કાઢી લીધી. પછી એ સોયની અણિ તોડી નાખવાની કોશશ કરવા લાગ્યો. સોયની અણિ જેમ જેમ વળતી ગઈ તેમ તેમ અમર કોશ્ચેઈની કાયા વળ લેતી ગઈ અને આંચકા ખાતી ગઈ. પણ અમર કોશ્ચેઈનું મોત નજીક આવી ગયું હતું. આખરે ઈવાને સોયની અણિ તોડી નાખી એટલે અમર કોશ્ચેઈનો જીવ નીકળી ગયો અને અની કાયા ઢગલો થઈને ઢળી પડી.

પછી ઈવાન કોશ્ચેઈના સફેદ પથ્થરિયા મહેલમાં પહોંચ્યો. એને જોતાં જ શાણપ અને ચતુરાઈની પરી વાસિલીસા દોડતી સામી આવી અને એણે ઈવાનના મધ જેવા મીઠા મોં પર ચૂમી ભરી લીધી. ઈવાન અને વાસિલીસા પરી પાછાં પોતાને ઘેર પહોંચ્યાં અને અમનચમન ને સુખચેનની જિંદગી માણવા લાગ્યાં.

કુહાડીની રાબડી

રૂસી વાર્તા



એક વાર એક સિપાહી રજા ગાળવા સેનામાંથી ઘેર જવા નીકળ્યો. રસ્તે ચાલતાં ચાલતાં એ ખૂબ થાકી ગયો અને વળી એને કકડીને ભૂખ પણ લાગી. એક ગામ પાસે પહોંચતાં એણે પહેલા જ ઝૂંપડાનું બારણું ખખડાવ્યું અને અવાજ દીધો :

"કમાડ ઉઘાડો અને થાકેલા મુસાફરને રાતવાસો રહેવા દો."

એક ડોશીએ બારણું ઉઘાડયું અને સિપાહીને આવકાર આપતાં બોલી : "આવો ભાઈ!"

સિપાહીએ પૂછ્યું : "ડોશીમા, ભૂખ્યા માણસને ખાવા રોટલાનો ટુકડો દેશો?"

ડોશીના ઘરમાં તો ખાવા પીવાનું ઘણુંય હતું. પણ ડોશી હતી લોભણી.

ાને બહુ ગરીબ હોય એવો ઢોંગ કરીને ડોશી રોદણાં રોતી બોલી:

"અરેરે, બેટા! આજે તો મેં પોતે જ કંઈ ખાધું નથી. ઘરમાં ખાવાનું મુદ્દલ છે જ નહિ."

"ભલે ત્યારે. ઘરમાં કંઈ નથી તો નથી. એનો શો ઉપાય!" સિપાહીએ કહ્યું.

પણ એટલામાં એની નજર બાંકડા હેઠે પડેલી હાથા વગરની કુહાડી ઉપર પડી. કુહાડી જોઈને સિપાહી બોલ્યો: "ઘરમાં બીજું કંઈ ન હોય તો આ કુહાડી તો છે ને! આપણે કુહાડીની રાબડી બનાવીને ખાઈ લઈશું."

અચરજમાં ડોશીના ડોળા ઊંચે ઊંચે ચડી ગયા.

"કુહાડીની રાબડી! અરે, આ તે વળી કેવી વાત! કુહાડીની રાબડી તે ક્યાંય બનની હશે!"

સિપાહી કહે: "લાવો તપેલું, હમણાં બનાવીને જ બતાવું."

ડોશી તપેલું લઉ આવી. સિપાહીએ કુહાડીને સારી રીતે ધોઈ કરીને તપેલામાં મૂકી અને તેમાં પાણી ભર્યું. પછી ચૂલો સળગાવીને તપેલું ચડાવી દીધું.

ડોશી તો ફાટી આંખે સિપાહીની સામું જ જોઈ રહી, એવી રીતે કે નજર ખસે જ નહિ.

થોડી વાર પછી સિપાહીએ તપેલામાં ઊકળતું પાણી ચમચા વડે હલાવ્યું અને પછી થોડુંક ચમચામાં લઈને ચાખી જોયું.

"બસ, હવે થોડીક જ વાર છે. અફસોસની વાત છે કે ઘરમાં મીઠું નથી," સિપાહી બોલ્યો.

"અરે, મીઠું તો છે. આ રહ્યું. લઈ લો જોઈએ એટલું," ડોશીએ કહ્યું.

સિપાહીએ તપેલામાં થોડુંક મીઠું નાખ્યું અને પાણીને વળી પાછું ચાખી જોઈને બોલ્યો:

"મૂઠી જેટલા ભરડેલા જવ હોત ને તો..."

ડોશી જઈને ભરડેલા જવની કોથળી લઈ આવી અને સિપાહીને આપતાં બોલી:

"લો, આ રહ્યા. નાખો જરૂર હોય એટલા."

સિપાહીએ તો પછી રાંધવામાં જ મન પરોવ્યું. રંધાતા ખોરાકને ઘડીએ ઘડીએ હલાવતો જાય અને ચાખતો જાય. અચરજમાં ડોશીની આંખો સિપાહીની ઉપર જ મંડાયેલી રહી. એની નજર ત્યાંથી ખસે જ નહિ.

સિપાહીએ એક ચમચો ભરીને રાબ ચાખી જોઈ અને બોલી ઊઠયો: "વાહ! એવી સરસ રાબડી બની છે ને કે બસ! જરાક જેટલું માખણ હોય ને તો તો પછી આનાથી વધારે લહેજતદાર બીજી કોઈ ચીજ દુનિયામાં ક્યાંય બને જ નહિ."

ડોશી થોડુંક માખણ પણ લઈ આવી. માખણ રાબડીમાં નાખીને સિપાહીએ ડોશીને કહ્યું:

"ડોશીમા, હવે હાથમાં ચમચો લો એટલે આપણે માંડીએ ખાવા!"

બેઉ માંડયાં રાબડી ખાવા. ખાતાં જાય ને વખાણ કરતાં જાય.

ડોશી રાબડીનાં વખાણ કરતાં બોલી: "કુહાડીની રાબડી આટલી મઝેદાર બને એની મને તો ખબર જ નહોતી!"

સિપાહી વખાણ સાંભળતો જાય, રાબડી ખાતો જાય, અને મૂછમાં હસતો જાય.

ભૂખરો ઘોડો

રૂસી વાર્તા



એક હતો ડોસો. એને ત્રણ દીકરા. મોટા બે દીકરાને સરસ મઝાનાં કપડાં પહેરવાં ગમે. વળી બેઉ કરકસરિયા ખેડૂત હતા. પણ સૌથી નાના મૂરખા ઈવાનને નહોતા કોઈ શોખ કે નહોતી એનામાં કશી આવડત. એ તો મોટે ભાગે ભઠ્ઠી પાસે બેઠો રહેતો. બહાર નીકળે તો ફક્ત વગડામાં જઈને કાગછત્તર વીણવા.

ડોસાના મોતની ઘડી આવી એટલે એણે ત્રણેય દીકરાને બોલાવીને કહ્યું:

"હું મરી જાઉં પછી ત્રણ દિવસ સુધી રોજ રાતે મારી કબરે આવજો અને મારે ખાવા સારુ રોટલા ભેગા લેતા આવજો."

એટલું કહીને ડોસાએ આંખો મીંચી લીધી. ડોસાની કાયાને કબરમાં દફનાવી દેવામાં આવી. પહેલી રાતે રોટલા લઈને કબરે જવાનો વારો મોટા દીકરાનો હતો. પણ મોટા દીકરાને કાં તો બહુ આળસ ચડી હશે કે પછી એને રાતના

વખતે કબરે જતાં બીક લાગતી હશે, એટલે એણે મૂરખા ઈવાનને બોલાવીને કહ્યું:

"ભાઈ ઈવાન, આજે રાતે બાપુની કબરે મારે બદલે તું જઈ આવે તો હું તને રોટલી ને મધ આપીશ."

ઈવાન તો તરત જ તૈયાર થઈ ગયો અને થોડાક રોટલા લઈને પિતાની કબરે પહોંચી ગયો. હવે શું થાય છે એ જોવાનો મનસૂબો કરીને એ કબર પાસે બેસી ગયો. બરાબર મધરાત થઈ ત્યાં તો કબર નીચેની ધરતી ફાટી અને ઘરડો બાપ કબરમાંથી બહાર આવ્યો. બહાર આવતાં જ એ બોલી ઊઠયો:

"કોણ આવ્યું છે? મોટો દીકરો છે કે? કહે જોઉં, ઘરમાં બધું કેમ ચાલે છે? કૂતરાં ભસે છે, કે વરુ રાગડા તાણે છે, કે મારાં બચ્ચાં રડે છે?"

ઈવાને જવાબ આપ્યો:

"એ તો હું છું, બાપુ, તમારો દીકરો. ઘેર બધું હેમખેમ છે."

જવાબ સાંભળીને ડોસાએ પેટ ભરીને રોટલા ખાધા. ખાઈને ડોસો વળી પાછો કબરમાં જઈને સૂઈ ગયો. ઈવાન ત્યાંથી નીકળીને રસ્તામાં કાગછત્તર વીણતો ઘેર ચાલ્યો ગયો.

એ ઘેર પહોંચ્યો એટલે સૌથી મોટા ભાઈએ એને પૂછ્યું:

"બાપુને મળ્યો?"

"હા, મળી આવ્યો." ઈવાને જવાબ દીધો.

"બાપુએ રોટલા ખાધા?"

"હા, પેટ ભરીને ખાધા."

બીજો દિવસ પણ વીતી ગયો. બીજી રાતે કબરે જવાનો વારો વચેટ ભાઈનો હતો. પણ વચેટ ભાઈને કાં તો બહુ આળસ ચડી હશે કે પછી રાતના વખતે કબર પાસે જતાં એને બીક લાગતી હશે એટલે એણે ઈવાનને કહ્યું:

"ભાઈ ઈવાન, મારે બદલે તું જઈ આવે તો હું તને સરસ મઝાનાં પગરખાં બનાવી આપીશ."

"બહુ સારું, હું જઈ આવીશ," ઈવાને જવાબ આપ્યો.

એ તો રોટલા લઈને ફરી કબરે પહોંચી ગયો અને વાટ જોતો બેઠો. બરાબર

મધરાત થઈ એટલે કબર નીચેની ધરતી ફાટી અને ઘરડો બાપ કબરમાંથી બહાર નીકળીને બોલ્યો :

"કોણ આવ્યું છે? વચેટ દીકરો છે કે? કહે જોઉં ઘરમાં બધું કેમ ચાલે છે? કૂતરાં ભસે છે, કે વરુ રાગડા તાણે છે, કે મારાં બચ્ચાં રડે છે?"

ઇવાને જવાબ વાળ્યો :

"એ તો હું છું, બાપુ, તમારો દીકરો. ઘેર બધું હેમખેમ છે."

પછી બાપે પેટ ભરીને રોટલા ખાધા. રોટલા ખાઈને ડોસો પાછો કબરમાં જઈને સૂઈ ગયો. ઇવાન ત્યાંથી નીકળીને રસ્તામાં કાગછત્તર વીણતો ઘેર ચાલ્યો ગયો. એ ઘેર પહોંચ્યો એટલે વચેટ ભાઈએ એને પૂછ્યું :

"બાપુએ રોટલા ખાધા?"

"હા, પેટ ભરીને ખાધા."

ત્રીજી રાતે કબરે જવાનો વારો ઇવાનનો હતો. ઇવાને ભાઈઓને જઈને કહ્યું :

"ઉપરાઉપર બે રાત હું બાપુની કબરે જઈ આવ્યો. હવે તમારો વારો. તમે જાઓ અને હું ઘેર રહીને આરામ કરું છું."

ભાઈઓએ જવાબ દીધો :

"ના ભાઈ, તું જ જઈ આવ. તું તો હવે ટેવાઈ ગયો છો."

"બહુ સારું, હું જ જઈ આવીશ," ઇવાન બોલ્યો.

થોડાક રોટલા લઈને એ તો ત્રીજી રાતેય કબરે પહોંચી ગયો. બરાબર મધરાત થઈ એટલે જમીન ફાટી અને ઘરડો બાપ કબરમાંથી બહાર આવીને બોલ્યો :

"કોણ આવ્યું છે? નાનો દીકરો ઇવાન છે કે? કહે જોઉં, ઘેર બધું કેમ ચાલે છે? કૂતરાં ભસે છે, કે વરુ રાગડા તાણે છે, કે મારાં બચ્ચાં રડે છે?

ઇવાને જવાબ દીધો :

"એ તો હું છું, બાપુ, તમારો દીકરો ઇવાન. ઘેર બધું હેમખેમ છે."

બાપે પેટ ભરીને રોટલા ખાધા અને પછી ઇવાનને કહ્યું :

"બેટા ઇવાન, તેં જ એકલાએ મારી મંછા પૂરી કરી અને મનમાં બીક

રાખ્યા વગર ત્રણેય રાત તું મારી કબરે આવ્યો. હવે તું ખુલ્લા મેદાનમાં જા અને ત્યાં જઈને અવાજ દે: 'ભૂખરા તોખાર, ભૂખરા તોખાર! હાજર થઈને, હુકમ લઈને, કરી દે બેડો પાર!' ઘોડો તારી સામે હાજર થાય એટલે એના જમણા કાનમાં દાખલ થઈને ડાબા કાનમાંથી બહાર નીકળી જજે. એમ કરીશ એટલે એવો રૂપાળો જુવાન બની જઈશ કે તારા રૂપનો જોટો જગતમાં ક્યાંય નહિ જડે. પછી એ ઘોડા ઉપર સવાર થઈને તારે જ્યાં જવું હોય ત્યાં જજે." એટલું કહીને એણે ઈવાનને એક લગામ આપી.

લગામ લઈને ઈવાન કબરેથી રવાના થઈ ગયો અને રસ્તામાં કાગછત્તર વીણતો ઘેર પહોંચી ગયો. ઘેર પહોંચતાં જ એના ભાઈઓએ એને પૂછ્યું:

"બાપુને મળી આવ્યો, ઈવાન?"

"હા, મળી આવ્યો."

"બાપુએ રોટલા ખાધા?"

"હા, પેટ ભરીને ખાધા અને મને કીધું કે હવે કબરે આવવાની જરૂર નથી એટલે કાલથી આવીશ નહિ."

હવે બરાબર એ જ દિવસોમાં રાજાએ બધે ઢંઢેરો પિટાવેલો કે રૂપાળા કુંવારા જુવાનો રાજધાનીમાં ભેગા થાય. રાજાની કુંવરી રૂપમતીએ બાર થાંભલાનો ને બાર વળીઓનો મહેલ બંધાવ્યો છે. કુંવરી એ મહેલની સૌથી ઉપલી મેડીએ ઝરૂખામાં બેસવાની છે. ત્યાં બેસીને કુંવરી એવા ઘોડેસવાર જુવાનની વાટ જોશે કે જે ઘોડાને કુદાવીને કુંવરીના હોઠ ચૂમી લે. કુંવરી રૂપમતીને રાજા એ જુવાન વેરે પરણાવશે, પછી જુવાન ભલે ઊંચા કુળનો હોય કે નીચા કુળનો. કુંવરી પરણાવીને રાજા અરધું રાજપાટ જમાઈને આપી દેશે.

ઢંઢેરાની વાત ઊડતી ઊડતી ઈવાનના ભાઈઓને કાને પડી. બેઉ ભાઈઓએ માંહોમાંહે મસલત કરીને નક્કી કર્યું કે જઈને નસીબ અજમાવવું.

બેઉ ભાઈઓએ સરસ મઝાના ઘોડા પસંદ કર્યા અને તેમને જવનું ખાણ ખવડાવીને તબેલામાંથી બહાર કાઢ્યા. તેમણે સારામાં સારાં કપડાં પહેર્યાં અને વીખરાયેલા વાળને ઓળીને સરખા કર્યા. ધુમાડિયાની પાછળ ભઠ્ઠીની કોર ઉપર બેઠેલો ઈવાન બેઉ ભાઈને જોઈને બોલ્યો:

"ભાઈઓ મારા, મનેય ભેગો લઈ જાઓ તો હું પણ મારું નસીબ અજમાવી જોઉં."

બેઉ મોટા ભાઈ હસી પડયા અને બોલ્યા: "અરે મૂરખા, તું તો ભઠ્ઠીનો ભાઈબંધ! તું અમારી ભેગો આવે તો બધાય તારી ઠેકડી જ ઉડાડે. તું તો વગડામાં જઈને કાગછત્તર વીણ્યા કર, તારામાં એટલી જ લાયકાત છે."

બેઉ ભાઈ મઝાના ઘોડા ઉપર સવાર થઈ ગયા. તેમણે માથે ટોપી જરાક વાંકી ગોઠવી, ખોંખારા ખાધા, મોઢેથી સીટી વગાડી, અને એડી મારીને ઘોડાને વહેતા મૂક્યા. ઘોડા ચારે પગે ફાળ ભરતા દોડવા લાગ્યા અને ધૂળની ડમરી પાછળ ગાયબ થઈ ગયા. બાપુએ આપેલી લગામ લઈને ઈવાન ખુલ્લા મેદાનમાં ગયો. ત્યાં જઈને એણે હાક મારી:

"ભૂખરા તોખાર, ભૂખરા તોખાર! હાજર થઈને, હુકમ લઈને, કરી દે બેડો પાર!"

અને આ શું કૌતુક થયું! સામેથી જાતવાન પાણીદાર ઘોડો દોડતો ઈવાન તરફ આવ્યો. ઘોડાની ખરીની નીચે ધરતી ધ્રૂજતી હતી, એના નસકોરાંમાંથી આગના ભડકા ઊઠતા હતા, અને એના કાનમાંથી ધુમાડાના ગોટા નીકળતા હતા. ઘોડો દોડતો દોડતો ઈવાનની પાસે પહોંચ્યો કે તરત જ એકદમ શાંત થઈને ઊભો રહી ગયો અને બોલ્યો:

"બોલ ઈવાન, તારી શી ઈચ્છા છે?"

ઈવાને ઘોડાની ગરદન પંપાળી અને એને લગામ બાંધી. પછી પોતે ઘોડાના જમણા કાનમાં દાખલ થઈને ડાબા કાનમાંથી બહાર નીકળી ગયો. અરે, કેવો ચમત્કાર! ઈવાન જુએ છે તો પોતે પરોઢના આસમાન જેવો રૂપાળો જુવાન બની ગયો છે, જગતમાં જોટો ન જડે એવું રૂપ એને સાંપડયું છે. એક છલંગે ભૂખરા તોખારની પીઠ ઉપર સવાર થઈને એણે ઘોડાને રાજાના મહેલની દિશામાં મારી મૂક્યો. ઘોડો તો જાણે ઊડતો હોય એમ પૂંછડી ઉછાળતો, પહાડ ને ખીણ ઓળંગતો, ગામડાં ને જંગલ વટાવતો પવનવેગે પંથ કાપતો ગયો.

આખરે ઈવાન રાજધાનીમાં પહોંચ્યો. સામે જુએ છે તો બાર થાંભલા ને બાર વળીઓનો મહેલ ખડો છે, ચોગાનમાં લોકો કીડીઓની જેમ ઊભરાય

છે, અને સૌથી ઉપલી મેડીના ઝરૂખામાં કુંવરી રૂપમતી બેઠી છે.

રાજા મહેલની પરસાળમાં આવ્યો અને ભેગા થયેલા સૌ જુવાનોને સંબોધીને બોલ્યો :

"બહાદુર જુવાનો, તમારામાંથી જે કોઈ ઘોડાને પેલા ઊંચા ઝરૂખા સુધી કુદાવીને મારી કુંવરીના હોઠ ચૂમી લેશે એને હું કુંવરી વેરે પરણાવીશ અને અરધું રાજપાટ આપીશ."

રૂપમતીને પામવાના કોડ સેવતા ઘોડેસવાર જુવાનો એક પછી એક પૂરપાટ મહેલ નજીક આવીને એકદમ જોરથી ઘોડાને કુદાવતા જાય, પણ ઝરૂખો એટલો ઊંચો કે એકેય ઘોડો આંબે નહિ. બીજા સૌની જેમ ઇવાનના બેઉ ભાઈ પણ નસીબ અજમાવી ગયા. તેમના ઘોડા તો અરધે સુધીયે ન પહોંચી શક્યા.

પછી ઇવાનનો વારો આવ્યો. એણે ભૂખરા તોખારને સડસડાટ દોડાવ્યો અને દોડાવીને મહેલ નજીક પહોંચતાં ગર્જના કરીને કુદાવ્યો. ઘોડાએ બહુ ઊંચી ફલંગ મારી પણ તોયે તે ઝરૂખાથી બે વળી જેટલો નીચે રહી ગયો. ઇવાને ફરી વાર ઘોડાને પૂરપાટ દોડાવ્યો અને મહેલ નજીક પહોંચતાં જ જોરથી કુદાવ્યો. બીજી વાર ઘોડાએ પહેલાં કરતાં વધારે ઊંચી ફલંગ મારી પણ તોયે તે એક વળી જેટલો નીચે રહી ગયો. ઘોડાને ત્રણ વાર કુદાવવાની છૂટ હતી એટલે ઇવાનને હવે ફક્ત છેલ્લી તક બાકી રહી. એણે ભૂખરા તોખારને પવનવેગે દોડાવ્યો. ઘોડાને હાંફ ચડી ગઈ, મોંમાં ફીણ ઊભરાઈ આવ્યું, અને નસકોરાંમાંથી વરાળના ગોટા નીકળવા લાગ્યા. ઘોડો આગની જ્વાળાની જેમ ધસતો મહેલ નજીક પહોંચ્યો અને જબ્બર ફલંગ મારીને આકાશમાં ઊડ્યો. આ વખતે ઘોડો ઝરૂખાને આંબી ગયો અને ઇવાને કુંવરી રૂપમતીના મધુર હોઠ ચૂમી લીધા. વીંટીમાં જડેલી શાહી મહોર વડે કુંવરીએ ઇવાનના કપાળમાં ભમ્મરથી જરાક ઊંચે નિશાન અંકિત કરી દીધું.

લોકોના ટોળામાંથી પોકારો ઊઠ્યા: "રોકો! રોકો!" પણ ઇવાન અને એનો ઘોડો બંને જોતજોતામાં ધૂળની ડમરી પાછળ ગાયબ થઈ ગયા.

ઘોડો પવનવેગે દોડતો ઇવાનને પાછો એના ઘરની પાસે ખુલ્લા મેદાનમાં લઈ ગયો. ત્યાં ઇવાન ભૂખરા તોખારના ડાબા કાનમાં દાખલ થઈને જમણા

ગનમાંથી બહાર નીકળી ગયો. અરે, ફરી ચમત્કાર! એ તો પાછો અગાઉ જેવો થઈ ગયો. પછી એણે ભૂખરા તોખારને છૂટો મૂકી દીધો અને રસ્તામાં કાગડછત્તર ચીમળીને ઘેર પહોંચી ગયો. ઘેર પહોંચતાં જ કપાળે ચીંથરું બાંધી લઈને એ રોજની જેમ ભઠ્ઠીની કોર ઉપર સૂઈ ગયો.

થોડા વખત પછી એના ભાઈઓ આવી પહોંચ્યા. એમણે આવીને પોતે ક્યાં ગયા હતા અને શું શું જોયું એની વાત કરી:

"કુંવરીને પરણવાના કોડ લઈને ઘણાય જુવાન આવેલા, એકથી બીજો ચડી જાય એવા રૂપાળા. પણ એમાં એક જુવાન તો સૌને ઝાંખા પાડી દે એવો અનોખો હતો. એણે પાણીદાર ઘોડાને છેક ઝરૂખા સુધી કુદાવીને કુંવરીના હોઠ ચૂમી લીધા. એને આવતાં તો સૌએ જોયેલો પણ જતાં કોઈએ જોયો નહિ."

વાત સાંભળીને ધુમાડિયા પાસે લાંબો પડેલો ઈવાન બોલ્યો:

"તમે કદાચ મને જ જોયો હશે."

બેઉ ભાઈઓ ખૂબ ગુસ્સે ભરાયા અને લાલચોળ થઈને બોલ્યા:

"લવારો બંધ કર, ગધેડા! ભઠ્ઠી ઉપર પડયો પડયો કાગડછત્તર ખાતો રહે!"

ભાઈઓનાં વેણ કાને પડતાં જ ઈવાને કપાળ ઉપરથી ચીંથરું છોડી નાખ્યું. કુંવરીની શાહી મહોરનું નિશાન ખુલ્લું થતાં જ એમાંથી ઝળહળતા પ્રકાશનાં કિરણો ફૂટયાં અને આખા ઘરમાં અજવાળું ફેલાઈ ગયું. બેઉ મોટા ભાઈઓ એકદમ ગભરાઈ ગયા અને તડૂકી ઊઠયા:

"આ શું માંડયું છે, મૂરખા? ઘર બાળી નાખવું છે કે શું?"

બીજે દિવસે રાજાએ મિજબાની ગોઠવી અને એમાં આખી રૈયતને નોતરી. ભાયાતો ને અમીરો, જાગીરદારો ને ખેડૂતો, ગરીબ ને તવંગર, જુવાન ને ઘરડા— મુદ્દલ ભેદભાવ વગર સૌને મિજબાની માણવા બોલાવ્યા.

ઈવાનના ભાઈઓ પણ મિજબાનીમાં જવા તૈયાર થયા.

ઈવાને બેઉને વીનવ્યા: "ભાઈઓ મારા, મનેય ભેગો લઈ જાઓ ને!"

ભાઈઓ હસી પડયા. "શું કહ્યું? તને જોઈને તો બધા ઠેકડી જ ઉડાડે ને! તું અહીં ભઠ્ઠી ઉપર પડયો પડયો કાગડછત્તર ખાતો રહે!"

બેઉ જણ સરસ મઝાના ઘોડા ઉપર સવાર થઈને રવાના થઈ ગયા, અને

ઈવાન બીચારો એમની પાછળ પાછળ પગપાળો જવા નીકળ્યો. રાજાના મહેલમાં પહોંચીને ઈવાન છેવાડે એક ખૂણામાં બેસી ગયો. થોડી વારમાં કુંવરી રૂપમતી આવી અને એક પછી એક મહેમાનનું સ્વાગત કરવા લાગી. દરેક મહેમાનના હાથમાં મદિરાનો જામ આપીને કુંવરી જોઈ લેતી કે એના કપાળમાં શાહી મહોરનું નિશાન છે કે નહિ.

ઈવાન સિવાય બધા મહેમાનોનું સ્વાગત થઈ ગયું એટલું એ ઈવાન તરફ ગઈ. પણ નજીક પહોંચતાં જ બીચારીનું હૈયું બેસી ગયું — સાવ મેલોઘેલો આદમી, આખા શરીરે મેશના કાળા ડાઘા, અને માથું ઝીંથરિયું.

કુંવરી રૂપમતીએ એને પૂછ્યું:

"તમે કોણ છો? ક્યાંથી આવો છે? અને કપાળે આ ચીંથરું કેમ બાંધી રાખ્યું છે?"

ઈવાને જવાબ દીધો:

"પડી ગયેલો એટલે કપાળમાં વાગ્યું છે."

કુંવરીએ ચીંથરું છોડયું કે તરત જ મહોરનું નિશાન ઝગમગી ઊઠયું અને આખા મહેલમાં અજવાળું ફેલાઈ ગયું.

કુંવરી એકદમ બોલી ઊઠી:

"આ તો મારી મહોરનું જ નિશાન! મારી શરતના પાળનાર અને મને વચનથી બાંધનાર આ જ મારા સ્વામી!"

રાજા ઈવાન પાસે આવ્યો અને એને જોઈને બોલ્યો:

"ના, બેટી રૂપમતી! આની જોડે તને પરણાવાય નહિ! આ મેલોઘેલો આદમી તો સાવ મૂરખ લાગે છે."

ઈવાને રાજાને અરજ કરી:

"રાજા, મને મોં ધોઈ આવવાની રજા આપો."

રાજાએ પરવાનગી આપી એટલે ઈવાને બહાર ચોગાનમાં જઈને પિતાની શીખવેલી હાક મારી:

"ભૂખરા તોખાર, ભૂખરા તોખાર! હાજર થઈને, હુકમ લઈને, કરી દે બેડો પાર!"

અને થયું કૌતુક! સામેથી જાતવાન પાણીદાર ઘોડો દોડતો ઈવાન તરફ આવ્યો. ઘોડાની ખરીની નીચે ધરતી ધ્રૂજતી હતી, એના નસકોરાંમાંથી આગના ભડકા ઊઠતા હતા, અને એના કાનમાંથી ધુમાડાના ગોટા નીકળતા હતા. ઈવાન ને ઘોડાના જમણા કાનમાં દાખલ થઈને ડાબા કાનમાંથી બહાર નીકળ્યો એટલે [illegible]ના આસમાન જેવો રૂપાળો જુવાન બની ગયો. જગતમાં જોટો ન જડે એવું રૂપ એને સાંપડયું. મહેલમાં ભેગા થયેલા બધા લોકોના શ્વાસ એને જોતાં જ અચરજમાં અધ્ધર ચડી ગયા.

ઈવાન અને કુંવરી રૂપમતીનાં લગન થયાં. લગન ઊજવવા મોટી મિજબાની ગોઠવવામાં આવી અને સૌએ ઉમંગથી મઝા માણી.

ખેડૂતનો દીકરો ઈવાન અને ત્રણ વિકરાળ રાક્ષસ

રૂસી વાર્તા





ખૂબ જૂના જમાનામાં કોઈ રાજમાં એક ડોસો ને એક ડોશી રહેતાં હતાં. ડોસાડોશીને ત્રણ દીકરા. ત્રણેય જુવાન દીકરા જરાય આળસુ નહિ. એમને મહેનત કરવી ગમે. સવારથી સાંજ સુધી ખેતરમાં જમીન ખેડે. સૌથી નાના દીકરાનું નામ ઈવાન.

એક દિવસ આખા રાજમાં કમનસીબીના વાવડ ફેલાઈ ગયા. કોઈ ભારે વિકરાળ રાક્ષસ રાજ ઉપર ત્રાટકવાનો છે, આખી વસતિને હણી નાખવાનો છે, અને બધાંય શહેરો તથા ગામડાંને બાળીને રાખ કરી નાખવાનો છે. એવી ખબર સાંભળીને બધે ત્રાસ વરતાઈ ગયો. ડોસો

અને ડોશી તો બીચારાં ખૂબ દુખી અને ગમગીન થઈ ગયાં. બે મોટા દીકરાઓએ એમને દિલાસો આપતાં કહ્યું:

"માડી, આમ દુખી થાઓ મા, અને બાપા, તમેય આમ હૈયે રંજ આણો મા! અમે જઈને એ વિકરાળ રાક્ષસની સામે લડીશું અને એને પૂરો કરીને જ જંપીશું! તમને એકલું ન લાગે એટલા સારુ ઈવાન તમારી ભેગો રહેશે. એ તો હજી બહુ નાનો છે એટલે એવી લડાઈ લડવા અમારી ભેગા જવાનું એનું ગજું નહિ."

ત્યાં તો ઈવાન બોલી ઊઠયો: "ના, ભાઈ, ના! હું ઘેર બેઠો બેઠો તમારી વાટ જોયા કરું એવો નથી. વિકરાળ રાક્ષસની સામે લડવા હુંયે જવાનો!"

ડોસાડોશીએ ઈવાનને રોકવાની કે સમજાવવાની જરાય કોશિશ ન કરી. એમણે તો ત્રણેય દીકરાને સફર માટે સાબદા કર્યા. ત્રણેય ભાઈઓએ ભારે ડંગોરા લઈ લીધા, ખડિયામાં રોટલા અને બીજી જરૂરી ચીજો ભરી લીધી, અને સરસ મઝના ઘોડા પલાણીને તેઓ રવાના થઈ ગયા.

મારતે ઘોડે પંથ કાપતા જુવાનો કોને ખબર કેટલે દૂર નીકળી ગયા હશે. આખરે એમને રસ્તામાં એક ઘરડો માણસ મળ્યો. દુવાસલામ પછી એણે જુવાનોને પૂછ્યું:

"ક્યાં જાવું, ભાઈઓ?"

"અમે તો વિકરાળ રાક્ષસની તલાશમાં નીકળ્યા છીએ. અમારા વતનને સલામત રાખવા અમારે એની સામે લડવું છે."

"તમે બહુ નેક કામે નીકળ્યા છો! પણ એની સામે ડંગોરાથી નહિ લડાય, પોલાદની તલવારો જોઈશે."

"એવી તલવારો ક્યાં મળે, દાદા?"

"એ હું તમને કહું, ભલા જુવાનો! અહીંથી સીધા જાઓ. ચાલતાં ચાલતાં એક ઊંચો પહાડ આવશે. એ પહાડમાં ખૂબ ઊંડી ગુફા છે. ગુફાનું મોં મોટી શિલા વડે ઢાંકેલું છે. શિલા ખસેડીને અંદર ચાલ્યા જજો. એવી તલવારો ત્યાં જ મળશે."

ત્રણેય ભાઈઓએ ઘરડા માણસનો આભાર માન્યો અને ઘોડા સીધા મારી

મૂક્યા. આગળ જતાં સામે જુએ છે તો ઊંચો પહાડ દેખાય. પહાડની એક બાજુએ મોટી જબ્બર કાળી શિલા હતી. ભાઈઓએ જોર કરીને શિલા ખસેડી દીધી એટલે ગુફાનું મોં ખૂલી ગયું. ત્રણેય જુવાનોએ અંદર દાખલ થઈને જોયું તો અનેક જાતનાં ગણ્યાં ગણાય નહિ એટલાં હથિયાર પડેલાં. દરેક ભાઈએ એકેક તલવાર લઈ લીધી અને તેઓ પાછા ઘોડે ચડીને આગળ રવાના થઈ ગયા.

માંહોમાંહે વાતો કરતા ભાઈઓ બોલ્યા: "આ ઘરડા માણસે તો આપણી ઉપર બહુ મોટી મહેરબાની કરી. એનો ખૂબ ખૂબ ઉપકાર માનીએ. તલવારો મળી એટલે હવે લડવાનું બહુ સહેલું પડશે!"

એમ વાતચીત કરતા ત્રણેય ભાઈ ચાલ્યા જાય છે ત્યાં રસ્તામાં એક ગામ આવ્યું. આખું ગામ બળીને રાખ થઈ ગયું હતું અને ચારે બાજુ ખંડેર દેખાતાં હતાં. ફક્ત એક નાનકડું ઝૂંપડું તારાજ થતાં બચી ગયું હતું. ભાઈઓ ઝૂંપડામાં ગયા તો એક ડોશી ભઠ્ઠીની કોર ઉપર પડી પડી ઊંહકારા ભરતી હતી.

"નમસ્તે, દાદીમા!" ભાઈઓ બોલ્યા.

"સુખી રહો, ભલા જુવાનો! કેણીગમ જાવું?"

"અમે તો દ્રાક્ષ નદીના જાંબુપુલ તરફ જઈ રહ્યા છીએ. વિકરાળ રાક્ષસ અમારા વતન ઉપર ત્રાટકવાનો છે એવા વાવડ મળ્યા છે એટલે એની સામે લડી લેવા નીકળ્યા છીએ."

"સાબાશ, ભલા જુવાનો! બહુ નેક કામે નીકળ્યા છો! કાળમુખો રાક્ષસ જ્યાં જાય ત્યાં લૂંટફાટ ચલાવે છે, લોકોને હણી નાખે છે, અને ગામનાં ગામ બાળીને તારાજ કરી નાખે છે. અમારે ત્યાંય એણે એવો જ કાળો કેર વરતાવ્યો છે. ફક્ત હું જ એકલી બચી ગઈ છું..."

ભાઈઓ ડોશીના ઘરમાં રાત રહ્યા અને સવારમાં વહેલા ઊઠીને પાછા આગળ રવાના થઈ ગયા.

આખરે તેઓ દ્રાક્ષ નદીના જાંબુપુલ પાસે પહોંચ્યા. ત્યાં જુએ છે તો નદીના કાંઠા ઉપર બધે તૂટેલી તલવારો, ભાંગેલાં કામઠાં, અને માણસનાં હાડકાં વેરાયેલાં પડેલાં. નજીકમાં એક ખાલી ઝૂંપડું હતું. ત્રણેય ભાઈઓએ તેમાં મુકામ કરવાનું નક્કી કર્યું.

સૌથી નાના ભાઈ ઈવાને બેઉ મોટા ભાઈને કહ્યું: "મારી વાત સાંભળો, ભાઈઓ. આપણે બહુ દૂર અજાણી ભૂમિમાં આવ્યા છીએ એટલે ખૂબ સાવધાન રહીને નાના મોટા દરેક અવાજનું ધ્યાન રાખવું જોઈએ. ચાલો, આપણે વારાફરતી પહેરો ભરીએ એટલે વિકરાળ રાક્ષસ જાંબુપુલને પાર જ ન કરી શકે."

પહેલી રાતે સૌથી મોટો ભાઈ પહેરો ભરવા ગયો. એણે કાંઠા ઉપર આંટો માર્યો અને સામે કાંઠે બારીક નજર ફેરવી જોઈ. પણ ચોતરફ બધું સૂમસામ હતું. કોઈ નજરે ન પડયું. કશો અવાજ પણ સંભળાયો નહિ. એટલે એ તો ઝાડીમાં જઈને જરાક આરામ કરવા આડો પડયો. પણ એને તરત જ ઊંઘ આવી ગઈ અને મોટેથી નસકોરાં બોલાવતો એ ઘોરવા લાગ્યો.

ઈવાન ઝૂંપડામાં પથારીમાં પડયો હતો પણ એને કેમેય નીંદર ન આવી. મધરાત વીતી ગઈ તોય નીંદર ન આવી એટલે ઈવાન ઊભો થયો અને પોલાદની તલવાર લઈને નદીને કાંઠે ગયો.

એણે આમતેમ નજર કરી તો ઝાડીમાં મોટા ભાઈને સૂતેલો જોયો. મોટો ભાઈ ભર ઊંઘમાં હતો અને મોટેથી નસકોરાં બોલાવતો હતો. ઈવાને એને જગાડયો નહિ પણ જાંબુપુલની નીચે છુપાઈને પહેરો ભરવા લાગ્યો.

એકાએક નદીના પાણીમાં મોજાં ધુઘવાટા કરવા લાગ્યાં અને નદી જાણે ક્રોધની હોય એમ તોફાને ચડી. ઝાડની ડાળીએ બેઠેલાં પંખી ચીસાચીસ કરવા લાગ્યાં. સામે કાંઠેથી છ માથાંવાળો વિકરાળ રાક્ષસ ઘોડે ચડીને આવતો દેખાયો. ઘોડેસવાર રાક્ષસ જાંબુપુલની અધવચ પહોંચ્યો ત્યાં એના ઘોડાએ ઠેસ ખાધી, એને ખભે બેઠેલા કાળા કાગડાએ પાંખ ફફડાવી, એની પાછળ પાછળ ચાલતા કાળા કૂતરાના કાન ઊંચા થઈ ગયા.

છ માથાંવાળા રાક્ષસે પૂછ્યું:

"અરે, મારા ઘોડા, તું ઠેસ કેમ ખાય છે? કાળા કાગડા, તું પાંખ કેમ ફફડાવે છે? કાળા કૂતરા, તારા કાન ઊંચા કેમ થઈ ગયા છે? તમને શું ખેડૂતના દીકરા ઈવાનની હાજરીનો અણસાર આવ્યો છે? પણ એ તો હજુ જનમ્યો જ નથી. અને જનમ્યો હોય તોયે મારી આગળ એ કંઈ વિસાતમાં નથી. હું તો એને એક હાથે પકડીને બીજા હાથે મસળી નાખીશ."

એટલું સાંભળતાં જ ખેડૂતના દીકરા ઇવાને જાંબુપુલ નીચેથી નીકળીને પડકાર કર્યો :

"બહુ ડંફાસ હાંકવી રહેવા દે, કાળમુખા રાક્ષસ! બાજને તેં હજી તો વીંધ્યો પણ નથી અને અત્યારથી એની પાંખો કાપી નાખવાની વાતો કરવા માંડયો છે! હું કેવો બહાદુર જુવાન છું એની તને હજી ખબર જ નથી, એટલે મારી તરફ તુચ્છકારથી નાક ચડાવવું રહેવા દે! ચાલ, મારી જોડે તાકાત માપવા તૈયાર થઈ જા! જે જીતે એ ભલે મરજી પડે એટલાં બણગાં ફૂંકે!"

અને બેઉ એકદમ ધસી જઈને એકબીજાની ઉપર તૂટી પડયા. તલવાર સાથે તલવાર ખખડી અને તણખા ઝર્યા. એમના પગ નીચેની ધરતી ધ્રૂજી ઊઠી અને ગડગડાટ કરવા લાગી. પહેલા જ ધિંગાણામાં રાક્ષસ બેહાલ થઈ ગયો. ખેડૂતના દીકરા ઇવાને એનાં છમાંથી ત્રણ માથાં તલવારને એક જ ઝાટકે ઉડાવી દીધાં.

વિકરાળ રાક્ષસ બોલી ઊઠયો: "ખેડૂતના દીકરા ઇવાન, તારો હાથ જરા રોકી લે, મને જરાક શ્વાસ લેવા દે!"

"ના, બિલકુલ નહિ! શ્વાસની વાત તો અત્યારે થાય જ નહિ, દુષ્ટ રાક્ષસ! તારે હજી ત્રણ માથાં છે પણ મારે તો એક જ છે. તારું એક જ માથું બચે ત્યારે શ્વાસ લેવાનો વિચાર કરીશું!"

પાછા બેઉ એકબીજા ઉપર ધસી ગયા. તલવાર સામે તલવાર ચમકી અને ખેડૂતના દીકરા ઇવાને રાક્ષસનાં બાકી બચેલાં ત્રણ માથાં પણ તલવારને ઝાટકે ઉડાવી દીધાં. પછી એણે રાક્ષસની કાયાના નાનકડા કકડા કરીને દ્રાક્ષ નદીમાં ફેંકી દીધા અને છએ છ માથાં જાંબુપુલની નીચે છુપાવી દીધાં. બધું પતાવીને એ પાછો ઝૂંપડામાં ગયો અને સૂઈ ગયો.

સૌથી મોટો ભાઈ સવારમાં ઊઠીને ઝૂંપડે પાછો આવ્યો. એને જોઈને ઇવાને પૂછ્યું :

"કેમ ભાઈ, નજરે ચડયું કંઈ?"

ભાઈએ જવાબ દીધો: "ના ભાઈ, મારી નજર સામેથી તો એક માખી પણ નથી ફરકી."

ઈવાન કંઈ ન બોલ્યો.

બીજી રાતે વચેટ ભાઈ પહેરો ભરવા ગયો. એણે એક આંટો આમ માર્યો, એક આંટો તેમ માર્યો, ચારે બાજુ બારીક નજરે જોયું, અને માની લીધું કે પૂરી સલામતી છે. એટલે એ પણ ઝાડીમાં જઈને આડો પડયો અને થોડી વારમાં ઊંઘી ગયો.

પણ ઈવાનને વચેટ ભાઈની ઉપર પણ મુદ્દલ ભરોસો નહોતો. મધરાત વીતી કે તરત એ તૈયાર થઈ ગયો અને ધારદાર તલવાર લઈને નદીને કાંઠે પહોંચી ગયો. ત્યાં જઈને એ જાંબુપુલ નીચે છુપાઈ ગયો અને વાટ જોવા લાગ્યો.

એકાએક નદીના પાણીમાં મોજાં ઘુઘવાટા કરવા લાગ્યાં અને નદી જાણે ઊકળતી હોય એમ તોફાને ચડી. ઝાડની ડાળે બેઠેલાં પંખી ચીસાચીસ કરવા લાગ્યાં. સામે કાંઠેથી નવ માથાંવાળો વિકરાળ રાક્ષસ ઘોડે ચડીને આવતો દેખાયો. ઘોડેસવાર રાક્ષસ જાંબુપુલ ઉપર આવ્યો ત્યાં એના ઘોડાએ ઠેસ ખાધી, એને ખભે બેઠેલા કાળા કાગડાએ પાંખ ફફડાવી, અને એની પાછળ પાછળ ચાલતા કાળા કૂતરાના કાન ઊંચા થઈ ગયા. રાક્ષસે ચાબખો ઊંચો કરીને ફટાક ઘોડાના પડખા ઉપર, કાગડાનાં પીંછાં ઉપર, અને કૂતરાના કાન ઉપર ફટકાર્યો.

ચાબખો ફટકારીને રાક્ષસ તડૂક્યો: "અરે ઘોડા, તું ઠેસ કેમ ખાય છે? અલ્યા કાગડા, તારી પાંખ કેમ ફફડે છે? અને કાળા કૂતરા, આમ કાન ઊંચા કરીને જમીન ઉપર જડાઈ કેમ ગયો છે? તમને શું ખેડૂતના દીકરા ઈવાનની હાજરીનો અણસાર આવ્યો છે? એ તો હજુ પેદા જ નથી થયો. પણ કદાચ પેદા થઈ ગયો હોય તોયે મારી સામે લડવાની એની તાકાત જ નહિ! એને તો હું મારી એક આંગળી વડે જ ખતમ કરી નાખીશ."

એટલું સાંભળતાં જ ખેડૂતનો દીકરો ઈવાન જાંબુપુલ નીચેથી ઠેકડો મારીને સામે આવ્યો અને એણે રાક્ષસને પડકાર્યો:

"અલ્યા કાળમુખા રાક્ષસ, તારી જીભને બાંધી રાખ જરા! આપણી તલવારો ટકરાય નહિ ત્યાં સુધી ડંફાસ હાંકવાનું રહેવા દે! પહેલાં જોઈ તો લઈએ કે કોણ કોને ખતમ કરે છે!"

અને ઈવાન તો એકદમ રાક્ષસની ઉપર ત્રાટક્યો. પોલાદની તલવારના

ઉપરાઉપર બે ઘા ઝીંકીને એણે રાક્ષસનાં છ માથાં ધડથી જુદાં કરી નાખ્યાં. પછી રાક્ષસે ઈવાનને એક ઘા એવો માર્યો કે ઈવાનના પગ પોચી જમીનમાં ગોઠણ સુધી ખૂંતી ગયા. પણ ખેડૂતના દીકરા ઈવાને મૂઠી ભરીને રેતી દુશ્મનની અંગારા જેવી આંખોમાં ફેંકી. આંધળો થઈ ગયેલો રાક્ષસ આંખ ચોળીને રેતી કાઢી નાખવાની મહેનત કરતો હતો ત્યાં જ ઈવાને જઈને એનાં બાકી બચેલાં ત્રણ માથાં વાઢી નાખ્યાં. પછી એણે રાક્ષસની કાયાના નાનકડા કકડા કરીને નદીમાં ફેંકી દીધા અને એનાં નવ માથાં જાંબુપુલ નીચે છુપાવી દીધાં. બધું પતાવીને જાણે કંઈ બન્યું જ ન હોય એમ એ તો પાછો ઝૂંપડામાં જઈને પથારીમાં પડયો અને થોડી વારમાં ઘસઘસાટ ઊંઘી ગયો.

સવાર પડી એટલે વચેટ ભાઈ પાછો આવ્યો.

ઈવાને એને પૂછ્યું: "કેમ ભાઈ, રાતમાં કંઈ જોયું?"

વચેટ ભાઈએ જવાબ દીધો: "ના રે! નથી એકેય માખી નીકળી કે નથી એકેય મચ્છર નીકળ્યો."

ઈવાને ભાઈઓને કહ્યું: "વાહ રે, મારા ભાઈઓ! એમ હોય તો ચાલો હું તમને માખી અને મચ્છર બધું બતાવી દઉં."

એમ કહીને ઈવાન બેઉ ભાઈને જાંબુપુલ નીચે લઈ ગયો, અને બન્ને રાક્ષસોનાં પંદર માથાં એમને બતાવ્યાં. માથાં બતાવીને ઈવાન બોલ્યો:

"અહીં રાતે આવી માખીઓ અને આવા મચ્છરો ફરે છે. અને મારા ભાઈઓ, લડાઈ લડવાનું કામ તમારું નથી. તમે તો જઈને ભઠ્ઠીની કોર ઉપર તમારાં હાડકાં શેકો તો જ ઠીક."

બેઉ ભાઈનાં માથાં શરમથી નીચે ઢળી ગયાં. ઊતરેલે મોઢે એમણે કહ્યું:

"અમને નીંદરે લાચાર બનાવી દીધા હતા."

ત્રીજી રાતે પહેરો ભરવા માટે ઈવાન પોતે જ તૈયાર થયો.

જતાં જતાં એણે ભાઈઓને કહ્યું: "આજે તો મારે સૌથી ભયાનક લડાઈ લડવાની છે. ભાઈઓ, તમે સૂઈ જતા નહિ પણ મારી સીટીનો અવાજ સાંભળવા કાન સરવા રાખજો. સીટી સંભળાય કે તરત જ મારા ઘોડાને મારી પાસે મોકલજો અને ઝટ વહારે આવજો."

એટલું કહીને ખેડૂતનો દીકરો ઈવાન નદીકાંઠે ચાલ્યો ગયો અને જાંબુપુલ નીચે ઊભો રહીને વાટ જોવા લાગ્યો.

મધરાત વીતી કે તરત જ ધરતી ધ્રૂજવા અને ધણધણવા લાગી, નદીમાં વહેતું પાણી જાણે ઊકળતું હોય એમ તોફાને ચડયું, ભયાનક પવન સુસવાટા કરવા લાગ્યો, અને ઝાડની ડાળે બેઠેલાં પંખી ચીસાચીસ કરવા લાગ્યાં. બાર માથાંવાળો વિકરાળ રાક્ષસ ઘોડે ચડીને દ્રાક્ષ નદી તરફ આવ્યો. તેનાં બારેય મોં સીટી વગાડતાં હતાં અને તણખા ને ભડકા ઓકતાં હતાં. રાક્ષસના ઘોડાને બાર બાર પાંખ હતી, એના વાળ ત્રાંબાના અને કેશવાળી તેમ જ પૂંછડી લોઢાનાં હતાં. વિકરાળ રાક્ષસ જાંબુપુલ ઉપર આવ્યો કે તરત જ એના ઘોડાએ ઠેસ ખાધી, એને ખભે બેઠેલા કાળા કાગડાએ પાંખો ફફડાવી, એની પાછળ પાછળ આવતા કાળા કૂતરાના કાન ઊંચા થઈ ગયા. એણે ઘોડાનાં પડખાં ઉપર, કાગડાનાં પીંછાં ઉપર, અને કૂતરાના કાન ઉપર ચાબખા ફટકાર્યા.

ચાબખા ફટકારતો રાક્ષસ ગરજી ઊઠયો: "અરે ઘોડા, તું ઠેસ કેમ ખાય છે? કાગડા, તું પાંખ શા સારુ ફફડાવે છે? અને કૂતરા, તારા કાન કેમ ઊંચા થઈ ગયા છે? તમને શું ખેડૂતના દીકરા ઈવાનની હાજરીનો અણસાર આવ્યો છે? એ તો હજુ પેદા જ નથી થયો. પણ પેદા થયો હોય તોયે મારી સામે ઊભા રહેવાની એની તાકાત નહિ. હું એક ફૂંક મારું ત્યાં તો એને ઠેકાણે મૂઠીભર રાખ સિવાય બીજું કંઈ જ ન બચે."

એટલું સાંભળતાં જ ખેડૂતનો દીકરો ઈવાન જાંબુપુલ નીચેથી બહાર આવ્યો અને એણે ત્રાડ પાડી:

"અરે દુષ્ટ રાક્ષસ, તારો જીભડો જરાક બાંધી રાખ અને આટલી બધી ડંફાસ હાંકવી રહેવા દે, નહિતર પસ્તાવાનો પાર નહિ રહે!"

"આહ, તો તું છે ખેડૂતનો દીકરો ઈવાન! અહીં શા સારુ આવ્યો છે?"

"હું આવ્યો છું તને જોઈ લેવા અને તારી તાકાત માપી લેવા, ચંડાળ રાક્ષસ!"

"અરે, જોયો નહિ હોય મારી તાકાત માપનારો! મારી સરખામણીમાં તું તો માખી જેવો છે!"

ખેડૂતના દીકરા ઈવાને જવાબ દીધો :

"હું કંઈ વાર્તા સંભળાવીને તારું મન ખુશ કરવા કે તારાં ટાયલાં સાંભળવા નથી આવ્યો, સમજ્યો ને? હું તો આવ્યો છું તારી સાથે જંગ ખેલીને તને પૂરો કરવા, દુષ્ટ રાક્ષસ! તને ખતમ કરીને મારે ભલી માણસજાતને તારા ત્રાસથી બચાવી લેવી છે!"

એટલું કહેતાં જ ખેડૂતના દીકરા ઈવાને તેજ તલવાર ખેંચી અને એક ઝાટકે વિકરાળ રાક્ષસનાં ત્રણ માથાં ઉડાવી દીધાં. પણ રાક્ષસે ત્રણેય માથાં હાથમાં ઝડપી લીધાં અને આગ ઝરતી આંગળી એની ઉપર ફેરવીને પાછાં ગરદન ઉપર ગોઠવી દીધાં. માથાં જાણે કદી કપાયાં જ ન હોય એમ ગરદન ઉપર સજ્જડ ચોંટી ગયાં.

એટલી વારમાં ઈવાનની હાલત કપરી બની ગઈ. રાક્ષસની સીટીના ભયંકર અવાજે એના કાન બહેરા કરી નાખ્યા અને આગ ઉડાડતી જીભોએ એના શરીરે ડામ પાડયા. રાક્ષસે એની ઉપર તણખાનો વરસાદ વરસાવી દીધો અને ભીની પોચી જમીનમાં એને ગોઠણ સુધી ગરક કરી દીધો.

રાક્ષસે એની ઠેકડી કરતાં કહ્યું: "થોડી વાર થાક ખાવો છે, ખેડૂતના દીકરા ઈવાન?"

ઈવાને જવાબ દીધો: "થાકની વાત રહેવા દે, જરાય રહેમ વગર ઝાટકા મારવા અને તલવાર ભોંકવી — એ છે જંગ ખેલવાની મારી રીત!"

એટલું કહીને એણે જોરથી સીટી બજાવી અને જમણા હાથનું મોજું કાઢીને ભાઈઓ હતા એ ઝૂંપડા ઉપર ફેંક્યું. મોજાએ ઝૂંપડાની બધી બારીઓ તોડી નાખી પણ ભાઈઓ તો કંઈ સાંભળ્યા વગર ઊંઘતા જ રહ્યા.

પછી ખેડૂતના દીકરા ઈવાને કાયામાં હતું એટલું બધુંય જોર લગાવીને પહેલાં કરતાં ખૂબ વધારે ઝનૂનથી તલવાર વીંઝી અને રાક્ષસનાં છ માથાં કાપી નાખ્યાં. પણ રાક્ષસે માથાં હાથમાં ઝડપી લીધાં અને આગ ઝરતી આંગળી એની ઉપર ફેરવીને પાછાં ગરદન ઉપર ગોઠવી દીધાં. માથાં જાણે કેમ કદી કપાયાં જ ન હોય એમ ગરદન ઉપર સજ્જડ ચોંટી ગયાં. માથાં ચોંટાડીને રાક્ષસ ખેડૂતના દીકરા ઈવાન ઉપર ત્રાટક્યો અને એણે ઈવાનને ભીની પોચી જમીનમાં કેડ

સુધી ગરક કરી દીધો.

હવે ઈવાન સમજી ગયો કે હાલત ખતરનાક છે. એણે ડાબા હાથનું મોજું કાઢીને ઝૂંપડા ઉપર ફેંક્યું. મોજું છાપરું તોડીને ઝૂંપડામાં પડ્યું પણ એના બેઉ ભાઈ તો કંઈ સાંભળ્યા વગર ઊંઘતા જ રહ્યા.

પછી ખેડૂતના દીકરા ઈવાને ત્રીજી વાર તલવાર વીંઝી અને રાક્ષસનાં નવ માથાં ઉડાવી દીધાં. પણ રાક્ષસે બધાંય માથાં હાથમાં ઝડપી લીધાં અને આગ ઝરતી આંગળી એની ઉપર ફેરવીને પાછાં ગરદન ઉપર ગોઠવી દીધાં. બધાંય માથાં વળી પાછાં સજ્જડ ચોંટી ગયાં. પછી રાક્ષસ ખેડૂતના દીકરા ઈવાન ઉપર તૂટી પડ્યો અને ભેજવાળી જમીનમાં એને ખભા સુધી ઊંડો ઉતારી દીધો.

પણ ઈવાને માથા ઉપરથી ટોપી ઉતારીને ઝૂંપડા ઉપર ફેંકી. ઝૂંપડું હચમચીને ડગલકડોલક થઈ ગયું અને જમીનદોસ્ત થતું થતું રહી ગયું. એટલું થયું ત્યારે ઈવાનના ભાઈઓની ઊંઘ આખરે ઊડી. ઊઠતાં જ તેમણે ઈવાનના ઘોડાને જોર જોરથી હણહણતો અને પગે બાંધેલી સાંકળને તોડી નાખવા ધમપછાડા કરતો સાંભળ્યો.

ભાઈઓ એકદમ દોડતા તબેલામાં ગયા અને ઘોડાને છૂટો કરીને તેની પાછળ પાછળ ઈવાન તરફ દોડ્યા.

ઈવાનનો ઘોડો ફાળ ભરતો માલિક પાસે પહોંચ્યો અને ખરીઓ વડે રાક્ષસની ઉપર લાતો વરસાવવા લાગ્યો. રાક્ષસે જોરથી સીટી વગાડી અને ફૂંકાર કરીને ઘોડાની ઉપર તણખાનો વરસાદ વરસાવ્યો.

ખેડૂતનો દીકરો ઈવાન આંચકો મારીને ધરતીમાંથી બહાર નીકળી આવ્યો, એક ઝાટકે એણે રાક્ષસની આગ ઝરતી આંગળી ઉડાવી દીધી, અને પછી એનાં માથાં વાઢવાનું શરૂ કર્યું. છેલ્લું માથું ધડથી જુદું થયું ત્યાં સુધી એ તલવાર વીંઝતો જ રહ્યો. પછી એણે વિકરાળ રાક્ષસની કાયાના નાનકડા કકડા કરીને દ્રાક્ષ નદીમાં ફગાવી દીધા.

બરાબર એ ઘડીએ બેઉ મોટા ભાઈઓ દોડતા આવી પહોંચ્યા. એમને જોઈને ઈવાન બોલ્યો:

"કેવા નકામા છો તમે બેય જણ! નીંદરના તમારા આટલા બધા વહાલની

કિંમત મારા જીવ વડે ચૂકવતાં હું માંડ બચી ગયો."

બેઉ ભાઈઓ એને ઝૂંપડામાં લઈ ગયા, એને નવડાવ્યો, ખવડાવ્યું, અને પછી પથારીમાં સુવડાવી દીધો.

સવારમાં ઈવાન વહેલો ઊઠી ગયો અને કપડાં પહેરીને તૈયાર થવા લાગ્યો.

ભાઈઓએ એને પૂછ્યું: "તું આટલો વહેલો કેમ ઊઠી ગયો? આવી ભયંકર લડાઈ પછી તારે આરામ કરવો જોઈએ."

ઈવાને જવાબ દીધો: "ના, મારાથી આરામ થાય એમ નથી. દ્રાક્ષ નદીને કાંઠે મારો પટ્ટો ખોવાઈ ગયો છે એટલે મારે એને ગોતવા જવું પડે એમ છે."

ભાઈઓ બોલ્યા: "એવી શી જરૂર છે? આપણે શહેરમાં જઈશું અને ત્યાં તું નવો પટ્ટો ખરીદી લેજે."

"ના, મારે તો મારો જૂનો પટ્ટો જ જોઈએ."

એમ કહીને ઈવાન એકલો દ્રાક્ષ નદીએ ચાલ્યો ગયો. પણ એ ત્યાં પટ્ટો ગોતવા રોકાયો નહિ. જાંબુપુલ ઉપર થઈને એ સામે કાંઠે ગયો અને કોઈની નજરમાં પડયા વગર છાનોમાનો વિકરાળ રાક્ષસના પથ્થરના મહેલમાં પેસી ગયો. એ સરકીને એક ઉઘાડી બારી પાસે પહોંચ્યો અને એની નીચે લપાઈને ઊભો રહ્યો. ત્યાં ઊભા રહીને એણે કાન સરવા કર્યા, જેથી અંદર કંઈ નવી દુષ્ટ તરકીબ ઘડાતી હોય તો સાંભળી શકાય.

એણે બારીમાંથી અંદર નજર નાખી તો રાક્ષસની ત્રણ વહુઓ અને ઘરડી રાક્ષસણી મા બેઠી હતી. એ ચારેય જણી માંહોમાંહે ગુસપુસ વાતચીત કરી રહી હતી.

પહેલી વહુ બોલી:

"ખેડૂતના દીકરા ઈવાન ઉપર મારા વરની હત્યાનું વેર વાળીને જ હું જંપીશ! એ અને એના ભાઈઓ ઘેર પાછા જવા નીકળશે ત્યારે હું આગળ જઈને બપોરની ગરમી એટલી બધી વધારી દઈશ કે ત્રણેય રઘવાયા થઈ જાય. પછી હું કૂવો બનીને બેસીશ. એ લોકોને પાણીની સખત તરસ લાગશે અને કૂવામાંથી જેવો પાણીનો ઘૂંટડો ભરશે કે તરત જ ત્રણેય મડદાં થઈને ઢળી પડશે!"

ઘરડી રાક્ષસણીએ હકાર ભણ્યો:

"તારી તરકીબ સરસ છે."

પછી બીજી વહુ બોલી:

"અને હું આગળ જઈને સફરજનના ઝાડના રૂપે ઊભી રહીશ. દરેકને સફરજન ખાવાનું મન થશે, પણ પહેલું બટકું ભરતાં જ એમનો જીવ નીકળી જશે!"

ઘરડી રાક્ષસણીએ વળી પાછો હકાર ભણ્યો:

"તારી તરકીબ પણ બહુ સારી છે."

હવે ત્રીજી વહુનો બોલવાનો વારો આવ્યો:

"હું તો એમની ઉપર નીંદરની મોહની છાંટીશ. હું આગળ જઈને રસ્તામાં સુંવાળો ગાલીચો તથા રેશમના તકિયા બનીને એમની રાહ જોઈશ. ત્રણેય ભાઈને થાક ખાઈ લેવાનું મન થશે, અને જેવા મારી ઉપર આડા પડયા કે બળીને કોલસા થઈ જશે!"

ઘરડી રાક્ષસણીએ ત્રીજી વાર હકાર ભણ્યો અને પોતાની તરકીબ પણ કહી બતાવી:

"અને મારી તરકીબ પણ કંઈ ઓછી ઊતરે એવી નથી. એમને પૂરા કરવાની તમારી તરકીબો નિષ્ફળ જાય તો હું મોટી જબ્બર ભૂંડણ બની જઈશ, અને ત્રણેયને આંબી જઈને હડપ કરી જઈશ!"

ખેડૂતના દીકરા ઈવાને ચારેયની વાતચીત પૂરેપૂરી સાંભળી લીધી અને પછી એ ઝડપથી પાછો ભાઈઓ પાસે પહોંચી ગયો.

ભાઈઓએ પૂછ્યું:

"કેમ, તારો પટ્ટો મળ્યો કે?"

"હા, પટ્ટો તો મળી ગયો."

"પટ્ટો ગોતવાનું શું એટલું જરૂરી હતું કે એમાં તેં ઘણો બધો વખત વેડફી નાખ્યો?"

"હા, જરૂરી હતું, ભાઈઓ મારા!"

પછી ત્રણેય ભાઈ તૈયાર થઈ ગયા અને ઘેર પાછા ફરવા ચાલી નીકળ્યા.

ઘાસનાં મેદાનો વટાવતા અને બીડો પાર કરતા ભાઈઓ પંથ કાપતા

જાય છે. રસ્તામાં ધોમ એવો ધખ્યો કે પાણી ન મળે તો ગળું સુકાઈ જાય અને જીવ નીકળી જાય એવી હાલત થઈ ગઈ. એમણે ચારે બાજુ નજર નાખીને જોયું તો નજીકમાં કૂવો દેખાયો. કૂવાના પાણીમાં રૂપાની ડોલ તરતી હતી. બેઉ મોટા ભાઈઓએ ઇવાનને કહ્યું:

"ઇવાન, ચાલ અહીં જરા પોરો ખાઈએ, ઠંડું મઝાનું પાણી પીએ, અને ઘોડાઓને પણ પાણી પિવડાવીએ."

ઇવાને જવાબ દીધો: "કોને ખબર છે આ કૂવામાં કેવું પાણી હશે!"

એટલું કહેતાં ઇવાન ઘોડા ઉપરથી નીચે કૂદી પડયો અને તલવાર ખેંચીને કૂવાના પાણીમાં વીંઝવા લાગ્યો. કૂવામાંથી ભયંકર ઊંહકારા અને ચીસો ઊઠી, અચાનક ધુમ્મસ છવાઈ ગયું, તાપ ઓછો થઈ ગયો, અને ત્રણેય ભાઈઓની તરસ મટી ગઈ.

ઇવાને ભાઈઓને કહ્યું: "જોયું ને કૂવામાં કેવું પાણી હતું?"

ત્રણેય ભાઈ ઘોડા દોડાવતા આગળ ચાલ્યા.

કોને ખબર કેટલું અંતર કાપ્યું હશે. રસ્તે સફરજનનું ઝાડ દેખાયું. ઝાડની ડાળીએ ડાળીએ મોટાં અને મઝાનાં સફરજન લટકે.

બેઉ મોટા ભાઈ ઠેકડો મારીને ઘોડેથી નીચે ઊતર્યા અને સફરજન તોડવા ગયા. પણ ઇવાન એમના કરતાં વધારે ચપળતાથી આગળ આવ્યો અને તલવાર ખેંચીને સફરજનના ઝાડનાં મૂળિયાં ઉપર ધડાધડ ઘા ઉપર ઘા મારવા લાગ્યો. તલવારના ઘા પડતાં જ સફરજનનું ઝાડ ચીસો પાડવા લાગ્યું.

ઇવાને ભાઈઓને કહ્યું: "જોયું ને કેવું ઝાડ હતું? એનાં સફરજન આપણને ફાવે એવાં નથી."

ત્રણેય ભાઈ વળી પાછા ઘોડે ચડીને આગળ ચાલ્યા.

કેટલીય વાર ઘોડા દોડાવ્યે રાખ્યા પછી સૌ ખૂબ થાકી ગયા. એમણે આમતેમ નજર ફેરવી તો સામે મેદાનમાં મુલાયમ અને ચળકતો ગાલીચો નજરે પડયો. ગાલીચાની ઉપર રેશમના તકિયા હતા.

બેઉ મોટા ભાઈ બોલ્યા: "ચાલો, ગાલીચા ઉપર આડા પડીને આપણાં થાકેલાં હાડકાંને જરાક આરામ આપીએ."

ઇવાને જવાબ દીધો: "ના ભાઈઓ, એની ઉપર લાંબા થશો કે પછી તરત જ ગાલીચો જરાય સુંવાળો નહિ લાગે."

ઇવાનની વાત સાંભળીને બેઉ ભાઈ ખૂબ ગુસ્સે ભરાયા અને બોલ્યા:

"દરેક વાતમાં ડહાપણ કેમ વધારે છે કે આ કરશો નહિ ને તે કરશો નહિ?"

પણ ઇવાન જવાબમાં એક શબ્દ સરખોયે ન બોલ્યો. એણે કેડેથી પટ્ટો છોડીને ગાલીચા ઉપર નાખ્યો. પટ્ટો જેવો ગાલીચા ઉપર પડયો કે તરત જ આગનો ભડકો થયો અને પટ્ટો બળીને રાખ થઈ ગયો.

ઇવાને ભાઈઓને કહ્યું: "તમે જઈને ત્યાં આડા પડયા હોત તો તમારા પણ પટ્ટા જેવા જ હાલ થાત." પછી એ તલવાર ખેંચીને ગાલીચા અને તકિયા ઉપર ધડાધડ ઘા મારવા લાગ્યો. એના લીરેલીરા ઉડાવી દીધા પછી એ બોલ્યો:

"ભાઈઓ, તમે નકામા મારી સામે બબડવા લાગ્યા છો! પહેલાં કૂવો, પછી સફરજનનું ઝાડ, અને છેલ્લે ગાલીચો તો વિકરાળ રાક્ષસની ત્રણ વહુઓનાં રૂપ હતાં. એ ત્રણેયનો ઇરાદો આપણને મારી નાખવાનો હતો. પણ એમનું કાવતરું નકામું ગયું છે અને એ ત્રણેય ખતમ થઈ ગઈ છે."

ભાઈઓ વળી ઘોડે ચડીને આગળ ચાલ્યા.

કોણ જાણે એમણે કેટલો પંથ કાપ્યો હશે. એકાએક આકાશમાં ઘોર અંધારું છવાઈ ગયું, પવન સુસવાટા કરવા લાગ્યો, અને ધરતી ધ્રૂજવા તથા ધણધણાટ કરવા લાગી. આમતેમ નજર કરી તો પાછળ મોટી જબ્બર ભૂંડણ પૂર ઝડપે દોડતી આવતી દેખાઈ. ભૂંડણ નજીક આવી અને પહોળું જડબું ફાડીને ઇવાન તથા તેના ભાઈઓને હડપ કરી જવા ધસી. પણ જુવાનો સાવ ભોટ તો નહોતા જ. દરેકે ખડિયામાંથી મીઠાનું એકેક પડીકું ઝડપથી કાઢીને એકદમ ભૂંડણના ફાટેલા મોંમાં ધરબી દીધું.

ભૂંડણે માન્યું કે ખેડૂતનો દીકરો ઇવાન અને એના ભાઈઓ મોંમાં સપડાઈ ગયા છે. એ તો રાજી થઈ ગઈ અને એકદમ ઊભી રહી જઈને મીઠું ચાવવા લાગી. પણ મોંમાં ખારો સ્વાદ લાગ્યો એટલે સમજી ગઈ કે આ તો મીઠું છે. એકદમ સાવધાન થઈ જઈને એ વળી પાછી ત્રણેયની પાછળ ધસી ગઈ.

ભૂંડણ પૂરા વેગે દોડી. ગુસ્સામાં એના વાળ ખડા થઈ ગયા અને એણે

દાંત પીસ્યા. જોતજોતામાં એ જુવાનોની એટલી નજીક પહોંચી ગઈ કે પળ બે પળમાં એમને આંબી જાત.

પણ ભૂંડણને નજીક આવેલી જોઈને ઇવાને ભાઈઓને કહ્યું કે ત્રણેય નોખા પડીને જુદી જુદી દિશાઓમાં ઘોડા મારી મૂકો. એકે ઘોડો જમણી બાજુ વાળ્યો, બીજાએ ઘોડો ડાબી બાજુ દોડાવ્યો, અને ઇવાન પોતે સીધે રસ્તે ઘોડો દોડાવતો આગળ વધ્યો.

ભૂંડણ દોડતી આવી પણ પછી અચાનક ઊભી રહી ગઈ. એને સમજણ જ ન પડી કે પહેલાં કોની પાછળ જવું.

ભૂંડણ ગડમથલમાં ઊભી હતી અને ગૂંચવણમાં મોંનું નાળચું આમથી તેમ હલાવતી હતી ત્યાં ઇવાન એની ઉપર ધસી ગયો અને એને ઊંચી ઉપાડીને પૂરી તાકાત વડે જમીન ઉપર પટકી દીધી. ભૂંડણના ફુરચેફુરચા ઊડી ગયા અને પવનમાં વીખરાઈ ગયા.

ત્યાર પછી એ પ્રદેશમાં રાક્ષસ કે દૈત્ય કે દાનવ ફરી ક્યારેય નજરે પડ્યા નહિ. લોકો કોઈ પણ જાતની બીક વગર નિર્ભય જીવન ગાળવા લાગ્યા.

ખેડૂતનો દીકરો ઇવાન અને તેના ભાઈઓ પાછા ઘેર માબાપ પાસે પહોંચી ગયા અને સૌ સુખચેનથી રહેવાં લાગ્યાં. ત્રણેય ભાઈઓ ખેતર ખેડતા, ઘઉં વાવતા, અને મહેનત કરીને એટલો પાક ઉપજાવતા કે ખાધે ને વાપર્યે ખૂટે જ નહિ.

અનોખો મુકદ્દમો

રૂસી વાર્તા



બે હતા ભાઈ. એક ગરીબ અને બીજો ધનવાન.

હવે એક વાર એવું બન્યું કે ગરીબ ભાઈના ઘરમાં લાકડાં થઈ રહ્યાં. ભઠ્ઠી કેમ કરી સળગાવે? અને ઝૂંપડામાં સખત ટાઢ.

એ તો ગયો જંગલમાં અને થોડાંક લાકડાં કાપ્યાં. પણ લાકડાં ઘેર લઈ આવવા એની પાસે ઘોડો જ નહોતો.

એણે મનમાં વિચાર્યું: "લાવ ને, જઈને ભાઈને કહું કે મને ઘોડો આપ."

એ તો પહોંચ્યો ભાઈની પાસે, પણ ભાઈના આવકારમાં ઉમળકો જરાય નહોતો. ભાઈએ કહ્યું:

"આ ફેરે તો લઈ જા ઘોડો, પણ જોજે, એની ઉપર બહુ વધારે ભાર લાદતો નહિ. અને એમ માની લેતો નહિ કે તારે જે કંઈ જોઈએ તે લેવા મારી

પાસે દોડી અવાય. તારું તો હંમેશાં એમ જ છે. આજે મને આ આપો, અને કાલે મને આ આપો. એમ તને બધું આપતો રહું તો મને પોતાનેય ખબર પડે તે પહેલાં જ હું તો રસ્તે ભટકતો ભિખારી થઈ જઉં."

ગરીબ ભાઈ ઘોડાને દોરીને ઘેર લઈ ગયો, પણ ઘેર પહોંચ્યો ત્યારે જ એને યાદ આવ્યું કે જોતર લેવાનું તો ભૂલી ગયેલો. એણે મનમાં જ વિચાર્યું: "હવે પાછા ભાઈ પાસે જવાથી કંઈ વળશે નહિ. એ કંઈ જોતર આપે નહિ."

એટલે એણે તો ગાડાને ઘોડાની પૂંછડી જોડે બને એટલું સખત બાંધી દીધું અને ચાલ્યો જંગલ તરફ લાકડાં લઈ આવવા.

પાછા ફરતાં ગાડું રસ્તામાં એક ઠેકાણે ઝાડના ઠૂંઠા આડું ભરાઈ ગયું પણ ગરીબ ભાઈને એનું ધ્યાન ન રહ્યું. એણે તો ઘોડો ચાલતો નથી એમ માનીને ઘોડાને ચાબુક ફટકાર્યો.

ઘોડો હતો પાણીદાર. એ જોર કરીને આગળ ધસ્યો અને અરે! ઘોડાની પૂંછડી જ નીકળી ગઈ.

ગરીબ ભાઈ ઘોડો પાછો આપવા ગયો તો ધનવાન ભાઈએ જોયું કે ઘોડાને પૂંછડી જ નથી, એટલે એ તો માંડયો ગરીબ ભાઈને ધમકાવવા અને ગાળો ભાંડવા. રાડ પાડીને એ બોલ્યો:

"તેં મારા ઘોડાનો દાટ વાળી નાખ્યો. પણ એમ માનતો નહિ કે હું વાતને આટલેથી જ છોડી દઈશ."

એણે અદાલતમાં જઈને ગરીબ ભાઈની સામે ફરિયાદ દાખલ કરી.

થોડોઘણો વખત વીત્યો હશે ત્યાં બન્ને ભાઈને અદાલતમાં હાજર થવાનું ફરમાન મળ્યું.

બેઉ અદાલતમાં જવા નીકળ્યા. રસ્તે ચાલતાં ચાલતાં ગરીબ ભાઈ મનમાં વિચાર કરવા લાગ્યો:

"ગરીબ માણસ ધનવાન માણસની સામે દાવો લડવા જાય એ તો નબલો માણસ કોઈ જોરાવર પહેલવાન જોડે કુસ્તી કરવા જાય એવું થાય. ન તો ગરીબ માણસ જીતે કે ન નબળો માણસ જીતે. અદાલતમાં મને જ ગુનેગાર ઠરાવવામાં આવશે."

બરાબર એ જ વખતે બેઉ ભાઈ એક પુલ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. પુલને પાળ નહોતી. ગરીબ ભાઈનો પગ લપસ્યો અને એ પુલની નીચે પડી ગયો.

હવે બન્યું એવું કે એ જ ઘડીએ નીચે નદીના જામી ગયેલા પટ ઉપરથી હિમગાડીમાં એક વેપારી જઈ રહ્યો હતો. વેપારી એના ઘરડા બાપને દાક્તર પાસે લઈ જતો હતો. ગરીબ ભાઈ પુલ ઉપરથી પડયો તે સીધો વેપારીની ગાડીમાં બેઠેલા ઘરડા માણસને માથે. ગરીબ ભાઈને શરીરે તો કોઈ જાતની ઈજા ન થઈ, પણ ઘરડા માણસનો જીવ નીકળી ગયો.

વેપારીએ ગરીબ ભાઈને પકડી લીધો અને બરાડો પાડયો: "ચાલ અદાલતમાં, આનો ઈન્સાફ કરાવવા!"

એટલે બે ભાઈ અને વેપારી એમ ત્રણેય જણ શહેર તરફ ચાલ્યા.

ગરીબ ભાઈ તો પહેલાં કરતાંય વધારે ઉદાસ અને નિરાશ થઈ ગયો. એને થયું: "હવે તો પાકી વાત છે કે મને ગુનેગાર ઠરાવશે જ."

એકાએક એની નજર રસ્તામાં પડેલા એક વજનદાર પથ્થર ઉપર પડી. એણે પથ્થર ઊંચકી લીધો અને ચીંથરામાં વીંટીને કોટમાં સંતાડી લીધો.

એણે મનોમન નક્કી કર્યું: "મુનસફ ખોટો ફેંસલો આપીને મને ગુનેગાર ઠરાવશે તો હું એનેય ત્યાં ને ત્યાં ખતમ કરી નાખીશ. ફાંસીએ ચડવું જ હોય તો પછી ઘેટાના ખૂન ભેગું બકરાનુંય ખૂન થઈ જાય તો શું ફરક પડવાનો!"

ત્રણેય પહોંચ્યા અદાલતમાં. ગરીબ માણસની સામે હવે એક નહિ પણ બે ફરિયાદ હતી. કામ શરૂ થયું અને મુનસફ સવાલ પૂછવા લાગ્યો.

ગરીબ ભાઈ તો વારંવાર એની તરફ કરે, કોટમાંથી પથ્થર બહાર કાઢે, અને બબડે: "તું તારે કર ઈન્સાફ, પણ આમ જો, હું શું લઈને અદાલતમાં આવ્યો છું એ જોઈ લે!"

એ તો એક વાર બબડયો, બીજી વાર બબડયો, અને ત્રીજી વાર બબડયો. મુનસફે એને ધારી ધારીને જોયો અને એના મનમાં થયું:

"આ ખેડૂત મને આપવા સોનાની લગડી તો નહિ લાવ્યો હોય ને?"

એણે ફરી વાર ગરીબ ભાઈની સામે જોયું અને એના મનમાં લાલચ જાગી.

એને વિચાર આવ્યો :

"સોનું ન હોય અને ચાંદી હોય તોપણ મઝાની રકમ ઊપજે."

એટલે એણે તો ચુકાદો આપ્યો કે ઘોડાને નવી પૂંછડી ઊગે ત્યાં સુધી ઘોડો ગરીબ ભાઈના કબજામાં જ રહે.

અને વેપારીને એણે કહ્યું :

"તારા બાપને મારી નાખવાની સજા રૂપે આ માણસ પુલની નીચે બરફ ઉપર ઊભો રહે. એણે જેમ તારા બાપને મારી નાખ્યો એમ તારે પણ પુલ ઉપરથી કૂદીને એને મારી નાખવો."

મુકદ્દમો એમ પૂરો થયો.

ધનવાન ભાઈએ ગરીબ ભાઈને કહ્યું :

"ખેર, જે થયું તે ભલે થયું. મને પૂંછડી વગરનો ઘોડો લેવાનું મંજૂર છે, બસ."

ગરીબ ભાઈએ જવાબ દીધો :

"ના, ભાઈ, ના. અદાલતના ચુકાદા મુજબ જ થવું જોઈએ. તારા ઘોડાને નવી પૂંછડી ઊગે ત્યાં સુધી હું એને મારી પાસે જ રાખીશ."

પછી ધનવાન ભાઈએ ગરીબ ભાઈને મનાવવાની મહેનત કરી :

"તું મને ઘોડો પાછો આપી દે તો હું તને ત્રીસ રૂબલ આપીશ."

ગરીબ ભાઈએ વાત માની લીધી.

"તારી મરજી એમ હોય તો ભલે."

ધનવાન ભાઈએ પૈસા ગણી આપ્યા, અને એમ અંદર અંદર પતાવટ કરી લીધી.

હવે વેપારી પણ સમજાવતો વીનવતો હોય એમ બોલ્યો : "હવે ભલા ભાઈ, ચાલ ને આપણે દાટી જ દઈએ આખી વાતને! હું વાત પકડી રાખું તોય મારા બાપ મરી ગયો છે તે ક્યાં પાછો જીવતો થવાનો હતો!"

"ના, ના, એમ તે કંઈ ચાલતું હશે? અદાલતે ચુકાદો આપ્યો છે એમ ચાલ પુલ ઉપરથી મારી ઉપર માર કૂદકો."

સાંભળીને વેપારી બીચારો કરગરી પડયો :

"મારે કંઈ તને મારી નાખવો નથી. લે આ સો રૂબલ, અને આપણે બેઉ ભાઈબંધ, ઠીક?"

ગરીબ માણસે સો રૂબલ લઈને ખીસામાં મૂક્યા અને પોતાને રસ્તે પડવા જતો હતો ત્યાં મુનસફે એને બાજુએ બોલાવીને કહ્યું:

"લાવ, તેં જેનો વાયદો કરેલો એ મને આપી દે હવે."

ગરીબ માણસે કોટમાંથી ચીંથરાની પોટલી કાઢી અને એને ખોલીને પથ્થર બતાવતાં કહ્યું:

"જુઓ આ પથ્થર. 'તું તારે કર ઇન્સાફ, પણ આમ જો, હું શું લઈને અદાલતમાં આવ્યો છું એ જોઈ લે!' એમ બોલતો બોલતો હું તમને બતાવતો હતો તે આ પથ્થર જ હતો. તમે જુદી રીતે ઇન્સાફ કર્યો હોત તો આ પથ્થર વડે મેં તમને મારી જ નાખ્યા હોત."

મુનસફે મનમાં વિચાર્યું: "મેં આમ ઇન્સાફ કર્યો તે સારું જ કર્યું, નહિતર અત્યારે હું જીવતો ન હોત."

ગરીબ માણસ તો ખૂબ ખૂશ થઈને આખે રસ્તે મોટે અવાજે ગીત લલકારતો ઘેર ગયો.

દડબડ-દાણો

ઉક્રાઈની વાર્તા



એક માણસ હતો. એને છ દીકરા ને એક દીકરી. દીકરીનું નામ અલ્યોન્કા. એક દિવસ દીકરા ખેતર ખેડવા ગયા અને બહેનને કહેતા ગયા કે ભાતું ખેતરે પહોંચાડી દેજે.

"તમે ક્યાં હશો? મને તો કાંઈ ખબર નથી."

"અમે આપણા ઘરથી લઈને ઠેઠ અમારા કામની જગ્યા સુધી ચાસ પાડશું, તું એને જોતી જોતી હાલી આવજે."

એટલું કહીને ભાઈઓ રવાના થઈ ગયા.

ખેતરની પાર વનમાં એક રાક્ષસ રહેતો હતો. એણે કરામત કરી. ભાઈઓએ બનાવેલા ચાસને માટી વડે પૂરી દીધો. પછી પોતાના ઘર સુધી નવો ચાસ બનાવી દીધો. અલ્યોન્કા ભાઈઓ સારુ ભાતું લઈને નીકળી અને ચાસને જોતી જોતી

સીધી રાક્ષસના ફળિયામાં પહોંચી ગઈ. રાક્ષસે એને પકડી લીધી.

સાંજે ભાઈઓ પાછા ઘેર આવ્યા અને માને ફરિયાદ કરવા લાગ્યા.

"મા, અમે આખો દિવસ હળ ફેરવતા રહ્યા, પણ તેં ખાવાનું કાંઈ ન મોકલ્યું."

"મેં તો મોકલેલું!" મા બોલી ઊઠી. "અલ્યોન્કાને ભાતું લઈને મોકલેલી. ભૂલી પડી ગઈ હશે."

"તો અમે જઈને ગોતી લાવીએ," ભાઈઓ બોલ્યા.

બધાય તરત નીકળી પડયા અને રાક્ષસનો ચાસ જોતા જોતા એના ઘર સુધી પહોંચી ગયા. ઝાંપા વાટેથી અંદર દાખલ થયા કે તરત બહેન દોડતી સામે આવી.

"અરે, ભઈલા મારા, વીરા મારા, તમને ક્યાં સંતાડું?" બહેન બોલી ઊઠી. "રાક્ષસ બહાર ગયો છે, પણ પાછો આવશે એટલે તરત તમને ખાઈ જવાનો!"

એટલામાં રાક્ષસ ઊડતો આવી પહોંચ્યો.

"માણસ ગંધાય! એક નહિ, ઘણાય માણસ ગંધાય!" તેણે બરાડો પાડયો. "બોલો, જુવાનો, લડાઈ કે સુલેહ?"

"લડાઈ."

"બહુ સારી વાત. ચાલો, લોખંડના ખળામાં જઈને લડીએ."

સૌ લોખંડના ખળામાં ગયા. પણ લડાઈ ઝાઝી વાર ન ચાલી. રાક્ષસે એક ચાર ફટકો લગાવીને બધાયને ભોંયપટમાં ઊંડે ઉતારી દીધા. પાછા ખેંચી કાઢયા ત્યારે અરધા જીવતા ને અરધા મરેલા હોય એવા થઈ ગયા હતા. રાક્ષસે એમને ઊંડા ભોંયરામાં ધકેલી દીધા.

માબાપ નકામી વાટ જોતાં રહ્યાં.

એક વાર મા ધોવાનાં લૂગડાં લઈને નદીએ જવા નીકળી. ચાલતી ચાલતી જુએ છે તો સામેથી વટાણાનો એક દાણો દડબડ દડતો એની નજીક આવ્યો. એણે દાણાને લઈને પેટમાં પધરાવી દીધો.

વખત છતાં એને દીકરો આવ્યો. માબાપે એનું નામ દડબડ-દાણો પાડયું.

દડબડ-દાણો બહુ ઝડપથી મોટો થવા લાગ્યો, વધતો જાય ને વધતો જાય. નાની ઉંમરમાં જ બહુ કદાવર ને જોરાવર થઈ ગયો.

એક વાર એ બાપુ ભેગો કૂવો ખોદતો હતો. એટલામાં પાવડો પથ્થર જોડે ટકરાયો. જોયું તો પથ્થર કેવો, જબ્બર મોટી શિલા હતી. એને બહાર કાઢવામાં મદદ માટે બાપુ પાડોશીઓને બોલાવવા ગયા. પણ એ પાછા આવે તે પહેલાં તો દડબડ-દાણાએ શિલાને ઉપાડીને આઘી ફગાવી દીધી. પાડોશીઓએ આવીને જોયું તો સૌ અચરજમાં ડૂબી ગયા અને ધાક પણ ખાઈ ગયા કેમ કે દડબડ-દાણો એમાંના કોઈ પણ માણસથી ઘણો વધારે જોરાવર હતો. એ લોકોનાં એટલો બધો ડર પેસી ગયોલો કે બધા મળીને દડબડ-દાણાનો કાંટો કાઢી નાખવા તૈયાર થઈ ગયા. પણ દડબડ-દાણાએ શિલાને ઉપાડીને અધ્ધર ઉછાળી અને અધ્ધરથી જ પાછી હાથમાં ઝડપી લીધી. પાડોશીઓ તરત પોબારા ગણી ગયા.

બાપ અને દીકરો પાછા કૂવો ખોદવા લાગ્યા. ખોદતાં ખોદતાં, પાવડા લોખંડ જોડે ટકરાયા. દડબડ-દાણાએ લોખંડને બહાર કાઢીને સંતાડી દીધું.

થોડોક વખત વીતી ગયો. એક વાર દડબડ-દાણાએ માબાપને ભાઈબહેન વિશે પૂછ્યું: "ખરી વાત છે કે મારે છ ભાઈઓ હતા અને એક બહેન હતી?"

"હા, ખરી વાત છે," માબાપ બોલ્યો. "પણ એક વાર અહીંથી ગયાં અને પાછાં ક્યારેય આવ્યાં જ નહિ." પછી એમણે આખી કહાણી દીકરાને કહી સંભળાવી.

"હું એમને ગોતવા જવાનો," દડબડ-દાણો બોલ્યો.

માબાપ એને સમજાવીને વારવાની કોશિશ કરવા લાગ્યાં.

"બેટા, ન જા તો સારું," એમણે કહ્યું. "તારા ભાઈઓ બહેનને ગોતવા નીકળેલા, પણ પાછા આવ્યા જ નહિ. અને એ તો છ જણ હતા, તું એકલો જ છો."

"જવું જ પડે એમ છે," દડબડ-દાણો બોલ્યો. "મારાં સગાં ભાઈબહેન છે, મારાથી વાતને એમ પડતી ન મુકાય."

એ તો પેલું લોખંડ લઈને લુહાર પાસે ગયો.

"આની ગદા ઘડી દે, જેટલી બને એટલી મોટી ઘડજે!" એણે લુહારને કહ્યું.

લુહારે એટલી મોટી અને વજનદાર ગદા ઘડી કે એને કોઢમાંથી ઉપાડીને લઈ જવાનું કોઈથી માંડમાંડ બને. પણ દડબડ-દાણાએ એને આસાનીથી ઉપાડીને અધ્ધર હવામાં ફંગોળી દીધી.

પછી એણે બાપુને કહ્યું: "થોડીક નીંદર ખેંચી લઉં. બાર દિવસ થાય અને ગદા ઊડતી પાછી આવે ત્યારે મને ઉઠાડજો."

એ તો પથારીમાં લંબાવીને બાર દિવસ સૂતો રહ્યો. તેરમે દિવસે ગદા ઊડતી પાછી આવી. બાપુએ એને જગાડયો. દડબડ-દાણો ઠેકડો મારતો ઊભો થઈ ગયો. એણે એક આંગળી આગળ ધરી. ગદા આંગળી જોડે ટકરાઈને તૂટી ગઈ, બે ટુકડા થઈ ગયા.

"આવી નમાલી ગદા લઈને મારાથી ભાઈબહેનને ગોતવા ન જવાય, નવી ગદા ઘડાવવી પડશે," દડબડ-દાણો બોલ્યો. તૂટેલી ગદા લઈને એ પાછો લુહાર પાસે ગયો.

"આની નવી ગદા ઘડી દે, મને માફક આવે એવી," એણે કહ્યું.

લુહારે પહેલી ગદાથીયે મોટી ગદા ઘડી આપી. દડબડ-દાણો એને અધ્ધર હવામાં ફંગોળીને પાછો સૂઈ ગયો. ફરી વાર બાર દિવસ સૂતો રહ્યો. તેરમે દિવસે ગદા ઊડતી પાછી આવી, ઊડતી ઊડતી એવી ગુંજે કે ધરતી હલવા ને કંપવા લાગી. માબાપે દડબડ-દાણાને જગાડયો. એણે તો ઠેકડો મારીને ઊભો થઈ જતાં એક આંગળી આગળ ધરી. ગદા આંગળી જોડે ટકરાઈ, પણ તૂટી નહિ, ખાલી જરાક વળી ગઈ.

"આ ગદા સારી છે," દડબડ-દાણો બોલ્યો. "હવે ભાઈબહેનને ગોતવા જવાય એમ છે. મા, થોડીક રોટી ને થોડાક ખાખરા બનાવી દે, એટલે હું રવાના થઈ જાઉં."

"એ તો ગદા લઈને, રોટી ને ખાખરાનો થેલો લઈને, અને માબાપની વિદાય લઈને નીકળી પડયો.

રાક્ષસના જૂના ચાસને જોતો જોતો એ થોડી વારમાં વનમાં આઘેરો પહોંચી

ગયો. આગળ ચાલતાં એક મોટું ઘર આવ્યું. ઘરના ફળિયા ફરતી વાડ હતી. ફળિયું પાર કરીને ઘરમાં દાખલ થયો તો બહેન અલ્યોન્કા નજરે પડી. રાક્ષસ બહાર ગયો હતો, બહેન એકલી હતી.

"સલામ, રૂપાળી બાઈ!" દડબડ-દાણો બોલ્યો.

"સલામ, ભલા જુવાન! અહીંયાં કેમ આવ્યો છો? રાક્ષસ હમણાં પાછો આવશે ને તને ખાઈ જશે."

"ખાઈ જશે કે પછી નહિ ખાય, એ તો જોઈ લઈશું. પણ તું કોણ છો?"

"હું મારાં માબાપની એકની એક દીકરી હતી. રાક્ષસે મને પકડીને અહીં રાખી છે. મારા છ ભાઈઓ આવેલા, મને છોડાવવા, પણ કંઈ વળ્યું નહિ."

"હવે ક્યાં છે તારા ભાઈઓ?" દડબડ-દાણાએ પૂછ્યું.

"રાક્ષસે એમને ભોંયરામાં ધકેલી દીધેલા. ખબર નથી, જીવતા હશે કે મરી ગયા હશે."

"બનવાજોગ છે કે હું તને છોડાવી લઉં," દડબડ-દાણો બોલ્યો.

"કેવી વાત કરે છે? છ જણ ન છોડાવી શક્યા, અને તું તો એકલો જ છો!"

"વાંધો નહિ," દડબડ-દાણાએ જવાબ આપ્યો.

એટલું કહીને એ વાટ જોવા બારી પાસે બેસી ગયો.

થોડી વાર પછી રાક્ષસ ઊડતો પાછો આવ્યો, અને ઘરમાં પગ મૂકતાં જ સૂંઘતો સૂઘતો બોલી ઊઠયો: "માણસ ગંધાય!"

"કેમ ન ગંધાય? હું બેઠો છું ને?" દડબડ-દાણો બોલ્યો.

"કેમ આવ્યો છો? શું ઈરાદો છે તારો, લડાઈ કે સુલેહ?"

"લડાઈ."

"ઠીક, તો ચાલ, લોખંડના ખળામાં જઈએ."

"ચાલ."

બન્ને ખળામાં ગયા. રાક્ષસ દડબડ-દાણાની સામે ખડો રહ્યો.

"પહેલો ફટકો તારો!" એણે કહ્યું.

"ના, તારો!" દડબડ-દાણાએ જવાબ આપ્યો.

એટલે રાક્ષસે એની તરફ ધસી જઈને એવો જોરદાર ફટકો લગાવ્યો કે એ ચોખંડના ખળાના ભોંયપટમાં ઘૂંટી સુધી ખૂંતી ગયો. પણ એણે ઝબકારામાં ભોંયપટમાંથી નીકળી જઈને રાક્ષસને ગદાનો ફટકો ઝીંકી દીધો. રાક્ષસ ગોઠણ સુધી ભોંયપટમાં ખૂંતી ગયો. પણ એ ભોંયપટમાંથી તરત પાછો નીકળી જઈને વળી દડબડ-દાણા તરફ ધસી ગયો, અને એને ફટકો લગાવીને ભોંયપટમાં પોતે જેટલો ખૂંતી ગયેલો એટલો જ ઊંડે ઉતારી દીધો. પણ દડબડ-દાણો ગભરાય એવો નહોતો. એણે રાક્ષસને ફટકો ઝીંકીને કમ્મર સુધી ભોંયપટમાં ખૂંતાડી દીધો અને તરત બીજો ફટકો લગાવીને ઠાર કરી નાખ્યો.

પછી એ ભોંયરામાં જઈને ભાઈઓને બહેન અલ્યોન્કા પાસે લઈ આવ્યો. ભાઈઓ જીવતા ઓછા ને મરેલા વધારે હોય એવી હાલતમાં હતા. એણે રાક્ષસના ઘરમાંથી બધું સોનું-રૂપું ભેગું કરી લીધું. પછી સૌ ઘર ભણી રવાના થયાં. પણ પોતે સગો ભાઈ હોવાની વાત એણે કોઈને ન કરી.

કોને ખબર, ઝાઝું ચાલ્યાં હશે કે થોડું ચાલ્યાં હશે. રસ્તામાં ઓકનું ઝાડ આવ્યું એટલે સૌ વિસામો કરવા બેસી ગયાં. દડબડ-દાણો રાક્ષસની સામે લડવામાં એવો સખત થાકી ગયેલો કે એને નીંદર આવી ગઈ. ભાઈઓ માંહોમાંહે સલાહમસલત કરવા લાગ્યા:

"આપણે છ જણ જોગા મળીને રાક્ષસને ખતમ ન કરી શક્યા, અને આ જુવાને એકલાએ એને ઠાર કરી નાખ્યો. લોકોને ખબર પડશે ત્યારે સૌ આપણી ઠેકડી કરશે. વળી રાક્ષસની બધી દોલત પણ એના જ હાથમાં રહેવાની."

એમણે નક્કી કર્યું કે દડબડ-દાણાને ઊંઘની લાચાર હાલતમાં જ ઓકના ઝાડ સાથે બાંધી દેવો. પછી જંગલી જનાવરો આવીને એને ખાઈ જશે.

ફેંસલો થઈ ગયો એટલે કામ પતાવી નાખવામાં આવ્યું. એ લોકોએ દડબડ-દાણાને ઝાડ સાથે બાંધીને તરત ઘરનો રસ્તો લીધો.

દડબડ-દાણો સૂતો રહ્યો. એને કાંઈ ખબર ન પડી. એણે તો આખો દિવસ અને આખી રાત નીંદર ખેંચી. પછી જાગીને જુએ છે તો પોતે ઝાડ સાથે બંધાયેલો. એણે જોરથી આંચકો માર્યો. ઝાડ જમીનમાંથી મૂળિયાં સમેત ઊખડી ગયું. ઝાડને ખભે નાખીને એ ઘર તરફ ચાલતો થઈ ગયો.

એ ઘર નજીક પહોંચ્યો ત્યારે અંદર ભાઈઓ અને મા વચ્ચે થતી વાતચીત એને સાંભળવા મળી.

"મા, અમે ગયા ત્યાર પછી તને કોઈ બચ્ચાં થયેલાં કે?" ભાઈઓએ પૂછ્યું.

"હા," માએ જવાબ આપ્યો. "એક દીકરો થયેલો. એનું નામ અમે દડબડ-દાણો પાડેલું. તમને ગોતવા નીકળી પડેલો."

"તો તો પછી અમે ઝાડ સાથે બાંધી દીધેલો જુવાન એ જ હશે. તરત જઈને એને છૂટો કરવો જોઈએ."

પણ દડબડ-દાણાએ ઝાડને ઊંચું કરીને હલાવ્યું. એ ઘરના છાપરા જોડે એટલા જોરથી અફળાઈ ગયું કે ઘર પડતું પડતું રહી ગયું.

"ભાઈઓ મારા, તમે કેવા છો એ જોઈ લીધું, હવે જ્યાં છો ત્યાં જ બેસી રહો!" દડબડ-દાણાએ ઘાંટો પાડીને કહ્યું. "હું તો એકલો નીકળી પડું છું, દુનિયામાં ભમવા!"

પછી એ ગદા ખભે ગોઠવીને રવાના થઈ ગયો.

એ ચાલતો ગયો ને ચાલતો ગયો. રસ્તામાં બે ડુંગરો નજરે પડયા. બેઉ એકબીજાની અડોઅડ હતા. એમની વચ્ચે એક આદમી ઊભો હતો. એ હાથ અને પગનું જોર લગાવીને ડુંગરોને નોખા પાડવાની મહેનત કરતો હતો.

"સલામ!"

"સલામ!"

"આ શું કરે છે તું, ભલા ભાઈ?"

"ડુંગરોને નોખા પાડું છું મારગ બનાવવા."

"ક્યાં જવા નીકળ્યો છો?"

"ખુશનસીબીને ગોતવા."

"મારી મંછાય એવી જ છે. નામ શું તારું?"

"ડુંગર-ધકેલ. અને તારું?"

"દડબડ-દાણો. ભેગા જઈએ તો કેમ?"

"ભલે."

બેઉ ભેગા આગળ ચાલ્યા. ચાલતા ગયા ને ચાલતા ગયા. રસ્તામાં જોવા મળ્યું કે એક આદમી વનમાં ઓકનાં ઝાડ મૂળિયાં સમેત ઉખેડી રહ્યો હતો. ઝાડને જરાક મરડે કે તરત એ આખેઆખું ઊખડી જાય.

"સલામ!"

"સલામ!"

"આ શું કરે છે, ભલા ભાઈ?"

"ઝાડ ઉખેડું છું, ચાલવાનું આસાન બનાવવા."

"ક્યાં જવા નીકળ્યો છો?"

"ખુશનસીબીને ગોતવા."

"અમારી મંછાય એવી જ છે. તારું નામ શું?"

"ઝાડ-ઉખેડ. અને તમારાં નામ?"

"દડબડ-દાણો અને ડુંગર-ધકેલ. ભેગા જઈએ તો કેમ?"

"ભલે."

ત્રણેય ભેગા આગળ ચાલ્યા. ચાલતા ગયા ને ચાલતા ગયા. રસ્તામાં જોવા મળ્યું કે એક આદમી નદીને કાંઠે બેઠો હતો. એને બેહદ લાંબી મૂછો હતી. એક મૂછને પાણી ઉપર જરાક હલાવે એટલે બન્ને તરફ પાણી આબેરાં સરકી જાય અને વચ્ચે મારગ થઈ જાય, નદીને આસાનીથી પાર કરી શકાય એવો.

"સલામ!"

"સલામ!"

"આ શું કરે છે, ભલા ભાઈ?"

"પાણીને નોખાં પાડું છું, સામે કાંઠે જવાનો મારગ બનાવવા."

"ક્યાં જવા નીકળ્યો છો?"

"ખુશનસીબીને ગોતવા."

"અમારી મંછાય એવી જ છે. નામ શું તારું?"

"મૂછ-ફરકાવ. અને તમારાં નામ?"

"દડબડ-દાણો, ડુંગર-ધકેલ, અને ઝાડ-ઉખેડ. ભેગા જઈએ તો કેમ?"

"ભલે."

ચારેય ભેગા આગળ ચાલ્યા. સફર આસાન બની ગઈ કેમ કે રસ્તામાં ડુંગર આવે તો ડુંગર-ધકેલ એને ખસેડી દેતો, વન આવે તો ઝાડ-ઉખેડ ઝાડવાંને ઉખેડી નાખતો, અને નદી આવે તો મૂછ-ફરકાવ પાણીને નોખાં પાડીને મારગ બનાવી દેતો.

સૌ ચાલતા ગયા અને ચાલતા ગયા. રસ્તે મોટા વનની વચ્ચોવચ એક નાનકડું ઝૂંપડું નજરે પડયું. અંદર જઈને જુએ છે તો કોઈ નહિ!

"રાત અહીંયાં ગાળીએ," દડબડ-દાણો બોલ્યો.

ચારેય જણ રાત એ ઝૂંપડામાં રહ્યા. સવારે દડબડ-દાણાએ કહ્યું:

"ડુંગર-ધકેલ, તું ઘરમાં રહેજે, ખાવાનું બનાવજે, અમે શિકાર કરવા જઈએ છીએ."

ત્રણ ભાઈબંધ શિકાર કરવા નીકળી પડયા. ડુંગર-ધકેલ ઘણુંબધું ખાવાનું બનાવી લઈને પછી જરાક નીંદર ખેંચી લેવા આડો પડયો.

એકાએક કોઈએ બારણું ખખડાવ્યું: ખટ-ખટ-ખટ.

"બારણું ખોલ!" કોઈનો સાદ સંભળાયો.

"કોઈ મોટો નવાબ છો કે શું? જાતે ખોલી લે!" ડુંગર-ધકેલે વળતો જવાબ દીધો.

બારણું ખૂલી ગયું. વળી કોઈએ ઘાંટો પાડયો:

"મને તેડીને ઉંબર પાર કરાવી દે!"

"કોઈ મોટો નવાબ છો કે શું? જાતે ઉંબર પાર કરી લે!"

એક સાવ ટચૂકડો ઘરડો આદમી ઉંબર પાર કરીને અંદર આવ્યો. એની દાઢી એટલી બધી લાંબી હતી કે ભોંયપટ ઉપર ઘસડાતી હતી. ટચૂકડા ઘરડા આદમીએ ડુંગર-ધકેલને વાળ પકડીને ઊંચો કર્યો અને ભીંતમાં જડેલી ખીલીએ ટાંગી દીધો. પછી એ ખાવાનું બધું ખાઈ ગયો, પીવાનું બધી પી ગયો, અને ડુંગર-ધકેલના વાંસામાંથી ચામડીની લાંબી પટ્ટી ઉતરડીને ચાલ્યો ગયો.

ડુંગર-ધકેલ આંચકા મારીને અને આમતેમ વળ ખાઈને આખરે માંડમાંડ ખીલીએથી છૂટો થયો. એ ફરી રાંધવામાં પડયો હતો એટલામાં ભાઈબંધો પાછા આવી ગયા.



"ખાવાનું બનાવવામાં આટલી બધી વાર કેમ લાગી?" એમણે પૂછ્યું.

"જરાક ઝોકું આવી ગયેલું, થોડીક વાર."

સૌ ખાઈને સૂઈ ગયા. બીજે દિવસે સવારે દડબડ-દાણાએ ઝાડ-ઉખેડને કહ્યું:

"આજે તું ઘેર રહેજે. અમે શિકાર કરવા જઈએ છીએ."

ત્રણ ભાઈબંધ શિકાર કરવા નીકળી પડ્યા. ઝાડ-ઉખેડ ઘણુંબધું ખાવાનું બનાવી લઈને પછી જરાક નીંદર ખેંચી લેવા આડો પડ્યો.

એકાએક કોઈએ બારણું ખખડાવ્યું: ખટ-ખટ-ખટ.

"બારણું ખોલ!" કોઈનો સાદ સંભળાયો.

"કોઈ મોટો નવાબ છે કે શું? જાતે ખોલી લે!" ઝાડ-ઉખેડે વળતો જવાબ દીધો.

બારણું ખૂલી ગયું. વળી કોઈએ ઘાંટો પાડ્યો:

"મને તેડીને ઉંબર પાર કરાવી દે!"

"કોઈ મોટો નવાબ છો કે શું? જાતે ઉંબર પાર કરી લે!"

એક સાવ ટચૂકડો આદમી ઉંબર પાર કરીને અંદર આવ્યો. એની દાઢી એટલી બધી લાંબી હતી કે ભોંયપટ ઉપર ઘસડાતી હતી. ટચૂકડા ઘરડા આદમીએ ઝાડ-ઉખેડને વાળ પકડીને ઊંચો કર્યો અને ભીંતમાં જડેલી ખીલીએ ટાંગી દીધો. પછી એ ખાવાનું બધું ખાઈ ગયો, પીવાનું બધું પી ગયો, અને ઝાડ-ઉખેડના વાંસામાંથી ચામડીની લાંબી પટ્ટી ઉતરડીને ચાલ્યો ગયો.

ઝાડ-ઉખેડ આંચકા મારીને અને આમતેમ વળ ખાઈને આખરે માંડમાંડ ખીલીએથી છૂટો થયો. એ ફરી રાંધવામાં પડ્યો હતો એટલામાં ભાઈબંધો પાછા આવી ગયા.

"ખાવાનું બનાવવામાં આટલી બધી વાર કેમ લાગી?" એમણે પૂછ્યું.

"જરાક ઝોકું આવી ગયેલું, થોડીક વાર."

ડુંગર-ધકેલને ખ્યાલ આવી ગયો કે શું બન્યું હશે, પણ એ તો ચુપ જ રહ્યો.

ત્રીજે દિવસે મૂછ-ફરકાવ ઘેર રહ્યો. એની પણ એવી જ દશા થઈ.

દડબડ-દાણો બોલ્યો :

"તમને ત્રણેયને ખાવાનું બનાવવામાં બહુ વાર લાગે છે. કાલે તમે શિકાર કરવા જજો અને હું ઘેર રહીશ."

સવાર પડી. દડબડ-દાણો ઘેર રહ્યો. બાકીના ત્રણ ભાઈબંધ શિકાર કરવા ગયા. એણે ઘણુંબધું ખાવાનું બનાવી લીધું. પછી એ જરાક નીંદર ખેંચી લેવા આડો પડયો. થોડી વારમાં બારણું ખખડયું: ખટ-ખટ-ખટ.

"બારણું ખોલ!" કોઈનો અવાજ સંભળાયો.

દડબડ-દાણાએ બારણું ખોલીને જોયું તો બહાર એક સાવ ટચૂકડો ઘરડો આદમી ઊભો હતો. એની દાઢી એટલી બધી લાંબી હતી કે ભોંયે ઘસડાતી હતી.

"મને તેડીને ઉંબર પાર કરાવી દે, જુવાન!" ટચૂકડા ઘરડા આદમીએ કહ્યું.

દડબડ-દાણાએ એને તેડી લીધો અને ઝૂંપડાની અંદર લઈ જઈને ભોંયપટ ઉપર બેસાડી દીધો. પણ ટચૂકડો ઘરડો આદમી ઊભો થઈને દડબડ-દાણાની સામે ધિંગામસ્તી કરવા લાગ્યો.

"શું વાત છે? કાંઈ જોઈએ છે તને?" દડબડ-દાણાએ પૂછ્યું.

"હમણાં ખબર પાડી દઉં છું કે શું જોઈએ છે મને!" ટચૂકડો ઘરડો આદમી બોલ્યો. એણે હાથ લાંબો કરીને દડબડ-દાણાના વાળ પકડવાની કોશિશ કરી. પણ દડબડ-દાણાએ ઊલટી એની જ દાઢી પકડી લેતાં બરાડો પાડયો: "વાહ રે વાહ! તો આવો કમજાત નીકળ્યો તું!" એ કુહાડી હાથમાં લેતો ટચૂકડા ઘરડા આદમીને ઢસડીને ઝૂંપડાની બહાર ઓકના ઝાડ પાસે લઈ ગયો. પછી કુહાડી વડે ઝાડના થડમાં ફાટ પાડીને એણે ટચૂકડા ઘરડા આદમીની દાઢી ફાટમાં ભરાવી દીધી અને કુહાડી ખેંચી લીધી. દાઢી ફાટમાં સજ્જડ દબાઈ ગઈ.

"દાદા મારા, તું તો ભારે ભૂંડો નીકળ્યો, તેં મારા વાળ પકડવાની કોશિશ કરી," દડબડ-દાણો બોલ્યો. "હવે હું પાછો આવું ત્યાં સુધી અહીંયાં જ પડયો રહેજે."

એ પાછો ઝૂંપડામાં ગયો તો ત્રણેય ભાઈબંધ એની વાટ જોઈ રહ્યા હતા.

"ખાવાનું તૈયાર છે?" એમણે પૂછ્યું.

"હા, તૈયાર છે, હું તો ક્યારનો તમારી વાટ જોતો હતો," દડબડ-દાણાએ જવાબ આપ્યો.

સૌ જમવા બેસી ગયા. જમવાનું પતી ગયું એટલે દડબડ-દાણાએ કહ્યું:

"મારી ભેગા ચાલો, તમને અજબ તમાશો દેખાડું."

એ ભાઈબંધોને બહાર લઈ ગયો, પણ નજર નાખતાં જ હેરતમાં ગરકાવ થઇ ગયો. ઓકનું ઝાડ પણ નહિ ને ટચૂકડો ઘરડો આદમી પણ નહિ! ટચૂકડો ઘરડો આદમી ઓકના ઝાડને મૂળિયાં સમેત ઉખેડી નાખીને એને ઘસડતો પોબારા ગણી ગયો હતો.

દડબડ-દાણાએ આખો કિસ્સો ભાઈબંધોને માંડીને કહી સંભળાવ્યો. એમને પણ એકરાર કરી લીધો કે ટચૂકડા ઘરડા આદમીએ દરેકને ખીલીએ ટાંગીને વાંસામાંથી ચામડીની પટ્ટી ઉતરડી લીધેલી.

"સાવ નઠારો જીવ લાગે છે આ ટચૂકડો ઘરડો આદમી, આપણે જઈને એને ગોતી કાઢીએ અને હિસાબ પતાવી લઈએ, એમાં જ સારાવાટ છે," દડબડ-દાણાએ કહ્યું.

ટચૂકડો ઘરડો આદમી ઝાડને ઘસડતો લઈ ગયેલો, એટલે રસ્તે એંધાણ પડી ગયેલાં. એંધાણે એંધાણે જવાનું આસાન હતું. ચાલતાં ચાલતાં એક ખાડો આવ્યો, એટલો બધો ઊંડો કે જાણે તળિયા વગરનો જ હોય એમ લાગે.

દડબડ-દાણો ડુંગર-ધકેલની તરફ ફરીને બોલ્યો.

"તું ખાડામાં ઊતર!"

"હું નહિ!" ડુંગર-ધકેલે પરખાવી દીધું.

"તું, ઝાડ-ઉખેડ? કે તું, મૂછ-ફરકાવ?"

પણ ખાડામાં ઊતરવાનું જોખમ લેવા ઝાડ-ઉખેડ પણ તૈયાર ન થયો અને મૂછ-ફરકાવ પણ તૈયાર ન થયો.

"ભલે, તો હું ઊતરું છું." દડબડ-દાણો બોલ્યો. "પણ દોરડાની જરૂર પડશે. ચાલો, દોરડું બનાવી લઈએ."

દોરડું બનાવી લેવામાં આવ્યું. દડબડ-દાણાએ દોરડાનો એક છેડો પોતાના

કાંડા ફરતો બાંધી લીધો.

"હવે મને અંદર ઉતારો." એણે કહ્યું.

ભાઈબંધો એને અંદર ઉતારવા લાગ્યા. એમાં ઘણીબધી વાર લાગી ગઈ કેમ કે ખાડો બહુ ઊંડો હતો, એટલો બધો ઊંડો કે એને તળિયે પહોંચવાનું જાણે પાતાળમાં પહોંચવાની કોશિશ જેવું હતું. પણ દડબડ-દાણો આખરે તળિયે પહોંચી ગયો અને જગ્યામાં ફરીને તપાસ કરવા લાગ્યો. ચાલતાં ચાલતાં એને મોટો જબ્બર મહેલ નજરે પડયો. એણે અંદર જઈને જોયું તો બધું ઝગારા મારે કેમ કે દરેક વસ્તુ સોનાની હતી અને એમાં રત્નો જડેલાં હતાં. એ તો એક પછી એક ખંડ વટાવતો મહેલમાં ફરતો રહ્યો. એકાએક સામે એક રાજકુમારી નજરે પડી, દોડતી એની નજીક આવી રહી હતી. કન્યા એવી રૂપાળી હતી કે આખી દુનિયામાં ક્યાંય એનો જોટો જડે જ નહિ.

"અહીંયાં કેમ આવ્યો છો, ભલા જુવાન?" રાજકુમારીએ પૂછ્યું.

"એક ટચૂકડા ઘરડા આદમીને ગોતવા નીકળ્યો છું. એની દાઢી એટલી બધી લાંબી છે કે ભોંયે ઘસડાતી રહે છે," દડબડ-દાણાએ જવાબ આપ્યો.

"એની દાઢી ઝાડના થડની ફાટમાં ભરાઈ ગયેલી, બેઠો બેઠો એને ફાટમાંથી કાઢવાની કોશિશ કરે છે," રાજકુમારીએ કહ્યું. "એની પાસે જતો નહિ, તને મારી નાખશે, ઘણાયને મારી નાખ્યા છે એમ જ."

"મને મારી નાખવાનું એનાથી બને નહિ," દડબડ-દાણો બોલ્યો. "મેં જ એની દાઢી પકડીને ફાટમાં ભરાવી દીધેલી. પણ તું કોણ છો?"

"હું રાજકુમારી છું, મારા બાપુ રાજા છે. ટચૂકડો ઘરડો આદમી મને ઉપાડી લાવેલો અને ત્યારથી એણે મને અહીંયાં કેદમાં રાખી છે."

"હું તને છોડાવીશ, ખાતરી રાખજે. ચાલ, મને એની પાસે લઈ જા!"

રાજકુમારી દડબડ-દાણાને ટચૂકડા ઘરડા આદમી પાસે લઈ ગઈ. એ તો દાઢીને ફાટમાંથી છૂટી કરીને બેઠો બેઠો એની ઉપર હાથ ફેરવી રહ્યો હતો. દડબડ-દાણાને જોતાં જ એ રાતોપીળો થઈ ગયો.

"કેમ આવ્યો છો અહીંયાં? શું ઇરાદો છે, લડાઈ કે સુલેહ?" એણે સવાલ કર્યો.

"સુલેહનો સવાલ જ નથી," દડબડ-દાણો બોલ્યો. "લડાઈ!"

બેઉ લડવા લાગ્યા. ઝનૂનથી કેટલીય વાર સુધી લડતા રહ્યા. આખરે દડબડ-દાણાએ જોરથી ગદા ઝીંકીને ટચૂકડા ઘરડા આદમીને ઠાર કરી નાખ્યો.

પછી દડબડ-દાણા અને રાજકુમારીએ મહેલમાંથી સોનું અને રત્નો જેટલાં મળ્યાં એટલાં ભેગાં કરીને ત્રણ કોથળા ભરી લીધા. કોથળા ભેગા લઈને બેઉ ચાલતાં થઈ ગયાં, અને જેમાં થઈને દડબડ-દાણો ધરતીના પેટાળના રાજમાં ઊતર્યો હતો એ ખાડા પાસે પહોંચી ગયાં.

દડબડ-દાણાએ મોં ફરતે હથેળીઓનું ભૂંગળું બનાવીને સાદ પાડયો.

"ભાઈઓ, હજી છો કે?"

"છીએ, છીએ!" જવાબ મળ્યો.

દડબડ-દાણાએ એક કોથળાને દોરડું બાંધી દીધું અને ફરી સાદ પાડયો:

"ખેંચી લો! આ તમારો!"

ભાઈબંધોએ કોથળો ઉપર ખેંચી લીધો અને દોરડું પાછું અંદર નાખ્યું. દડબડ-દાણાએ બીજા કોથળાને દોરડું બાંધી દીધું અને વળી સાદ પાડયો:

"ખેંચી લો! આ પણ તમારો!"

એણે ત્રીજો કોથળો પણ ઉપર મોકલી દીધો અને પછી દોરડું રાજકુમારીને બાંધ્યું.

"આ મારો ભાગ!" એણે સાદ પાડયો.

ત્રણ ભાઈબંધોએ રાજકુમારીને ઉપર ખેંચી લીધી. હવે એકલો દડબડ-દાણો ખાડાને તળિયે રહી ગયો.

ભાઈબંધોએ કારસ્તાન કર્યું: "એને ઉપર સુધી ખેંચીને પછી દોરડું છોડી દઈએ. તળિએ પડીને મરી જશે, અને રાજકુમારી આપણને મળી જશે."

પણ દડબડ-દાણાને એમની મુરાદનો ખ્યાલ આવી ગયો. એટલે એણે મોટા પથ્થરને દોરડું બાંધીને સાદ પાડયો:

"હવે મને ખેંચી લો!"

ભાઈબંધોએ દોરડું છેક ઉપર સુધી ખેંચીને પછી છોડી દીધું. પથ્થર ધસમસાટ નીચે પહોંચીને ભોંયે પછડાયો.

"મજાના ભાઈબંધો છે મારા!" દડબડ-દાણો મનમાં બોલ્યો, અને ધરતીના પેટાળના રાજ્યમાં ભમવા નીકળી પડ્યો.

એ તો ચાલતો ગયો ને ચાલતો ગયો. એકાએક આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યાં, વરસાદ વરસવા લાગ્યો અને કરા પડવા લાગ્યા. દડબડ-દાણો ઓકના ઝાડ નીચે ઊભો રહી ગયો. ઝાડની ટોચે માળામાં સિંહ-ગરુડ પંખીનાં બચ્ચાં ચીં... ચીં... કરતાં હતાં. દડબડ-દાણો ઝાડ ઉપર ચડી ગયો અને એણે પોતાનો કોટ કાઢીને બચ્ચાંને ઓઢાડી દીધો.

વરસાદ થંભી ગયો. થોડી વારમાં એક જબ્બર મોટું સિંહ-ગરુડ પંખી ઊડતું આવી પહોંચ્યું. એ નર-પંખી હતું, બચ્ચાંનો બાપ હતો.

"તમને આ કપડું કોણે ઓઢાડયું, બચ્ચાં મારાં?" એણે પૂછયું.

"વચન આપો કે તમે એને ખાઈ નહિ જાઓ, તો જ અમે કહેવાનાં," બચ્ચાં બોલ્યાં.

"નહિ ખાઉં, મારું વચન છે."

"તો જુઓ, ઝાડ નીચે એક માણસ બેઠો છે, દેખાય છે ને? એણે."

પંખી પાંખો ફફડાવતું ઝાડ નીચે ગયું.

"તને મન થાય એ માગી લે, તારી માગણી હું પૂરી કરીશ," એણે દડબડ-દાણાને કહ્યું. "પહેલી જ વાર એવું બન્યું છે કે હું બહાર ગયો હોઉં અને આવો ધોધમાર વરસાદ આવ્યો હોય ત્યારે મારું એકેય બચ્ચું માળામાં ડૂબીને મરી ન ગયું હોય."

"હું જ્યાંથી આવ્યો છું ત્યાં મને પાછો પહોંચાડી દે," દડબડ-દાણાએ કહ્યું.

"કામ આસાન નથી, પણ આપણે છ પીપડાં ગોસનાં અને છ પીપડાં પાણીનાં ભેગાં લઈને નીકળીએ તો કદાચ બને," પંખીએ કહ્યું. "હું માથું જમણી તરફ વાળું ત્યારે મારા મોંમાં થોડુંક ગોસ નાખજે, અને માથું ડાબી તરફ વાળું ત્યારે મારા મોંમાં ઘૂંટકો પાણી નાખજે. એમાં ગફલત કરીશ તો આપણે કોઈ રીતે નહિ પહોંચીએ, અને હું રસ્તામાં જ મરી જઈશ."

એમણે તો છ પીપડાં ગોસનાં અને છ પીપડાં પાણીનાં ભેગાં લઈ લીધાં.

દડબડ-દાણો પંખીની પીઠ ઉપર બેસી ગયો. બેઉ ઊડતાં રવાના થઈ ગયાં. પંખી માથું જમણી તરફ વાળે એટલે થોડુંક ગોસ, અને ડાબી તરફ વાળે એટલે ઘૂંટડો પાણી, દડબડ-દાણો એના મોંમાં નાખતો જાય.

બેઉ લાંબા વખત સુધી ઊડતાં રહ્યાં અને ધારેલી જગ્યાએ પહોંચી ગયાં. બરાબર એ જ વખતે પંખીએ માથું જમણી તરફ વાળ્યું. દડબડ-દાણાએ છેલ્લા પીપડામાં નજર નાખી, પણ એ તો સાવ ખાલી હતું, ગોસનું નામનિશાન નહિ. એટલે એણે પોતાના પગમાંથી માંસ કાપીને પંખીના મોંમાં નાખ્યું.

"આ શું છે, હમણાં મારા મોંમાં પડયું એ? બહુ લહેજતદાર છે," પંખી બોલ્યું.

"મારી કાયાનું માંસ," દડબડ-દાણાએ પોતાના પગ તરફ આંગળી ચીંધતાં કહ્યું.

પંખી કંઈ ન બોલ્યું. એણે માંસ મોંમાંથી કાઢી નાખ્યું. પછી દડબડ-દાણાને વાટ જોવાનું કહીને એ જીવતું-જળ લઈ આવવા પંખો ફફડાવીને ઊડી ગયું, અને થોડીક જ વારમાં પાછું આવી ગયું. એણે દડબડ-દાણાનું માંસ પાછું એના પગમાં ગોઠવીને ઉપર જીવતું-જળ છાંટ્યું. માંસ બરાબર જોડાઈ ગયું અને પગ અગાઉ હતો એવો થઈ ગયો.

પછી સિંહ-ગરુડ પંખી ઊડતું એના ઘર તરફ રવાના થઈ ગયું, અને દડબડ-દાણો એના બેવફા દોસ્તોને ગોતવા નીકળી પડયો.

પેલા ત્રણ ભાઈબંધો રાજકુમારીના બપુના, રાજાના, મહેલમાં પહોંચી ગયા હતા, ત્યાં રહેતા હતા અને માંહોમાંહે ઝઘડતા હતા. દરેકને રાજકુમારી જોડે પરણવાનું મન હતું. એવી કન્યા બીજાને સોંપી દેવા કોઈ તૈયાર નહોતું.

દડબડ-દાણાએ એમને ત્યાં ગોતી કાઢયા. એને જોઈને ભાઈબંધો બીકના માર્યા ધોળા પૂણી જેવા થઈ ગયા.

"દગાખોરો દયાને લાયક ન ગણાય!" દડબડ-દાણાએ બરાડો પાડયો. એણે ગદાના ફટકા લગાવીને ત્રણેયને ઠાર કરી નાખ્યા.

થોડા વખત પછી એ અને રાજકુમારી પરણી ગયાં અને મોજની જિંદગી જીવવા લાગ્યાં.

ભલાઈ અને બૂરાઈ

ઉક્રાઈની વાર્તા



બે હતા ભાઈ. એક અમીર અને બીજો ગરીબ. એક દિવસ બેઉ ભેગા થઈ ગયા અને વાતે ચડયા. ગરીબ ભાઈએ કહ્યું:

"જિંદગી તો કઠણાઈથી ભરેલી છે જ, છતાં બૂરાઈ કરવા કરતાં ભલાઈ કરવી એ જ બહેતર છે."

અમીર ભાઈ તરત જ બોલી ઊઠયો: "અરે, તું કેવી વાત કરે છે! દુનિયામાં હવે ભલાઈ જેવું કશું રહ્યું જ નથી, બધે ફક્ત બૂરાઈ જ બૂરાઈ છે. ભલું કરવાની પંચાતમાં પડીએ તો પોતાનું ભલું કદી થાય જ નહિ."

પણ ગરીબ ભાઈ તો પોતાની વાત પર મક્કમ રહ્યો.

એટલે અમીર ભાઈએ કહ્યું: "બહુ સારું. ચલ, આપણે શરત લગાવીએ. પહેલા ત્રણ માણસ આપણને મળે એમને આપણે પૂછી જોઈએ. એ લોકો એમ

કહે કે તારી વાત સાચી, તો મારી પાસે છે એ બધુંય તારું. પણ એ લોકો જો એમ કહે કે મારી વાત સાચી, તો તારી પાસે જે કંઈ હોય એ તારે મને આપી દેવું."

"લાગી શરત!" ગરીબ ભાઈએ મંજૂરી આપી.

બેઉ ભાઈ રસ્તે ચાલ્યા. ચાલતાં ચાલતાં એમને એક માણસ મળ્યો. એ માણસ ક્યાંક મોસમી કામ કરવા ગયો હતો અને મોસમ પૂરી થતાં પાછો આવી રહ્યો હતો.

એની પાસે જઈને બેઉ ભાઈઓ બોલ્યા:

"સલામ, ભાઈ!"

"સલામ, ભાઈઓ!"

"અમારે તમને એક વાત પૂછવી છે."

"ભલે, પૂછો!"

"જિંદગી જીવવાની બહેતર રીત કઈ ગણાય: ભલાઈની કે બૂરાઈની?"

માણસે જવાબ આપ્યો: "અરે, ભલા ભાઈઓ, આજકાલ ભલાઈ જોવા જ ક્યાં મળે છે! મારી જ વાત લો. મેં કેટલાય દિવસ તનતોડ મહેનત કરી, પણ કમાણી જુઓ તો સાવ નજીવી. અને એમાંથીયે પાછું માલિકે કંઈક આડુંઅવળું કરીને થોડુંક લૂંટી લીધું. ના, ભાઈ, ના, આ તો ઈમાનદારીનો જમાનો જ નથી. ભલું કરવાની વાત મૂકીને બૂરાઈનો જ મારગ લેવો સારો!"

અમીર ભાઈએ ગરીબ ભાઈને કહ્યું: "જોયું ભાઈ! મેં તો તને કહ્યું જ હતું. મારી વાત સાચી છે ને તારી વાત ખોટી છે."

ગરીબ ભાઈ નિરાશ થયો. પણ એનો કંઈ ઉપાય જ નહોતો. બેઉ ભાઈ વળી પાછા આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં એમને એક વેપારી મળ્યો. બેઉ ભાઈ વેપારી કને ગયા અને બોલ્યા:

"સલામ, ભાઈ વેપારી!"

વેપારીએ સલામનો જવાબ વાળ્યો:

"સલામ, ભાઈઓ!"

"અમારે તમને એક વાત પૂછવી છે."

"ભલે, પૂછો!"

"જિંદગી જીવવાની બહેતર રીત કઈ ગણાય: ભલાઈની કે બૂરાઈની?"

"આ તે વળી તમે કેવો સવાલ કર્યો, ભલા ભાઈઓ! ભલાઈ કરવાથી કદી કંઈ ફાયદો થતો નથી! કોઈ ચીજ વેચવી હોય તો જૂઠું બોલવું પડે છે અને સેંકડો વાર ઘરાકને છેતરવા પડે છે. એમ ન કરો તો કંઈ વેચાય જ નહિ."

એટલું કહીને વેપારીએ ઘોડો આગળ ચલાવી દીધો.

અમીર ભાઈ બોલ્યો: "જોયું ને, બીજી વાર પણ મારી જ વાત સાચી નીકળી!"

ગરીબ ભાઈ તો ઘણો વધારે ઉદાસ થઈ ગયો. પણ એનો કંઈ ઉપાય નહોતો. બન્ને આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં એમને એક ઉમરાવ મળ્યો. બેઉ ભાઈ એની પાસે જઈને બોલ્યા:

"સલામ, હજૂર!"

"સલામ, ભાઈઓ!"

"અમારે આપને એક વાત પૂછવી છે."

"તો પૂછો!"

"જિંદગી જીવવાની બહેતર રીત કઈ ગણાય: ભલાઈની કે બૂરાઈની?"

"કેવો સવાલ કર્યો, ભલા માણસ! દુનિયામાં આજકાલ ભલાઈ જેવું કશું છે જ નહિ. અને ઈમાનદારીથી તો જીવાય એમ જ નથી. મારી જિંદગીમાં હું સદાચારને જ રસ્તે ચાલવા જાઉં તો તો હું…" અને પોતાની વાત પૂરી કર્યા વગર જ ઉમરાવ ઘોડાને એડી મારીને રવાના થઈ ગયો.

અમીર ભાઈએ ગરીબ ભાઈને કહ્યું: "તો ભાઈ, આપણી શરત પૂરી થઈ ગઈ. ચાલ હવે ઘેર, અને તારી પાસે જે કંઈ હોય એ બધું મને આપી દે!"

ગરીબ માણસ ઘેર ગયો. એનું બીચારાનું હૈયું કકળી ઊઠ્યું. એની પાસે જે કંઈ થોડીઘણી માલમતા હતી એ બધી અમીર ભાઈ લઈ ગયો. ફક્ત ઝૂંપડી એની રહેવા દઈને એણે કહ્યું:

"મારે આ ઝૂંપડીની હમણાં જરૂર નથી, એટલે હાલ પૂરતો તું અહીં જ

રહી શકે છે. પણ થોડા વખતમાં તારે રહેવાની બીજી જગ્યા ગોતી લેવી પડશે."

ગરીબ ભાઈ ઝૂંપડીમાં પોતાના કુટુંબ જોડે બેઠો. ખાવા માટે ઘરમાં રોટલાનો એક કકડોયે નહોતો. બીજું કંઈ પણ નહોતું. વળી એ વરસે પાક નબળો ઊતર્યો હતો. મહેનત કરીને રોટી કમાવા કામ ક્યાંય મળે એમ નહોતું. ગરીબ ભાઈએ પેટની આગ સહી લેવાની કોશિશ કરી અને થોડો વખત ચલાવી લીધું. પણ એનાં છોકરાં ભૂખે ટળવળીને રોવા લાગ્યાં. એનાથી એ જોવાયું નહિ એટલે લોટ માગી આણવા એ કોથળો લઈને અમીર ભાઈ પાસે ગયો. એણે ભાઈને કરગરીને કહ્યું:

"ભાઈ, મને થોડોક લોટ કે થોડુંક અનાજ આપ, થોડુંઘણું જેટલું બને એટલું આપ. ઘરમાં ખાવાનું મુદ્દલ નથી અને મારાં છોકરાં ભૂખ્યાં ટળવળે છે!"

અમીર ભાઈએ જવાબ આપ્યો:

"હું લોટ આપવા તૈયાર છું, પણ બદલામાં તારે મને તારી એક આંખ ફોડી નાખવા દેવી પડશે."

ગરીબ ભાઈએ વિચાર કરી જોયો, પણ એને તો ખબર હતી કે આંખ ફોડી નાખવા દીધા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. એણે અમીર ભાઈને કહ્યું:

"ભલે, ભાઈ, તો ફોડી નાખ મારી એક આંખ, અને ભગવાન તારું ભલું કરે! પણ ઈશ્વરને ખાતર મને થોડોક લોટ આપ!"

અમીર ભાઈએ ગરીબ ભાઈની એક આંખ ફોડી નાખી, અને એને ફૂગ ચડેલો લોટ બદલામાં આપ્યો. ગરીબ ભાઈ લોટ લઈને ઘેર ગયો. એની ઉપર નજર પડતાં જ એની વહુનો બીચારીનો શ્વાસ અદ્ધર ચડી ગયો. એણે પૂછ્યું:

"આ તમને શું થઈ ગયું? તમારી એક આંખ ક્યાં ગઈ?"

ગરીબ ભાઈએ જવાબ દીધો: "ભાઈએ ફોડી નાખી."

પછી એણે વહુને આખી વાત માંડીને કહી. બેઉ થોડો વખત ખૂબ રડયાં અને દુખી દુખી થઈ ગયાં, પણ પછી લોટના રોટલા બનાવીને ખાવા જ પડયા. ઘરમાં ખાવાનું બીજું કંઈ તો હતું જ નહિ.

એક અઠવાડિયું વીત્યું હશે, કે પછી બેચાર દિવસ વધારે વીત્યા હશે. લોટ

તો થઈ રહ્યો. ગરીબ ભાઈ વળી પાછો કોથળો લઈને અમીર ભાઈ પાસે ગયો. જઈને એ ભાઈને કરગર્યો:

"ભલા ભાઈ, મને થોડોક લોટ આપ. તેં આપેલો લોટ તો સાવ થઈ રહ્યો છે."

અમીર ભાઈએ જવાબ દીધો: "હું લોટ તને જરૂર આપું, પણ તારી બીજી આંખ ફોડી નાખવા દે તો."

"પણ ભાઈ, મારી બેય આંખ જાય તો પછી હું જીવું કેમ કરીને! તેં એક આંખ તો ફોડી નાખી છે. મારી ઉપર દયા કરીને મને સાવ આંધળો કરી મૂક્યા વગર થોડોક લોટ આપ."

"ના, ભાઈ, ના. એ નહિ બને. તારી આંખ ફોડવા નહિ દે તો મારાથી લોટ નહિ અપાય."

ગરીબ ભાઈને માન્યા વગર છૂટકો જ નહોતો. એટલે એણે કહ્યું:

"ભલે, ભાઈ, તો ફોડી નાખ, અને ભગવાન તારું ભલું કરે!"

ધનવાન ભાઈએ હાથમાં છરી લીધી, અને ગરીબ ભાઈની બીજી આંખ પણ ફોડી નાખી. પછી એને કોથળો ભરીને લોટ આપ્યો. આંધળો ભાઈ લોટનો કોથળો લઈને ઘર તરફ ચાલ્યો.

બીચારો આંધળો થઈ ગયો હતો એટલે એને રસ્તે ચાલતાં બહુ જ હેરાન થવું પડયું. પડતો આખડતો, હાથ વડે ફાંફાં મારતો, એક વાડ પછી બીજી વાડને આધારે ડગલાં માંડતો, આખરે એ લોટનો કોથળો લઈને ઘેર પહોંચ્યો. એને જોતાંવેંત જ એની વહુને કમકમાટી ઊપજી અને એનું લોહી જ થીજી ગયું. કકળતા હૈયે એ બોલી ઊઠી: "અરેરે, અભાગી જીવ, હવે આંખ્યું વગર તમે કેમ કરીને જિંદગી કાઢશો! કોને ખબર, કદાચ બીજે ક્યાંકથી પણ લોટ મળ્યો હોત. પણ હવે તો..."

એટલું બોલતાં તે બીચારી બાઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડી અને આગળ કંઈ જ બોલી ન શકી.

આંધળા માણસે એને દિલાસો આપતાં કહ્યું:

"બસ, હવે રો મા! દુનિયામાં આંધળો કંઈ હું એકલો જ નથી. મારા

જેવા બીજા ઘણાય આંધળા છે, અને એ બધા પણ આંખ્યું વગર જેમતેમ કરીને જીવે જ છે ને!"

પણ આખા કુટુંબ માટે એક કોથળો લોટ એટલે કંઈ નહિ. થોડા દિવસમાં લોટ તો પાછા સાવ થઈ રહ્યો.

આંધળા માણસે વહુને કહ્યું: "હવે ત્રીજી વાર હું મારા ભાઈ પાસે નહિ જાઉં. પણે ગામથી આઘે રસ્તામાં પીપળાનું ઝાડ છે ત્યાં મને પહોંચાડી દે. આખો દિવસ હું ત્યાં રહીશ. સાંજે આવીને તું મને પાછો ઘેર લઈ જજે. એ રસ્તેથી ઘણા લોકો પગપાળા કે ઘોડેસવાર થઈને નીકળે છે. કોઈ ને કોઈ તો મને રોટલાનું બટકું આપશે જ આપશે."

એટલે એની વહુ એને દોરીને લઈ ગઈ અને પીપળાના ઝાડ નીચે બેસાડીને પાછી ઘેર ગઈ.

આંધળો માણસ તો આખો દિવસ ત્યાં બેઠો રહ્યો. રસ્તેથી આવતા જતા વટેમાર્ગુઓમાંથી કોઈ કોઈ એને આના બે આના જેટલા પૈસા આપતું ગયું. સાંજ પડવા આવી પણ એની વહુ એને લેવા આવી નહિ. આંધળો માણસ થાકી ગયો હતો એટલે એણે પોતાની મેળે જ ઘેર જવાનું નક્કી કર્યું. પણ એને દેખાતું તો નહોતું, એટલે ભૂલથી એ ઊલટી દિશામાં વળી ગયો. એમ ઘર તરફ જવાને બદલે એ ઊલટી તરફ ચાલતો જ ગયો, ચાલતો જ ગયો. એકાએક એને કાને ચારે બાજુથી પવનમાં હલતાં ઝાડનો અવાજ પડયો. એને સમજાઈ ગયું કે પોતે જંગલમાં પહોંચી ગયો છે અને હવે રાત જંગલમાં જ ગાળવી પડશે. પણ રાની પશુઓની બીકે એ એક ઝાડ ઉપર ચડી ગયો. ઝાડ ઉપર ચડતાં એને બહુ મહેનત પડી, પણ જેમતેમ કરીને આખરે ચડી જ ગયો, અને હાલ્યાચાલ્યા વગર બેઠો રહ્યો.

બરાબર મધરાત થઈ એટલે એ જ જગ્યાએ અને એ જ ઝાડની નીચે ભૂતપ્રેત ઊડતાં આવીને ભેગાં થયાં. એ બધાંયનો મુખી વારાફરતી દરેક ભૂતને પૂછવા લાગ્યો કે તેં શું કામ કર્યું.

એક ભૂતે જવાબ દીધો: "મેં એક ભાઈને હાથે બે કોથળા લોટ ખાતર બીજા ભાઈની બેય આંખ્યું ફોડાવી નાખી."

ભૂતના મુખીએ એને કહ્યું: "તેં કામ તો ઠીક કર્યું, પણ જેવું થવું જોઈએ એવું નહિ."

"કેમ?"

"કેમ કે આંધળો ભાઈ જો આ ઝાડ નીચેથી ઝાકળ લઈને આંખ ઉપર ઘસે તો એની બેય આંખ પાછી પાછી સારી થઈ જાય અને એ દેખતો થઈ જાય."

"પણ કોઈને એ વાતની ખબરેય નથી અને કોઈએ એ વાત સાંભળી પણ નથી. એટલે એ તો આંધળો જ રહેવાનો."

એક બીજા ભૂત તરફ ફરીને ભૂતના મુખીએ કહ્યું:

"હવે તું કહે, તેં શું કર્યું?"

"મેં એક ગામમાં પાણી સાવ સૂકવી નાખ્યું, એવું સૂકવ્યું કે ગામમાં પાણીનું એક ટીપુંય ન રહ્યું. હવે બધાય બાર ગાઉ આઘે પાણી ભરવા જાય છે, અને રસ્તામાં ઘણાય મોતના ખપ્પરમાં હોમાય છે."

"તેં કામ તો ઠીક કર્યું, પણ જેવું થવું જોઈએ એવું નહિ."

"કેમ?"

"ગામથી નજીકમાં નજીક આવેલા શહેરમાં પડેલી મોટી શિલાને કોઈ ખસેડી દે તો એટલું બધું પાણી નીકળી પડે કે સૌને જોઈએ એટલું મળી રહે."

"પણ કોઈને એ વાતની ખબરેય નથી, અને કોઈએ એ વાત સાંભળી પણ નથી. એટલે પાણી તો શિલાની નીચે દબાયેલું જ રહેવાનું."

ભૂતના મુખીએ વળી એક બીજા ભૂતને પૂછયું:

"અને તારી શું વાત છે, તેં શું કામ કર્યું?"

"એક દેશના રાજાની એકની એક દીકરીને મેં આંધળી બનાવી દીધી છે. વૈદ ને હકીમો બહુ મહેનત કરે છે, પણ કોઈની કારી ફાવતી નથી."

"તેં કામ તો ઠીક કર્યું, પણ જેવું થવું જોઈએ એવું નહિ."

"કેમ?"

"આ ઝાડ નીચેથી ઝાકળ લઈને કોઈ એની આંખમાં આંજે તો એ તરત જ દેખતી થઈ જાય."

"પણ કોઈને એ વાતની ખબરેય નથી, અને કોઈએ એ વાત સાંભળી

પણ નથી. એટલે એ તો આંધળી જ રહેવાની."

આંધળા માણસે ઝાડ ઉપર બેઠા બેઠા બધુંય સાંભળી લીધું. બધાય ભૂતપ્રેત કરીને ચાલ્યા ગયા એટલે એ ઝાડ ઉપરથી નીચે ઊતર્યો, અને ઝાકળ હાથમાં લઈને આંખ ઉપર ઘસી. અરે! ઝાકળ ઘસતાં જ એની આંખો પાછો દેખતી થઈ ગઈ.

પછી એણે મનમાં ને મનમાં વિચાર્યું: "ચાલ, જીવ, હવે બીજા લોકોને પણ જઈને મદદ કરું."

એની પાસે એક નાનકડો કળશો હતો. એમાં ઝાકળ ભરી લઈને એ રવાના થઈ ગયો.

ચાલતો ચાલતો એ પાણી વગરના ગામમાં પહોંચ્યો. પાદરમાં એને એક ડોશી મળી. ડોશીને માથે પાણીનું બેડું. એણે ડોશી પાસે જઈને માથું નમાવ્યું અને પછી કહ્યું: "માડી, મને થોડુંક પાણી પિવડાવો ને!"

ડોશીએ જવાબ આપ્યો: "અરે બેટા! હું આ પાણી બાર ગાઉ આઘેથી ભરીને લાવી છું. અરધાથી વધારે પાણી તો રસ્તામાં જ ઢોળાઈ ગયું છે. વળી મારું કુટુંબ પણ મોટું છે. પાણી નહિ મળે તો બધાંય મરી જશે."

એણે ડોશીને કહ્યું: "હું તમારા ગામમાં પહોંચું એટલે પછી પાણીની તકલીફ નહિ રહે. સૌને જેટલું જોઈએ એટલું પાણી મળી રહેશે."

ડોશીએ એને પાણી પાયું. એની પાસેથી એવા સારા સમાચાર સાંભળીને ડોશી એટલી બધી ખુશ થઈ ગઈ કે એ દોડતી ગામમાં પહોંચી ગઈ અને એણે ગામના બધા લોકોને ખુશીની ખબર કહી સંભળાવી. ગામવાસીઓ તો બીચારા મૂંઝવણમાં પડી ગયા કે વાત સાચી માનવી કે નહિ. પણ સૌ એને લેવા સામા આવ્યા અને માથું નમાવીને બોલ્યા:

"ભલા દયાળુ ભાઈ, અમને આ કારમા મોતના પંજામાંથી બચાવી લો!"

એણે જવાબ આપ્યો: "એ તો હું કરીશ જ. પણ મને મદદ કરવા માગતા હો તો તમારા ગામથી નજીકમાં નજીકના શહેરમાં મને લઈ જાઓ."

ગામવાસીઓ એને શહેરમાં લઈ ગયા. એણે આમ તપાસ કરી, તેમ તપાસ કરી, અને આખરે ભૂતપ્રેતની વાતવાળી શિલા ગોતી કાઢી.

પછી સૌએ એકસામટું જોર લગાવ્યું અને શિલાને ઊંચી કરીને ખસેડી દીધી. શિલા ખસી એ જ ઘડીએ એની નીચેથી પાણીનો ધોધ છૂટયો. એમાંથી એટલું પાણી નીકળ્યું કે બધાંય ઝરણાં ભરાઈને પાછાં વહેવાં લાગ્યાં, બધાંય તળાવ ભરાઈ ગયાં, અને બધી નદીઓ ભરાઈને બે કાંઠે છલકાઈ ગઈ.

લોકોની ખુશીનો પાર ન રહ્યો. બધાએ એનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો અને એને પુષ્કળ દોલત તથા ભેટસોગાદો આપી.

પછી એ ઘોડે ચડીને ત્યાંથી ચાલી નીકળ્યો. રસ્તામાં જે મળે એને આંધળી રાજકુમારીના દેશનો મારગ પૂછતો જાય અને આગળ ચાલતો જાય.

કોને ખબર એણે લાંબો પંથ કાપ્યો હશે કે ટૂંકો પંથ કાપ્યો હશે, પણ આખરે એક દિવસ એ ત્યાં પહોંચી ગયો. ઘોડો દોડાવતો એ સીધો રાજાના મહેલને દરવાજે ગયો અને એણે નોકરચાકરને કહ્યું:

"સાંભળ્યું છે કે તમારા રાજાની કુંવરી બહુ માંદી છે. રજા મળે તો હું કદાચ એને સાજી કરી શકું."

નોકરોએ જવાબ આપ્યો: "તમારાથી એ કામ નહિ થાય. સારામાં સારા વૈદહકીમ હારીને બેસી ગયા છે. હવે તમે શું કરવાના હતા!"

"તોયે તમે રાજાને મારે વિશે ખબર તો મોકલો જ મોકલો."

નોકરચાકર રાજાને ખબર મોકલવા માગતા નહોતા. પણ એણે હઠ લીધી એટલે ખબર મોકલવી જ પડી. રાજાએ એને તરત જ મહેલમાં બોલાવ્યો અને પૂછ્યું:

"તું શું ખરેખર મારી કુંવરીને સાજી કરી શકે એમ છે?"

એણે જવાબ દીધો: "હા, જી, મારી પાસે અકસીર દવા છે."

"તું જો એને દેખતી દઈશ તો હું તને જે માગે તે આપીશ."

રાજા એને રાજકુમારીના ખંડમાં લઈ ગયો. એણે રાજકુમારીની આંખમાં ઝાકળ આંજી કે તરત જ એ પાછી દેખતી થઈ ગઈ.

રાજા એટલો બધો ખુશ થઈ ગયો કે એનું વર્ણન શબ્દોમાં થઈ જ ન શકે. રાજાએ એને એટલી બધી ધનદોલત આપી કે ગાડાંની આખી વણજાર બની ગઈ.

દરમિયાન એની વહુને બીચારીને ખબર જ નહોતી કે ધણી ક્યાં ખોવાઈ

ગયો છે. ચિંતા કરી કરીને અને દુખી થઈ થઈને બીચારી અરધી થઈ ગઈ. એને બીક લાગવા માંડી કે ધણી ક્યાંક મરી તો નહિ ગયો હોય ને! એટલામાં કોઈએ બારી ખખડાવી અને અવાજ દીધો:

"કમાડ ખોલો!"

બાઈ ધણીનો અવાજ તરત ઓળખી ગઈ અને રાજી થઈ ગઈ. એણે દોડીને કમાડ ઉઘાડયું. એને તો હતું કે મારો ધણી આંધળો છે, એટલે એનો હાથ ઝાલવા ગઈ. પણ ધણીએ કહ્યું:

"જા, જઈને એક બળતું લાકડું લઈ આવ!"

એ જઈને બળતું લાકડું લઈ આવી અને એના અજવાળામાં જુએ છે તો ધણી સામે ઊભો છે અને એની બેઉ આંખો પહેલાંની જેમ જ સાવ સાજી સારી થઈ ગઈ છે!

"હે ભગવાન! તારો મોટો પાડ થયો!" બાઈ બોલી, અને પછી ધણીને પૂછવા લાગી: "કહો તો ખરા, આ ચમત્કાર કેવી રીતે થયો?"

"જરાક ધીરજ રાખ. પહેલાં આ બધું અંદર લઈ લઈએ, પછી વાત કરું."

બેય જણે મળીને બધી ધનદોલત ઘરમાં લઈ લીધી. ગરીબ ભાઈ હવે તો એટલો બધો દોલતમંદ થઈ ગયો કે એની સરખામણીમાં અમીર ભાઈની દોલતની કંઈ ગણતરી જ ન લેખાય.

ગરીબ ભાઈનું ઘર હવે ભર્યુંભાદર્યું થઈ ગયું અને એનું કુટુંબ ઠાઠમાઠથી રહેવા લાગ્યું. અમીરભાઈને ખબર પડી એટલે એ તો દોડતો આવ્યો અને પૂછવા લાગ્યો:

"અરે ભાઈ, આ તારી આંખ્યું પાછી સારી કેમ કરીને થઈ? અને આટલું બધું ધન તને ક્યાંથી મળ્યું?"

બીજા ભાઈએ આખી વાત માંડીને કહી સંભળાવી, કંઈ જ છાનું ન રાખ્યું.

અમીર ભાઈને વધારે ધન ભેગું કરવાની લાલચ જાગી. રાત પડી એટલે એ તો જંગલમાં પહોંચ્યો, અને ભાઈએ વાત કરેલી એ જ ઝાડ ઉપર જઈને ચુપચાપ બેઠો.

મધરાત થઈ એટલે ભૂતપ્રેત ઊડતાં ઊડતાં આવી પહોંચ્યા. ભૂતનો મુખી સૌથી આગળ હતો.

ભૂતપ્રેત અંદર અંદર વાત કરવા લાગ્યાં:

"પણ એમ બન્યું જ કેમ! કોઈને ખબર નહોતી અને કોઈએ સાંભળ્યું નહોતું. છતાં આંધળો માણસ પાછો દેખતો થઈ ગયો, શિલા નીચેથી પાણી છૂટું કરી દેવાયું, અને રાજકુમારી સાજી થઈ ગઈ. કોઈ છુપાઈને આપણી વાત તો નહિ સાંભળતું હોય ને! ચાલો, જઈને તપાસ કરીએ!"

ભૂતપ્રેત તપાસ કરવા ચારે બાજુ ધસ્યા અને ઝાડ ઉપરેય ચડયા. ઝાડ ઉપર જુએ છે તો અમીર માણસ બેઠો છે... બધાય ભૂતપ્રેત એની ઉપર તૂટી પડયા અને એનું અંગેઅંગ નોખું કરી નાખ્યું. એમ બૂરું કરનારનો બૂરો અંજામ આવ્યો.

વરુ, કૂતરો અને બિલાડો

ઉક્રાઈની વાર્તા



એક હતો ખેડૂત. ખેડૂતે એક કૂતરો પાળેલો. કૂતરો જુવાન હતો ત્યારે માલિકના ઘરની રખેવાળી કરતો. પણ એ ઘરડો થયો એટલે ખેડૂતે એને ઘરમાંથી કાઢી મૂક્યો. કૂતરો તો બીચારો ઘર વગરનો થઈ ગયો એટલે વનવગડામાં રખડે, અને ઉંદર કે એવાં બીજાં જનાવર પકડાય તેને ખાઈને પેટ ભરે.

એક સાંજે કૂતરાને કોઈ વરુ પોતાની તરફ આવતું દેખાયું. વરુ પાસે આવ્યું અને બોલ્યું:

"કેમ છો, કૂતરાભાઈ!"

કૂતરાએ વિનયથી જવાબ વાળ્યો કે ઠીક છે. પછી વરુએ કૂતરાને પૂછ્યું:

"કૂતરાભાઈ, ક્યાં ચાલ્યા?"

કૂતરાએ વરુને પોતાની કથની કહી સંભળાવી:

"હું જુવાન હતો ત્યારે મારા માલિકને બહુ ગમતો કેમ કે હું એના ઘરની રખેવાળી કરતો, સમજ્યા વરુભાઈ! પણ હું ઘરડો થયો એટલે એણે મને કાઢી મૂક્યો."

વરુ બોલ્યું:

"તમને ભૂખ તો લાગી હશે, કૂતરાભાઈ."

"હા, ભાઈ, ભૂખ તો કકડીને લાગી છે," કૂતરાએ જવાબ દીધો.

"તો ચાલો મારી ભેગા. હું તમને ખાવાનું આપીશ."

એટલે કૂતરો વરુની ભેગો ગયો. એમનો માર્ગ ખુલ્લા મેદાનમાં થઈને જતો હતો. ચાલતાં ચાલતાં વરુએ ઘેટાંના એક ટોળાને ચરતું જોઈને કૂતરાને કહ્યું:

"કૂતરાભાઈ, જરા જોઈ આવો તો કે આ કે આ કેવાં જનાવર ચરે છે!"

કૂતરો જોવા ગયો અને તરત જ દોડતો પાછો આવીને બોલ્યો: "એ તો ઘેટાં છે ઘેટાં."

"મરવા દો એને ! એને ખાવા જઈએ એટલે મોઢામાં ઊન જ ભરાઈ જાય, અને પેટ તો ખાલી ને ખાલી જ રહે. ચાલો કૂતરાભાઈ, આપણે આગળ જઈએ!"

વળી પાછાં બેઉ આગળ ચાલ્યાં. ચાલતાં ચાલતાં વરુએ હંસલાંના એક ઝુંડને જોઈને કૂતરાને કહ્યું:

"કૂતરાભાઈ, જરા જોઈ આવો તો કે આ કેવાં જનાવર છે!"

કૂતરો જોવા ગયો અને તરત જ દોડતો પાછો આવીને બોલ્યો: "એ તો હંસલાં છે."

"મરવા દો એને! એને ખાવા જઈએ તો મોઢામાં પીંછાં ભરાઈ જાય અને પેટ તો ખાલી ને ખાલી જ રહે. ચાલો, આપણે આગળ જઈએ!"

બેઉ આગળ ચાલ્યાં. ચાલતાં ચાલતાં વરુએ એક ઘોડાને ચરતો જોઈને કૂતરાને કહ્યું:

"કૂતરાભાઈ, જરા જોઈ આવો તો કે આ કેવું જનાવર ચરે છે!"

કૂતરો જોવા ગયો અને તરત જ દોડતો પાછો આવીને બોલ્યો: "એ તો ઘોડો છે."

વરુ કહે: "હાશ, એ આપણા કામનું જનાવર!"

બેઉ દોડયાં ઘોડા તરફ. વરુએ જોશ પેદા કરવા પંજા વડે જમીન ખોદી, દાંત પીસ્યા, અને પછી કૂતરાને પૂછ્યું:

"કૂતરાભાઈ, કહો તો, મારી પૂંછડી હલે છે કે?"

કૂતરાએ પૂંછડી ઉપર નજર નાખીને કહ્યું કે હા, પૂંછડી તો હલે છે.

પછી વરુએ વળી પૂછ્યું:

"કૂતરાભાઈ, કહો તો, મારી આંખો અંગારા જેવી લાગે છે કે?"

કૂતરાએ જોઈને કહ્યું: "હા ભાઈ, એવી લાગે છે તો ખરી."

વરુ છલંગ મારીને ઘોડાની કેશવાળીએ ચોંટયું, અને ઘોડાને હેઠો પાડી દઈને એણે એનાં અંગેઅંગ ફાડી નાખ્યાં. પછી વરુ અને કૂતરો ઘોડાના માંસની મઝા માણવા લાગ્યાં. વરુ જુવાન હતું એટલે એણે તો ઝટપટ પેટ ભરીને ખાઈ લીધું. ઘરડો કૂતરો બીચારો માંસમાં મોઢું મારતો જાય પણ એના પેટમાં કંઈ જાય નહિ. એણે ભાગ્યે જ થોડુંક ખાધું હશે ત્યાં બીજા કૂતરા આવી પહોંચ્યા, અને બધાયે મળીને એ ઘરડા કૂતરાને ત્યાંથી હાંકી કાઢયો.

કૂતરો ભૂખ્યો ભૂખ્યો વળી પાછો રસ્તે ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં એને એના જેવો જ ઘરડો એક બિલાડો સામેથી આવતો દેખાયો. બિલાડો મેદાનમાં ઉંદર ગોતતો રખડતો હતો.

કૂતરાએ એને જોઈને કહ્યું:

"કેમ છો, બિડાલભાઈ! કઈ તરફ ચાલ્યા?"

"આ મારગ જ્યાં લઈ જાય ત્યાં, બીજું શું! હું જુવાન હતો ત્યારે મેં ઘરમાંથી ઉંદર મારી મારીને મારા માલિકની બહુ સેવા કરી. પણ હું ઘરડો થયો, મારી ઝડપ ઢીલી થઈ, અને મારી નજર ઝાંખી પડી એટલે માલિકે મને ખોરાક દેવાનું બંધ કરીને ઘરમાંથી કાઢી મૂક્યો. હવે મારે દુનિયામાં આમ ભટકવું પડે છે."

વાત સાંભળીને કૂતરો બોલ્યો: "વાત એમ છે તો બિડાલભાઈ, ચાલો મારી ભેગા. તમને ખાવાનું હું આપીશ." કૂતરાએ તો નક્કી કર્યું હતું કે વરુએ જેમ કરેલું એમ જ હુંયે કરીશ.

કૂતરો ને બિલાડો ભેગા ભેગા રસ્તે આગળ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં ઘેટાંના ટોળાને ચરતું જોઈને કૂતરો બોલ્યો:

"બિડાલભાઈ, જરા જોઈ આવો તો કે આ કેવાં જનાવર ચરે છે!"

બિલાડો જોવા ગયો અને તરત જ દોડતો પાછો આવીને બોલ્યો: "એ તો ઘેટાં ચરે છે."

"મરવા દો એને! મોઢામાં ઊન જ ભરાઈ જાય અને પેટ તો ખાલી ને ખાલી જ રહે. ચાલો, આપણે આગળ જઈએ!"

બેઉ આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં કૂતરાએ મેદાનમાં હંસલાંના ટોળાને જોઈને બિલાડાને કહ્યું:

"બિડાલભાઈ, જરા જોઈ આવો તો કે આ કેવાં જનાવર છે!"

બિલાડો જોવા ગયો અને તરત જ દોડતો પાછો આવીને બોલ્યો: "એ તો હંસલાં છે."

"મરવા દો એને! મોઢામાં પીંછાં ભરાઈ જાય અને પેટ તો ખાલી ને ખાલી જ રહે."

બેઉ વળી પાછા આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં કૂતરાએ એક ઘોડાને ચરતો જોયો એટલે બિલાડાને કહ્યું:

"બિડાલભાઈ, જરા જોઈ આવો તો કે આ કેવું જનાવર ચરે છે!"

બિલાડો જોવા ગયો અને તરત જ દોડતો પાછો આવીને બોલ્યો: "એ તો ઘોડો છે."

કૂતરાએ કહ્યું: "સરસ, આપણે હમણાં એને મારી નાખીએ એટલે ધરાઈને ખાધા પછી પણ વધે એટલો ખોરાક આપણને મળી જાય."

કૂતરાએ તો જોશ પેદા કરવા પંજા વડે જમીન ખોદી, દાંત પીસ્યા, અને પછી બિલાડાને કહ્યું:

"બિડાલભાઈ, જરા જુઓ તો મારી પૂંછડી હલે છે કે?"

બિલાડાએ પૂંછડી ઉપર નજર નાખીને જવાબ દીધો: "ના ભાઈ, પૂંછડી તો જરાય હલતી નથી."

કૂતરાએ તો ખરેખરું જોશ પેદા કરવા વળી પાછી પંજા વડે જમીન ખોદી,

અને બિલાડાને પૂછ્યું:

"બિડાલભાઈ, હવે હલે છે કે નહિ મારી પૂંછડી? કહો કે હલે છે!"

બિલાડાએ પૂંછડી તરફ જોઈને કહ્યું: "વારુ કૂતરાભાઈ, હલે છે તો ખરી પણ જરાક જ."

"તમતમારે જુઓ ને, આપણે હમણાં જ ઘોડાને પૂરો નાખીશું!" કૂતરાએ કહ્યું, અને એ વળી પાછો પંજા વડે જમીન ખોદવા લાગ્યો.

થોડી વાર પછી એણે બિલાડાને કહ્યું:

"બિડાલભાઈ, જરા જુઓ જોઉં, મારી આંખોમાં રતાશ ચડી હોય એમ લાગે છે કે?"

બિલાડાએ કૂતરાની આંખો ઉપર નજર નાખીને જવાબ દીધો: "ના, કૂતરાભાઈ!"

"તદ્દન જૂઠી વાત! કહો કે રતાશ ચડી છે!"

બિલાડાએ કહ્યું: "બહુ સારું, તમે કહેતા હો તો ભલે, તમારી આંખો અંગારા જેવી લાલ થઈ ગઈ છે. એમ કહેવામાં મને કંઈ વાંધો નથી."

કૂતરો ખૂબ ગુસ્સે ભરાયો અને ઘોડા ઉપર કૂદયો. પણ ઘોડાએ તો ખરી વડે કૂતરાને માથા ઉપર સજ્જડ લાત મારી. કૂતરો ભોંય ઉપર પટકાઈ ગયો અને એના ડોળા બહાર નીકળી ગયા. બિલાડો દોડીને એની પાસે ગયો અને બોલ્યો:

"અરે કૂતરાભાઈ, હવે તો તમારી આંખો ખરેખર લોહીથી લાલ થઈ ગઈ છે!"

ઘમંડી જમીનદાર અને ચતુર ખેડૂત

ઉક્રાઈની વાર્તા



એક હતો જમીનદાર, બહુ જ ધનવાન અને ઘમંડી પણ ભારે. બહુ ઓછા માણસો જોડે એ હળવામળવાનો સંબંધ રાખતો અને ખેડૂતોને તો માણસ જ ન ગણતો. એ કહેતો કે ખેડૂતોનાં બદનમાંથી તો ધૂળમાટીની બદબો આવે છે. એણે પોતાના નોકરચાકરને હુકમ આપી રાખેલો કે કોઈ ખેડૂતો ઘરની નજીક આવવાની હિંમત કરે તો મારીને તગેડી મૂકવા.

એક દિવસ બધા ખેડૂતો ભેગા મળ્યા અને જમીનદાર વિશે વાતચીત કરવા લાગ્યા.

એક ખેડૂત કહે: "મેં તો જમીનદારને સાવ પાસેથી જોયો. ખેતરમાં ભેટો થઈ ગયો."

બીજા કહે: "મેં તો એને કાલે વાડ ઉપરથી જોયો. એ પરસાળમાં બેસીને

કૉફી પી રહ્યો હતો."

એટલામાં એક સૌથી ગરીબ ખેડૂત ત્યાં આવી પહોંચ્યો અને વાત સાંભળીને બોલ્યો :

"અરે, એમાં તે શી મોટી ધાડ મારી! જમીનદારને વાડ ઉપરથી તો કોઈ પણ જોઈ શકે. હું જો ધારું તો એની જોડે ખાણું ખાઈ શકું!"

"શું ડિંગ મારવા માંડયો છે! જોયો હવે, જમીનદાર જોડે ખાણું ખાનારો!" પહેલા બેઉ ખેડૂત હસતા હસતા બોલ્યા. "અરે, તને આઘેથી જોતાં જ નોકરોને કહીને આંગણાની બહાર ફેંકાવી દેશે. ઘરની પાસે ફરકવા જ નહિ દે!"

બેઉ ખેડૂત ત્રીજાની ઠેકડી ઉડાડવા લાગ્યા અને ફાવે એમ એને ભાંડવા લાગ્યા :

"તું તો જૂઠો ને ગપ્પીદાસ છે!"

"ના, હું જરાય જૂઠું નથી કહેતો!"

"વારુ, તું જમીનદાર જોડે ખાણું ખાય તો અમે તને ત્રણ કોથળા ઘઉં અને એક જોડી બળદ આપીશું. પણ તારાથી જો એ કામ ન થાય તો તારે અમે કહીએ એમ કરવું પડશે."

ત્રીજા ખેડૂતે જવાબ આપ્યો :

"બહુ સારું, કબૂલ છે!"

ખેડૂત તો જમીનદારના ઘરના આંગણામાં પહોંચ્યો. એને જોતાં જ નોકરચાકર દોડી આવ્યા અને બહાર કાઢી મૂકવા લાગ્યા. ખેડૂતે એમને કહ્યું :

"જરા ધીરો પડો! હું તો જમીનદાર સારુ ખુશખબર લઈને આવ્યો છું."

"શું ખુશખબર લાવ્યો છે?"

"એ તો મારાથી જમીનદાર સિવાય બીજા કોઈને કહેવાય નહિ."

જમીનદારના નોકરચાકર માલિક પાસે ગયા અને ખેડૂતની વાત કહી જણાવી.

જમીનદારને અચરજ થયું. એને થયું કે આ ખેડૂત કંઈ માગવા નથી આવ્યો પણ ખબર લઈને આવ્યો છે. કદાચ એની પાસે મારા ફાયદાની કોઈ ખબર હોય...

એણે નોકરચાકરને હુકમ આપ્યો :

"એને અંદર લઈ આવો!"

નોકરોએ ખેડૂતને ઘરમાં આવવા દીધો. જમીનદાર ઓરડાની બહાર આવ્યો અને એણે ખેડૂતને પૂછ્યું:

"શું ખબર લાવ્યો છે?"

ખેડૂતે નોકરચાકર ઉપર નાખીને કહ્યું:

"હજૂર, વાત ખાનગીમાં કરવા જેવી છે."

ત્યાં સુધીમાં જમીનદારનું અચરજ ખૂબ વધી ગયું હતું. એને જાણવાની તાલાવેલી થઈ કે આ ખેડૂત પાસે તે વળી મારે માટે કેવી ખબર હશે! એણે નોકરોને ત્યાંથી ચાલ્યા જવાનો હુકમ આપ્યો.

નોકરો ગયા એટલે ખેડૂતે ધીમા અવાજે કહ્યું:

"હજૂર, ઘોડાના માથા જેવડી સોનાની લગડીની કેટલી કિંમત થાય?"

જમીનદારે સામો સવાલ પૂછ્યો:

"તારે જાણીને શું કામ છે?"

"કારણ છે એટલે તો પૂછું છું, હજૂર..."

જમીનદારની દાઢ સળકી. એની આંખોમાં ચમક આવી અને હાથ હલવા લાગ્યા.

એણે મનમાં ને મનમાં વિચાર્યું: "આ ખેડૂત આવો સવાલ પૂછે છે તે સાવ પાયા વગર તો ન જ હોય. નક્કી, એને કોઈ છૂપો ખજાનો જડયો હોય એમ લાગે છે..."

ખેડૂત પાસેથી ગમે તેમ કરીને વાત કઢાવવાના ઈરાદે એણે ફરી વાર પૂછયું:

"અરે ભલા ભાઈ, તું કહે તો ખરો કે તારે એ જાણીને શું કરવું છે?"

ખેડૂત નિસાસો નાખીને બોલ્યો:

"ભલે, તમારે ન કહેવું હોય તો કંઈ નહિ. હું તો હવે જાઉં છું. ખાવાનો વખત થઈ ગયો છે. ઘેર મારી વાટ જોવાતી હશે."

જમીનદાર પોતાનો બધો ઘમંડ ભૂલી ગયો. એને ખરેખરી લાલચ જાગી ગઈ હતી. લાલસાના ઊભરાથી એનું આખું શરીર કંપી રહ્યું હતું.

એણે મનમાં વિચાર્યું: "આ ભોળા ખેડૂતને મૂરખ બનાવીને એની પાસેથી સોનું લઈ લીધે જ છૂટકો." પછી એણે ખેડૂતને કહ્યું: "અરે ભલા માણસ,

તારે ઘેર જવાની આટલી ઉતાવળ શાની છે? ભૂખ લાગી હોય તો ચાલ, મારી ભેગો જ જમી લે. અરે, નોકર ક્યાં ગયા બધા? સાંભળો, ઝટ ખાણું પીરસો! અને જુઓ, વોદકા ભૂલતા નહિ!"

નોકરોએ તરત જ ખાણું પીરસ્યું. ખાણામાં મજેદાર શીતળ વાનગીઓ હતી અને ભેગો વોદકા દારૂ હતો. જમીનદારે ખેડૂતને જુદી જુદી વાનગીઓ આગ્રહથી ખવડાવીને ખુશ કરવાના પ્રયત્ન કર્યા.

"ભલા માણસ, વોદકા પી, અને પેટ ભરીને જમજે! નકામી તાણ કરાવતો નહિ!" એણે કહ્યું.

જમીનદાર ખેડૂતની થાળીમાં ખાવાનું પીરસતો ગયો અને પ્યાલામાં વોદકા રેડતો ગયો. ખેડૂતે મોકો જોઈને મુદ્દલ આનાકાની વગર ખૂબ ખાધું અને પીધું.

ખેડૂતે ખૂબ ધરાઈને ખાઈ લીધું એટલે જમીનદારે એને કહ્યું:

"જા, હવે જલદી જઈને તારી ઘોડાના માથા જેવડી સોનાની લગડી લઈ આવ! એટલું બધું સોનું વેચવાનું કામ તારા કરતાં હું જ બહેતર પતાવી શકીશ. અને વધારામાં હું તને ઇનામ આપીશ."

ખેડૂત બોલ્યો: "ના, હજૂર, સોનું તો હું નહિ લાવું."

"કેમ નહિ લાવે?"

"કેમ કે સોનું તો મારી કને છે જ નહિ."

"શું? તો પછી એટલા સોનાની કિંમત કેમ પૂછતો હતો?"

"એ તો મને જાણવાનું મન થયેલું એટલે!"

જમીનદારને ભયંકર ગુસ્સો ચડયો. એનો ચહેરો લાલપીળો થઈ ગયો. જમીન ઉપર પગ પછાડતો એ બરાડયો:

"નીકળ બહાર અહીંથી, ગધેડા!"

ખેડૂતે જવાબ દીધો:

"રહેમદિલ હજૂર, તમે ધારો છો એવો ગધેડો હું નથી. એક તો મેં તમને મૂરખ બનાવીને મિજબાનીની મોજ માણી. એ ઉપરાંત હું શરતમાં ત્રણ કોથળા ઘઉં અને શિંગાળા બળદની એક જોડી જીત્યો છું. એ બધું અક્કલ વગર થોડું જ થાય!"

એટલું કહીને ખેડૂત પોતાને રસ્તે પડયો.

જાદુઈ ફિડલ

બેલોરૂસી વાર્તા



એક છોકરાને નાનપણથી જ બંસી વગાડવાનો ખૂબ શોખ. બળદને ચરવા લઈ જાય ત્યાં કોઈ વેલાની પોલી નળી તોડીને એમાં કાણાં પાડે અને બંસી બનાવે. પછી મંડે બંસી વગાડવા એટલે બળદ ઘાસ ચરવું પડતું મૂકીને કાન ઊંચા કરે અને બંસી સાંભળે. એની બંસી સાંભળીને વનમાં પંખી કલરવ બંધ કરી દેતાં અને મૂંગાં થઈ કાન માંડતાં. અરે, કાદવિયા ખાડામાં દેડકાં પણ ડ્રાંઉં ડ્રાંઉં કરવાનું બંધ કરી દેતાં.

રાત પડે એટલે એ ઘોડો ચારવા નીકળી જતો. ચરાણમાં ભારે રંગ જામતો. જુવાનીનો ઉમંગ એટલે પછી કહેવાનું શું હોય! જુવાન છોકરાછોકરીઓ ગાનતાન અને મજાકમશ્કરીમાં ગુલતાન રહેતાં. રળિયામણી રાત, હૂંફાળી હવા, અને તપેલી ધરા વાતાવરણમાં ઉમંગ અને ઉલ્લાસ ભરી દેતાં.

એવામાં છોકરો પહોંચી જતો અને બંસીની ધૂન શરૂ કરી દેતો. બંસીના

સૂર ઊઠે કે તરત જ છોકરાછોકરીઓ એકદમ શાંત થઈને સંગીત સાંભળવામાં તલ્લીન થઈ જતાં. દરેકને એમ લાગતું કે દુખતા દિલ ઉપર કોઈ શીતળ મલમનો લેપ કરી રહ્યું છે, કોઈ અજાણી શક્તિ આત્માને અનંત નીલ ગગનમાં ચમકતા તારલિયા સુધી ઊંચે લઈ જઈ રહી છે.

રાતે ઢોર ચારવા નીકળેલા ગોવાળિયા હાલ્યાચાલ્યા વગર ચુપચાપ બેસીને બંસીના સૂર સાંભળતા અને થાકથી દુખતા હાથપગ તેમ જ ભૂખ્યાં પેટને સંગીતના લયમાં ભૂલી જતા.

સૌ બેઠા બેઠા બંસી સાંભળતા રહેતા.

દરેકને એમ લાગતું કે મોહક મીઠાશથી ભરેલા સંગીતને બેઠો બેઠો આખી જિંદગી સાંભળતો જ રહું!

સંગીત બંધ થઈ જતું અને સૂર ઓસરી જતા, પણ આંગળી હલાવવાનીયે કોઈ હિંમત ન કરતું. દરેકને બીક લાગતી કે પોતે જરાકેય હલીને નીરવ શાંતિનો ભંગ કરે તો ઉદ્યાનોમાં ને વનોમાં તથા સુદૂર ગગનમાં બુલબુલનાં ગીત જેવાં ગીત ફેલાવતા જાદુઈ સૂર વખતે ડરીને વિલાઈ જાય!

પછી બંસીના સૂર વળી પાછા ગુંજી ઊઠતા. આ વખતે કોઈ દર્દભરી ધૂન વાગતી, અને બધાનાં મનમાં ગમગીની તથા વિષાદ ભરાઈ જતાં... માલિકોનાં ખેતરોમાં કામ કરીને મોડી રાતે પાછાં ફરતાં ખેડૂત નરનારી સંગીતના સૂર સાંભળીને થંભી જતાં અને તલ્લીન થઈ જતાં. બંસીના સૂર સાંભળતાં એમનાં મન ધરાતાં જ નહિ. એમને લાગતું કે બસ સાંભળતાં જ રહીએ! એમની નજર સામે જિંદગીનું ચિત્ર ખડું થઈ જતું, ગરીબી અને હાડમારી આંખ સામે તરવા લાગતી. નિર્દય જમીનદારો અને નિષ્ઠુર કારભારીઓ તેમ જ હૈયાવિહોણા ઇન્સાફદારો એમને સામે ઊભેલા જણાતા. એમનાં હૈયાં ખૂબ ભારે થઈ જતાં. કોઈ સ્વજન મરી જાય અથવા જુવાનજોધ દીકરાને જંગમાં લડવા વળાવવો પડે ત્યારે જેવું હૈયાફાટ રુદન આપોઆપ જાગે, એવા જ હૈયાફાટ રુદનમાં પોતાની જિંદગીની પૂરી ગમગીની રેડી દેવાની ઊંડી ઝંખના એમનાં મનમાં જાગતી.

પણ બંસી વળી પાછી ધૂન બદલતી. કરુણ અને ગમગીન ધૂનની જગ્યા ખુશાલીના સૂર લઈ લેતા. સંગીત સાંભળનારાઓ દાતરડાં, પાવડા, તથા

ખંપાળીઓને ફગાવી દેતા અને બેઉ હાથ કેડ ઉપર માંડીને નાચવા લાગતા.

બંસીના સૂરમાં તન્મય થઈને નરનારી નાચતાં, પશુપંખી નાચતાં, વનનાં ઝાડ નાચતાં, ગગનના તારલિયા નાચતા, વાદળો નાચતાં, આખું જગત નાચી ઊઠતું અને ઉલ્લાસના સાગરમાં ડૂબી જતું.

બંસીના બજવૈયામાં એવી જાદુઈ શક્તિ હતી કે સાંભળનારાના હૈયાને એ મન ફાવે એમ રમાડી શકતો.

વખત વીતતાં બંસી વગાડનારો છોકરો જુવાન થયો. એણે એક ફિડલ બનાવી લીધી. ફિડલ લઈને એ બધે રખડતો. જ્યાં જતો ત્યાં ફિડલ વગાડતો. લોકો એને હેતથી આવકારતા, સારું સારું ખાવાનું ખવડાવતા, મદિરાના જામ પિવડાવતા, અને જવા નીકળે ત્યારે કેટલીય ચીજો ભેટમાં આપતા.

એમ ઘણા વખત સુધી એ જુવાન ફિડલ લઈને આખા દેશમાં ફરતો રહ્યો. એની ફિડલ સહાચારી લોકોને સુખ અને આનંદ આપતી, પણ નિર્દય જમીનદારોને એ કાળ જેવો લાગતો. માલિકોને એ કાળજામાં શૂળની જેમ ખૂંચતો કેમ કે એ જ્યાં જાય ત્યાં ખેતગુલામો માલિકના હુકમ માનવાનું બંધ કરી દેતા.

એટલે માલિકોએ નક્કી કર્યું કે એને ખતમ કરી નાખવો. ફિડલવાળા જુવાનનું ખૂન કરવા કે એને પાણીમાં ડુબાડી દેવા માલિકોએ એક પછી એક ઘણા માણસોને ધન વડે લલચાવવાની મહેનત કરી. પણ કોઈ એ કામ કરવા તૈયાર ન થયું. ખેડૂતોને તો એ જુવાન બહુ વહાલો લાગતો, અને નોકરચાકરો એને જાદુગર સમજીને એનાથી ખૂબ ડરતા.

પછી માલિકોએ ભૂતલોકમાંથી ભૂતને બોલાવ્યા અને એમની મળીને ફિડલવાળા જુવાનની વિરુદ્ધ કાવતરું ઘડ્યું. એ તો સૌને ખબર જ છે કે માલિકો અને ભૂતપિશાચ એક જ રંગે રંગાયેલા હોય છે.

એક દિવસ ફિડલવાળો જુવાન જંગલમાં થઈને જતો હતો ત્યારે ભૂતોએ બાર ભૂખ્યાં વરુને એની સામે મોકલ્યાં. વરુ જુવાનનો રસ્તો રોકીને ઊભાં રહ્યાં અને એની સામે ઘુરકિયાં તથા દાંતિયાં કરવા લાગ્યાં. બધાંય વરુની આંખો અંગારાની જેમ ચળકી રહી હતી. જુવાન પાસે તો થેલામાં રાખેલી ફિડલ સિવાય બીજું કશું હથિયાર હતું જ નહિ.

એને થયું: "હવે તો આવી બન્યું!"

મરતાં પહેલાં છેલ્લી વાર ફિડલ વગાડી લેવાના ઈરાદે એણે એને થેલામાંથી બહાર કાઢી. પછી જુવાન એક ઝાડને અઢેલીને ઊભો રહ્યો અને એણે ફિડલના તાર ઉપર ગજ ફેરવ્યો.

ફિડલ જાણે જીવતો જીવ હોય એમ ગાવા લાગી. આખા જંગલમાં સંગીતના સૂર ગુંજી ઊઠયા. છોડવા અને ઝાડ એકાએક તદ્દન શાંત થઈ ગયાં, દરેકે દરેક પાંદડું હલતું બંધ થઈ ગયું. સઘળાં વરુ ભૂખ ભૂલી જઈને, ફાટેલે જડબે, ભોંય સાથે જડાઈ ગયાં હોય એમ સ્થિર થઈ જઈને સંગીત સાંભળવામાં તન્મય થઈ ગયાં.

ફિડલના સૂર વિલાઈ ગયા એટલે વરુ જાણે સ્વપ્નમાં હોય એમ ધીરે ધીરે જંગલના ઊંડાણમાં ચાલ્યાં ગયાં.

ફિડલવાળો જુવાન આગળ ચાલ્યો. જંગલની પાછળ સૂરજ ડૂબી રહ્યો હતો અને ડૂબતા સૂરજનાં સોનેરી કિરણો ઝાડોની ટોચ ઉપર ચળકતાં હતાં. ચોતરફ એટલી નીરવતા છવાયેલી હતી કે ક્યાંયથી અવાજનો અણસારો સરખોય આવતો નહોતો.

જુવાન નદીને કાંઠે બેઠો અને ફિડલ કાઢીને વગાડવા લાગ્યો. એણે ફિડલ એટલી સરસ વગાડી કે ધરતી અને ગગન કાન માંડીને તન્મયતાથી સાંભળતાં રહ્યાં, જાણે કેમ નિરંતર સાંભળતાં જ રહેવા આતુર હોય! પછી એણે નૃત્યની ઉલ્લાસભરી પોલ્કા ધૂન છેડી. ઉપરનીચે, આગળપાછળ, ચોતરફ કુદરત જાણે નાચવા લાગી. શિયાળામાં હિમઝંઝાવાત આવે ત્યારે વરસતા હિમકણ જેમ ઘૂમરીએ ચડે અને વળ ખાય એમ ગગનમાં તારલિયા ઘૂમરીએ ચડયા અને વળ ખાવા લાગ્યા, વાદળાં આકાશમાં તરવા લાગ્યાં, અને માછલીઓ પાણીમાં કૂદી કૂદીને એવો છબછબાટ કરવા લાગી કે નદીનું પાણી જાણે ઊકળતું હોય એમ ઉછાળે ચડયું.

ફિડલનું સંગીત એવું મોહક હતું કે જળલોકનો રાજા પણ રહી ન શક્યો અને નાચમાં જોડાઈ ગયો. એણે પાણીમાં એવા ઠેકડા માર્યા કે નદીનું પાણી ઠેઠ કાંઠે છલકાઈ ગયું.

ભૂતપ્રેત બધાં ભયભીત થઈને પોતાના અંધારિયા ખૂણાઓમાંથી બહાર

ભાગ્યાં. એમણે ગુસ્સામાં દાંત પીસ્યા પણ ફિડલવાળા જુવાનને ઊની આંચ પણ પહોંચાડવાની એમનામાં શક્તિ નહોતી.

જળલોકનો રાજા નદીના કાંઠા છલકાવતો હતો એટલે લોકોનાં ખેતરો અને બાગબગીચાને નુકસાન થતું હતું. એ જોઈને જુવાને ફિડલ વગાડવાનું બંધ કર્યું અને એને થેલામાં મૂકીને એ આગળ ચાલ્યો.

જુવાન તો ચાલતો જાય છે, ચાલતો જાય છે. એટલામાં અચાનક બે જુવાન-દાર દોડતા એની તરફ આવ્યા. પાસે આવીને એમણે ફિડલવાળા જુવાનને કહ્યું:

"આજે રાતે અમારે ત્યાં નાચની મહેફિલ છે. તું આવીને ફિડલ વગાડ. અમે તને ખૂબ પૈસા આપીશું."

જુવાન વિચારમાં પડ્યો. પણ બીજું કરેય શું! અંધારી રાત, સુવાની જગ્યા નહિ, અને હાથમાં એક પૈસોય નહિ. એટલે એણે જવાબ દીધો:

"વારુ, ચાલો!"

બેઉ જુવાનિયા જમીનદાર ફિડલવાળા જુવાનને લઈને એક મહેલમાં ગયા. મહેલમાં એટલાં બધાં જુવાન અમીર નરનારી ભેગાં થયાં હતાં કે ગણ્યાં ગણાય નહિ.

મહેલમાં એક ટેબલ ઉપર મોટું વાસણ પડ્યું હતું. એક પછી એક અમીર નરનારી વારંવાર દોડીને એ વાસણ પાસે જાય અને એમાં આંગળી બોળીને આંખ ઉપર ફેરવે.

ફિડલવાળો જુવાન પણ વાસણ પાસે ગયો અને એમાં આંગળી બોળીને એણે આંખ ઉપર ફેરવી. આંગળી આંખ ઉપર ફેરવતાંવેંત એને દેખાયું કે ત્યાં તો મહેલ નહિ પણ ભૂતપ્રેતની દુનિયા છે, બધા લોકો અમીરજાદા કે અમીરજાદીઓ નહિ પણ ભૂતપ્રેત અને ડાકણો છે.

ફિડલવાળો જુવાન મનમાં જ બોલ્યો: "તો આવી છે તમારી નાચની મહેફિલ! ચાલો, તમનેય બતાવી દઉં! હમણાં એવી ધૂન વગાડું કે તમેય યાદ કરો!"

એણે તરત જ ફિડલ કાઢી અને એના સજીવ તાર ઉપર ગજ ફેરવ્યો. સંગીતનો સૂર નીકળતાં જ મહેલ અને બીજું બધુંય ધૂળ થઈને માટીમાં ભળી ગયું, અને ભૂતપ્રેત તથા ડાકણો એટલે દૂર ભાગી ગયાં કે ફરી વાર ક્યારેય દેખાયાં જ નહિ!

રીંછની પૂંછડી

બેલોરુસી વાર્તા



કહેવાય છે કે ઘણા વખત પહેલાં જંગલી કે પાળેલાં કોઈ પણ જનાવરને પૂંછડી નહોતી. ફક્ત જનાવરોના રાજા સિંહને જ પૂંછડી હતી.

પૂંછડી વગર જનાવરો બીચારાં બહુ જ હેરાન થતાં. શિયાળો તો જેમતેમ કરીને નીકળી જતો, પણ ઉનાળો આવે એટલે માખીઓ ને મગતરાં બીચારાંને એક પળ પણ જંપીને રહેવા જ ન દે. એને કેમ કરીને ઉડાડી મૂકવાં? બગાઈ અને ડાંસ કેટલાંય બીચારાં જનાવરોનો કરડી કરડીને જીવ લઈ લેતાં. બગાઈ અને ડાંસ કોઈ જનાવર ઉપર એક વાર હુમલો કરે એટલે એને બચવાનો કોઈ રસ્તો જ ન રહેતો.

જંગલના રાજા સિંહને જનાવરોના એવા દુખની ખબર પડી એટલે એણે એમને એવી માઠી દશામાં કોઈ પણ રીતે મદદ કરવાનું નક્કી કર્યું. એણે બધાં

જનાવરોને ખબર મોકલી કે રાજા પાસે હાજર થઈ જાય, રાજા બધાંને પૂંછડી આપશે.

રાજાના દૂત જનાવરોને સંદેશો પહોંચાડવા રાજને બધે ખૂણે ફરી વળ્યા. પવનની જેમ ઊડીને ગયા, તૂરી વગાડીને સંદેશ ફેલાવ્યો, ઢોલ ઢમઢમાવીને ખબર પહોંચાડી. વરુને મળ્યા અને રાજાનો સંદેશો આપ્યો. આખલાને ને ઘોરખોદિયાને ગોતી કાઢીને એમને પણ ખબર આપી. શિયાળને, સસલાને, હરણને, જંગલી ભૂંડને, એમ બધાંને રાજાના દૂત મળ્યા અને રાજાનો સંદેશો કહ્યો.

બધાંને સંદેશો આપ્યો, ફક્ત એક રીંછને કહેવાનું રહી ગયું. રીંછને ગોતવા દૂત આમ ગયા ને તેમ ગયા. બહુ વાર સુધી ગોત્યા પછી આખરે રીંછ મળ્યું ખરું. એ તો કોતરમાં પડયું પડયું ઘોરતું હતું. રાજાના દૂતોએ એને ઢંઢોળીને જગાડયું અને એને તાકીદથી રાજા પાસે હાજર થઈને પૂંછડી લઈ આવવાનું કહ્યું.

પણ રીંછને ઉતાવળ કરતું કદી કોઈએ જાણ્યું છે!.. એ તો ધીમે ધીમે ડગલાં માંડતું ચાલ્યું. ભારે પગે ધબ કરીને એક ડગલું ભરે, પછી બીજો પગ ઉપાડીને ધબ બીજું ડગલું ભરે. વળી નજર ચારે તરફ ફેરવતું જાય અને હવામાં ક્યાંય મધની સુવાસ આવે તો પારખી કાઢવા વારંવાર હવા સૂંઘતું જાય. એકાએક એને બરાબર સામે ઝાડ ઉપર મધપૂડો દેખાયો.

રીંછે મનમાં વિચાર્યું: "રાજાના મહેલ સુધી પહોંચવાનો રસ્તો તો બહુ લાંબો છે. કંઈક પેટમાં નાખી લીધું હોય તો લાંબો પંથ કાપવાનું સહેલું પડે."

રીંછ ઝાડ ઉપર ચડયું. જઈને બખોલમાં જુએ છે તો આખી બખોલ મધથી ભરેલી! એ તો ખુશીનું ઘુરકિયું કરીને મધ ઉપર તૂટી પડયું અને ખોબા ભરીને મધ પેટમાં પધરાવવા લાગ્યું. એણે ઠાંસી ઠાંસીને પેટ ભર્યું. જ્યારે એને લાગ્યું કે હવે વધારે મધ પીવાની પેટમાં જગ્યા નથી ત્યારે એણે પોતાના શરીર ઉપર નજર નાખી. એની આખી ખાલ મધથી ચીકણી થઈ ગઈ હતી અને એની ઉપર મધપૂડાના ટુકડા ચોંટયા હતા.

રીંછ મનમાં વિચારવા લાગ્યું: "અરે, આવા હાલ લઈને રાજાની હાજરીમાં

કેમ જવાય!"

એટલે રીંછ તો નદીએ પહોંચ્યું અને ખાલને સરખી રીતે ધોઈને સાફ કરી. પછી પાણી સૂકવી નાખવા ટેકરીની તળેટીમાં તડકામાં બેઠું. પણ તડકો એવો મઝાનો હૂંફાળો હતો કે નીંદર ક્યારે આવી ગઈ એની ખબર જ ન પડી અને એ હળવે અવાજે નસકોરાં બોલાવવા લાગ્યું.

દરમિયાનમાં બધાં જનાવરો રાજાના મહેલમાં ભેગાં થઈ રહ્યાં હતાં. સૌથી પહેલું શિયાળ આવ્યું. શિયાળે આવીને આમતેમ નજર ફેરવી તો મહેલની સામે પૂંછડીઓનો મોટો જબ્બર ઢગલો પડેલો જોયો. ઢગલામાં લાંબી પૂંછડીઓ હતી ને ટૂંકી પૂંછડીઓ હતી, ગુચ્છેદાર પૂંછડીઓ હતી અને સાવ વાળ વગરની પૂંછડીઓ હતી.

શિયાળે રાજાના પગ આગળ નમીને અરજ કરી:

"ઓ મહાપ્રતાપી મહારાજાધિરાજ! આપનું ફરમાન મળતાં જ હું સૌથી પહેલું આપની સામે હાજર થઈ ગયું, એટલે મારી અરજ છે કે આપ મને મનગમતી પૂંછડી પસંદ કરી લેવાની છૂટ આપો."

રાજાને તો એ વાતની મુદ્દલ પડી નહોતી કે શિયાળને કેવી પૂંછડી મળે. એણે તરત જ રજા આપી દીધી:

"ભલે, તને મનગમતી પૂંછડી પસંદ કરી લે."

એટલે લુચ્ચા શિયાળે પૂંછડીઓનો આખો ઢગલો ખંખોળી નાખીને સૌથી સુંદર મઝાની ગુચ્છેદાર પૂંછડી પસંદ કરી લીધી, અને રાજાને પોતાનો ઇરાદો બદલવાનો અવકાશ મળે તે પહેલાં જ એ ત્યાંથી ઝટ પોબારા ગણી ગયું.

શિયાળ ગયું ત્યાં ખિસકોલી ઠેકડા મારતી આવી પહોંચી. એણેય શિયાળ જેવી જ સુંદર મઝાની પણ જરાક નાની પૂંછડી પસંદ કરી લીધી. ખિસકોલી ગઈ એટલે નોળિયો આવ્યો. એ પણ રૂપાળી મનપસંદ પૂંછડી લઈને ચાલતો થયો.

સાબરે પોતાને માટે છેવાડે ગુચ્છેદાર લાંબી પૂંછડી પસંદ કરી કેમ કે એવી પૂંછડી હોય તો બગાઈ ને મગતરાં શરીરે ગમે ત્યાં બેસે તોપણ સહેલાઈથી ઉડાડી શકાય. ઘોરખોદિયાએ પહોળી ને જાડી પૂંછડી ઉપાડી લીધી.

ઘોડાએ પસંદ કરેલી પૂંછડી આખી વાળથી જ ભરેલી હતી. એમાં બીજું કંઈ નામનું જ હતું. એણે પૂંછડી ચોંટાડી, અને પહેલાં શરીરના જમણા ભાગ ઉપર અને પછી ડાબા ભાગ ઉપર ઉછાળી જોઈ. એમ કરતાં માખીઓને ઉડાડી મૂકવાનું સાવ સહેલું થઈ ગયેલું જણાતાં ઘોડો ખુશ થઈને હણહણવા લાગ્યો.

"હવે તો બધી માખીઓનું મોત જ આવ્યું સમજો!" એમ કહેતો એ ફાળ ભરીને ચરાણ તરફ દોડી ગયો.

સૌથી છેલ્લે બીચારું સસલું દોડતું દોડતું આવ્યું.

રાજાએ કહ્યું: "અત્યાર સુધી ક્યાં હતું? હવે તો મારી પાસે ફક્ત આ એક નાનકડી પૂંછડી જ બચી છે."

સસલાએ રાજી થઈને જવાબ આપ્યો: "મારે માટે એ નાનકડી પૂંછડી જ બરાબર કામની છે, મહારાજાધિરાજ! આપની ખૂબ ખૂબ મહેરબાની! નાનકડી પૂંછડી પણ બીજી બધી પૂંછડી જેટલી જ કામમાં આવશે. વળી મારે વરુ કે કૂતરાથી બચવા ભાગવું પડે ત્યારે આડી પણ નહિ આવે!"

સસલાએ નાનકડી પૂંછડી એની જગ્યાએ ચોંટાડી દીધી. પછી એણે એક ઠેકડો માર્યો, બીજો ઠેકડો માર્યો, અને ખૂબ ખૂશ થઈને એ ઘર તરફ દોડી ગયું.

બધી પૂંછડીઓ વહેંચાઈ ગઈ એટલે જનાવરોનો રાજા જઈને આરામથી સૂઈ ગયો.

રીંછની ઊંઘ ઊડી ત્યારે જુએ છે તો સાંજ પડવા આવી હતી. એને યાદ આવ્યું કે પોતાને ઝટ રાજાના મહેલમાં પૂંછડી લેવા જવાનું છે. સામે જોયું તો જંગલની પાછળ સૂરજ આકાશમાં ઝડપથી નીચે જઈ રહ્યો હતો. એ તો બને એટલી ઝડપ કરીને ચાર પગે માંડયું દોડવા. એટલું બધું દોડયું કે બીચારું પરસેવે રેબઝેબ થઈ ગયું. મહેલ દેખાણો એટલે એકદમ ધસતું ત્યાં પહોંચ્યું, પણ એને એકેય પૂંછડી ન દેખાણી. ત્યાં નહોતી કોઈ ચીજ કે નહોતું કોઈ જનાવર.

રીંછ મનમાં વિચારવા લાગ્યું: "હવે મારે શું કરવું? બધાં જનાવરોને પૂંછડી હશે અને મારે જ એકલાને નહિ હોય."

રીંછ પાછું વળીને જંગલ તરફ ચાલવા લાગ્યું, પણ એવું ખીજે ભરાયેલું કે ન પૂછો વાત! ભારે શરીરે ધીમે ધીમે ડગલાં માંડતું રીંછ ચાલ્યું જતું હતું ત્યાં

રસ્તામાં એને ઝાડના એક ઠૂંઠા ઉપર આમતેમ વળ ખાઈને પોતાની રૂડી મઝાની પૂંછડી જોતો ને રાજી થતો ઘોરખોદિયો દેખાણો.

રીંછે ઘોરખોદિયાને કહ્યું: "એય ઘોરખોદિયા, આમ જો, તારે વળી પૂંછડીને શું કરવી છે? તારી પૂંછડી મને આપી દે!"

"તારા મનમાં કેવા અજબ તરંગ ઊઠે છે!" ઘોરખોદિયાએ અચરજથી ચોંકી જઈને તડાક વળતો જવાબ દીધો. "આવી રૂડી મઝાની પૂંછડી તે કોઈ બીજાને આપી દેતું હશે!"

રીંછે ખિજાઈને ભારે પંજો ઘોરખોદિયાની પૂંછડી ઉપર મૂક્યો અને બરાડો પાડયો: "બહુ સારું, તું તારી મેળે રાજીખુશીથી નહિ આપે તો હું પરાણે આંચકી લઈશ!"

ઘોરખોદિયો ચીસ પડીને બોલી ઊઠયો: "ના, ના, મારી પૂંછડી તને કદી નહિ મળે!" પછી હતું એટલું જોર કરીને એ રીંછના પંજાથી છૂટો થઈ ગયો અને એકદમ ભાગવા માંડયો.

રીંછે જોયું તો ઘોરખોદિયાના થોડાક વાળ અને એની પૂંછડીનું ટેરવું પોતાના પંજામાં રહી ગયેલું. વાળ એણે ફેંકી દીધા, પણ પૂંછડીનું ટેરવું એની જગ્યાએ બરાબર ચોંટાડીને એ ઝાડની બખોલમાં બાકી રહી ગયેલું મધ ખાવા ઊપડી ગયો.

ઘોરખોદિયો એવી દહેશત ખાઈ ગયો કે ક્યાં જવું અને શું કરવું એની બીચારાને સમજ જ ન પડી. એના મનમાં એવી બીક પેસી ગઈ કે પોતે ગમે ત્યાં જઈને છુપાઈ જાય તોયે રીંછ તો કોઈ પણ ઘડીએ ત્યાં પહોંચી જ જવાનું અને બાકી વધેલી પૂંછડી પણ આંચકી જ લેવાનું. એટલે એણે જમીનમાં ઊંડી બખોલ ખોદીને એમાં જ ઘર બનાવી લીધું. એની પીઠમાં પડેલો જખમ થોડા દિવસોમાં રુઝાઈ ગયો અને લાંબી કાળી લીટી જેવો ડાઘ જ ફક્ત રહી ગયો. આજ સુધી એ ડાઘ જરાય ઝાંખો પડયો નથી.

એક દિવસ શિયાળ રખડતું ભટકતું અકસ્માત ઘોરખોદિયાના ઘર નજીક જઈ ચડયું. શિયાળે જમીનમાં મોટી બખોલ જોઈ. બખોલમાંથી નસકોરાંનો અવાજ સંભળાતો હતો, જાણે કેમ કોઈ વધારે પડતો દારૂ ઢીંચીને ઘોરતું હોય!

શિયાળ બખોલમાં ઊતર્યું અને જુએ છે તો ઘોરખોદિયો ઘસઘસાટ ઊંઘતો હતો.

શિયાળે નવાઈ પામીને ઘોરખોદિયાને પૂછ્યું: "અરે ભાઈ, તને જમીન ઉપર ક્યાંય રહેવાની જગ્યા ન મળી કે અહીં બખોલમાં છુપાઈને રહે છે?"

ઘોરખોદિયાએ નિસાસો નાખીને જવાબ આપ્યો: "ના, ભાઈ શિયાળ, મારાથી જમીન ઉપર રહેવાય એમ નથી. મારે જો ખાવાનું ગોતવા બહાર ન જવું પડતું હોત તો હું આ બખોલમાંથી ક્યારેય બહાર જ ન નીકળત, રાતે પણ નહિ."

પછી ઘોરખોદિયાએ આખી વાત માંડીને શિયાળને કહી સંભળાવી.

વાત સાંભળીને શિયાળે મનમાં ને મનમાં વિચાર્યું: "હં... તો એમ વાત છે! રીંછે ઘોરખોદિયાની પૂંછડી આંચકી લેવાની કોશિશ કરી છે તો હું ક્યાંક મારી પૂંછડી ગુમાવી ન બેસું! મારી પૂંછડી તો એની પૂંછડી કરતાં સો ગણી વધારે રૂપાળી છે."

એમ વિચારીને શિયાળ રીંછથી સલામત જગ્યા ગોતવા નીકળ્યું. એ આખી રાત જંગલમાં આમતેમ ભટક્યું, પણ એવી સલામત જગ્યા એને બીચારાને ક્યાંય ન મળી. આખરે થાકીને સવારે એણે ઘોરખોદિયાની જેમ જ જમીનમાં એક બખોલ ખોદી. પછી એ ધીરેથી એમાં ઊતર્યું અને પોતાની ગુચ્છેદાર પૂંછડી ઓઢીને નિરાંતે સૂઈ ગયું.

ત્યારથી તે આજ સુધી ઘોરખોદિયો અને શિયાળ જમીન ખોદીને બખોલના ઘરમાં વસે છે, અને રીંછને આજ સુધી બટન જેવડી ટચૂકડી પૂંછડી જ રહી છે.

વાસીલની જીત અને દૈત્યની હાર

બેલોરૂસી વાર્તા



સાચી બિના હશે કે ખોટાં ગપ્પાં હશે એની પંચાતમાં પડયા વગર આપણે વાર્તા સાંભળી જ લઈએ.

આ રહી વાર્તા. કોઈ દેશમાં એક વાર બહુ જ ભયાનક દૈત્ય આવી ચડયો. પહાડની તળેટીના જંગલમાં મોટી બખોલ ખોદીને એ નિરાંતે આરામ કરવા આડો પડયો.

એ કેટલી વાર સુધી સૂતો હશે એની તો કોઈને ખબર નથી, પણ ઊઠયો કે તરત જ બધા સાંભળે એમ જોરથી ગર્જના કરીને બોલ્યો:

"સાંભળી લો, બધાય બરાબર સાંભળી લો! પુરુષો ને સ્ત્રીઓ, ઘરડા ને જુવાનો, તમારે બધાએ રોજ મને ખોરાક પૂરો પાડવાનો છે: કોઈ પાડું લાવે, કોઈ ઘેટું લાવે, અને કોઈ બકરું લાવે! મારા હુકમનો જે બરાબર અમલ કરશે

એની જિંદગી સલામત રહેશે, પણ મારા હુકમનો અમલ નહિ કરે એનું મોત આવશે. હું એને જ ખાઈ જઈશ!"

લોકો તો બીચારા દહેશત ખાઈ ગયા અને દૈત્યના હુકમ મુજબ રોજ એને જનાવર પહોંચાડવા લાગ્યા. આમ ઘણા દિવસ ચાલ્યું. આખરે એવો વખત આવ્યો કે દૈત્યને મોકલવા કંઈ બચ્યું જ નહિ. જે કંઈ હતું એ લોકોની જિંદગી ટકાવી રાખવા માંડ પૂરતું હતું. પરંતુ દૈત્ય એવો હતો કે એક દિવસ પણ પોતાનું પેટ ભર્યા વગર એને ન ચાલે. એટલે એણે તો ક્યારેક એક ગામમાં તો ક્યારેક બીજા ગામમાં જઈને માણસોને પકડી લાવવાનું શરૂ કરી દીધું. જે કોઈ હાથમાં આવે એને પકડીને બખોલમાં લઈ જાય.

લોકો તો બીચારા અવગતિયા જીવની જેમ કકળતા અને રડારોળ કરતા આમતેમ ભટકતા, પણ નિર્દય દૈત્યના પંજામાંથી છૂટવાનો કોઈ ઉપાય એમને મળતો નહિ.

નસીબનું કરવું તે બરાબર એ જ વખતે વાસીલ નામનો માણસ ત્યાં જઈ ચડયો. એણે આવતાંવેંત જોયું કે લોકો બધા ખૂબ ઉદાસ છે, સૌનાં મોઢાં સાવ ઊતરેલાં છે, અને તેઓ હાથ મસળતા મોટે અવાજે રડે છે.

એણે પૂછયું: "અરે ભાઈ, વાત શું છે? તમારે માથે એવું તે શું દુખ આવી પડયું છે કે બધાં આમ રડારોળ કરો છો?"

લોકોએ વાસીલને આખી વાત કરી. સાંભળીને વાસીલે તેમને દિલાસો દેતાં કહ્યું:

"હવે રડો મા, અને ધીરજ રાખો! હું તમને દૈત્યના પંજામાંથી છોડાવવાની કોશિશ કરીશ."

એ તો હાથમાં એક ભારે ડંડો લઈને જંગલમાં દૈત્યની ગુફા તરફ રવાના થઈ ગયો.

દૈત્યે એને આવતો જોયો એટલે મોટા મોટા લીલા ડોળા આમતેમ ફેરવતાં એણે પૂછયું.

"તું આ ડંડો લઈને અહીં કેમ આવ્યો છે?"

"તને ખોખરો કરવા!" વાસીલે જવાબ દીધો.

સાંભળીને દૈત્ય બોલ્યો: "અરે વાહ! તું તો બહુ બહાદુર હો એમ લાગે છે! હજી ભાગવાનો વખત છે ત્યાં સુધીમાં પલાયન થઈ જા. હું એક ફૂંક મારીશ તો તું ઊડીને આખો ગાઉ આઘો જઈ પડીશ!"

વાસીલ હસીને બોલ્યો: "હવે ડંફાસ મારવી રહેવા દે, બુઢ્ઢા ચાડિયા! મેં તારા જેવા કેટલાય જોઈ લીધા છે! હમણાં ખબર પડશે કે કોણ વધારે જોરથી ફૂંક મારે છે! ચાલ, મારી જો તારી ફૂંક!"

દૈત્યે તો એટલા જોરથી ફૂંક મારી કે આસપાસનાં બધાંય ઝાડનાં પાંદડાં વરસાદની જેમ ખરી પડયાં, અને વાસીલ ગોઠણભેર પડી ગયો.

પણ તરત જ પાછો ટટાર થઈને એ બોલ્યો: "અરે, આ તો કંઈ નથી! આ જોઈને તો બિલાડીયે હસી પડે! હવે મારો વારો. પણ પહેલાં તું આંખે પાટો બાંધી લે, નહિતર તારા ડોળા બહાર નીકળી આવશે."

દૈત્યે આંખે રૂમલ બાંધી લીધો. વાસીલ એનો પાસે ગયો અને એના માથા ઉપર એવા જોરથી ડંડો ફટકાર્યો કે દૈત્યની આંખમાંથી આગના તણખા ઝર્યા.

દૈત્યે વાસીલને પૂછયું: "તું મારાથી વધારે જોરાવર હોય એમ બને ખરું? ચાલ, ફરી વાર જોર અજમાવીને જોઈએ કે પથ્થરની શિલાને કોણ વધારે જલદી ભાંગી નાખે છે."

દૈત્યે તો એક મોટી શિલા લીધી, એવડી મોટી કે જોખી હોય તો ચાળીસ મણ વજન થાય. એણે શિલાને બે પંજા વચ્ચે દબાવીને એનો ભૂકો કરી નાખ્યો. ભૂકો એવો ઝીણો થયો કે ધૂળના ગોટા ઊડયા.

વાસીલ હસી પડયો અને બોલ્યો: "અરે, આ તો કંઈ નથી! શિલાને દબાવીને એમાંથી પાણી કાઢી દે તો ખરો કહું!"

દૈત્યને તો ખરેખરી બીક લાગી ગઈ. એને લાગ્યું કે વાસીલ સાચેસાચ વધારે જોરાવર છે. વાસીલના ડંડા ઉપર નજર નાખીને એ બોલ્યો:

"તારે જે જોઈએ એ માગી લે, તું જે માગીશ એ હું તને આપીશ."

વાસીલે જવાબ દીધો: "ના, મારે કંઈ નથી જોઈતું. મારા ઘરમાં જે જોઈએ ને બધું પુષ્કળ છે, તારી પાસે છે એથીયે વધારે."

દૈત્યના માન્યામાં ન આવ્યું. એણે વાસીલને પૂછયું: "સાચું બોલે છે કે?"

"તારા માન્યામાં ન આવતું હોય તો ચાલ મારી ભેગો, અને જોઈ લે તારી પોતાની જ આંખે!"

બેઉ ગાડામાં બેસીને ઊપડયા. હવે દૈત્યને લાગી કકડીને ભૂખ. જંગલને છેડે કેટલાય ઘોડાને ચરતા જોઈને એણે વાસીલને કહ્યું:

"જા, જઈને એક ઘોડો પકડી લાવ એટલે આપણે પેટમાં કંઈક નાખીએ."

વાસીલ જંગલમાં ગયો અને ઝાડની છાલ ઉખેડવા લાગ્યો. દૈત્ય એની વાટ જોઈ જોઈને થાક્યો એટલે આખરે એને ગોતવા નીકળ્યો અને એની પાસે પહોંચીને પૂછવા લાગ્યો:

"આટલી બધી વાર કેમ લાગી?"

વાસીલે જવાબ આપ્યો: "તને દેખાતું નથી કે હું ઝાડની છાલ ઉખેડી રહ્યો છું?"

"પણ છાલને શું કરવી છે?"

"એના રેસાનું દોરડું બનાવીશું, અને જમણ માટે પાંચ ઘોડા પકડી લાવીશું."

"પાંચ ઘોડાને આપણે શું કરવા છે? એક ઘણો છે."

એમ કહીને દૈત્ય એક ઘોડાને ગરદનથી પકરીને ઢસડતો ગાડા પાસે લઈ ગયો.

"હવે જઈને થોડાંક લાકડાં લઈ આવ તો આપણે ઘોડાને ભૂંજી લઈએ," દૈત્યે વાસીલને કહ્યું.

વાસીલ જઈને ઓકના ઝાડ નીચે બેઠો અને બીડી વાળીને ધુમાડા કાઢવા લાગ્યો.

દૈત્યે ઘણી વાર સુધી વાસીલની વાટ જોઈ. અંતે એની ધીરજ ખૂટી ગઈ એટલે એ ગોતતો ગોતતો એની પાસે પહોંચ્યો. જઈને એણે વાસીલને પૂછયું:

"આટલી બધી વાર કેમ લાગી?"

"ઓકનાં દસબાર ઝાડ કાપીને લઈ જવાં છે એટલે જાડામાં જાડાં ઝાડ ગોતું છું."

"દસબાર ઝાડને આપણે શું કરવાં છે? એક ઘણું છે." એમ કહીને દૈત્યે ઓકનું એક જાડામાં જાડું ઝાડ આંચકો મારીને ખેંચી કાઢયું.

પછી એણે ઘોડાને આગમાં ભૂંજ્યો અને વાસીલને ખાવા બોલાવ્યો.

વાસીલે કહ્યું: "તું તારે ખાઈ લે. હું તો ઘેર જઈને જ ખાઈશ. એક ઘોડાથી મારો શું દહાડો વળવાનો હતો! મારે માટે તો એટલું ખાવાનું એક કોળિયા બરાબર છે!"

દૈત્ય ઘોડાને ખાઈ ગયો અને હોઠ ચાટવા લાગ્યો. પછી બેઉ આગળ ચાલ્યા અને થોડી વારમાં વાસીલને ઘેર પહોંચ્યા. એનાં છોકરાંએ બાપને આઘેથી આવતો જોયો એટલે ખુશ થઈને બોલી ઊઠયાં:

"બાપુ આવ્યા! બાપુ આવ્યા!"

પણ છોકરાં શું બોલતાં હતાં એ દૈત્યને બરાબર સમજાયું નહિ એટલે એણે વાસીલને પૂછયું:

"આ છોકરાં ઘાંટા પાડીને શું બોલે છે?"

વાસીલે દૈત્યને જવાબ દીધો: "છોકરાં જોઈને રાજી થયાં છે કે એમના ખોરાક માટે હું તને ભેગો લઈ આવ્યો છું. છોકરાં ખૂબ ભૂખ્યાં થયાં છે."

ત્યાં સુધીમાં દૈત્ય તો બીકનો માર્યો ધોળો પૂણી જેવો થઈ ગયો હતો. એવી વાત સાંભળીને એનાં તો હાજાં જ ગગડી ગયાં. ઠેકડો મારીને એ ગાડામાંથી નીચે ઊતર્યો અને બે પગ વચાળે પૂંછડી દબાવીને ભાગ્યો. પણ ભાગતાં ભાગતાં એ રસ્તો ભૂલી ગયો અને કળણમાં ફસાઈ પડયો. કળણ ખૂબ ઊંડું હતું, એટલું ઊંડું કે તળિયે પહોંચાય જ નહિ. દૈત્ય તો કળણમાં ઊંડો ને ઊંડો ખૂંતતો ગયો અને આખો ને આખો અંદર ડૂબી ગયો. એના રામ રમી ગયા. એવી રીતે લોકો દૈત્યના પંજામાંથી છૂટયા.

પિલીપ્કા અને ડાકણ

બેલોરૂસી વાર્તા





એક હતો ધણી અને એક હતી ધણિયાણી. એમને બીચારાંને એકેય છોકરું નહિ. ધણિયાણી તો દુખી હૈયે વિલાપ કર્યા કરે કે મારે પારણામાં પોઢનાર કોઈ નહિ, હું વહાલથી બચ્ચી ભરું અને મારા ખોળામાં ખૂંદે એવું કોઈ નહિ.

એક દિવસ ધણી જંગલમાં ગયો અને મોટા ઝાડમાંથી લાકડાનો કકડો કાપીને લઈ આવ્યો. લાકડું ધણિયાણીને આપીને એ બોલ્યો:

"લે, આને પારણામાં નાખીને ઝુલાવ!"

ધણિયાણીએ લાકડું પારણામાં મૂક્યું અને પારણું ઝુલાવતી હાલરડું ગાવા લાગી:

"મારા બાળુડા બેટા,
પારણે ઝૂલો, પારણે ઝૂલો!

રૂડી ગોરી તમારી કાયા,
કાળાં નેણ તમે ખોલો!"

એણે એક દિવસ પારણું ઝુલાવ્યું, બીજે દિવસે પારણું ઝુલાવ્યું, અને ત્રીજે દિવસે જુએ છે તો પારણામાં નાનકડો બાબો રમે!

ધણીધણિયાની તો બાબો જોઈને રાજી રાજીનાં રેડ થઈ ગયાં. એમણે નાનકડા દીકરાનું નામ પિલીપ્કા પાડયું અને બેઉ એને વહાલથી ઉછેરવા લાગ્યાં.

પિલીપ્કા મોટો થયો એટલે એણે પિતાને કહ્યું:

"બાપુ, મને સોનાની હોડી અને સોનાનું હલેસું બનાવી આપો. મારે માછલાં પકડવા જવું છે."

પિતાએ એને સોનાની હોડી અને સોનાનું હલેસું બનાવી આપ્યાં, અને માછલાં પકડવા એને તળાવે મોકલ્યો.

પિલીપ્કા તો ખંતથી માછલાં પકડવાના કામે લાગી ગયો. આખા આખા દિવસ અને આખી આખી રાત એ માછલાં પકડતો રહેતો. એટલી બધી માછલીઓ કાંટે સપડાતી કે એ ઘેર પણ ન જતો. એની મા એને માટે ખાવાનું લઈ આવતી. તળાવે આવીને એ કાંઠેથી બોલાવતી:

"બેટા પિલીપ્કા, બપોર થઈ ગયો છે. જો, હું તારે માટે સરસ મઝાની ભરેલી પૂરી લાવી છું, તું ચાખી તો જો!"

માનો સાદ સાંભળીને પિલીપ્કા કાંઠે આવતો, જેટલી માછલી પકડી હોય એટલી કાંઠે નાખતો, માએ બનાવેલી પૂરી ઝટપટ ખાઈ લેતો, અને હલેસાં મારતો પાછો તળાવની વચમાં પહોંચી જતો.

કાળી કદરૂપી ડાકણ બાબા-યાગા રોજ સાંભળતી કે પિલીપ્કાની મા દીકરાને કેવી રીતે બોલાવે છે.

એણે પિલીપ્કાને ખતમ કરી નાખવાનું નક્કી કર્યું.

ડાકણે તો એક કોથળો લીધો અને એક લોઢાનો સળિયો લીધો. પછી કાંઠે આવીને સાદ પાડયો:

"બેટા પિલીપ્કા, બપોર થઈ ગયો છે. જો, હું તારે માટે સરસ મઝાની ભરેલી પૂરી લાવી છું, તું ચાખી તો જા!"

પિલીપ્કાને થયું કે મા બોલાવે છે. એ તો હલેસાં મારતો કાંઠા પાસે આવ્યો બાબા-યાગાએ સળિયો હોડીમાં ભરાવી દીધો અને હોડીને કાંઠા ઉપર ખેંચી લીધી. પછી પિલીપ્કાને પકડીને કોથળામાં પૂરી દેતી એ બબડી:

"આહા! હવે તારાથી માછલાં બાછલાં નહિ પકડાય!"

કોથળો ખભે નાખીને બાબા-યાગા જંગલમાં ચાલતી ચાલતી ગીચ ઝાડીમાં દાખલ થઈ. પણ એનું ઘર બહુ આઘે હતું અને ચાલતાં ચાલતાં એ થોડી વારમાં થાકી ગઈ. થાક ઉતારવા જરાક બેઠી ત્યાં એને ઊંઘ આવી ગઈ. એને ઊંઘતી જોઈને પિલીપ્કા છાનોમાનો કોથળામાંથી બહાર નીકળી ગયો, અને કોથળામાં વજનદાર પથરા ભરીને પાછો તળાવે ચાલ્યો ગયો.

બાબા-યાગાની ઊંઘ ઊડી એટલે એ વળી પાછો કોથળો ખભે નાખીને બબડતી ને ઊંહકારા કરતી ઘેર લઈ ગઈ.

ઘેર પહોંચીને એણે દીકરીને કહ્યું: "આ માછીમારને ભૂંજીને મારે માટે ખાવાનું તૈયાર કર!"

એમ કહીને એણે કોથળો ભોંય ઉપર ખાલી કર્યો તો એમાંથી પથરા જ નીકળ્યા.

બાબા-યાગાને ઝાળ ચડી ગઈ અને એ જોરથી બરાડી ઊઠી: "મને બેવકૂફ બનાવી, એમ! હમણાં જ બતાવી દઉં છું કે મને બેવકૂફ બનાવવાનો કેવો અંજામ આવે છે!"

એ તો દોડતી તળાવને કાંઠે પહોંચી ગઈ અને સાદ પાડીને પિલીપ્કાને બોલાવવા લાગી:

"બેટા પિલીપ્કા, બપોર થઈ ગયો છે. જો, હું તારે માટે સરસ મઝાની ભરેલી પૂરી લાવી છું, તું ચાખી તો જો!"

પિલીપ્કાએ એનો સાદ સાંભળ્યો અને વળતો જવાબ દીધો:

"હું હવે તને ઓળખી ગયો છું! તું મારી મા નહિ પણ બાબા-યાગા ડાકણ છે. મારી માનો અવાજ તો તારા કરતાં ખૂબ ઝીણો છે."

બાબા-યાગા એને સાદ પાડીને બોલાવતી રહી, પણ પિલીપ્કાએ એની પરવા જ ન કરી.

બાબા-યાગા મનમાં ને મનમાં બોલી: "ભલે, વાંધો નહિ! હુંયે જઈને મારો અવાજ હમણાં ઝીણો કરાવી લાવું છું!"

એ તો દોડતી લુહાર પાસે જઈને બોલી: "ભાઈ લુહાર, મારી જીભને ધાર કાઢીને પાતળી બનાવી દે."

લુહાર કહે: "બહુ સારું, અબઘડી કરી દઉં. તારી જીભ જરા લાંબી કરીને આ મારી એરણ ઉપર મૂક."

બાબા-યાગાએ મોં ફાડીને લાંબી જીભ કાઢી અને એને એરણ ઉપર ગોઠવી. લુહારે ઘણ હાથમાં લીધો અને માંડયો જીમ ઉપર ઝીંકવા. બાબા-યાગાની જીભ સાવ પાતળી થઈ ગઈ ત્યાં સુધી લુહારે ઘણ માર્યા કર્યા.

પછી બાબા-યાગા દોડીને તળાવે ગઈ અને ઝીણા અવાજે સાદ પાડીને પિલીપ્કાને બોલાવ્યો:

"બેટા પિલીપ્કા, બપોર થઈ ગયો છે. જો, હું તારે માટે સરસ મઝાની ભરેલી પૂરી લાવી છું, તું ચાખી તો જો!"

પિલીપ્કાએ સાદ સાંભળ્યો અને એને લાગ્યું કે આ તો માનો અવાજ છે. હલેસાં મારતો એ કાંઠે આવ્યો એટલે બાબા-યાગાએ એને પકડીને કોથળામાં ઘાલી દીધો.

ડાકણ તો રાજી રાજી થઈને બોલી ઊઠી: "હવે ફરી વાર તું મને બેવકૂફ નહિ બનાવી શકે!"

પછી એ ચાલી નીકળી, અને રસ્તામાં થાક ખાવા રોકાયા વગર સીધી જ ઘેર પહોંચી ગઈ. ઘેર જઈને એણે કોથળો ઊંધો કર્યો અને પિલીપ્કાને બહાર કાઢયો. પછી દીકરીને બોલાવીને એણે કહ્યું:

આ રહ્યો, ધુતારો ક્યાંનો! ભઠ્ઠી સળગાવ, અને એને ભૂંજીને મારે માટે ખાવાનું તૈયાર કર!"

એટલું કહીને એ બહાર ચાલી ગઈ.

બાબા-યાગાની દીકરીએ ભઠ્ઠી સળગાવી. અને પછી એક પાવડો લાવીને એણે પિલીપ્કાને કહ્યું:

"આની ઉપર લાંબો થા એટલે હું તને ભઠ્ઠીમાં મૂકી દઉં."

પિલીપ્કા પાવડા ઉપર સૂઈ ગયો અને એણે પગ ઊંચા કરી દીધા.

બાબા-યાગાની દીકરી તડૂકી ઊઠી: "એમ નહિ! એમ પગ ઊંચા કરીને રાખે તો તને ભઠ્ઠીમાં કેવી રીતે મૂકું?"

પિલીપ્કાએ પગ નીચા કરીને પાવડાની બહાર લટકતા રાખ્યા.

ડાકણની દીકરી વળી પાછી બરાડી ઊઠી: "ના, ના, એમ નહિ!"

"તો પછી કેમ?" પિલીપ્કા બોલ્યો: "તું જ સૂઈને બતાવ!"

બાબા-યાગાની દીકરી અચરજ પામીને બોલી: "કેવો સાવ ગધેડા જેવો છે! આમ જો, આવી રીતે લાંબા થવાનું છે!"

એમ કહીને એ પોતે જ પાવડા ઉપર લાંબી થઈને પડી. પિલીપ્કાએ તરત જ પાવડો ઉપાડીને સળગતી ભઠ્ઠીમાં હોમી દીધો અને ભઠ્ઠી બંધ કરી દીધી. પછી એણે બાબા-યાગાનો સળિયો ભઠ્ઠી આડો ગોઠવી દીધો, જેથી છોકરી કૂદીને બહાર ન નીકળી જાય.

બધું પતાવીને એ દોડતો ઝૂંપડીની બહાર નીકળ્યો ત્યાં સામેથી બાબા-યાગા ચાલી આવે. પિલીપ્કાએ પાસે જ એક ઊંચું ઘટાટોપ ઝાડ જોયું એટલે એ ઝડપથી એની ઉપર ચડી ગયો અને ડાળીઓ વચ્ચે છુપાઈ ગયો.


બાબા-યાગા ઝૂંપડીમાં આવી અને સૂંઘવા લાગી કે તરત એને ભૂંજાતા માંસની વાસ આવી. ભઠ્ઠી પાસે જઈને એણે ભૂંજેલું માંસ બહાર કાઢ્યું અને ખાઈ ગઈ. પછી હાડકાં વાડામાં નાખીને એની ઉપર આળોટતી આળોટતી બોલવા લાગી:

"આ હાડકાં ઉપર હું આળોટું ને ગેલ કરું, આળોટું ને ગેલ કરું, મેં તો પિલીપ્કાનું માંસ ખાધું છે ને પિલીપ્કાનું લોહી પીધું છે."

સાંભળીને પિલીપ્કા ઝાડ ઉપરથી બોલ્યો:

"એ હાડકાં ઉપર તું આળોટ ને ગેલ કર, આળોટ ને ગેલ કર, તેં તો તારી સગી દીકરીનું માંસ ખાધું છે, તેં તો તારી સગી દીકરીનું લોહી પીધું છે."

સાંભળીને બાબા-યાગાને ભયંકર ઝાળ ચડી ગઈ અને એ ગુસ્સામાં લાલચોળ થઈ ગઈ. એ દોડતી ઝાડ પાસે પહોંચી ગઈ અને દાંત વડે ઝાડના થડને બચકાં ભરવા ને કરડવા લાગી. દાંત તૂટી ગયા ત્યાં સુધી ઝાડને બચકાં ભરતી જ રહી



પણ ઝાડ તો એવું ને એવું મજબૂત અને સખત ખડું રહ્યું.

બાબા-યાગા દોડતી લુહાર પાસે ગઈ.

એણે લુહારને ધમકી આપી: "અરે લુહાર, અરે લુહાર, મને હમણાં ને હમણાં પોલાદની કુહાડી ઘડી દે! નહિ ઘડી દે તો હું તારાં છોકરાંને ખાઈ જઈશ."

લુહાર તો બીચારો બીકનો માર્યો થરથરી ઊઠયો. એણે તરત જ બાબા-યાગાને પોલાદની કુહાડી ઘડી દીધી.

કુહાડી લઈને બાબા-યાગા વળી પાછી દોડતી ઝાડ પાસે આવી, અને ઝાડ ઉપર ધડાધડ કુહાડીના ઘા મારવા લાગી.

પિલીપ્કા બોલ્યો:

"કુહાડીનો ઘા પડે શિલા ઉપર, ઝાડ ઉપર નહિ!"

બાબા-યાગા બોલી:

"કુહાડીનો ઘા પડે ઝાડ ઉપર, શિલા ઉપર નહિ!"

વળી પિલીપ્કા બોલ્યો:

"કુહાડીનો ઘા પડે શિલા ઉપર, ઝાડ ઉપર નહિ!"

તરત જ કુહાડી શિલા જોડે અફળાઈ અને ધાર તૂટી જતાં સાવ બુઠ્ઠી થઈ ગઈ.

બાબા-યાગા ગુસ્સે ભરાઈને ગરજી ઊઠી અને કુહાડીને ધાર કઢાવવા પાછી લુહાર પાસે દોડી ગઈ.

પિલીપ્કાએ જોયું કે ઝાડના થડમાં ઊંડો કાપો પડી ગયો છે અને ઝાડ એક તરફ નમવા લાગ્યું છે. બાબા-યાગાએ ઝાડને લગભગ કાપી નાખ્યું હતું. જીવ બચાવવો હોય તો પિલીપ્કાને એકદમ કંઈક રસ્તો કાઢવો પડે એવી હાલત હતી.

બરાબર એ જ ઘડીએ હંસલાંનું ઝુંડ આકાશમાં ઊડતું નીકળ્યું. પિલીપ્કાએ હંસલાંને સાદ પાડયો:

"હંસલાં રે હંસલાં, અરજ કરું એક, એકેક પીંછું આલો મને દરેક. જઈશ હું માબાપ કને ઊડતો, કરશે અહેસાનનો બદલો એ ચૂકતો!"

દરેક હંસલાએ પિલીપ્કાને એકેક પીંછું આપ્યું. એણે એમાંથી અરધી પાંખ બનાવી.

એટલામાં હંસલાંનું બીજું ઝુંડ ઊડતું ઊડતું નીકળ્યું. પિલીપ્કાએ એમનેય સાદ પાડ્યો:

"હંસલાં રે હંસલાં, અરજ કરું એક, એકેક પીંછું આલો મને દરેક. જઈશ હું માબાપ કને ઊડતો, કરશે અહેસાનનો બદલો એ ચૂકતો!"

હંસલાંના બીજા ઝુંડમાંથી પણ દરેક હંસલાએ એને એકેક પીંછું આપ્યું.

પછી ત્રીજું ઝુંડ નીકળ્યું અને ચોથું ઝુંડ નીકળ્યું. દરેક હંસલાએ પિલીપ્કાને એકેક પીંછું આપ્યું.

પિલીપ્કાએ એ બધાં પીંછાંમાંથી બે રૂડી મઝાની પાંખ બનાવી અને એ હંસલાંની પાછળ પાછળ ઊડતો ચાલ્યો ગયો.

એ જ વખતે બાબા-યાગા કુહાડીને ધાર કઢાવીને પાછી આવી અને ઝાડ ઉપર ઘા લગાવવા માંડી. એવા જોરથી ઘા મારે કે ચોતરફ છોડિયાં ઊડે.

બાબા-યાગા ઘા મારતી જ ગઈ, મારતી જ ગઈ. આખરે ઝાડ કપાઈ ગયું અને જોરથી કડેડાટ કરતું સીધું ડાકણની ઉપર જ પડયું. બાબા-યાગા ઝાડ નીચે દબાઈ ગઈ અને એનો જીવ નીકળી ગયો.


પિલીપ્કા ઊડતો ઊડતો ઘેર પહોંચ્યો. અને જોઈને એનાં માબાપ ખૂબ રાજી રાજી થઈ ગયાં, અને દીકરાને પાટલે બેસાડીને ભાતભાતની લહેજતદાર વાનગીઓ ખવડાવવા લાગ્યાં.

પિલીપ્કાનાં માબાપે બધાંય હંસલાંને ઘઉં, જવ, વગેરે અનાજના દાણાની ચણ નાખી. હાંસલાં તો પેટ ભરીને દાણા ચણ્યાં અને ખુશ થઈ ગયાં.

હાંસલાં ગયાં ઊડી, અને વાર્તા થઈ પૂરી.

હિમબાપા અને હિમબેટો

લિથુઆનિયાની વાર્તા



એક હતા હિમબાપા. હિમબાપા ખૂબ ઘરડા. એમને એક દીકરો. દીકરો જુવાન હતો. એનું નામ પણ હિમ, એટલે હિમબેટો કહેવાય. હિમબેટાને ડંફાસ હાંકવાની બહુ ટેવ. એવો બડાઈખોર કે બસ પૂછવું જ નહિ. એની ડંફાસ સાચી માની લઈએ તો એમ થાય કે એના જેવું હોશિયાર અને જોરાવર દુનિયામાં બીજું કોઈ હશે જ નહિ.

નવરા હિમબેટાના મનમાં એક દિવસ તરંગ ઊઠયા:

"બાપુ તો હવે ઘરડા થઈ ગયા છે. એમનાથી પોતાનું કામ પણ બરાબર બનું નથી. હું જુવાન છું, અને વળી જોરાવર પણ ખૂબ છું. હું ધારું તો લોકોને ટાઢથી ઘણા વધારે ઠારી દઈ શકું. મારાથી છુપાઈને કોઈ બચી શકે જ નહિ, અને મને કોઈ હરાવી શકે નહિ. ભલે ને ગમે તે મારી સામે આવે, હું તો એને પછાડી જ દઉં!"

કોઈ મળી જાય તો એને હિમથી ઠારી દેવાનો પાકો ઇરાદો કરીને હિમબેટો ઊડતો રસ્તા ઉપર આવ્યો. સામેથી એક અમીર ઘોડાગાડીમાં બેસીને આવે. રૂપાળા થનગનતા ઘોડા ગાડીને જોડેલા હતા. ઘોડાને ખોરાક સારો મળતો હશે કેમ કે એમનાં શરીર ભરેલાં ને માંસલ હતાં. અમીર પોતે પણ કદાવર શરીરનો ને જાડો હતો. એણે રુવાંટીદાર ગરમ કોટ પહેરેલો અને પગ ઉપર ધાબળો ઓઢેલો.

અમીરની સામે જોઈને હિમબેટાને હસવું આવ્યું અને એ મનમાં બોલ્યો:

"અરે, તું તારે ગરમ રુવાંટીદાર કપડાં જેટલાં પહેરવાં હોય એટલાં પહેર ને, પણ એથી કંઈ તું મારાથી બચી જવાનો નથી. મારો બાપ બીચારો ઘરડો થઈ ગયો છે એટલે કદાચ તને બરાબર પરચો ન દેખાડી શક્યો હોત! પણ હું તો તને ખબર પાડી દઈશ. હમણાં એવો ઠારી દઉં કે છેક તારાં હાડકાંમાં ટાઢ ઘૂસી જાય. થઈ જા તૈયાર! તારો રુવાંટીદાર કોટ કે તારો ધાબળો કંઈ તને હવે બચાવે એમ નથી!"

હિમબેટો તો પહોંચ્યો અમીર પાસે અને માંડ્યો એને હેરાનપરેશાન કરવા. ઘડીક ધાબળાની નીચે ઘૂસે, પછી બાંયમાં ભરાઈ જાય, કૉલરની નીચેથી અંદર જાય, અને નાકના ટેરવા ઉપર જોર અજમાવે.

અમીરને ટાઢ લાગવા માંડી. ઘોડાને વધારે ઝડપથી દોડાવવાનો કોચવાનને હુકમ કરતો એ બોલી ઊઠયો:

"ઝટ કર, નહિતર હું તો ટાઢમાં ઠરીને મરી જ જઈશ!"

હિમબેટાએ તો અમીરને વધારે ને વધારે હેરાન કરવાનું ચાલું રાખ્યું. નાકના ટેરવા ઉપર એવું જોર અજમાવ્યું કે બીચારા અમીરને પીડા ઊપડી. એના હાથપગ ઠંડાગાર થઈ ગયા અને એનો શ્વાસ અદ્ધર ચડી ગયો.

અમીર તો ટાઢનો માર્યો આમ હલે ને તેમ હલે, બેઠકમાં ઊંચોનીચો થાય, એનું આખું શરીર ધ્રૂજતું જાય ને ટાઢમાં સંકોચાતું જાય.

અમીરે બરાડીને કોચવાનને કહ્યું: "વધારે ઝડપથી દોડાવ! હજી વધારે ઝડપથી!"

પણ થોડી વારમાં એના ઘાંટા બંધ થઈ ગયા. એના અવાજ ગળામાંથી બહાર જ નહોતો નીકળતો.

ઘેર પહોંચતાં સુધીમાં તો અમીર અધમૂઓ થઈ ગયો. એને ગાડીમાંથી ઉપાડીને બહાર કાઢવો પડયો.

હિમબેટો ઊડીને હિમબાપા કને ગયો અને ડંફાસ તથા બડાઈ હાંકવા લાગ્યો. એણે ફુલાઈને કહ્યું:

"મારી સામે જુઓ, બાપુ, આમ મારી સામે તો જુઓ! હું ખૂબ જોરાવર થઈ ગયો છું! હવે તમે મને કોઈ રીતે આંબી શકો એમ નથી! આજે મેં કેવા કદાવર અને જાડા અમીરને ઠારીને બરફ બનાવી નાખ્યો! અને કેવા ગરમ કોટ નીચે હું ઘૂસી ગયો! તમારાથી હવે એમ કદી થાય જ નહિ! એવા કદાવર અને માતેલા માણસને તમે કદી ન જ ઠારી શકો!"

હિમબાપા મૂછમાં હસ્યા અને બોલ્યા:

"અરે બડાઈખોર છોકરા, તારી તાકાતની ને હિંમતની આટલી બધી ડંફાસ હાંકવાની બહુ ઉતાવળ કર મા! વાત સાચી કે તું એ જાડા અમીરના ગરમ કોટ નીચે ઘૂસી ગયો અને તેં એને ટાઢથી ઠારી નાખ્યો. પણ એમાં કંઈ મોટો ગઢ નથી જીતી લીધો! પણે જો, પેલો સુકલકડી ને ચીંથરેહાલ ખેડૂત જાય છે. એનો ઘોડો પણ તદ્દન માયકાંગલો છે. દેખાય છે?"

"હા, દેખાય છે."

"એ જાય છે જંગલમાં લાકડાં ફાડવા. જા, જઈને એને ઠારી નાખવાની મહેનત કરી જો! એને ઠારી નાખવામાં સફળ થઈ જા તો હું તારી વાત માની લઉં કે તું ખૂબ જોરાવર થઈ ગયો છે!"

જુવાન હિમબેટો તો ગેલમાં આવી જઈને બોલી ઊઠયો: "અરે! એમાં ને શી મોટી વાત છે! એને તો હમણાં ચપટી વારમાં ઠારીને બરફ બનાવી દઉં!"

હિમબેટો હવામાં ઊડીને ખેડૂત તરફ રવાના થઈ ગયો. જોતજોતામાં એ ખેડૂતને આંબી ગયો અને એને હેરાન કરવા લાગ્યો. એ ઘડીક આણીકોર ઊડે ને ઘડીક ઓલીકોર ઊડે, પણ ખેડૂત તો ઘોડો ચલાવતો જ રહ્યો, એક પળ પણ થોભ્યો નહિ. પછી હિમબેટાએ એના પગ ઉપર હુમલો કર્યો. પણ ખેડૂત ઠેકડો મારીને નીચે ઊતરી ગયો અને ઘોડાની જોડે દોડવા લાગ્યો.

હિમબેટાએ મનમાં વિચાર્યું: "ઠીક, એમ વાત છ! વાંધો નહિ, જરાક

વાર થોભી જા. હમણાં તું જંગલમાં પહોંચે એટલે પછી ત્યાં તને ઠારીને બરફ જ બનાવી દઉં!"

ખેડૂત જંગલમાં પહોંચ્યો. પહોંચતાંવેંત એણે કુહાડી કાઢી અને માંડયો એક પછી એક ઝાડ ધડાધડ પાડવા. કુહાડીના એવા ઘા મારે કે ચોતરફ છોડિયાં ઊડે!

હિમબેટાએ પણ એને હેરાન કરવામાં કંઈ બાકી ન રાખ્યું. ઘડીક એના હાથ ને પગ ઉપર ત્રાટકે, ઘડીક એના કૉલર નીચે ઘૂસી જાય...

પણ હિમબેટો જેમ વધારે કનડતો જાય એમ ખેડૂત વધારે જોરથી કુહાડી ચલાવતો જાય, અને વધારે ઝાડ પાડતો જાય. ઝાડ પાડવાની મહેનતથી એને એટલી ગરમી લાગી કે એણે તો હાથમાંથી મોજાં પણ કાઢી નાખ્યાં.

હિમબેટો સાવ થાકીને લોથપોથ થઈ ગયો તોયે એણે ખેડૂતને કનડવાનું ચાલુ જ રાખ્યું.

એની કોઈ કારી ફાવી નહિ એટલે એ મનમાં ને મનમાં બોલ્યો: "કંઈ વાંધો નહિ, હું તને હરાવ્યા વગર છોડીશ જ નહિ ને! તું જંગલમાંથી ઘેર પાછો જવા નીકળીશ ત્યારે તારાં હાડકાં ટાઢાં કરી નાખીશ, જોજે તો ખરો!"

એમ વિચારીને એ લાકડાં ભરવાના ગાડા પાસે ગયો. ગાડામાં ખેડૂતનાં હાથમોજાં પડયાં હતાં. હિમબેટો તેમાં લપાઈને બેસી ગયો. મોજાંમાં અડ્ડો જમાવીને એ મનમાં હસ્યો ને બોલ્યો:

"હવે જોઈ લેવાશે કે ખેડૂત આ મોજાં કેમ કરીને પહેરે છે! ટાઢથી મેં એને એવાં કડક બનાવી નાખ્યાં છે કે એમાં કોઈથી આંગળાં નખાય એમ જ નથી!"

હિમબેટો ખેડૂતનાં મોજાંમાં બેઠો બેઠો વાટ જોવા લાગ્યો. ખેડૂત લાકડાં ફાડતો જ રહ્યો, જાણે કેમ એને બીજી કોઈ વાતની પરવા જ ન હોય! આખું ગાડું લાકડાંથી ભરાઈ ગયું ત્યાં સુધી ખેડૂત લાકડાં ફાડતો રહ્યો.

પછી ખેડૂતે વિચાર્યું: "ચાલ જીવ, હવે પાછો વળું."

એણે મોજાં હાથમાં લીધાં અને પહેરવાની કોશિશ કરી, પણ મોજાં તો લાકડા જેવાં સખત થઈ ગયાં હતાં.

હિમબેટો હસતો હસતો મનમાં બોલ્યો: "લે, હવે બોલ કે તું શું કરવાનો!"

ખેડૂતે જોયું કે મોજાં બહુ કડક થઈ ગયાં છે અને કોઈ વાતે પહેરાય એમ

નથી. એટલે એણે કુહાડી ઊંધી પકડીને મોજાંને ધોકાવવાનું શરૂ કરી દીધું. મોજાં ઉપર ધડાધડ ફટકા પડવા લાગ્યા.

ખેડૂતની કુહાડી મોજાં ઉપર પડે ધડ ધડ! મોજાંની અંદર હિમબેટો રાડ પાડે ઓયવોય!

એમ ખેડૂતે હિમબેટાનાં હાડકાં એવાં ખોખરાં કર્યાં કે એ માંડ માંડ જીવ બચાવીને ત્યાંથી નાઠો.

ખેડૂત લાકડાં લઈને ઘોડાને જોરથી દોડાવતો ઘેર ચાલ્યો ગયો. હિમબેટો ઊંહકારા ભરતો ને પડતો આખડતો હિમબાપા પાસે પહોંચ્યો.

હિમબાપા એને જોઈને ખડખડાટ હસી પડયા અને પછી હિમબેટાને પૂછવા લાગ્યા:

"શું થયું, બેટા? આમ પડતો આખડતો ને લથડિયાં ખાતો કેમ ચાલે છે?"

"ખેડૂતને ટાઢમાં ઠારી નાખવા ગયેલો પણ મારાં જ હાડકાં સાવ ખોખરાં થઈ ગયાં."

"અને આમ દયામણો થઈને ઊંહકારા કેમ ભરે છે?"

"તો બીજું શું કરું! ખેડૂતે એવો મેથીપાક ચખાડયો છે કે મારાં તો પડખાં દુખે છે!"

"તો આમાંથી પાઠ શીખજે, બેટા! આંગળીય હલાવે નહિ એવા આળસુ અમીરને હરાવવો એ તો સાવ સહેલું છે. પણ મહેનત કરીને જીવતા ખેડૂતને કોઈ ન હરાવી શકે, સમજ્યો? અને આ વાત જિંદગીમાં ક્યારેય ભૂલતો નહિ!"

જમીનદાર કેવી રીતે ઘોડો બની ગયો

લાતવિયાની વાર્તા



જૂના જમાનામાં એક ભારે જુલમી જમીનદાર થઈ ગયો. બીચારા મજૂરોને એક પળ પણ નવરા ન રહેવા દે અને અધમૂઆ થઈ જાય ત્યાં સુધી કામ કરાવ્યે જ રાખે. વારતહેવારને દિવસે પણ એમને ઘડીનોય આરામ ન મળે.

એમ કરતાં એક બહુ મોટા તહેવારનો દિવસ આવ્યો. મોટા ભાગના લોકો થાક ઉતારવા આરામ કરતા હતા. પણ જમીનદારે સવારના પહોરમાં મજૂરોને બોલાવ્યા અને ખળામાં અનાજ ઝૂડવા મોકલી દીધા.

મજૂરો રાતદિવસ અનાજ ઝૂડી ઝૂડીને એટલા બધા થાકી ગયેલા કે એમનાથી સરખા ઊભા પણ રહેવાતું નહોતું.

જેમતેમ મહેનત કરીને એમણે ખળામાં કામ ચાલુ કર્યું ત્યાં જમીનદાર હાથમાં લાકડી લઈને ખળામાં પહોંચ્યો. એને લાગ્યું કે મજૂરો કામમાં સાવ

ઢીલા છે. એટલે લાકડી ઉગામીને મજૂરોને ધમકાવતો એ બરાડયો:

"રખડુ, કામચોર, આ બધુંય અનાજ ઝુડાઈ ન જાય ત્યાં સુધી ખળામાંથી બહાર પગ મૂકવાનો નથી, સમજ્યા!"

મજૂરોએ જમીનદારને કહ્યું કે એક ઘોડો આપો તો ઝૂડવાનું કામ વધારે ઝડપથી થાય.

જમીનદાર તડૂકી ઊઠયો: "શું બોલ્યા? હું તમને ઘોડો આપું? ફરી વાર એવી વાત કરી છે તો ગળચી દબાવીને તમને દરેકને જાનથી મારી નાખીશ! ઘોડોબોડો કંઈ નહિ મળે! ઘોડાને આરામની જરૂર છે. બધું કામ તમારે જ કરવાનું છે!"

બરાડી બરાડીને ગળું થાકી ગયું એટલે જમીનદાર ખળામાંથી બહાર નીકળી ગયો. ખળામાં ઊભા રહીને ધૂળ ખાવાનું એને જરાય ગમતું નહોતું.

એણે ખળામાંથી બહાર પગ મૂક્યો કે તરત જ મજૂરોને બહારથી કોઈનો અવાજ સંભળાયો:

"જરા ધીરે! ધીરે! ઊભો રહે!.."

પછી ઘોડો હણહણ્યો અને લગામ ખખડી. જરૂર કોઈ ઘોડો જોડી રહ્યું હતું.

કોણ હશે?

અચાનક એક ઘરડો માણસ ખળામાં આવ્યો. માણસ બહુ જ ઘરડો હતો. એને લાંબી ધોળી દાઢી અને વીજળીની જેમ ચમકતી આંખો હતી. એની પાછળ પાછળ લગામથી દોરાતો બદામી રંગનો થનગનતો જોરાવર ઘોડો ચાલ્યો આવે.

ઘરડો માણસ ખળામાં આવ્યો અને મજૂરોને દુવાસલામ કરીને બોલ્યો:

"લો આ ઘોડો. એને કામે વળગાડો. સખતમાં સખત કામ લેજો. લાકડાં સારુ જંગલમાં જાઓ ત્યારે ઝાડનાં થડ કાપીને ગાડામાં ભરવાને બદલે ડાળીપાંદડાં સમેત આખાં ને આખાં ઝાડ ઘોડા સાથે બાંધી દેજો. ભલે ઘોડો એને ઢસડીને જમીનદારના ઘર સુધી લઈ જાય. જરાય આનાકાની કરે કે ખસવાનો ઇન્કાર કરે તો જરાય દયા બતાવ્યા વગર એને ચાબુક વડે બરાબર ફટકારજો. ફટકારતાં ચાબુક તૂટી જવાની ચિંતા કરતા નહિ! ચાબુક ગમે ત્યાં મારજો—પડખામાં, પીઠ ઉપર, જ્યાં મન ફાવે ત્યાં—પણ માથા ઉપર મારતા નહિ. એટલું ધ્યાન

બરાબર રાખજો. અને એને ખાવાનું મુદ્દલ દેતા નહિ. સાંજે તબેલામાં મૂકવા જાઓ ત્યારે એને પેટે પટ્ટા બાંધીને છતમાં લટકાવી દેજો. દિવસ આખો કામ કરીને રાતે એ ભલે લટકતો. એથી એને ફાયદો જ થશે."

એટલું કહીને ઘરડો માણસ અદૃશ્ય થઈ ગયો.

ઘોડાએ જોરથી હણહણાટ કર્યો. એના હણહણાટનો અવાજ જમીનદારના બરાડા જોડે એટલો બધો મળતો આવતો હતો કે ઘોડાની જાત પારખવામાં મજૂરોને જરાય વાર ન લાગી. તેઓ માંહોમાંહે વાત કરવા લાગ્યા:

"વાદળ-વીજળીના દેવ પેરકોનબાબા જ આપણને ઘોડો આપી ગયા લાગે છે. એમની આજ્ઞાનું તો બરાબર પાલન થવું જ જોઈએ. એમણે ઘોડાની બાબતમાં જે કંઈ કહ્યું છે એમ જ આપણે કરવાનું છે."

મજૂરોએ ઘોડાને તરત જ અનાજ ઝૂડવાના કામે લગાવી દીધો. પણ ઘોડો ભારે હઠીલો હતો. એ તો ઊંચોનીચો થાય, હણહણાટ કરે, પગ પછાડે, અને ગરદન વાંકીચૂકી કરે. વાત તદ્દન સાફ હતી. એને કામ નહોતું કરવું. પણ મજૂરોએ જરાય પરવા કરી નહિ, અને ફરી વાર એવી અવળચંડાઈ ન કરે એટલા માટે ચાબુક લઈને એને સારી પેઠે મેથીપાક ચખાડયો.

એ દિવસથી કામ એમ જ ચાલતું રહ્યું. સખત મહેનતનું કામ આવે એટલે મજૂરો તરત જ ઘોડો જોડે. અને ઘોડો જરાય આનાકાની કરે તો મુદ્દલ દયા ખાધા વગર એને ચાબુક અને લાઠી વડે ફટકારે.

ઘોડો એક પળનોયે આરામ કર્યા વગર આખો દિવસ તનતોડ મહેનત કરે. રાત પડે એટલે મજૂરો એને તબેલામાં લઈ જાય અને પટ્ટા બાંધીને છતમાં લટકાવી દે. ઘોડો સવાર સુધી એમ લટકતો જ રહે.

વળી મજૂરો એને ખાવાનું પણ ન આપે. જેટલા દિવસ એણે કામ કર્યું તે પૂરા વખત દરમિયાન એ શિયાળામાં ક્યારેક ગાડામાંથી એકાદ રાડું ચોરીને ખાઈ લેતો, અને ઉનાળામાં વાડ નજીક ઊગી નીકળેલા ઘાસનાં થોડાંક તણખલાં ક્યારેક કરડી ખાતો. બસ. એ સિવાય બીજું કશું ખાવાનું એને નહોતું મળ્યું.

જે દિવસે ઘરડો માણસ ઘોડાને ખળામાં મૂકી ગયો હતો તે જ દિવસથી નિર્દય જમીનદાર અદૃશ્ય થઈ ગયો હતો. એની ઘરવાળીએ ચારે તરફ બહુ

તપાસ કરાવી પણ ક્યાંય ભાળ મળી નહિ.

એમ કરતાં કરતાં એક આખું વરસ વીતી ગયું. શરૂઆતમાં તો ઘોડો ખૂબ જોરાવર, કદાવર, અને રૂપાળો હતો. પણ આખું વરસ મહેનત કરવામાં એની બધી તાકાત ખર્ચાઈ ગઈ. એની આંખો ઊંડી ઊતરી ગઈ અને મોઢું ઢીલું થઈ ગયું. પડખાંમાં પાંસળીઓ દેખાવા લાગી. પીઠમાં ખાડો પડી ગયો. એના વાળ ઢીલા ને પાંખા પડી ગયા.

એક દિવસ વાડામાં ઘોડાને જોઈને ઘરધણિયાણીએ મુખીને કહ્યું:

"આ સડેલા ઘરડા ખચ્ચરને જંગલમાં લઈ જઈને ઠાર કરી નાખવો જોઈએ. એ સાવ નકામો છે. મને તો એને જોતાં જ ચીતરી ચડે છે!"

પણ મુખીનેય સમજાઈ ગયું હશે કે ઘોડો હકીકતમાં કોણ છે, એટલે એણે એને મારી ન નાખ્યો.

એક વાર કોઈ મોટા તહેવારના દિવસે સવારે બધા આરામ કરતા હતા ત્યારે ઘોડો છાનોમાનો તબેલામાંથી બહાર નીકળી ગયો અને જમીનદારના શાકભાજીના વાડામાં ઘૂસી જઈને કોબીજ ખાવા લાગ્યો.

ઘરધણિયાણી એ વખતે ફરવા નીકળી હતી અને ફરતી ફરતી એ શાકભાજીના વાડામાં આવી ચડી. ત્યાં જુએ છે તો એ જ સડેલો ઘોડો કોબીજનાં પાંદડાં તોડતો જાય છે અને અધીરાઈથી પેટમાં ઠાંસતો જાય છે.

ઘરધણિયાણીને ઝાળ ચડી ગઈ અને એ બરાડી ઊઠી:

"કમજાત! જંગલી! ઊભો રહે, હમણાં જ તને ખબર પાડું કે કોબીજ કેમ ખવાય છે! એવી મઝા ચખાડું કે આખી જિંદગી યાદ કરે!"

એમ કહીને એણે એક જાડો પરોણો ઉપાડયો અને ધડાક દઈને ઘોડાના માથા ઉપર ફટકાર્યા. પણ અરે! આ તે કેવું કૌતુક! માથામાં પરોણો વાગતાં જ ઘોડાનું રૂપ બદલાઈ ગયું અને એ જમીનદાર થઈને સામે ઊભો રહ્યો.

નબળા અને દયામણા અવાજે એ બોલ્યો:

"અરે, મારા ઘરની રાણી, મને આમ મારવા કેમ માંડી છે? કોબીજનાં થોડાંક પાંદડાં ખાઉં એ પણ તારાથી નથી જોયું જતું?.. આખા વરસના ભૂખમરા પછી એ પાંદડાં મને એવાં મીઠાં લાગે છે કે જિંદગીમાં ક્યારેય ખાધેલી સૌથી

લહેજતદાર વાનગીઓ પણ એની આગળ કંઈ હિસાબમાં નથી."

હવે ઘરવાળીએ એને ઓળખ્યો, અને ઓળખતાંવેંત એ હાયવોય કરવા લાગી. જમીનદાર પહેલાં જેવો જરાય નહોતો દેખાતો. એ તો ખૂબ દૂબળો થઈ ગયો હતો. એનું મોં કાળું પડી ગયું હતું, દાઢી ખૂબ વધીને જટા જેવી થઈ ગઈ હતી, આંગળાંના નખ લાંબા નહોર જેવા થઈ ગયા હતા. એનું આખું શરીર કાપાથી ને ઉઝરડાથી ભરેલું હતું, અને એનાં કપડાંનું તો સાંધણ અને ચીંથરાં સિવાય બીજું કંઈ જ બાકી નહોતું રહ્યું.

ઘરવાળીએ એનો હાથ પકડયો અને કોઈ જોઈ જાય તે પહેલાં એને છાનીમાની ઘરમાં લઈ ગઈ.

એ દિવસથી જમીનદાર સાવ નરમ ઘેંસ જેવો થઈ ગયો અને સૌની જોડે ભલમનસાઈનું વર્તન રાખવા લાગ્યો.

જેવી લાયકાત એવું પામે

એસ્તોનિયાની વાર્તા





એક વાર એક ગરીબ ઘરડો મુસાફર પગપાળો પંથ કાપતો જતો હતો. ચાલતાં ચાલતાં સાંજ પડી ગઈ અને રાતનો વખત નજીક આવતો ગયો.

ઘરડા મુસાફરે નક્કી કર્યું કે કોઈ ઘર આવે તો રાત ગાળવા દેવાની અરજ કરવી. થોડી વારમાં એક મોટું ઘર આવ્યું એટલે એણે સાંકળ ખખડાવી અને કહ્યું :

"ભલા માણસો, તમારા ઘરમાં રાતવાસો રહેવા દો તો મહેરબાની!"

અવાજ સાંભળીને ઘરની માલિકણ બાઈએ બારણું ઉઘાડ્યું. બાઈ ધનવાન હતી. એણે બહાર આવીને અજાણ્યા મુસાફરને ધધડાવી નાખતાં જીભડો વહેતો મૂક્યો :

"આવ્યો છે રાતવાસો ગાળવા! હમણાં કૂતરા છોડી મૂકીશ ને તો ખબર પડશે કે રાતવાસો ગાળવાની વાત કેમ કરાય છે! ચાલ, જલદી રસ્તો માપવા માંડ!"

ઘરડો મુસાફર બીચારો આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં એને એક નાનકડું ઘર નજરે પડયું. ઘર કોઈ ગરીબનું હોય એવું લાગ્યું. બારણા પાસે જઈને એણે સાંકળ ખખડાવી. બારણું ઊઘડયું એટલે એણે કહ્યું:

"ભલા માણસો, તમારા ઘરમાં મને રાતવાસો રહેવા દેશો?"

ઘરની માલિકણ બાઈએ બારણું ઉઘાડયું અને ભાવથી કહ્યું: "આવો, ભાઈ, આવો, તમતમારે ખુશીથી અમારા ઘરમાં રાત ગાળો. પણ ઘરમાં ઘોંઘાટ બહુ થાય છે અને જગ્યા થોડી છે, એટલે તમને તકલીફ પડે તો માઠું ન લગાડશો."

અજાણ્યા મુસાફરે અંદર જઈને જોયું તો કુટુંબ ઘણું જ ગરીબ હતું. ઘરમાં ઘણાં બાળકો હતાં અને એમનાં શરીર ઉપર જૂનાં ને ફાટેલાં કપડાં હતાં. મુસાફરે બાઈને પૂછયું:

"બાળકોને તમે આવાં ચીંથરાં જેવાં કપડાં કેમ પહેરાવો છો? એમને માટે નવાં ખમીસ કેમ નથી બનાવી લેતાં?"

બાઈએ જવાબ આપ્યો: "કેમ કરીને બનાવું, ભાઈ? મારો ધણી બીચારો ગુજરી ગયો, અને છોકરાંને હવે મારે એકલીએ જ ઉછેરવાં પડે છે... અમને તો ખાવા પૂરા રોટલાય નથી મળતા, ત્યાં કપડાંની શી વાત કરવી!"

અજાણ્યો મુસાફર મૂંગો મૂંગો સાંભળતો રહ્યો, જવાબમાં એક શબ્દ પણ બોલ્યો નહિ. પછી બાઈએ ટેબલ ઉપર ખાવાનું મૂક્યું, અને એને બધાંની જોડે જમવા બોલાવ્યો:

"ચાલો, ભેગાં બેસીને જમીએ."

ઘરડા મુસાફરે કહ્યું: "ના, તમતમારે જમી લો. તમારો ખૂબ આભાર, પણ મને ભૂખ નથી લાગી. મેં હમણાં થોડી વાર પહેલાં જ ખાઈ લીધું છે."

એમ કહીને એણે થેલો ખોલ્યો અને એમાં જે કંઈ ખાવાનું હતું એ બધુંય બાળકોને ખવડાવી દીધું. પછી એ આડો પડીને સૂઈ ગયો અને થોડી વારમાં ઘસઘસાટ ઊંઘી ગયો.

સવારમાં ઊઠીને ઘરડા મુસાફરે મહેમાનદારી બદલ બાઈનો આભાર માનો અને જતાં જતાં કહ્યું:

"તમે સવારમાં જે કરશો તે સાંજ સુધી કરતાં રહેશો."

અજાણ્યા મુસાફરના શબ્દો બાઈને તો બીચારીને જરાય સમજાયા નહિ, અને એણે એની ઉપર ધ્યાન પણ ન આપ્યું. મુસાફરને દરવાજા સુધી વળાવીને એ પાછી ઘરમાં આવી.

ઘરમાં આવ્યા પછી એને મનમાં થયું: "આવો ગરીબ માણસ પણ કહે કે મારાં છોકરાં ચીંથરેહાલ છે, તો પછી બીજા લોકો શું કહેતા હશે!"

ઘરમાં વધારે કપડાં સીવવા માટે કાપડ તો હતું જ નહિ, પણ એક ટુકડો ક્યાંક પડયો છે એમ એને યાદ આવ્યું. એણે તરત જ નક્કી કર્યું કે એ છેલ્લા ટુકડામાંથી એક ખમીસ તો હમણાં ને હમણાં જ બનાવી નાખવું. એને થયું કે એક ખમીસ જેટલુંય કપડું છે કે નહિ એ માપી જોઉં તો ઠીક. એટલે એ ધનવાન પાડોશણને ત્યાં જઈને માપવાની પટ્ટી માગી લાવી.

પટ્ટી લઈને આવી કે તરત જ અભરાઈ ઉપરથી કાપડનો વીંટો ઉતાર્યો અને કાપડ માપવાનું શરૂ કર્યું. જેમ જેમ માપતી ગઈ તેમ કાપડનો ટુકડો લાંબો થતો ગયો અને કેમેય કરીને ખૂટે જ નહિ! એ તો આખો દિવસ માપતી જ રહી. છેક સાંજ પડી ત્યારે કાપડનો છેડો આવ્યો.

કાપડ માપી લીધું એટલે એને ખાતરી થઈ કે પોતાને અને પોતાનાં છોકરાંને આખી જિંદગી ચાલે એટલાં કપડાં સીવે તોય કાપડ ખૂટે એમ નથી. અજાણ્યા મુસાફરની વાત યાદ આવતાં એ મનમાં બોલી:

"તો એની વાતનો મતલબ આવો હતો!"

સાંજે એ ધનવાન પાડોશણને પટ્ટી પાછી આપવા ગઈ. ત્યાં એણે કશું છુપાવ્યા વગર આખી વાત માંડીને પાડોશણને કહી સંભળાવી કે પોતાને આખી જિંદગી ચાલે એટલું કાપડ કેવી રીતે મળી ગયું.

ધનવાન બાઈએ મનમાં વિચાર્યું:

"અરે, મેં એને મારે ત્યાં રાતવાસો રહેવા દીધો હોત તો કેવું સારું થાત!"

એણે તરત જ નોકરને બોલાવ્યો અને કહ્યું:

"ઝટ કર, ગાડીએ ઘોડો જોડીને મારતે ઘોડે પેલા ભિખારીની પાછળ જા! કંઈ પણ ભોગે એને પાછો તેડી લાવ! જરાય લોભ કર્યા વગર આપણે ગરીબોને હંમેશાં મદદ કરવી જોઈએ. હું તો હંમેશાં એમ જ કહેતી આવી છું."

નોકરે ગાડી મારી મૂકી અને નીકળ્યો ઘરડા મુસાફરની શોધમાં. એ બીજે દિવસે એને આંબી ગયો. પણ ઘરડા મુસાફરે પાછા જવાની સાફ ના પાડી.

નોકર ના સાંભળીને ખૂબ દુખી દુખી થઈ ગયો અને બોલ્યો:

"તમને લીધા વગર પાછો જઈશ તો બાઈસાહેબ મારો પગાર ચૂકતે કર્યા વગર જ મને કાઢી મૂકશે."

ઘરડા મુસાફરે કહ્યું: "દુખી થા મા, જુવાન! એમ છે તો ચાલ હું તારી ભેગો આવું છું."

એમ કહીને ઘરડો મુસાફર ગાડીમાં બેસી ગયો અને નોકર ભેગો ધનવાન બાઈને ઘેર પહોંચ્યો.

ધનવાન બાઈ અધીરી થઈને દરવાજે ઊભી હતી. ઘરડા મુસાફરને એણે નમી નમીને હસતે મુખડે આવકાર આપ્યો. પછી એને ઘરમાં લઈ ગઈ, સારું સારું ખાવાનું ને પીવાનું આપ્યું, અને સૂવા માટે સરસ મઝાની સુંવાળી પથારી કરી આપીને બોલી:

"બાપા, હવે આડા પડીને આરામ કરો!"

ઘરડો મુસાફર ધનવાન બાઈને ત્યાં એક દિવસ રોકાયો, પછી બીજો અને ત્રીજો દિવસ પણ રોકાઈ ગયો. એ ખાઈ પીને આરામથી બેસતો અને હોકલી સળગાવીને ધુમાડા કાઢતો રહેતો. ઘરની માલિકણ બાઈ એને ખાવા આપતી, પીવા આપતી, અને હેતથી એની જોડે વાત કરતી. પણ એના મનની અંદર તો આગ ધૂંધવાતી હતી. એને થતું:

"આ કાળમુખો બુઢ્ઢો હવે ક્યારે જશે અહીંથી!"

પણ ઘરડા મુસાફરને કાઢી મૂકવાની એનામાં હિંમત નહોતી. એમ કરે તો બધી મહેનત પાણીમાં જાય.

ચોથે દિવસે વહેલી સવારે ઘરડા મુસાફરને જવાની તૈયારી કરતો જોઈને એને ખૂબ ખુશી થઈ. ધનવાન બાઈ એને દરવાજા સુધી વળાવવા ગઈ. ઘરડો મુસાફર દરવાજા સુધી મૂંગો મૂંગો ચાલ્યો અને મૂંગો મૂંગો જ બહાર નીકળી ગયો. ધનવાન બાઈની ધીરજ ખૂટી ગઈ અને એનાથી પૂછ્યા વગર રહેવાયું નહિ:

"કહેતા જાઓ ને આજે હું શું કરું?"

ઘરડો મુસાફર એની સામે જોઈને બોલ્યો :

"તમે સવારમાં જે કરશો તે સાંજ સુધી કરતાં રહેશો."

ધનવાન બાઈ એકદમ દોડીને ઘરમાં ગઈ અને એણે કાપડ માપવાની પટ્ટી હાથમાં લીધી.

પણ ત્યાં તો અચાનક એને છીંક આવી. એણે છીંક એવી જોરથી ખાધી કે વાડામાં ચણતાં સઘળાં મરઘાં ડરી જઈને ફફડાટ કરતાં ચારે દિશામાં ઊડવા લાગ્યાં.

અને ધનવાન બાઈ અટક્યા વગર આખો દિવસ છીંક જ ખાતી રહી :

"હા ... ચ્છી ! હા ... ચ્છી ! હા ... ચ્છી !"

એનાથી કંઈ ખવાયું નહિ, કંઈ પિવાયું નહિ, કોઈના સવાલના જવાબ અપાયા નહિ. એની પાસે તો ફક્ત એક જ વાત હતી :

"હા ... ચ્છી ! હા ... ચ્છી ! હા ... ચ્છી !"

સૂરજ ડૂબ્યો, સાંજ પડી, અને પછી રાતનાં અંધારાં ફેલાયાં ત્યારે જ એની છીંક બંધ થઈ.

ઘંટીનું પડ

કરેલિયાની વાર્તા



બે હતા ભાઈ, એક ગરીબ અને બીજો પૈસેટકે બહુ સુખી. પૈસાદાર ભાઈ આડોશીપાડોશી જોડે બહુ સારો સંબંધ રાખે અને સૌને રાજી રાખવાની મહેનત કરે. પણ પોતાના સગા ભાઈ જોડે એવી રીતે વર્તે કે જાણે એને ઓળખતો જ ન હોય. એને બીક હતી કે ગરીબ ભાઈની જોડે હળવામળવાનો સંબંધ રાખીશ તો એ ક્યારેક કંઈ ને કંઈ માગવા જરૂર આવશે.

ગરીબ ભાઈએ પૈસાદાર ભાઈ પાસેથી ક્યારેય કોઈ ચીજ માગી નહોતી. અને એનું ચાલે તો એ કદી માગે પણ નહિ.

પણ એક વાર મોટા તહેવારનો દિવસ નજીક આવ્યો ત્યારે ગરીબ ભાઈના ઘરમાં તહેવાર ઊજવવા કશું જ ન મળે. આગલે દિવસે એની વહુએ એને કહ્યું:

"આપણે તહેવાર કેવી રીતે ઊજવશું? તમારા ભાઈ કને જઈને થોડુંક માંસ

માગી લાવો. એમણે કાલે જ બકરું કાપ્યું છે, મેં નજરે જોયેલું."

ગરીબ માણસને ભાઈ પાસે કંઈ માગવા જવાનું જરાય મન નહોતું. એણે વહુને બહુ સમજાવી, પણ બીજે ક્યાંય જવાય એમ પણ નહોતું.

એટલે આખરે એણે ભાઈ પાસે જઈને કહ્યું:

"ભાઈ, મને થોડુંક માંસ ઉછીનું આપ ને, તહેવાર ઊજવવા મારા ઘરમાં કશું જ નથી."

પૈસાદાર ભાઈએ બકરાના પગની ખરી એની તરફ ફેંકી અને ગરજીને કહ્યું:

"લે, આ લઈને જા હિસ્સી પાસે!"

ગરીબ ભાઈ પાછો વળ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો:

"ભાઈએ બકરાની ખરી તો મને નહિ પણ વનદેવ હિસ્સી માટે આપી છે, એટલે એને જ પહોંચાડી દઉં તો ઠીક."

એમ વિચારીને એ જંગલ તરફ ચાલવા લાગ્યો. કેટલું ચાલ્યો હશે એ તો કોણ જાણે, પણ ચાલતાં ચાલતાં રસ્તામાં એને કેટલાક કઠિયારા મળ્યા.

એને જોઈને કઠિયારાઓએ પૂછ્યું:

"કઈ બાજુ જવા નીકળ્યા છો, ભાઈ?"

ગરીબ ભાઈએ જવાબ આપ્યો:

"મારે બકરાની આ ખરી વનદેવ હિસ્સીને પહોંચાડવાની છે એટલે એની પાસે જવા નીકળ્યો છું. તમને ખબર છે કે એની ઝૂંપડી ક્યાં છે?"

કઠિયારાઓએ કહ્યું:

"આ જ રસ્તે સીધા ચાલ્યા જાઓ. રસ્તો છોડીને આડાઅવળા ક્યાંય જતા નહિ. સીધા હિસ્સીની ઝૂંપડી પાસે પહોંચી જશો. પણ આગળ જતાં પહેલાં અમારી વાત સાંભળી લો. બકરાની ખરીના બદલામાં હિસ્સી તમને ચાંદી આપે તો લેતા નહિ, સોનું આપે તોપણ લેવાની સાફ ના પાડજો. એની પાસેથી ઘંટીનું પડ માગજો, અને કહેજો કે આપવું હોય તો ઘંટીનું પડ આપે, બીજું કંઈ ન ખપે."

ગરીબ માણસે ભલી શિખામણ બદલ એમનો આભાર માન્યો, અને સૌને દુઆસલામ કરીને એ આગળ ચાલ્યો.

એ કેટલું ચાલ્યો હશે એની તો કોઈને ખબર નથી, પણ ચાલતાં ચાલતાં એણે એક ઝૂંપડી જોઈ. અંદર જઈને જુએ છે તો બીજું કોઈ નહિ પણ હિસ્સી પોતે જ બેઠો છે!

હિસ્સીએ એની સામે જોઈને કહ્યું:

"લોકો ઘણી વાર મને ભોગ ધરાવવાની વાતો કરે છે પણ ખરેખર તો ભાગ્યે જ કોઈ આવે છે. તું શું લાવ્યો છે મારે માટે?"

"બકરાની ખરી."

સાંભળીને હિસ્સી તો બેહદ ખુશ થઈ ગયો અને બોલ્યો:

"ત્રીસ ત્રીસ વરસથી મેં માંસ ચાખ્યું નથી. લાવ, ઝટ દે મને ખરી!"

એણે ખરી લઈને પેટમાં પધરાવી દીધી. પછી એ બોલ્યો:

"પણ હવે મારે તને ખરીના બદલામાં કંઈક આપવું જોઈએ. બહુ મોટી આશા રાખીને આવ્યો છે કે? લે, આ બે મૂઠી ચાંદીની મહોર લઈ લે."

ગરીબ માણસે કહ્યું: "મારે ચાંદી ન જોઈએ."

એટલે હિસ્સીએ સોનામહોર કાઢી અને બે મૂઠી ભરીને ગરીબ માણસને આપવા લાગ્યો.

ગરીબ માણસ બોલ્યો: "મારે તો સોનું પણ ન ખપે."

"તો પછી તારે શું જોઈએ છે?"

"તમારું ઘંટીનું પડ."

"ના ભાઈ, એ તો ન અપાય! તારે જોઈએ એટલું ધન માગી લે."

પણ ગરીબ માણસ માન્યો નહિ. એણે તો હઠ લીધી કે આપવું હોય તો બસ ઘંટીનું પડ જ આપો, બીજું કંઈ ન ખપે.

આખરે થાકીને હિસ્સીએ કહ્યું: "ઠીક, ભાઈ. મેં બકરાની ખરી ખાઈ લીધી છે એટલે મારે એની કિંમત ચૂકવ્યા વગર તો છૂટકો નહિ. ભલે, ઘંટીનું પડ લઈ જા. પણ ઘંટીના પડનું શું કરવું એની તને ખબર છે કે નહિ?"

"ના, એની તો ખબર નથી. તમે જ સમજાવો."

હિસ્સી બોલ્યો: "વારુ, સાંભળ. આ કંઈ સાદું ઘંટીનું પડ નથી. આ તો તું જે માગીશ તે આપશે. તારે ફક્ત એટલું જ કહેવાનું: 'મારા ઘંટીના પડ,

ચક્કર ચક્કર ફર!' તારે જોઈતું હોય એ મળી જાય એટલે પછી કહેજે: 'બંધ કરો હવે ફરવાનું, થઈ ગયું કામ હતું જે કરવાનું!' એમ કહીશ એટલે પડ ફરતું બંધ થઈ જશે. વારુ, હવે તું જા!"

ગરીબ માણસે હિસ્સીનો ઉપકાર માન્યો અને પછી એ ઘરને રસ્તે પડયો.

એ ઘણી વાર સુધી જંગલમાં ચાલતો જ રહ્યો. રાત પડી ને અંધારું છવાઈ ગયું. મુસળધાર વરસાદ તૂટી પડયો. પવન સુસવાટા કરતો ફૂંકાવા લાગ્યો અને ઝાડની ડાળીઓ જોરથી આમતેમ હલતી એના ચહેરા ઉપર વાગવા લાગી. ગરીબ માણસ આખરે ઘેર પહોંચ્યો ત્યારે સવાર પડી ગઈ હતી.

એણે ઘરમાં પગ મૂક્યો કે તરત જ એની વહુએ ઊધડો લીધો: "આખો દિવસ ને આખી રાત ક્યાં રખડતા રહ્યા? મને તો થયું કે હવે તમે ક્યારેય પાછા આવશો જ નહિ!"

ગરીબ માણસે જવાબ દીધો: "હું તો વનદેવ હિસ્સીને ઘેર ગયો હતો. આમ જો તો ખરી કે એણે મને શું આપ્યું છે!"

પછી થેલામાંથી ઘંટીનું પડ કાઢીને એ બોલ્યો: "મારા ઘંટીના પડ, ચક્કર, ચક્કર ફર! અમને તહેવાર ઊજવવા સરસ મઝાની ચીજો દે!"

ઘંટીનું પડ તો પોતાની મેળે જ ચક્કર ચક્કર ફરવા લાગ્યું. થોડી વારમાં ટેબલ ઉપર લોટ, અનાજ, ખાંડ, માંસ, મચ્છી, અને બીજી અનેક મનગમતી વસ્તુઓના ઢગલા થઈ ગયા. ગરીબ માણસની વહુ જઈને કોથળા ને ડબ્બા લઈ આવી અને ખોરાકની બધી ચીજો દાબી દાબીને એમાં ભરી લીધી. પછી ગરીબ માણસ ઘંટીના પડ ઉપર આંગળી વડે ટકોરા મારીને બોલ્યો: "બંધ કરો હવે ફરવાનું, થઈ ગયું કામ હતું જે કરવાનું!" ઘંટીનું પડ તરત જ ફરતું બંધ થઈ ગયું.

ગરીબ માણસના કુટુંબે પણ ગામના બીજા લોકોની જેમ સરસ રીતે તહેવાર ઊજવ્યો. એ દિવસથી એના કુટુંબની હાલત પણ સુધરી ગઈ. ઘરમાં ખાવા પીવાની ચીજોના ભંડાર ભરેલા રહેતા, વહુ અને છોકરાં પાસે સરસ મઝાનાં નવાં કપડાં અને પગરખાં હતાં. એમની જિંદગીમાં હવે કોઈ વાતની ખોટ નહોતી.

એક દિવસ ગરીબ માણસે ઘંટીના પડને ઘોડાના ખાણ સારુ જવ આપવાનું

કહ્યું. ઘંટીનું પડ જવ આપતું રહ્યું અને ઘોડો પાસે ઊભો ઊભો જવ ખાતો રહ્યો.

એ જ વખતે પૈસાદાર ભાઈએ નોકરને ઘોડા લઈને પાણી પાવા તળાવે મોકલ્યો.

નોકર ઘોડા હાંકતો તળાવે જવા નીકળ્યો. ગરીબ ભાઈનું ઘર રસ્તામાં પડતું હતું. ત્યાંથી નીકળતાં એના ઘોડાને જવ ખાતો જોઈને પૈસાદાર ભાઈના ઘોડા પણ ઊભા રહી ગયા અને ભેગા જવ ખાવા લાગ્યા.

પૈસાદાર ભાઈએ ઘરની બારીમાંથી એ જોયું એટલે તરત જ પરસાળમાં આવીને એણે મોટા અવાજે નોકરને ધધડાવ્યો:

"અલ્યા એ!... ઘોડા પાછા લઈ આવ એકદમ! જોતો નથી કે મારા ઘોડા કચરોપૂંજો ખાઈ રહ્યા છે!"

નોકર ઘોડાને પાછા લઈ ગયો અને એણે માલિકને વાત કરી: "આપની ભૂલ થઈ, માલિક! એ કંઈ કચરોપૂંજો નહોતો, એ તો સારામાં સારી જાતના જવ હતા. આપના ભાઈ પાસે તો જવના અને બીજી બધી ચીજોના ભંડાર ભર્યા છે ભંડાર."

પેલાને નવાઈ ઊપજી અને એને ભેદ જાણવાની તાલાવેલી થઈ.

એને મનમાં થયું: "મારો ભાઈ આમ અચાનક માલદાર કેવી રીતે થઈ ગયો હશે! ચાલ, જરા જોઈ આવું કે આવો ચમત્કાર વળી શી રીતે થયો!"

એ તો પહોંચ્યો ગરીબ ભાઈની પાસે અને એને પૂછ્યું:

"તું આમ અચાનક માલદાર કેવી રીતે થઈ ગયો? આ બધી સરસ મઝાની ચીજો ક્યાંથી આવી?"

ગરીબ ભાઈએ વાત ખાનગી ન રાખી. એણે જવાબ આપ્યો:

"મને હિસ્સીએ મદદ કરી."

પૈસાદાર ભાઈએ પૂછ્યું: "મદદ કરી એટલે શું?"

"મેં કહ્યું તેમ હિસ્સીએ મને મદદ કરી. તહેવારને આગલે દિવસે તમે મને બકરાની ખરી આપી અને કહ્યું કે એ લઈને હિસ્સી પાસે જા. મેં એમ જ કર્યું. મેં એને બકરાની ખરી આપી, અને બદલામાં એણે મને જાદુઈ ઘંટીનું પડ

બક્ષિસ આપ્યું. ઘંટીનું પડ મને મોંમાગી ચીજો આપે છે."

"ક્યાં છે ઘંટીનું પડ? જોવા દે મને!"

"જેવી તમારી ઈચ્છા."

એમ કહીને ગરીબ ભાઈએ ઘંટીના પડને ખાવાની લહેજતદાર વાનગીઓ આપવાનો હુકમ કર્યો. ઘંટીનું પડ એકદમ ચક્કર ચક્કર ફરવા લાગ્યું અને થોડી વારમાં ટેબલ ઉપર કચોરી, ભૂંજેલું માંસ, અને બીજી અનેક સરસ વાનગીઓના ઢગલા થઈ ગયા.

જોઈને પૈસાદાર ભાઈના તો ડોળા જ ફાટી ગયા.

એણે ભાઈને કરગરીને વીનવ્યો: "આ ઘંટીનું પડ તું મને વેચી દે."

ગરીબ ભાઈએ જવાબ દીધો: "ના ભાઈ, હું એને વેચવાનો નથી. મને તો એની બહુ જરૂર છે."

પણ પૈસાદાર ભાઈ વાત સહેલાઈથી મૂકે એવો નહોતો. એણે ફરી વાર માગણી કરી:

"તું જે માગે એ કિંમત આપું, પણ આ ઘંટીનું પડ તું મને વેચી દે!"

"એ તો વેચવા માટે છે જ નહિ."

પૈસાદાર ભાઈને લાગ્યું કે આમ કરગરવાથી કંઈ વળશે નહિ, એટલે એણે બીજી રીત અજમાવી. એણે અવાજ ઊંચો કરીને કહ્યું:

"તારા જેવો નગુણો બીજો કોઈ નહિ હોય આ દુનિયામાં! બકરાની ખરી તને કોણે આપી હતી, મેં જ આપી હતી કે નહિ?"

"હા ભાઈ, તમે જ આપી હતી."

"હવે થઈ અક્કલની વાત! ખરી મેં તને આપી, અને મને ઘંટીનું પડ આપતાં તારો જીવ નથી હાલતો. ભલે, તારે વેચવું ન હોય તો કંઈ નહિ, મને થોડો વખત ઉછીનું આપ."

ગરીબ ભાઈ થોડી વાર વિચાર કરીને બોલ્યો:

"વારુ, તમારે જોઈતું જ હોય તો લઈ જાઓ અને થોડો વખત તમારી પાસે રાખો."

પૈસાદાર ભાઈ એકદમ ખુશ થઈ ગયો. એણે તો ઘંટીનું પડ તરત જ હાથમાં

લઈ લીધું અને પાછું વળીને જોયા વગર એ દોડતો ઘેર ચાલ્યો ગયો. એટલું પૂછવાયે ન રોકાયો કે જરૂર પડે ત્યારે ઘંટીના પડને ફરતું રોકવું કેવી રીતે!

બીજે દિવસે સવારમાં એ હોડીમાં બેઠો અને એણે હોડી દરિયામાં વહેતી મૂકી. ઘંટીનું પડ ભેગું લઈ લીધું.

એના મનમાં વિચાર આવ્યો: "આજકાલ માછલાંને મીઠું ચડાવવાનું કામ ચાલે છે, અને મીઠું છે બહુ મોંઘું. હું મીઠું બનાવીને વેચું તો ભારે કમાણી થાય!"

ત્યાં સુધીમાં એ દરિયામાં ખૂબ આગળ નીકળી ગયો હતો. હોડીમાં બેઠાં બેઠાં જ એણે ઘંટીના પડને હુકમ આપ્યો: "મારા ઘંટીના પડ, ચક્કર ચક્કર ફર! મને મીઠું દે, અને જેટલું વધારે આપે એટલું બહેતર."

ઘંટીનું પડ માંડયું ચક્કર ચક્કર ફરવા અને એમાંથી ફીણ જેવું ધોળું ને સાફ મીઠું નીકળવા લાગ્યું.

એ તો હરખઘેલો થઈને મીઠું જોતો રહ્યો અને નફાનો હિસાબ ગણતો રહ્યો. ઘંટીના પડને ફરતું બંધ કરવાનો વખત થઈ ગયો તોપણ એના મોંમાંથી એ જ શબ્દો નીકળતા રહ્યા: "મારા ઘંટીના પડ, ચક્કર ચક્કર ફર! ફરતું બંધ થઈશ નહિ!"

મીઠાનો ભાર વધતો એટલો બધો વધી ગયો કે હોડી પાણીમાં ઊંડી ને ઊંડી ઊતરતી ગઈ. પણ પૈસાદાર ભાઈની જાણે અક્કલ જ બહેર મારી ગઈ હોય એમ એ તો ફરી ફરીને એના એ જ શબ્દો રટતો રહ્યો: "મારા ઘંટીના પડ, ચક્કર ચક્કર ફર!"

ત્યાં સુધીમાં હોડીની બન્ને બાજુએથી પાણી અંદર આવવા લાગ્યું, અને હોડી ડૂબી જવાની અણિએ આવી ગઈ. એ વખતે માણસની અક્કલ ઠેકાણે આવી. એણે રાડ પાડી:

"ઘંટીના પડ, ફરતું બંધ થઈ જા!"

પણ ઘંટીનું પડ તો ફરતું હતું તેમ ફરતું જ રહ્યું. પૈસાદાર ભાઈએ ફરી વાર રાડ પાડીને કહ્યું:

"ફરતું બંધ થઈ જા, ઘંટીના પડ! ફરતું બંધ થઈ જા!" પણ ઘંટીનું પડ તો જરાય અટક્યા વગર ફરતું જ રહ્યું.



એણે ઘંટીના પડને ઉપાડીને દરિયામાં ફેંકી દેવાની મહેનત કરી, પણ એ તો જાણે હોડી સાથે જડાઈ ગયું હોય એમ એનાથી મુદ્દલ ઊંચકાયું જ નહિ.

એણે બૂમ પાડી: "દોડો, દોડો! મદદ, મદદ! બચાવો, બચાવો!"

પણ ત્યાં મધદરિયે એને નહોતું કોઈ મદદ કરે એમ કે નહોતું કોઈ બચાવે એમ.

હોડી ડૂબી ગઈ, અને પૈસાદાર ભાઈને પોતાની ભેગો અગાધ જળમાં લેતી ગઈ. દરિયાનાં પાણી એમની ઉપર ફરી વળ્યાં.

પણ ઘંટીના પડનું શું થયું? કહેવાય છે કે દરિયાને તળિયે પણ ઘંટીનું પડ ફરતું જ રહ્યું, અને મીઠું બનાવતું જ રહ્યું. માનો કે ન માનો, પણ એ કારણે જ દરિયાનું પાણી ખારું છે.

બાપનો ખજાનો અને ત્રણ દીકરા

મોલ્દાવિયાની વાર્તા



એક હતો માણસ. એને ત્રણ દીકરા. માણસ ખૂબ મહેનતુ હતો, ક્યારેય નવરો ન બેસે. વહેલી સવારથી માંડીને છેક મોડી રાત સુધી મહેનત કર્યા જ કરે. એને જાણે થાક તો ક્યારેય લાગે જ નહિ. બધાં કામ સારી રીતે અને વખતસર પૂરાં કરી નાખે.

એના ત્રણેય દકિરા ઊંચા, રૂપાળા, અને જોરાવર હતા. પણ ત્રણમાંથી એકેયને કામ કરવું ગમે નહિ.

બાપ બીચારો ખેતરમાં કામ કરે, બગીચામાં કામ કરે, અને પાછો ઘરમાંયે કામ કરે. ત્રણેય દીકરા ઝાડને છાંયે બેસીને નવરા નવરા ગપ્પાં મારે કે પછી માછલાં પકડવા નદીએ ચાલ્યા જાય.

પાડોશીઓ ક્યારેક ત્રણેય દીકરાને પૂછતા: "તમે કામ કરીને તમારા બાપને ક્યારેય મદદ કેમ નથી કરતા?"

દીકરા જવાબ વાળતા: "અમે કામ શું કરવા કરીએ? બાપુ અમારી બહુ

સારી સંભાળ રાખે છે અને બધું કામ પોતાની મેળે જ રીતસર પતાવી નાખે છે."

એમ એક પછી એક વરસ વીતતું ગયું.

દીકરા તો છોકરા મટીને મોટા જણ થઈ ગયા. બાપની પણ ઉંમર થઈ. એની કાયા નબળી પડી ગઈ અને અગાઉની જેમ કામ કરવાની શક્તિ એનામાં ન રહી. ઘરને ફરતો બગીચો હતો તે સારસંભાળ વગર વેરાન થઈ ગયો. ખેતરમાં કેરઠેર નકામા છોડ ઊગી નીકળ્યા. દીકરા આ બધું જુએ, પણ કામ કરવું ગમે નહિ એટલે કંઈ કરે જ નહિ.

બાપ ક્યારેક દીકરાઓને કહે: "બેટા, તમે નવરા બેઠા બેઠા વખત કેમ વેડફો છો? હું જુવાન હતો ત્યારે મેં બહુ કામ કર્યું. હવે તમારો વારો આવ્યો છે કામ કરવાનો."

દીકરા જવાબ દેતા: "બાપુ, કામ કરવાની શી ઉતાવળ છે! કામ કરવા તો હજી આખી જિંદગી પડી છે!"

દીકરાઓને આવા રખડેલ અને આળસુ જોઈને બીચારા ઘરડા માણસનું હૈયું કકળી ઊઠતું. એ દુખના ભારે બીચારો માંદો થઈને ખાટલે પડ્યો.

હવે કુટુંબને માથે મુસીબતના દહાડા આવ્યા. બગીચામાં જંગલી છોડવેલા ને ઝાડઝાંખરાં એટલાં વધી ગયાં હતાં કે ઘર પણ માંડ માંડ દેખાતું.

એક દિવસ ત્રણેય દીકરાને ઘરડા બાપે ખાટલા પાસે બોલાવ્યા અને કહ્યું: "દીકરાઓ, હવે તો મારી આખરી વેળા નજીક આવી ગઈ છે. હું જઈશ પછી મારા વગર તમારી જિંદગી કેમ ચાલશે? તમને કામ કરવું જરાય ગમતું નથી, અને કામ કરતાં આવડતુંયે નથી."

ત્રણેય દીકરાનાં હૈયાંમાં દુખ ઊભરાયું અને આંખોમાં આંસુ છલકાયાં.

સૌથી મોટા દીકરાએ બાપને વીનવણી કરી: "બાપુ, મરતાં પહેલાં અમને શિખામણ દેતા જાઓ, કંઈક કહેતા જાઓ."

બાપે કહ્યું: "ઠીક, તો સાંભળો. આજે હું તમને એક ભેદ કહી દઉં છું. તમને તો ખબર જ છે કે મેં અને તમારી માએ આખી જિંદગી સખત મહેનતમજૂરી કરી છે, કામ કરતાં કોઈ દિવસ પાછું વળીને જોયું નથી. આટલાં વરસ સુધી અમારી પરસેવાની કમાણીમાંથી અમે થોડું થોડું બચાવી રાખતાં. એ બધું

અમે તમારે માટે સંઘરી રાખ્યું છે. સોનામહોરોથી ભરેલો એક ચરુ મેં બગીચામાં ઘરની પાસે જ ક્યાંક દાટી રાખ્યો છે, પણ જગ્યા મને બરાબર યાદ નથી આવતી. એ ખજાનો તમે ગોતી લેજો. પછી તમારે ગરીબીની જિંદગી નહિ ગુજારવી પડે, અને તમને કોઈ વાતની ખોટ નહિ રહે."

એટલું કહીને એણે ત્રણેય દીકરાને છેલ્લા સલામ કર્યા અને છેલ્લો શ્વાસ લીધો.

દીકરાઓએ ઘરડા બાપને કબરમાં દફનાવ્યો અને એના અવસાનનો શોક પાળ્યો. પછી એક દિવસ સૌથી મોટા ભાઈએ બેઉ નાના ભાઈઓને કહ્યું:

"તો ભાઈઓ, આપણે ખરેખર ખૂબ જ ગરીબ છીએ. રોટી ખરીદવા જેટલા પૈસા પણ ઘરમાં નથી. બાપુ મરતાં પહેલાં આપણને જે કહી ગયા છે એ તો તમને યાદ જ હશે. ચાલો, આપણે સોનામહોરોનો ચરુ ગોતી કાઢીએ."

ત્રણેય ભાઈ પાવડા ને કોદાળી લઈને બગીચામાં ગયા અને ઘરની આસપાસ ખાડા ખોદવા લાગ્યા. કેટલીય વાર સુધી ખાડા ખોદતા રહ્યા, પણ ચરુ એમને ક્યાંય ન મળ્યો.

પછી વચેટ ભાઈ બોલ્યો: "ભાઈઓ, આપણે આમ જ ખાડા ખોદતા રહીશું તો બાપુનો ખજાનો આપણને ક્યારેય નહિ મળે. ચાલો, આપણે ઘર ફરતી બધી જમીન એક વાર ખોદી નાખીએ!"

બેઉ ભાઈને વચેટ ભાઈની વાત ઠીક લાગી. વળી ત્રણેય જણ હાથમાં પાવડા-કોદાળી લઈને ખોદવા લાગ્યા. ઘર ફરતી બધી જમીન ખોદી નાખી પણ ચરુ ન મળ્યો.

સૌથી નાનો ભાઈ બોલ્યો: "ચાલો, ફરી વાર ખોદીએ, પણ આ વખતે જરાક વધારે ઊંડું. કોને ખબર છે, બાપુએ ચરુ વખતે ઊંડોય દાટયો હોય!"

ભાઈઓ તૈયાર થઈ ગયા. એમને તો ગમે તેમ કરીને બાપનો ખજાનો ગોતી કાઢવો હતો.

ત્રણેય જણ ફરી ખોદવાના કામે વળગી ગયા. ઘણી વાર સુધી તેઓ જમીન ખોદતા રહ્યા. આખરે સૌથી મોટા ભાઈનો પાવડો અચાનક કોઈ મોટી સખત ચીજ સાથે ટકરાયો. ખજાનો મળી ગયો એમ ધારીને એ ખુશ થઈ ગયો અને એના દિલના ધડકારા વધી ગયા. એણે તરત જ બેઉ ભાઈને બોલાવ્યા:

“અરે, ઝટ અહીં આવો! બાપુનો ખજાનો મળી ગયો!”

વચેટ અને નાનો ભાઈ દોડતા આવીને મોટા ભાઈને મદદ કરવા લાગ્યા.

ત્રણેય ભાઈએ બહુ મહેનત કરી, પણ આખરે જમીનમાંથી સોનામહોરોના ચરુને બદલે પથ્થરની મોટી શિલા નીકળી.

ભાઈઓ ખૂબ નિરાશ થઈ ગયા.

એમણે માંહોમાંહે મસલત કરી: “હવે આ શિલાનું શું કરવું? અહીં જ પડી રહેવા દેવામાં તો કંઈ ફાયદો નથી. ચાલો, એને બહાર ફેંકી આવીએ.”

તરત જ ત્રણેય જણ મળીને શિલાને બહાર ફેંકી આવ્યા, અને પાછા ખોદવાના કામે લાગી ગયા. આખો દિવસ ખોદતા જ રહ્યા. કોઈને ખાવા પીવાનો કે ઘડીક થાક ઉતારી લેવાનો ખ્યાલ જ ન આવ્યો. દિવસભર મહેનત કરીને એમણે આખો બગીચો ખોદી નાખ્યો. પાવડા અને કોદાળીના ઘા પડતા જ રહ્યા. જમીન પોચી થઈ ગઈ અને બધે ઢીલાં ઢેફાં છવાઈ ગયાં. પણ સોનામહોરોનો ચરુ એમને ક્યાંય ન જ મળ્યો.

સૌથી મોટા ભાઈએ બીજા બે ભાઈને કહ્યું: “આ જમીન તો બધી આપણે ખોદી નાખી. હવે એને આમ ને આમ રહેવા દેવાથી શો લાભ! ચાલો, આપણે આમાં અંગૂર વાવીએ!”

બેઉ નાના ભાઈને વાત ગમી ગઈ. એ બોલી ઊઠયા: “વાહ ભાઈ, વાત તો મઝાની છે! એમ કરીએ તો આપણી મહેનત નકામી ન જાય!”

એટલે ભાઈઓ બગીચામાં અંગૂર વાવીને એને જતનથી ઉછેરવા લાગ્યા.

થોડો વખત ગયો એટલે વેરાન જમીનને ઠેકાણે સુંદર મઝાનો અંગૂરનો બગીચો બની ગયો. બગીચામાં જ્યાં જુઓ ત્યાં પાકી મીઠી અંગૂરનાં ઝૂમખાં દેખાય.

અંગૂરનો પાક બહુ સરસ ઊતર્યો. જરૂર પૂરતી અંગૂર એમણે રાખી લીધી અને બાકીની સારા ભાવે વેચી નાખી. પછી મોટો ભાઈ બોલ્યો:

“આપણે બાપુનો ખજાનો ગોતવા જમીન ખોદવાની મહેનત કરી એ જરાય નકામી નથી ગઈ. બાપુએ મરતાં પહેલાં જે ખજાનાની વાત કરી હતી એ આપણને મળી ગયો છે.”

સોહામણો બાઝિલ અને સૂરજની બહેન ઈલ્યાના

મોલ્દાવિયાની વાર્તા



હકીકત તો હકીકત કહેવાય,
ને વાર્તા વાર્તા જ ગણાય.
પણ આવજા વિના કેડી બને ના,
કદી બીજ વિના છોડ ઊગે ના.
કશી હોય બિના તો જ અફવા ફેલાય,
બને કોઈ ઘટના તો જ વાર્તા રચાય.

કોઈ નગરમાં એક ધણીધણિયાણી વસે. એમને એક દીકરી. દીકરી તો રૂપરૂપના અંબાર. તેજ નીતરતું પ્રભાત જેવું રૂડું લાગે એવી રૂપાળી. એના હાથમાં ભારે ફાવટ ને ફૂર્તિ. વસંતની હવાની લહેરો જેવી જ એ રમતિયાળ અને એવો જ એનો તરવરાટ. એની આંગળીઓની ચપળતા, આંખોની મોતી જેવી ચમક, અને ગુલાબી ગાલ એક વાર જોનારો ઇન્સાન એને જિંદગીભર ભૂલી ન શકે. એની ઉપર નજર પડતાં જ જુવાનોનાં હૈયાં ધડકવા લાગતાં.

એ રૂપાળી રમણી એક દિવસ બેડું લઈને કૂવે પાણી ભરવા ગઈ. બેડું ભરી લીધા પછી એને કૂવાકાંઠે થોડી વાર બેસવાનું મન થયું. ત્યાં બેસીને અણે કૂવામાં નજર નાખી તો બાઝિલનો એક છોડ ઊગેલો જોયો. અજાણ્યે જ હાથ લાંબો કરીને એણે છોડનું એક પાંદડું તોડી લીધું. અને નાકે ધરીને સૂંઘ્યું. પાંદડાની

સુવાસ લેતાં જ એને ઓધાન રહી ગયું.

એનાં માબાપને ખબર પડતાં બેઉ ખૂબ ગુસ્સે થઈને એની ઉપર વરસી પડયાં અને એને બદચાલ કહીને ભાંડવા લાગ્યાં. બીચારીની જિંદગી ખારી ખારી થઈ ગઈ. જુવાનીમાં મધુરી લાગતી દુનિયા એને કડવી ઝેર લાગવા માંડી. ત્રાસી જઈને એણે ભાગી જવાનું નક્કી કર્યું.

કોઈને ખબર ન પડે એમ તૈયારી કરીને એક દિવસ એ છાનીમાની ઘરમાંથી બહાર નીકળી પડી અને પગ જે તરફ લઈ જાય એ દિશામાં પંથ કાપવા લાગી. થોડા વખતમાં એનાં કોઈ સગડ બાકી રહ્યાં નહિ.

જખમી દિલ અને મનમાં દહેશત લઈને એ ક્યાંય થંભ્યા વગર ચાલતી જ ગઈ, બસ ચાલતી જ ગઈ. ચાલતાં ચાલતાં ગાઢ વનમાં પહોંચી ગઈ અને અચાનક જ એક ગુફા પાસે જઈ ચડી. ગુફા જોઈને એને થયું કે અંદર જઈને જરા વિસામો ખાઈ લઉં. એણે ગુફામાં પગ માંડયો ત્યાં તો સામેથી એક બહુ જ ઘરડો માણસ ખોં ખોં કરતો અને નિસાસા નાખતો આવ્યો. એની પીઠમાં ખૂંધ હતી અને એના પગ વાંકા હતા. એની દાઢી એટલી લાંબી હતી કે ગોઠણ સુધી પહોંચે, બન્ને ખભા ઉપર ફેલાઈ જાય એટલી લાંબી મૂછો હતી, અને વાળ તો એટલા લાંબા હતા કે ઠેઠ પગની પાની સુધી પહોંચી જાય.

આંખને લગભગ ઢાંકી દેતાં ગુચ્છેદાર ભવાંને લાકડી વડે ઊંચાં કરીને ડોસાએ પૂછ્યું: "તું કોણ છે, અને અહીં કેવી રીતે આવી?"

સવાલ સાંભળીને છોકરી ધ્રુસકા ખાતી ચોધાર આંસુએ રડી પડી. એ માંડ માંડ કહી શકી કે પોતાની ઉપર કેવી આફત આવી પડી છે અને પોતે ઘરમાંથી ભાગી જઈને ચાલતી ચાલતી ગુફામાં કેવી રીતે આવી ચડી છે.

ડોસાએ આખી વાત મૂંગે મોઢે સાંભળી. પછી છોકરીને પથ્થરના બાંકડા ઉપર બેસાડીને એ હેતાળ શબ્દો વડે દિલાસો દેવા લાગ્યો.

સૂરજના બાળી નાખે એવા તાપમાં ધખેલી ધરાને વરસાદનું પાણી જેમ ઠંડક આપે છે તેમ ઘણી વાર ઘરડા માણસોના હેતાળ શબ્દો વસમા વખામાં સપડાયેલા જુવાન લોકોનાં ઘવાયેલાં હૈયાં ઉપર મલમનું કામ કરે છે. ડોસાની માયાળુ હમદર્દી જોઈને છોકરીના હતાશ મનને કંઈક શાંતિ મળી અને થોડો

વખત ગુફામાં એની સાથે રહેવા એ તૈયાર થઈ ગઈ.

એમ બન્ને એક ઘરમાં સાથે રહેવા લાગ્યાં. ડોસાના સંગાથમાં છોકરીના દુખી હૃદયને દિલાસો મળતો અને ડોસાને ઘડપણમાં થોડીક સુખસગવડ મળતી.

રોજ સવારે ત્રણ બકરીઓ ગુફા પાસે આવતી. ડોસો બકરીઓને દોહી લેતો. એ બન્ને દૂધ પીતાં અને સંતોષનું જીવન ગાળતાં.

વખત જતાં છોકરીને સુવાવડ આવી અને દીકરો થયો. દીકરો એવો રાતોમાતો ને રૂપાળો કે એને જોઈને સૂરજનું પણ મોં મલકી ગયું. ડોસાની ખુશીને તો માઝા જ ન રહી. એના પગ અનાયાસ નાચી ઊઠયા અને એનું દિલ જુવાની જેવા ઉમંગોથી છલકાઈ ગયું. દીકરાને કોઈની મેલી નજર ન લાગે એટલા સારુ એમણે એનો જન્મ થતાં જ એને પરોઢની ઝાકળમાં નવડાવી લીધી. વળી બાળકની કાયા ઉપરથી એમણે સળગતી મશાલ અને તલવાર ફેરવી લીધી, જેથી ગમે એવી આફત-વિપદામાંથી એ સલામત પાર ઊતરી જાય અને સૂરજની જેમ હંમેશાં નિર્મળ તેમ જ કાંતિમાન રહે. એ બહાદુર અને અભય બને એટલા માટે એની મા એના કાનમાં મંત્રના શબ્દો બોલી. ડોસાએ ગુફાના અંધારા ખૂણા ખંખોળીને પોતાની જુવાનીના વખતની ગદા અને તલવાર ગોતી કાઢી, અને એ બેઉ ચીજો એણે નાનકડા શિશુને ભાવિ ઉપયોગ માટે ભેટ આપી.

નામકરણના ટાણે ઉજાણી કે મહેફિલ જેવું તો કંઈ ન બની શક્યું, પણ ખુશાલીની છોળોએ એની ખોટ જણાવા ન દીધી. બાળકની તંદુરસ્તી અને સુખસગવડની મંગળ કામનાઓ એમનાં દિલોમાં ઊભરાઈ. ડોસાએ બાળકનું નામ બાઝિલ પાડયું. એની માએ કૂવાકાંઠે બાઝિલ છોડનું જ પાંદડું તોડયું હતું. બાળકની માએ બાઝિલ નામની જોડે ફેત-ફ્રુમોસ ઉમેરી દીધું. ફેત-ફ્રુમોસ એટલે સોહામણો. પોતાનો લાડકો દીકરો એને ખૂબ જ રૂપાળો લાગતો હતો.

સમયનાં વહેણ વહેતાં રહ્યાં. વખત જતાં ડોસો આ સંસાર તજીને ચાલ્યો ગયો. છોકરો મોટો થયો. હવે તો એ જંગલમાં શિકારે જતો અને માને મનગમતો ખોરાક લઈ આવતો. દીકરો જેમ મોટો થતો ગયો એમ માની જિંદગી વધારે ને વધારે ખુશાલ બનતી ગઈ. એની વાતો સાંભળીને અને એનાં કામ જોઈને માના મનમાં હરખ ઊભરાતો અને હૈયામાં સુખ ઊપજતું.

સોહામણો બાઝિલ છોકરો મટીને પુરુષ બન્યો એટલે શિકાર કરવા ઘરથી ખૂબ દૂર ગીચ ઝાડીઓમાં અને ગાઢ વનમાં જવા લાગ્યો. અંધારા અઘોર વનના ઊંડાણમાં એ નજર કામ કરે ત્યાં સુધી કદમ માંડતો જતો.

એક દિવસ બાઝિલ એક ખીણ આગળ પહોંચી ગયો. એણે ખીણમાં નજર કરી તો ત્યાં એક મોટું સરોવર હોય એમ લાગ્યું. સરોવરના લીલા નિર્મળ જળમાં સૂરજદાદા સ્નાન કરી રહ્યા હોય એમ લાગતું હતું. નજીક જઈને જોતાં ખબર પડી કે એ તો સરોવર નહિ પણ સાચા સોનાનો મોતીએ જડેલો મહેલ હતો. હરિયાળા અસીમ વનની વચ્ચે ઊભો ઊભો મહેલ ઝગારા મારી રહ્યો હતો.

આવું મનોહર દૃશ્ય એણે જિંદગીમાં ક્યારેય જોયું નહોતું. ભેટે બાંધેલી તલવાર અને હાથમાં પકડેલી ગદા સરખી કરીને એ તો સીધો મહેલ તરફ ચાલ્યો. મહેલ બહુ દૂર નહોતો એટલે થોડી વારમાં જ એ ત્યાં પહોંચી ગયો. મહેલનાં બારીબારણાં ઉઘાડાં હતાં, પણ અંદર કે આજુબાજુ ક્યાંય કોઈ જીવતો જીવ નજરે ચડયો નહિ. સોહામણો બાઝિલ ખંડેખંડમાં જોઈ વળ્યો, એણે આખા મહેલમાં ફરી ફરીને તપાસ કરી. પછી ચોગાનમાં જઈને એણે ચોમેર નજર ફેરવી પણ કોઈ દેખાયું નહિ. અચાનક ભારે ધણધણાટ અને ગડગડાટ એના કાને પડયો, ઝાડની ડાળીઓ તૂટલી હોય એવો અવાજ સંભળાયો. અવાજની દિશામાં નજર નાખીને બાઝિલ જુએ છે તો જંગલમાંથી ભયંકર દેખાવના સાત દૈત્ય ચાલ્યા આવે. દૈત્યોને

> બકરા જેવાં માથાં હતાં,
> ખર જેવી ખરીઓ હતી,
> વરુ જેવાં જડબાં હતાં,
> અને ઝેરીલી આંખો હતી.

દૈત્યો ઠેકડા મારતા ને ફાળ ભરતા આવી રહ્યા હતા. હાથપગ બાંધેલા ત્રણ માણસ એમને ખભે લાદેલા હતા. દૈત્યો મહેલમાં ઘૂસ્યા અને એમણે એક જબ્બર કડાઈ નીચે આગ સળગાવી. કડાઈમાં ભરેલું પાણી ઊકળવા માંડયું એટલે દૈત્યોએ એક કેદીને એમાં હોમી દીધો અને એને બાફીને હાડકાં સમેત ખાઈ ગયા. પછી

બાકીના કેદીઓને પણ એક પછી એક એવી જ રીતે ખાઈ ગયા. દૈત્યો માણસનું માંસ અકરાંતિયાની જેમ એવી રીતે ખાતા હતા કે એમનાં જડબાંનો ચપ ચપ અવાજ પણ સાંભળાતો હતો.

બારણાની પાછળ છુપાઈને ઊભેલા સોહામણા બાઝિલે આ બધું જોયું પણ એને પોતાની નજર ઉપર વિશ્વાસ ન બેઠો. વિકરાળ દૈત્યો માંસની બોટીએ બોટી હડપ કરી ગયા. પછી એક દૈત્યે મોઢું ફેરવીને જોયું તો એની નજર બાઝિલ ઉપર પડી. જાણે કંઈક કરડયું હોય એમ ઊછળી પડીને એ જોરથી બરાડયો:

"બહાર જુઓ, બહાર જુઓ! પણે ચોગાનમાં એક બીજો ઊભો છે, પકડો એને અને નાખો કડાઈમાં!"

બધા દૈત્યો ઠેકડા મારીને ઊભા થઈ ગયા અને બારણા તરફ દોડયા. પણ બાઝિલે તલવાર મ્યાનમાંથી ખેંચીને બહાર કાઢી અને એ બારણા પાસે ઊભો રહ્યો. એક એક દૈત્ય જેમ ઉંબરામાં પગ દેતો ગયો તેમ એની તલવાર ધડાક દૈત્યની ગરદન ઉપર પડતી ગઈ. એક પછી એક માથું ધડથી નોખું થઈને ભોંય ઉપર દડતું ગયું. સોહામણા બાઝિલે એમ છ દૈત્યોનાં માથાં ઉડાવી દીધાં. પણ સાતમા દૈત્યની ઉપર એની તલવારના ઘાની મુદ્દલ અસર થઈ નહિ. એણે દૈત્યની ગરદન ઉપર તલવારનો ઘા માર્યો, એના માથા ઉપર તલવારનું પાનું ફટકાર્યું, છાતીમાં તલવાર ભોંકી દઈને એનું કાળજું વીંધી દેવાની કોશિશ કરી, પણ બધું નકામું ગયું. પછી સોહામણા બાઝિલે બીજો કંઈ વિચાર કર્યા વગર હાથમાં ગદા ઉપાડી અને ફેરવીને દૈત્યના લમણા ઉપર જોરથી ઝીંકી દીધી. બાઝિલે ગદા એવા જોરથી ફટકારી કે દૈત્યની આંખ સામે અંધારાં ફેલાઈ ગયાં. એ ગોળ ચક્કર ચક્કર ફરતો પાછળ હઠવા લાગ્યો. જેમ જેમ એ પાછળ હઠતો ગયો તેમ તેમ એનું માથું ભીંત જોડે અફળાતું ગયું. આખરે એ મહેલના છેલ્લા ખંડમાં પહોંચ્યો અને ભોંયમાં જડેલું ચોરબારણું ઉઘાડીને સીડી ઊતરવા લાગ્યો. સીડીનાં પગથિયાં ઉપર લીલ અને જાળાં બાઝેલાં હતાં. એને ભાગી જવાની મુદ્દલ તક આપ્યા વગર બાઝિલ એની પાછળ પાછળ ધસતો ગયો. લોખંડનાં બાર બાર બારણાં વટાવીને બેઉ આખરે તળિયે પહોંચ્યા. દૈત્ય ભીંત જોડે લપાઈને ઊભો રહ્યો.

એની આંખના ડોળા ચકરવકર થતા હતા, એના ફાડેલા મોંમાંથી દાંત બહાર દેખાતા હતા, અને એમ લાગતું હતું કે બીકના માર્યા એનું કાળજું હમણાં જ ફાટી પડશે.

પણ બાઝિલે એને આંગળી સરખી અડાડી નહિ. એણે બારણું બહારથી બંધ કર્યું, સાંકળ વાસી દીધી, અને બારણા આડો લોખંડનો પાટો ભરાવી દીધો. એણે બારે બાર બારણાં એવી જ રીતે બરાબર બંધ કર્યાં, અને છેલ્લે બારણે તાળું મારીને ચાવી ખીસામાં નાખી. પોતે એક સરસ કામ કર્યું છે એમ વિચારીને ખુશ થતો એ પછી ઘેર ગયો.

ઉમંગે છલકાતા દિલે ગુફામાં દાખલ થઈને એણે માને કહ્યું:

"મેં એક બહુ મોટો સુંદર મહેલ ગોતી કાઢયો છે, મા. આપણે હવે ત્યાં જ જઈને રહીશું."

સાંભળીને એની મા હરખઘેલી થઈ ગઈ. મા અને બાઝિલ ગુફા છોડીને સોનામોતીના મહેલમાં રહેવા ગયાં.

મહેલમાં જઈને સોહામણા બાઝિલે માને સમજાવ્યું:

"આ આખો મહેલ આપણો જ છે. પણ છેલ્લા ખંડનું બારણું કોઈ કાળે ઉઘાડતી નહિ. ગમે તેમ થાય તોપણ એ બારણું બંધ જ રાખજે. આખરી દૈત્યને મેં એમાં પૂરી રાખ્યો છે."

માએ જવાબ દીધો: "બેટા, તું એની ફિકર કરીશ મા, અને મારી ઉપર ભરોસો રાખજે. દૈત્યે તને ખાઈ જવાની કોશિશ કરી હતી, એટલે બારણું બરાબર બંધ રાખવામાં હું ગફલત નહિ કરું."

પછી માએ ચાવી લઈને રૂમાલમાં લપેટી, અને રૂમાલને દસ ગાંઠ મારીને એવે ઠેકાણે આઘો મૂકી દીધો કે કોઈ ગોતે તો પણ અનંત કાળ સુધી મળે જ નહિ.

જાણે કેમ અક્ષયપાત્ર મળી ગયું હોય એમ જિંદગીની બધી સુખસગવડો માદીકરાને હવે નિરંતર મળવા લાગી. મહેલ ભવ્ય હતો, ચોમેર રમણીય નિસર્ગનું સામ્રાજ્ય હતું, અને મનગમતો શિકાર મળતો.

સુખની એવી જિંદગીનાં એક કે બે નહિ પણ અનેક વર્ષ વીતી ગયાં.

પરંતુ વસંતના સમીરમાં આગામી ઉનાળાની આછી ગરમી અચાનક ભળે છે એમ જ દરેક વસ્તુને તોડીફોડીને ખતમ કરી નાખે એવા ઝંઝાવાત પણ પૃથ્વી ઉપર આવી પડતા હોય છે.

સાત દૈત્યો બીજા કોઈ દેશમાંથી અહીં આવેલા. એ દૈત્યોને ક્લોઆન્ત્સા ડાકણે ઉછેરીને મોટા કર્યા હતા. ડાકણનું મોં મેશ જેવું કાળું હતું અને એના મેલા દિલમાં એવું ઝેર હતું કે એક જ નજર વડે આખી દુનિયાને બાળીને રાખ કરી નાખે. ડાકણ સાતેય દૈત્યની વાટ જોતી હતી. દૈત્યો અમુક વખતના અંતરે એને મળવા જતા. ઘણા વખત સુધી દૈત્યો આવ્યા નહિ એટલે એના મનમાં ફફડાટ જાગ્યો કે તેઓ ક્યાંક આફતમાં ન સપડાઈ ગયા હોય. એના મનમાં ઊઠેલી ઊંડી ચિંતાની આગના ભડકાથી એનું દિલ બળવા લાગ્યું. આગમાં સપડાયેલો સાપ જેમ ટળવળે ને વળ ખાય એમ ક્લોઆન્ત્સા ડાકણ ટળવળવા ને વળ ખાવા લાગી. આખરે એનાથી રહેવાયું નહિ એટલે દૈત્યોની તપાસ કરવા એ દોડતી મહેલ પાસે પહોંચી.

દૈત્યોની દશાની એને ખબર પડી ત્યારે પહેલાં તો એ સૂનમૂન થઈ ગઈ અને બે હાથે માથું પકડીને ધ્રૂજવા તથા ઊંહકારા કરવા લાગી. પછી એ ગુસ્સાના આવેશમાં ગાંડા જેવી થઈ જઈને બાઝિલની મા ઉપર ત્રાટકી, એણે બળજબરી કરીને એની પાસેથી ચાવી કઢાવી, અને હતું એટલું જોર કરીને એને સાતમા દૈત્યવાળા ભોંયરામાં ધકેલી દીધી. દૈત્યને એણે ભોંયરામાંથી છૂટો કર્યો અને પોતાની પાછળ પાછળ આવવા કહ્યું. બાઝિલની માને ભોંયરામાં પૂરીને બહાર આવતી વેળા એમણે બારે બાર બારણાં બરાબર બંધ કર્યાં, બારણાં આડા લોખંડના પાટા ભરાવી દીધા, અને છેલ્લે બારણે તાળું મારી દીધું.

પછી ક્લોઆન્ત્સા ડાકણ અને દૈત્ય મસલત કરવા બેઠાં કે બાઝિલની ઉપર વેર કેવી રીતે વાળવું અને એને ખતમ કેવી રીતે કરી નાખવો.

ડાકણે દૈત્યને કહ્યું: "તું એને તારી જોડે લડવાનો પડકાર કર!"

દૈત્યે જવાબ દીધો: "ના, મને એની બીક લાગે છે. એનાં બાવડાંનું જોર મારા કરતાં ખૂબ વધારે છે. મારું માનો તો હજુ વખત છે ત્યાં જ આપણે અહીંથી પોબારા ગણી જઈએ તો સારું. એક વાર આપણે એની નજરે પડયાં કે પછી

આપણી ખેર નહિ રહે!"

ક્લોઆન્ત્સા ડાકણ બોલી: "તને એમ લાગતું હોય તો પછી તું મારી ઉપર ભરોસો રાખીને જોયા કર કે શું થાય છે. હું એને હેરાન કરી કરીને એની એવી હાલત કરી નાખીશ કે એ રાજી થઈને સાપના ભોણમાં જાય અને જિંદગીથી છુટકારો મેળવવા કરગરીને મોત માગે."

એમ કહીને એણે દૈત્યને છુપાવી દીધો અને પોતે ભમરડાની જેમ ગોળ ગોળ ફરવા લાગી. ગોળ ચક્કર ફરતાં એણે પોતાનું રૂપ બદલીને બાઝિલની માનું રૂપ ધારણ કરી લીધું. પછી જાણે સખત માંદી પડી ગઈ હોય અને આખે શરીરે ભયંકર પીડા થતી હોય એવી ઢોંગ કરીને એ બેઠી અને સોહામણા બાઝિલની વાટ જોવા લાગી.

એક પછી બીજો એમ બે દિવસ વીત્યા એટલે બાઝિલ શિકાર કરીને પાછો આવ્યો. ઉંબરો ઓળંગીને એ અંદર આવ્યો કે તરત જ ક્લોઆન્ત્સા ડાકણ ઊંહકારા કરવા અને નિસાસા નાખવા લાગી.

ડૂસકાં ખાતી ખાતી એ બોલી: "દીકરા, મારા દીકરા, અરેરે, મને એકલી મૂકીને તું આમ શિકાર કરવા ચાલ્યો ગયો! તને મનમાં જરાય એમ ન થયું કે માને કદાચ મારી જરૂર પડશે તો બીચારી શું કરશે! હું તો સખત માંદી પડી ગઈ અને અહીં મારી સારવાર કરનારું કોઈ જ નહિ! અરેરે, મને એક ટીપું પંખીનું દૂધ મળે ને... ફક્ત એક જ ટીપું મળે ને... એક ટીપું પંખીનું દૂધ મળે તો આ મંદવાડમાંથી મારો છુટકારો થાય અને હું પાછી મારા પગ ઉપર ઊભી થાઉં!"

માની બીમારીની વાત જાણીને બાઝિલનું દિલ દુખી થઈ ગયું. હાથમાં કળશો લઈને એ પંખીનું દૂધ ગોતવા નીકળી પડયો. માનું રૂપ લઈને બેઠેલી ક્લોઆન્ત્સા ડાકણને એ જતી વેળા કહેતો ગયો કે મા, વિશ્વાસ રાખજે, દૂધ લઈને ઝટ પાછો આવીશ.

ચાલતો ચાલતો અનેક પહાડ અને ખીણ વટાવતો એ આખરે એક હવેલી પાસે પહોંચ્યો. હવેલીને ફરતી ઊંચી વંડી હતી. એણે દરવાજો ખખડાવ્યો એટલે અંદરથી કોઈ કન્યાનો અવાજ આવ્યો:

"સજ્જન હો તો અંદર આવો. પણ જો દુર્જન હોય તો સીધો રસ્તે પડ, નહિતર મારા કૂતરા ફાડી ખાશે."

સોહામણા બાઝિલે જવાબ વાળ્યો: "તમારે દરવાજે સજ્જન માણસ ઊભો છે, સુંદરી!"

દરવાજો ઊઘડયો. બાઝિલે અંદર નજર નાખી તો સરસ મઝાનું ઘર નજરે પડયું. ઘરનાં બારીબારણાં ખુલ્લાં હતાં.

હવેલીમાં દાખલ થતાં બાઝિલ બોલ્યો: "નમસ્તે!"

જવાબ મળ્યો: "નમસ્તે!"

કન્યા ખૂબ સુંદર હતી, એવી રૂપાળી કે સૂરજ, ચંદ્ર, અને પ્રભાતનાં ચમકતાં સોનેરી કિરણો એના રૂપ સામે ઝાંખાં પડી જાય.

માથું નમાવીને અભિવાદન કરતાં બાઝિલે કહ્યું: "હું બહુ લાંબો પંથ કાપીને આવ્યો છું અને હજી મારે એટલો જ લાંબો પંથ કાપવાનો છે. રાત અહીંયાં રોકાવાની રજા આપશો?"

કન્યાએ જવાબ દીધો: "ખુશીથી રોકાઓ, ઘર તમારું જ છે!" અતિથિપ્રેમી કન્યાએ એને જરીભરતના ગાલીચા ઉપર બેસાડયો અને ભાતભાતની લહેજતદાર વાનગીઓ એની સામે હાજર કરી.

બન્ને બેસીને વાતે વળગ્યાં. પોતે ઘરથી આટલે દૂર શા માટે આવ્યો છે એની વાત કરીને બાઝિલે પૂછ્યું:

"પંખીનું દૂધ ક્યાં મળે એની તમને ખબર છે?"

કન્યાએ જવાબ આપ્યો: "મારી જિંદગીમાં મેં તો ક્યારેય પંખીના દૂધનું કે એવી કોઈ દવાનું નામ સાંભળ્યું નથી. પણ તમે સજ્જન માણસ છો એટલે તમારે જોઈતી માહિતી મેળવી આપવાની હું કોશિશ કરીશ. થોડી વાર પછી હું મારા ભાઈ સૂરજ પાસે જઈને એને પૂછી આવીશ. આ દુનિયામાં કઈ વસ્તુ ક્યાં મળે એની ખબર બીજા કોઈને ભલે ન હોય પણ એને તો હોય જ હોય."

સૂરજની બહેન ઇલ્યાના કોસિનઝાના જોડે સોહામણા બાઝિલની મુલાકાત આ રીતે થઈ.

થોડી વાર પછી થાકેલો મહેમાન નીંદરને ખોળે પડયો એટલે ઈલ્યાના કોસિનઝાનાએ ભાઈ પાસે જઈને પૂછયું કે પંખીનું દૂધ ક્યાં મળે.

સૂરજે કહ્યું: "મારી નાની બહેનડી, એને માટે તો ખૂબ દૂર જવું પડે, ખૂબ જ દૂર. ત્યાં સુધી પહોંચવામાં ઘણાં અઠવાડિયાં થઈ જાય. આખો પંથ પૂર્વ દિશા તરફ જ છે અને જગ્યા ત્રાંબાના પહાડની પેલી પાર છે. પણ દૂધ મેળવવાનું કામ તો ત્યાં પહોંચીને પણ શક્ય નથી. એ પંખી અજોડ રાક્ષસ જેવું છે. એની દરેક પાંખ વાદળ જેવડી મોટી છે. કોઈ એની પાસે જવાની કોશિશ કરે તો એ પંખી એને ઉપાડીને માળામાં લઈ જાય છે. પછી પંખીનાં બચ્ચાં એને પીંખી નાખીને પેટમાં પધરાવી દે છે."

ઈલ્યાનાને સમજાઈ ગયું કે બાઝિલ તો મોતના મુખમાં જવા નીકળ્યો છે. પંખીની પાસે પહોંચતાં જ એની ભયંકર વલે થશે. એના અંજામનો વિચાર કરતાં સૂરજની બહેનના દિલમાં કરુણા અને ચિંતાનાં વાદળ છવાઈ ગયાં. એણે બાઝિલને મદદ કરવાનું નક્કી કર્યું. બીજે દિવસે સવારે તબેલામાંથી બાર પાંખવાળો ઘોડો લઈ આવીને બાઝિલને સોંપતી એ બોલી:

"આ ઘોડાને તમારી ભેગો લઈ જાઓ. એ તમને બહુ કામ આવશે અને સલામત રાખશે. પણ એક વાતનું વચન આપતા જાઓ. જ્યાં જાઓ છો ત્યાં તમારું નસીબ પાધરું ઊતરે કે નહિ, પણ પાછા વળતાં મારે ત્યાં રોકાવું જ પડશે."

સોહામણા બાઝિલના મનમાં ઉમળકા જાગ્યા કે મારું હૈયું હમણાં જ આ રૂપવતીને ચરણે ધરી દઉં. એણે એનો ખૂબ ઉપકાર માન્યો અને પછી એક છલંગે ઘોડે ચડીને ઘોડાને દોડાવી મૂક્યો.

ઊડે પવનવેગે તોખાર,
બેઠો સોહામણો સવાર.
ગિરિ ને ઘાટ વટાવે,
નદી ને ખીણ વટાવે,
કરે વન ઉપવનને પાર,
થંભે ના ક્યાંય લગાર.

એમ પૂરવેગે સફર ખેડતો બાઝિલ આગળ ધપતો હતો ત્યાં આઘેથી એને ત્રાંબાની ભીંત જેવું કંઈક દેખાયું. એ જેમ જેમ ભીંતની નજીક પહોંચતો ગયો તેમ તેમ ભીંત ઊંચી ને ઊંચી થતી ગઈ, ભીંત મટીને ટેકરી બની ગઈ, અને ટેકરીને ઠેકાણે પહાર દેખાયો. તળેટીમાં પહોંચીને એણે ઉપર નજર કરી તો ત્રાંબાના પહાડનું શિખર આકાશને ટેકો આપતું હોય એટલું ઊંચું દેખાયું. એટલા બધા ઊંચા પહાડ તો ભાગ્યે જ જોવા મળે! સોહામણા બાઝિલે પહાડને ખૂબ ધ્યાનથી જોયો. એની નજર તળેટીથી શિખર સુધી ફરી વળી ત્યારે જ એને ઉપર ગગનમાં એક મોટું જબ્બર પંખી દેખાયું. પંખની પાંખો તોફાનનાં વાદળ જેવડી મોટી અને કાળી હતી. એ ગોળ ચક્કર ઊડતું ઊડતું એક બાજુ વળ્યું અને થોડી વારમાં અલોપ થઈ ગયું.

બાઝિલે ઘોડાની લગામ ખેંચી અને એને પહાડ ઉપર વાળ્યો. ઠપ ઠપાક! ઠપ ઠપાક! ઊડીને એક પછી એક ખડક ઠેકતો ઘોડો પૂરઝડપે આગળ ધપ્યો અને સોહામણા બાઝિલને સૌથી ઊંચા શિખર ઉપર લઈ ગયો. ત્યાં બાઝિલે આસપાસ નજર દોડાવી તો અદ્‌ભુત દેખાવ નજરે પડયો. રાક્ષસી પંખીનાં બચ્ચાં ત્રાંબાના માળાઓમાં બેઠાં હતાં. દરેક માળામાં એક બચ્ચું, પાંખ હજી ઊગી નથી એટલું નાનું, પણ તોયે કદ જોયું હોય તો આખલા જેવડું. બચ્ચાં ભૂખનાં માર્યાં ચીસો પાડી રહ્યાં હતાં. બાઝિલે ચોતરફ નજર ફેરવી તો એને ત્રાંબાના ઊભા ખડકમાં મોટી બખોલ દેખાણી. એ તો ઘોડાને લઈને બખોલમાં છુપાઈ ગયો. થોડી વાર થઈ હશે ત્યાં બચ્ચાંની મા ઊડતી ઊડતી આવી અને એક પછી એક માળામાં જઈને બચ્ચાને ધવડાવવા લાગી. બાઝિલ જ્યાં છુપાઈને ઊભો હતો એ બખોલ નજીક પણ એક માળો હતો. મા એ માળામાં જઈને બચ્ચાને ધવડાવવા લાગી એટલે બાઝિલે હિંમત કરીને કળશો આગળ ધરી દીધો. પંખીથી અજાણ્યું થોડુંક દૂધ કળશામાં પડયું. બાઝિલ ઠેકડો મારીને ઘોડે ચડી ગયો અને જીવ બચાવવા એણે ઘોડાને પવનવેગે વહેતો મૂકી દીધો. બરાબર એ જ ઘડીએ એ બચ્ચું ચીસ પાડી ઊઠયું. ચીસ સાંભળીને પંખીએ મોં ફેરવ્યું તો એની નજર બાઝિલ ઉપર પડી. પંખી તરત જ ઊડયું અને જમદૂતની જેમ એની પાછળ પડયું. પણ એ બાઝિલને આંબી શક્યું નહિ. એને તો બે જ પાંખ હતી

પણ બાઝિલના ઘોડાને બાર પાંખ હતી. ઘોડો એના કરતાં ઘણી વધારે ઝડપથી ઊડતો હતો.

ઊડે પવનવેગે તોખાર,
બેઠો સોહામણો સવાર.
ગિરિ ને ઘાટ વટાવે,
નદી ને ખીણ વટાવે,
કરે વન ઉપવનને પાર,
થંભે ના ક્યાંય લગાર.

એમ સફર ખેડતો બાઝિલ આખરે ઈલ્યાના કોસિનઝાનાને ઘેર પહોંચ્યો. ઈલ્યાના એને ભાવથી ઘરમાં લઈ ગઈ અને થોડો વખત રોકાઈને આરામ કરી લેવા સમજાવ્યો.

સોહામણો બાઝિલ જમી કરીને જરાક આડે પડખે થયો. એને નીંદર આવી ગઈ. ઈલ્યાના કંઈ બોલી નહિ પણ આગળ શું થવાનું છે એની એને બરાબર ખબર હતી. એટલે એણે કળશામાંથી પંખીનું દૂધ કાઢી લીધું અને એમાં ગાયનું સાદુ દૂધ ભરી દીધું.

થોડી વાર પછી બાઝિલ જાગ્યો અને દૂધનો કળશો હાથમાં લઈને એણે ઈલ્યાનાને કહ્યું:

"તમે ખરેખર બહુ જ માયાળુ છો. મને થાય છે કે તમારે ત્યાં જ રોકાઈને આરામ કરું તો સારું. પણ મારી માંદી મા વાટ જોઈને બેઠી હશે એટલે મારે નીકળવું જ જોઈએ."

ઈલ્યાના બોલી: "ભલે, બહાદુર જુવાન, તો ઊપડો અને સુખરૂપ સફર ખેડીને ઘેર પહોંચો! પણ મારે ત્યાં ફરી વાર જરૂર આવજો."

સોહામણા બાઝિલે માથું નમાવીને એને અલવિદા કરી, અને પછી ઘોડે ચડીને એ રવાના થઈ ગયો.

એ મારતે ઘોડે મહેલ પાસે પહોંચ્યો. એને આવતો જોઈને ક્લોઆન્સા ડાકણ જાણે શરીરમાં સળગતા ભાલા ભોંકાતા હોય એમ વળ ને આંચકા ખાવા

લાગી. એણે જઈને ખાટલામાં પડતું મૂક્યું અને જાણે મરવાની અણિ ઉપર હોય એમ એ ઊંહકારા કરવા ને નિસાસા નાખવા લાગી.

"ઓય! વોય! અરેરે! ઓય! વોય!"

બાઝિલ ઉંબરો ઓળંગીને જેવો અંદર આવ્યો કે તરત જ એ બોલી:

"દીકરા, મીઠડા, તું આવી ગયો! તને જોઈને જીવ એવો રાજી થાય છે! તારી જ વાટ જોઈને બેઠી છું! પંખીનું દૂધ લાવ્યો કે, ભાઈ?"

"હા માડી, લાવ્યો છું," એમ કહીને એણે કળશો એની સામે ધર્યો.

ક્લોઆન્ત્સા કળશો મોઢે માંડીને બધુંય દૂધ ગટગટાવી ગઈ અને બોલી:

"બહુ સારું કર્યું, બેટા! જો ને, દૂધ પીતાંવેંત મને સારું લાગવા માંડ્યું."

પછી એ પાછી ખાટલામાં લાંબી થઈ ગઈ અને એણે આંખો મીચીને એવો ઢોંગ કર્યો કે જાણે ઊંઘી ગઈ હોય. હવે બાઝિલને ક્યાં મોકલવો કે જેથી એનું નામનિશાન સાવ મટી જાય અને એની યાદ સુદ્ધાં ભૂંસાઈ જાય, એવી ફિકરમાં એને પળભર પણ નીંદર આવી નહિ. એનો વિચાર કરતી એ ખાટલામાં પડી રહી અને પછી જાણે અચાનક પીડા વધી ગઈ હોય એમ તરફડિયાં મારતી વળ ખાવા ને ઊંહકારા કરવા લાગી.

એમ ઢોંગ કરતી કરતી એ બોલી: "ઓહ, બેટા, મારા રતન! જો ને, માંદગી વળી પાછી મારી ઉપર સવાર થઈ ગઈ હોય એમ લાગે છે. પણ હમણાં જ મને સોણું આવ્યું કે સિંહોના રાજાના બચ્ચાનું માંસ ખાવા મળે તો મારો રોગ મટી જાય."

સાંભળીને બાઝિલ બોલ્યો: "સારું, મા, હું હમણાં જ જઈને એનું માંસ લઈ આવું છું. મારા મનમાં તો બસ એક જ મુરાદ છે કે તું ઝટ સાજી થઈ જા."

એમ કહેતો એ ઠેકડો મારીને ઘોડે ચડયો અને ચાલી નીકળ્યો. લાંબો પંથ કાપીને એ પાછો ઈલ્યાના કોસિનઝાનાને ઘેર પહોંચ્યો.

ત્યાં પહોંચીને એણે પૂછ્યું: "અંદર આવી શકું કે?"

ઈલ્યાના બોલી: "જરૂર આવો, મારો ભાવભીનો આવકાર!"

બાઝિલ અંદર ગયો અને થાક ખાવા બેસીને નવી આફતની વાત ઈલ્યાનાને કહેવા લાગ્યો.

"સિંહોના રાજાના બચ્ચાનું માંસ ક્યાં મળે એની તમને ખબર છે?" એણે પૂછ્યું. "મારી મા વળી પાછી માંદી પડી છે અને કહે છે કે એવું માંસ ખાવા મળે તો જ મારો રોગ મટે એમ છે."

ઇલ્યાનાએ જવાબ આપ્યો: "ના, મને તો ખબર નથી, પણ તમે થોડોક વખત અહીં રોકાઈને આરામ કરો તો સાંજે મારા ભાઈ સૂરજને પૂછીને હું બધી વાત જાણી લઉં. એને તો ખબર હશે જ કેમ કે આકાશમાં પોતાના આસન ઉપરથી એ બધું જ જોઈ શકે છે, કોઈ વસ્તુ એનાથી છાની નથી રહેતી."

બાઝિલ રાત ઇલ્યાનાને ઘેર રોકાયો. સાંજ પડી એટલે ઇલ્યાનાનો ભાઈ પણ તેજનાં કિરણો ઉતારીને આરામ કરવા આવ્યો.

ઇલ્યાનાએ ભાઈને કહ્યું:

"મેં સિંહોના રાજાની વાતો સાંભળી છે. તમને ખબર છે કે એ ક્યાં રહે છે?"

સૂરજ બોલ્યો: "ખૂબ દૂર, બહેની! ઉત્તર દિશામાં મોટાં મોટાં ખેતરો અને ફૂલથી છવાયેલાં ચરાણો પાર કર્યા પછી ખૂબ દૂર ગાઢ વન આવે છે. સિંહોનો રાજા ત્યાં રહે છે."

"વનરાજનું નાનકડું બચ્ચું જોઈતું હોય તો કેવી રીતે મળે?"

"એ તો શક્ય જ નથી, બહેન. વન એવું ગાઢ છે કે માણસની વાત તો જવા દે, મારાં કિરણો પણ એની આરપાર નથી જઈ શકતાં. સિંહરાજ બચ્ચાંને લઈને દિવસમાં એક વાર પાણી પીવા વનને છેડે ઝરણાને કાંઠે આવે ત્યારે જ એ મને જોવા મળે છે. એના નહોર ને દાંત બહુ જ તીણા છે. કોઈ નજીક જવાની હિંમત કરે તો એનું અંગેઅંગ પીંખાઈ જાય."

ઇલ્યાના કોસિનઝાનાએ આખી વાત સોહામણા બાઝિલને કહી સંભળાવી. સિંહરાજનું બચ્ચું ક્યાં મળે અને એને પકડવા જવામાં શું જોખમ છે એ જાણી લઈને બાઝિલ ઘોડે ચડયો અને ઉત્તર દિશામાં ચાલી નીકળ્યો. એણે પહાડ ઓળંગ્યા, ઘાટ વટાવ્યા, નદીઓ અને કોતરો પાર કર્યાં, મોટાં મોટાં ખેતરો ને ફૂલથી છવાયેલાં ચરાણો પાછળ મૂક્યાં, અને આખરે એ વિશાળ ગાઢ વન પાસે પહોંચ્યો. એણે ઘોડો વનમાં વાળ્યો પણ ત્યાં તો ભૂતલોક જેવું ઘોર અંધારું હતું. એનો બાર પાંખવાળો ઘોડો આકાશમાં ઊંચે ઊડયો અને એને સૌથી ઊંચા ઝાડ

કરતાંયે ઊંચે લઈ ગયો. બાઝિલે ઉપરથી વન ઉપર નજર ફેરવી તો એને ઝરણું દેખાયું. બપોરનો વખત થયો હતો. ગગનભેદી ગર્જના કરતો સિંહરાજ ઝરણાને કાંઠે આવ્યો. એની પાછળ એનાં નાનકડાં બચ્ચાં દોડતાં વનમાંથી બહાર આવ્યાં.

બાઝિલે એક બચ્ચાને ઉપાડીને ઘોડાની પીઠ ઉપર નાખ્યું અને જીવ બચાવવા એ મારતે ઘોડે ભાગી છૂટયો. પણ સિંહરાજે એને જોઈ લીધો હતો એટલે એ છલંગો મારતો બાઝિલની પાછળ પડયો. બાઝિલનો ઘોડો ભારે વેગીલો હતો, નહિતર એનું તો આવી જ બન્યું હોત. ઘોડાની તેજ ઝડપે જ એને વિકરાળ સિંહના તીણા નહોરનો ભોગ બનતાં ઉગારી લીધો. ત્યાર પછી તો ઘોડો બે પગે ઊભો થઈને અને કેશવાળી ઉછાળીને હરખ જાહેર કરતો જાય અને બાઝિલ પણ ખુશીમાં ગીત ગણગણતો જાય. આ કામ પણ સફળતાથી પાર પડયું એટલે એ તો એટલો બધો ખુશ થઈ ગયો કે બસ, ન પૂછો વાત!

પાછો વળતાં રસ્તામાં એ અગાઉની જેમ જ ઈલ્યાના કોસિનઝાનાને ઘેર રોકાયો. ખાઈ પીને એ આરામથી નવરો બેઠો બેઠો તરંગની દુનિયામાં ભમતો હતો તે દરમિયાન ઈલ્યાના કોસિનઝાનાએ સિંહોના રાજાના બચ્ચાને ઠેકાણે પોતાનું પાળેલું સિંહનું બચ્ચું મૂકી દીધું. પછી બાઝિલને અદલાબદલીનો અણસારો સરખો ન આવે એવી રીતે એણે ખૂબ હેતપ્રેમથી એને વિદાય આપી.

બાઝિલને ઘેર પાછો ફરતો જોઈને ક્લોઆન્ત્સા ડાકણે એટલા જોરથી દાંત પીસ્યા કે એના મોંમાંથી તણખા ઝરવા લાગ્યા. પણ એને તો ગુસ્સો ગમે તેમ કરીને દબાવી રાખવાનો હતો અને જીવલેણ માંદગીનો ઢોંગ કરવાનો હતો. બાઝિલ ખંડમાં દાખલ થયો કે તરત જ એ બોલી:

"આહ, દીકરા, મારા રતન, તું આવી ગયો પાછો! ઉપરવાળાની દયા છે, એનો પાડ માનો! તું વખતસર પાછો આવી ગયો. તને જોઈને મારી આંખ ઠરે છે! તું જરાક જેટલોય મોડો આવ્યો હોત ને તો મને જીવતી ન ભાળી હોત! લે, હવે ઝટ સિંહોના રાજાના બચ્ચાનું માંસ ભૂંજીને મને ખવડાવ!"

બાઝિલે બચ્ચાને કતલ કરીને એનું માંસ અંગારા ઉપર શેક્યું અને એ બદામી રંગનું થયું એટલે ક્લોઆન્ત્સાને ખાવા આપ્યું.

થોડુંક માંસ ખાતાંવેંત ફાયદો થયો હોય એવો ઢોંગ કરીને ડાકણ બોલી:

"જો ને, હવે મને સારું લાગવા માંડયું, મારી નજરની ઝાંખપ પણ ઓછી થઈ ગઈ છે."

પણ બધુંય માંસ પેટમાં પધરાવી દીધા પછી ડાકણ વળી પાછી પહેલાં કરતાંય વધારે મોટેથી ઊંહકારા કરવા અને નિસાસા નાખવા લાગી, અને રાગડો તાણતી બોલી:

"અરેરે! મારો મીઠડો દીકરો, બીચારો છોકરો! મારે ખાતર દૂર દૂરના દેશોની સફર ખેડીને તેં કેટકેટલી વિપદા વેઠી છે! પણ મને ખરેખર સાજી કરવી હોય તો તારે તરત જ નવી સફરે નીકળી જવું પડશે. વળી પાછી મારી હાલત લથડી છે. થોડુંક નિર્જીવ-સજીવ જળ લાવી આપે તો જ મારો જીવ બચે એમ છે, નહિતર મોત મને આંબી જશે."

એમ વાત છે તો હું આ ચાલ્યો, મા," કહેતો બાઝિલ વળી પાછો સફર ખેડવા નીકળી પડયો.

લાંબી અને સખત મુસાફરી દરમિયાન એનું હૈયું નિરાશા અને કડવાશથી ભરાઈ ગયું. માએ માગ્યું છે એવું અદ્‌ભુત જળ મને ક્યાં મળવાનું હતું! હતાશ અને ઉદાસ દિલે એ ઇલ્યાના કોસિનઝાનાને ઘેર પહોંચ્યો અને કડવાશથી નસીબને દોષ દેતાં એણે ઇલ્યાનાને કહ્યું:

"ઇલ્યાના, શું કરું! મજબૂરીએ મને વળી પાછો અજાણ્યા પંથ ખેડવા ધકેલી દીધો છે. મારી માની માંદગી ઉપર કોઈ દવા કે ઓસડની અસર થતી જ નથી. હવે એણે મને નિર્જીવ-સજીવ જળ લઈ આવવા કહ્યું છે. તમને ખબર છે કે એવું જળ ક્યાં મળે અને હું કેવી રીતે લાવી શકું?"

ઇલ્યાનાએ એને દિલાસો આપ્યો: "થોડી વાર અહીં રોકાઈને આરામ કરો. કોને ખબર છે, કદાચ આ વખતે પણ હું તમને કંઈક મદદ કરી શકું!"

ઇલ્યાના સૂરજ ભાઈ પાસે ગઈ ત્યારે અવની ઉપર સંધ્યાના રંગ લગભગ રેલાઈ ગયા હતા. સૂરજ આખા દિવસના લાંબા રઝળપાટ પછી પાછો આવીને બેઠો હતો.

એની પાસે જઈને ઇલ્યાના બોલી:

"ભાઈ સૂરજ, પ્રકાશના પાથરનારા, આકાશમાં ઊંચે આવેલા તારા આસન

પરથી આખી દુનિયા તારી નજર સામે ઉઘાડી પડી હોય છે. તને ખબર છે કે નિર્જીવ-સજીવ જળ કયા દેશમાં મળે?"

સૂરજે જવાબ દીધો: "ખૂબ દૂર, મારી બહેની, ખૂબ ખૂબ દૂર. સાત પૃથ્વી ને સાત સાગરની પેલી પાર વાડીઓની રાણીનો એક દેશ છે. એ દેશમાં નિર્જીવ-સજીવ જળ મળે. પણ એ જળ લઈ આવવા આજ સુધીમાં ત્યાં ગયેલા અનેક માણસોમાંથી એક પણ જીવતો પાછો આવ્યો નથી. એ દેશને સીમાડે એક વિકરાળ દૈત્ય પહેરો ભરે છે. જે કોઈ ત્યાં જાય એને એ દૈત્ય અંદર તો જવા દે છે, પણ પાછા ફરવા દેતો નથી. નિર્જીવ-સજીવ જળ એ દૈત્ય પોતે જ પીએ છે. જે કોઈ બહાદુર પુરુષ એ જળની શોધમાં ત્યાં જાય છે એને એ મારી નાખે છે. એમ મોતને વરેલા એ બહાદુર માણસોનાં હાડકાં લાંબા કાળથી મારા તાપમાં શેકાતાં પડયાં છે."

હવે બાઝિલને ખબર પડી કે પોતાને ક્યાં જવાનું છે અને કેવી આફતનો સામનો કરવાનો છે. પણ બાઝિલ ભયનો ભોગ બન્યો નહિ. એણે તો તલવાર ભેટે બાંધી, ગદા પટ્ટે ભરાવી, ઇલ્યાના કોસિનઝાનાની વિદાય લીધી, અને એક છલંગે ઘોડે ચડીને ઘોડો મારી મૂક્યો. પંથ બહુ લાંબો હતો. મેદાનો ને સીમાડા વટાવતો, નદીઓ ને સાગરોને ચકરાવા લેતો, એ વણથંભ્યો સફર ખેડતો રહ્યો. સાત પૃથ્વી ને સાત સાગર પાર કરીને એ આખરે અજોડ રળિયામણા રાજમાં પહોંચ્યો. એવો રમણીય દેશ એણે અગાઉ ક્યારેય નહોતો જોયો. ત્યાંની કુદરતની અનેરી છટા બીજા કોઈ પણ દેશની કુદરતને સાવ ઝાંખી પાડી દે એવી હતી. ક્યાંય એકેય સૂકી ડાળખી દેખાતી નહોતી કે ઘાસનું કરમાયેલું તરણું નજરે પડતું નહોતું. બધા વૃક્ષવેલા ઝડપથી વિકસતા, ફૂલોથી છવાઈ જતા અને ફળોથી લચી પડતા.

સોહામણો બાઝિલ એ દેશમાં ખૂબ ભમ્યો અને એ રળિયામણા દેશને જેમ જેમ નીરખતો ગયો તેમ તેમ એના હૈયામાં ખુશીની લહેરો ઊઠતી ગઈ. ભમતો ભમતો એ બે ખડક પાસે પહોંચ્યો. બેઉ ખડકમાંથી બે ઝરણાં ફૂટીને વહી રહ્યાં હતાં.

બાઝિલને થયું કે નિર્જીવ-સજીવ જળનાં ઝરણાં આ જ હોવાં જોઈએ.

ખાતરી કરવા માટે એણે એક પતંગિયું પકડયું અને એના નાનકડા ટુકડા કરીને એક ઝરણામાં બોળ્યા. તરત જ બધા ટુકડા સરખી રીતે ગોઠવાઈ ગયા અને પતંગિયું પાછું પહેલાં જેવું થઈ ગયું. એણે પતંગિયાને બીજા ઝડણામાં બોળ્યું કે તરત જ પતંગિયામાં પાછો જીવ આવી ગયો.

બાઝિલની ખુશીનો પાર ન રહ્યો. ભેગી આણેલી બે નાનકડી મશકમાં એણે બેય ઝરણાંનું પાણી ભરી લીધું અને એ પાછો ઘેર જવા રવાના થઈ ગયો. પણ એ દેશના સીમાડાની પાસે હજી તો પહોંચવા જતો હતો ત્યાં એકાએક જાણે તોફાન આવ્યું હોય એમ ઝાડવાં જોરથી હલવા અને ખખડાટ કરવા લાગ્યાં. આકાશમાં વાદળ ચડી આવ્યાં અને જોતજોતામાં દસ માથાંવાળો દૈત્ય કાળઝાળ પૂંછડી હલાવતો એની સામે ખડો થઈ ગયો.

બાઝિલે એક હાથમાં ગદા અને બીજા હાથમાં તલવાર લીધી. દૈત્યે જેવું એક માથું એની તરફ વાળ્યું કે તરત જ એણે એના માથામાં પહેલાં ગદા ફટકારી અને પછી તલવાર વડે માથું વાઢી નાખ્યું. એવી જ રીતે એણે દૈત્યનું બીજું અને ત્રીજું માથું પણ વાઢી નાખ્યું. મોત નજીક આવ્યું છે એમ જાણીને દૈત્ય આકાશમાં ખૂબ ઊંચે ઊડી ગયો. પણ બાઝિલનો ઘોડો એનાથીયે ઊંચે ઊડયો. બાઝિલે દૈત્યનાં દસેય માથાં વાઢી નાખીને એને નીચે જમીન ઉપર પટકી દીધો.

પછી એ કોઈ પણ જાતની રોકટોક વગર પાછો ઇલ્યાના કોસિનઝાનાને ઘેર પહોંચી ગયો. ભયાનક લડાઈ લડીને અને લાંબી સફર ખેડીને આવેલો બાઝિલ થાક ઉતારવા આડો પડયો ત્યારે ઇલ્યાનાએ એની બેય મશક લઈ લીધી અને એને ઠેકાણે સાદા પાણીથી ભરેલી પોતાની બે મશક મૂકી દીધી. બાઝિલને તો એક પળ માટે પણ એવી શંકા ક્યારેય આવી જ નહિ કે પોતાને અનેક વાર મદદ કરનાર ઇલ્યાના એવું કંઈ કરે. સારી પેઠે આરામ કરીને એણે ઘોડો પલાણ્યો અને એ ઘર તરફ જવા નીકળ્યો.

એને જીવતો પાછો આવતો જોઈને ક્લોઆન્ત્સા ડાકણને ઝાળ લાગી ગઈ અને એના દિલમાં ઝેર વ્યાપી ગયું. એણે થોડુંક પાણી પીને કહ્યું કે મારી તબિયત સુધરવા લાગી છે. એ વળી પાછી બાઝિલને ખતમ કરી નાખવાની નવી તરકીબો રચવા લાગી.

એણે બાઝિલને લાંબી સફર બાદ થોડોક આરામ લેવા દીધો અને પછી પોતાની પાસે બોલાવ્યો. બાઝિલ આવ્યો એટલે એને વહાલથી બચ્ચી ભરીને હેતાળ અવાજે ગેલ કરતી એ બોલી:

"મારા રતન જેવા દીકરા, મારા બાઝિલ, તેં ઘણી લાંબી સફરો ખેડી છે, અનેક માર્ગ અને પંથ કાપ્યા છે. તારું બધુંય જોર એમાં ખર્ચાઈ ગયું હશે. હું શરત મારવા તૈયાર છું કે હવે તારામાં જોર બચ્યું જ નહિ હોય! ચાલ, મને જોવા દે જાઉં, તું આ રેશમી દોરડું તોડીને છૂટી શકે છે કે નહિ!"

એમ કહીને એણે એક રેશમી દોરડું કાઢયું અને એને બાઝિલના શરીર ફરતું બાંધીને એ બોલી:

"લે, ચાલ, મીઠડા દીકરા, તારામાં હોય એટલું બધુંય જોર અજમાવી દે એટલે ખબર પડે કે અજાણ્યા માર્ગ ખૂંદીને આખી દુનિયામાં ભમવામાં તારું બધુંય જોર ખર્ચાઈ ગયું છે કે હજી બાકી છે!"

બાઝિલે પહેલાં શરીર સંકોર્યું, અને પછી બધા સ્નાયુઓ વડે જોર કરીને દોરડા ઉપર સખત દબાણ આણ્યું. દોરડાને તાણ પડતાં એ કેટલીય જગ્યાએથી કડાક કરતું તૂટ્યું અને એના ટુકડેટુકડા થઈ ગયા.

"ચાલ, હવે આપણે જોઈએ કે એકીસાથે બે દારડાં તોડી નાખવા જેટલું જોર તારામાં છે કે નહિ," એમ કહીને ડાકણે એને બે દોરડાં વડે બાંધ્યો.

પણ બાઝિલે પહેલાંની જેમ જ જોર કરીને બે દોરડાં પણ તોડી નાખ્યાં.

"તારામાં હજી સાચા શૂરવીર જેટલું જોર છે. પણ જોઈએ તો ખરા કે તારું થોડુંકેય જોર ખર્ચાઈ ગયું છે કે નહિ," એમ કહીને ડાકણે એને ત્રણ રેશમી દોરડાં વડે બાંધ્યો.

બાઝિલે સ્નાયુઓને ફુલાવીને દોરડાં ઉપર સખત તાણ આણ્યું, પણ દોરડાં તૂટ્યાં નહિ. એણે ફરી વાર મહેનત કરી, ખૂબ જોર લગાવ્યું અને મથામણ કરી, પણ દોરડાં એની ચામડી કાપીને માંસમાં ઊતરવા લાગ્યાં. એ વધારે સખત બંધાઈ ગયો. એણે ત્રીજી વાર મહેનત કરી અને બધુંય જોર એમાં લગાવી દીધું. પણ રેશમી દોરડાં ન તૂટ્યાં તે ન જ તૂટ્યાં, ઊલટાં એના માંસમાં હાડકાં સુધી ઊંડાં ઊતરી ગયાં.



ક્લોઆન્ત્સા ડાકણ તો ખૂબ હરખાઈ જઈને એક પગે ઠેકડા મારતી અને ભમરડાની જેમ ચક્કર ચક્કર ફરતી સાદ પાડીને બોલી:

"આવી જા, દૈત્ય, આવી જા! ક્યાં છુપાઈને પડયો છે? ઝટ કર અને આવીને આ બાઝિલને પૂરો કરી નાખ!"

લહેરમાં આવી જઈને ફૂંફાડા મારતો દૈત્ય છુપાવાની જગ્યાએથી બહાર આવ્યો અને એક તલવાર ઉઠાવીને એણે બાઝિલને મૂળાની જેમ વાઢી નાખ્યો. પછી એણે બાઝિલના શરીરના ટુકડા એક ફાટેલી પોઠમાં બેઉ બાજુ ભરીને પોઠને જીનની ઉપર ઘોડાની પીઠે લાદી દીધી. ખુશીની ઘેલછામાં ઘોડાને ચાબુક ફટકારતો એ બરાડયો:

"ભાગ રે ભાગ, કાળમૂખા ઘોડા! આને જ્યાંથી જીવતો લાવ્યો હતો ત્યાં જ મરેલો લઈ જા!"

ઘોડો તો વૈતાળની જેમ પૂરવેગે ઊડયો. એના પગની ખરીઓ તળે ધરતી ગુંજવા લાગી. ઘોડો સીધો ઇલ્યાના કોસિનઝાનાના ઘર તરફ ગયો. એ તો ત્યાં જ પેદા થઈને ઊછર્યો હતો, ત્યાં જ એને ખોરાકપાણી મળ્યાં હતાં, અને ત્યાં જ સારસંભાળમાં એની જિંદગી વીતી હતી. ઇલ્યાનાના ઘર પાસે પહોંચતાં જ ઘોડો ઊભો રહી ગયો અને હણહણ્યો.

ઇલ્યાનાએ દરવાજે આવીને જોયું તો ત્યાં કોઈ થાકેલો મુસાફર નહોતો, પણ પોતાનો જ ઘોડો ઊભો હતો. ઘોડાના મોંમાંથી ફીણ ટપકતું હતું અને એનું આખું શરીર લોહીથી ખરડાયેલું હતું. દુખનો આઘાત પામીને એ ઘોડા પાસે દોડી ગઈ અને ઘોડાની પીઠ ઉપરથી એણે પોઠ ઉતારી. પોઠ ખોલીને જુએ છે તો અંદર બાઝિલની કાયાના ટુકડા ભર્યા છે.

એના મુખમાંથી અરેરાટીના બોલ સરી પડયા: "બીચારો બાઝિલ કમનસીબ! એમણે આખરે તારી આ દશા કરી નાખી!"

ઇલ્યાના તો બેસીને બાઝિલના શરીરના ટુકડા પાછા રીતસર ગોઠવવા લાગી. એક એક ટુકડો બરાબર મૂકીને એણે એની કાયા પાછી પહેલાં હતી એવી રીતે ગોઠવી દીધી.

એટલું કરીને એ ભંડકિયામાંથી નિર્જીવ-સજીવ જળ, સિંહોના રાજાનું બચ્ચું,

અને પંખીનું દૂધ લઈ આવી. બાઝિલની કાયામાં જ્યાં ક્યાંય ટુકડો ખૂટયો ત્યાં એણે સિંહરાજના બચ્ચાના શરીરનો ટુકડો ગોઠવી દીધો. પછી એણે નિર્જીવ જળ લઈને બાઝિલની કાયા ઉપર છાંટયું કે તરત જ બધાય ટુકડા જોડાઈ ગયા અને કાયા આખી પહેલાં હતી એવી થઈ ગઈ. પછી એણે બાઝિલને સજીવ જળમાં નવડાવ્યો. જુવાન શૂરવીર તરત જ જીવતો થઈ ગયો અને આળસ મરડીને બેઠો થયો. ઊઠતાં જ બાઝિલ બગાસું ખાઈને બોલ્યો:

"અરે, કેટલી લાંબી નીંદર ખેંચી કાઢી!"

"મારા હૈયાના હાર, હું ન હોત તો તમે હંમેશાં નીંદરમાં જ પડયા રહેત, ક્યારેય પાછા ઊઠત જ નહિ!" ઇલ્યાના કોસિનઝાના પંખીના દૂધનો કળશો બાઝિલને હોઠે માંડતી બોલી.

બાઝિલ ઘૂંટડે ઘૂંટડે દૂધ પીવા લાગ્યો. દરેક ઘૂંટડે એની કાયામાં નવી તાકાત આવતી ગઈ. બધુંય દૂધ પી લીધું ત્યાં સુધીમાં તો એ પહેલાં કદી નહોતો એવો જોરાવર થઈ ગયો. એનામાં એટલું જોર આવી ગયું કે ગદાનો એક ઘા મારે તો પથ્થરની શિલા ભાંગીને ભૂકો થઈ જાય.

એ ભોંય ઉપરથી ઊભો થયો અને એણે નબળાઈને ખંખેરી નાખી. દૈત્યે પોતાની ઉપર કેવી રીતે હુમલો કર્યો હતો એ યાદ આવતાં જ હાથમાં ગદા લઈને એ ઝડપથી મહેલ તરફ રવાના થઈ ગયો.

બાઝિલના હૈયામાં જાગેલી વેરની તરસ આકાશમાંથી વરસતા મુસળધાર વરસાદ જેવી હતી. પગની જરાય પરવા કર્યા વગર એ ચાલતો જ રહ્યો અને મહેલમાં પહોંચ્યો ત્યારે જ અટક્યો. મહેલમાં જઈને જુએ છે તો ડાકણ અને દૈત્ય લહેરથી ખાવાની મઝા ઉડાવે છે અને એની સગી મા તહેનાતમાં ખડી રહીને ખાવાનું પીરસી રહી છે.

બાઝિલને ભોજનખંડમાં દાખલ થતો જોતાં જ બન્ને દુષ્ટોને પગ તળેથી ધરતી ખસી જતી લાગી. પણ બાઝિલે એમને ભયભીત થઈ જવાનોયે વખત ન આપ્યો. એણે એક હાથે ડાકણને પકડી અને બીજે હાથે દૈત્યને પકડયો. બેઉને ઢસડતો એ વાડામાં લઈ ગયો, અને ત્યાં એણે એમના કાપીને ટુકડા કરી નાખ્યા. પછી ત્રાંબાની ભઠ્ઠી સળગાવીને બેઉને એમાં બાળી નાખ્યા કે જેથી જમીન ઉપર

કે જળમાં, વિશાળ બીડોમાં કે મોતી જેવા સાગરમાં, અથવા ગરુડ જ્યાં ઉડતાં રહે છે એ નીલા ગગનમાં, કોઈ પણ ઠેકાણે એમનું નામનિશાન બાકી ન રહે.

એ બધું પતાવીને બાઝિલ માને ભેટી પડયો અને વહાલથી બચ્ચી ભરીને એણે માનું મન શાંત કર્યું.

થોડા વખતમાં એથીયે મોટા આનંદનો અવસર આવ્યો. સોહામણા બાઝિલે ઇલ્યાનાના હાથની માગણી કરી અને ઇલ્યાનાએ એનું માગું ઉમંગે વધાવી લીધું.

ગણ્યા ગણાય નહિ એટલા મહેમાનો શાદીની મહેફિલ માણવા આવ્યા અને સૌએ ખૂબ લહેરથી ઉજાણીની મોજ માણી. ઇલ્યાનાના ભાઈ પ્રકાશના રાજા સૂરજે પોતે સૌ મહેમાનોની સરભરા કરી. મદિરાના જામ રણકાવતાં એણે સૌની ખુશીમઝા તથા સુખવૈભવની મંગળ કામનાઓ વરસાવી અને પોતાના હૈયાના આનંદમાં સૌને સંગાથી બનાવ્યા.

શાદી પછી સોહામણો બાઝિલ અને ઇલ્યાના કોસિનઝાના એકબીજાના પ્રેમમાં મશગૂલ થઈને સુખશાંતિનું જીવન વિતાવવા લાગ્યાં. એમને પરલોક સિધાવવાનો વખત આવ્યો નહિ હોય તો એ બન્ને આજે પણ જીવતાં હશે અને પ્રેમ તથા શાંતિના જીવનસાગરમાં હિલોળા લેતાં હશે.

ચતુર ઝાર્નિયાર

આઝરબૈજાનની વાર્તા



આજે તમને કઈ વાર્તા કહું? ઠીક, સાંભળો.

એક હતો સોદાગર. એનું નામ મામદ. એ મિસાર નામે શહેરમાં વસે. મામદ માલસામાન લઈને અજાણ્યા દેશોમાં જાય અને ભાતભાતની ચીજોનો વેપાર કરે.

એક વાર એણે બહુ જ દૂરના દેશમાં જવાનું નક્કી કર્યું. એણે તો અનેક જાતનો માલસામાન ખરીદી લીધો, નોકરચાકર રાખી લીધા, ઘરમાં બધાંને દુવાસલામ કરી લીધાં, અને વણજાર લઈને એ નીકળી પડયો.

એ ચાલતો ચાલતો એક જગ્યાએ ગયો, પછી બીજી જગ્યાએ ગયો, અને આખરે એવા શહેરમાં જઈ પહોંચ્યો કે જેનું નામ પણ એણે ક્યારેય નહોતું સાંભળ્યું.

શહેરમાં પહોંચતાં જ એણે લાંબી સફરનો થાક ઉતારવા આરામ કરવાનું નક્કી કર્યું અને પોતાના નોકરચાકરો જોડે એક સરાઈમાં ઉતારો કર્યો.

હાથમોં ધોઈ લીધા પછી એ બેસીને ખાવા પીવામાં મશગૂલ હતો ત્યાં કોઈ અજાણ્યો માણસ એની પાસે આવીને બોલ્યો:

"અરે સોદાગર! આ શહેરના રીતરિવાજથી તમે વાકેફ નથી એટલે લાગે છે કે તમે કોઈ દૂરના દેશમાંથી આવ્યા છો."

મામદે એને પૂછ્યું: "કેવા છે આ શહેરના રીતરિવાજ?"

"સાંભળો. આ શહેરમાં કોઈ નવો સોદાગર આવે એટલે સૌથી પહેલાં એણે જઈને શાહને શોભે એવું નજરાણું ભેટ ધરવું પડે. પછી શાહ એ સોદાગરને મહેલમાં તેડાવે અને એની જોડે શેતરંજ રમે."

હવે મામદ બીચારો શું કરે? એનું મન હોય કે ન હોય, એને શાહની હજૂરમાં હાજર થયા સિવાય છૂટકો જ નહોતો. એણે મહામોલા પોશાકો પસંદ કરીને સોનાની થાળીમાં ગોઠવ્યા, અને શાહને નજરાણું ભેટ ધરવા એ મહેલ તરફ ચાલ્યો.

નજરાણું લઈને શાહે સોદાગરને સવાલ પૂછવા માંડયા કે કયા શહેરના રહેવાસી છો, કેવા માલસામાનનો વેપાર કરો છો, અને બીજે ક્યાં ક્યાં જઈ આવ્યા છો. મામદે બધા સવાલના સાચા જવાબ આપ્યા. સોદાગરની વાત ધ્યાનથી સાંભળી લીધા પછી શાહે કહ્યું:

"આજે રાતે મહેલમાં આવજો, આપણે બેઉ શેતરંજ રમીશું."

રાત પડી એટલે મામદ મહેલમાં પહોંચ્યો. શાહ એની વાટ જોતો બેઠો હતો. સામે શેતરંજ ગોઠવેલી હતી.

શાહે સોદાગરને કહ્યું: "સોદાગર, પહેલાં મારી શરત સાંભળી લો. મારી પાસે એક બિલાડી છે, બહુ જ શાણી. એ પૂંછડી ઉપર સાત સાત બળતા દીવા આખી રાત રાખી શકે છે, સાંજથી માંડીને તે છેક સવાર સુધી. હવે આપણી રમત ચાલે એટલી વાર એ બિલાડી પૂંછડી ઉપર સાતેય દીવા બરાબર રાખે તો તમારી વણજારનો બધો માલસામાન મારો થઈ જાય અને હું તમારા હાથપગ બંધાવીને તમને ભોંયરામાં ફેંકાવી દઉં. પણ બિલાડી અની જગ્યાએથી જરાક

જેટલીય હલે તો મારો આખો ખજાનો તમારો, અને હું તમારી મરજીનો તાબેદાર. પછી મારી જોડે તમને ફાવે એવું વર્તન તમે કરો."

સોદાગર બીચારો શું કરે? ભાગી જવાનું તો શક્ય જ નહોતું, વળી વાંધો ઉઠાવવાનોયે સવાલ જ નહોતો. શાહની શરત માન્યા સિવાય છૂટકો જ નહોતો.

એ તો બીચારો બેસીને મનમાં પોતાને જ કોસવા લાગ્યો કે આવા શહેરમાં ક્યાં આવી ચડયો. એને થયું:

"મિલકતની વાત તો બાજુએ રહી, અહીં તો જિંદગી જ ગુમાવી બેસાય એવું છે!"

પછી શાહે શાણી બિલાડીને બોલાવી. બિલાડી આવી અને પૂંછડી ગોળ વાળીને શાહની સામે બેસી ગઈ.

શાહે હુકમ છોડયો: "લાવો દીવા!"

શાહના નોકરચાકર સાત દીવા લઈ આવ્યા અને સાતેય દીવા એમણે બિલાડીની પૂંછડી ઉપર ગોઠવી દીધા.

શેતરંજની રમત શરૂ થઈ ગઈ.

સોદાગર બીચારો રમતો જાય અને બિલાડી તરફ કરતો જાય. પણ બિલાડી તો જાણે પથ્થરનું પૂતળું બની ગઈ હોય એમ જરાય હલ્યાચલ્યા વગર બેઠી રહી. એનો વાળ સરખોયે હલતો નહોતો.

એમ રમતાં રમતાં એક રાત વીતી ગઈ, પછી બીજા બે દિવસ અને બે રાત વીતી ગયાં. મામદ સોદાગર શાહની જોડે શેતરંજ રમતો રહ્યો, અને બિલાડી રોજ હલ્યાચલ્યા વગર બેઠી રહી.

આખરે મામદ તદ્દન થાકી ગયો અને અકળાઈને બોલી ઊઠયો:

"મારાથી હવે વધારે રમાય એમ નથી, શાહ! તમે જીત્યા ને હું હાર્યો!"

શાહ તો એ ઘડીની જ વાટ જોતો હતો. એણે નોકરચાકરોને બોલાવીને હુકમ આપ્યો:

"જઈને સોદાગરની માલમતા અને સોનુંરૂપું જે હોય એ બધુંય મારી પાસે લઈ આવો. અને સોદાગરને હાથપગ બાંધીને ભોંયરામાં ફેંકી દો!"

હુકમ મળતાં જ શાહના નોકરચાકરોએ સોદાગરને પકડી લધો અને શાહના

હુકમનો બરાબર અમલ કર્યો.

ભોંયરામાં પડયો પડયો મામદ પોતાને કોસવા લાગ્યો કે આ શહેરને પડતું મૂકીને આગળ નીકળી જવાની અક્કલ પોતાને કેમ ન સૂઝી. એ મનમાં ને મનમાં શાહને અને શાહની શાણી બિલાડીને ભાંડવા લાગ્યો.

પણ હવે મામદને ભોંયરામાં જ પડયો રહેવા દઈને હું તમને એની વહુ ઝાર્નિયારની વાત કહું.

ઝાર્નિયાર ઘરમાં બેઠી બેઠી ધણીની વાટ જોતી રહી, પણ ધણી પાછો આવ્યો જ નહિ. એના ન કંઈ વાવડ આવ્યા કે ન કોઈ એંધાણ દેખાણાં. ઝાર્નિયારના મનમાં શંકા ઊઠી: "કદાચ એમને કંઈ થયું તો નહિ હોય ને!"

એમ ઘણા દિવસ સુધી એને શંકા આશંકા સતાવતી રહી. પછી એક દિવસ મામદનો અક નોકર પાછો આવ્યો. એના મોં પર ધૂળમાટીના લપેડા હતા અને કપડાં ચીંથરેહાલ થઈ ગયાં હતાં. એ દોડતો ઝાર્નિયાર પાસે આવ્યો અને કહેવા લાગ્યો:

"બેગમ સાહેબા, માલિકને તો દૂર દેશના શાહે કેદ પકડી લીધા છે અને એમનો બધો માલસામાન તેમ જ સોનું જપ્ત કરી લીધું છે. હું એકલો જ માંડ માંડ જીવ બચાવીને ભાગી આવ્યો છું. હવે શું કરવું?"

ઝાર્નિયારે નોકરને શાંત પાડયો અને એની પાસેથી આખી વાત વિગતે જાણી લીધી. પછી એણે ઘણાબધા ઉંદર પકડીને મોટી પટીમાં ભરી લેવાનો હુકમ આપ્યો. પેટી તૈયાર થઈ ગઈ એટલે એણે સોનારૂપાની ચીજો ભેગી કરી, સોદાગરનો વેશ પહેર્યો, લાંબા વાળને રુવાંટીદાર ટોપીની અંદર છુપાવી દીધા, અને વણજાર લઈને એ ધણીને છોડાવવા નીકળી પડી.

રસ્તામાં ક્યાંય રોકાયા વગર અને જરાય ઢીલ કર્યા વગર એકધારી સફર ખેડતી એ સીધી પેલા શહેરમાં પહોંચી ગઈ કે જ્યાં એનો ધણી કેદખાનામાં સબડતો હતો.

શહેરમાં પહોંચીને એણે સરાઈમાં ઉતારો કર્યો. ત્યાં એણે અમુક નોકરોને સરાઈમાં જ વાટ જોવાનો અને બાકીનાને એની ભેગા શાહના મહેલમાં જવાનો હુકમ આપ્યો.

પછી એણે સોનાની મોટી મીનાકારી થાળી લીધી અને એમાં મૂલ્યવાન

ભેટસોગાદ ગોઠવી. નજરાણાની થાળી લઈને એ મહેલમાં જવા નીકળી. પાછળ એના નોકરો ઉંદરથી ભરેલી પેટી ઉપાડીને ચાલ્યા.

સૌ મહેલની નજીક પહોંચ્યાં એટલે ઝાર્નિયારે નોકરોને સમજાવીને સૂચના આપી:

"હું શાહની જોડે શેતરંજ રમવા બેસું ત્યારે તમે થાડી થોડી વારે એક એક ઉંદરને એ ખંડમાં છોડતા રહેજો."

નોકરો પેટી લઈને બારણા પાસે બેઠા અને ઝાર્નિયાર શાહના ખંડમાં દાખલ થઈ. અંદર જઈને એ શાહને સલામ કરતાં બોલી:

"ઓ બાદશાહોના બાદશાહ! આપના દેશના રીતરિવાજ મુજબ હું આપની હજૂરમાં આ નજરાણું ભેટ ધરવા લાવ્યો છું."

શાહે એને સોદાગર સમજીને ખૂબ માનથી આવકારી. પછી લહેજતદાર વાનગીઓ એની સામે રજૂ કરીને એને પોતાની જોડે શેતરંજ રમવાનું કહ્યું.

ઝાર્નિયારે શાહને પૂછ્યું: "ઓ બાદશાહોના બાદશાહ, રમતની શરતો કેવી રાખવા ધારી છે?"

શાહ બોલ્યો: "મારી આ શાણી બિલાડી એની જગ્યાએથી હલે નહિ ત્યાં સુધી આપણે રમત ચાલુ રાખવી."

"અને આપની શાણી બિલાડી એની જગ્યાએથી હલે તો?" ઝાર્નિયારે પૂછ્યું.

"તો હું હાર માની લઈશ, અને મારું જે કરવું હોય એ કરવાનો તમને અખત્યાર મળશે."

ઝાર્નિયાર બોલી: "બહુ સારું, આપ જે કહો તે મને મંજૂર છે."

શાહે તરત જ શાણી બિલાડીને બોલાવી. બિલાડી હળવે પગે અંદર આવીને છટાથી શાહની સામે ગાલીચા ઉપર બેસી ગઈ. બિલાડી બેઠી એટલે શાહના નોકરો સાત દીવા લઈને આવ્યા અને સાતેય દીવા એમણે બિલાડીની પૂંછડી ઉપર ગોઠવી દીધા.

પછી શાહ અને ઝાર્નિયાર શેતરંજ રમવા લાગ્યાં. શાહ તો રમતો જાય ને મલકાતો જાય. એને તો એ ઘડીની જ વાટ હતી કે આ જુવાન સોદાગર ક્યારે ત્રાસી જઈને હાર માની લે.

હવે ઝાર્નિયારના નોકરોએ પેટી ઉઘાડી અને એક ઉંદરને શાહના ખંડમાં છૂટો મૂક્યો. બિલાડીએ ઉંદરને જોયો એટલે એની આંખ ચમકી અને એ હમણાં ખસશે એમ લાગ્યું. પણ શાહે એની સામે એવી કરડી નજરે જોયું કે બિલાડી જાણે ભોંયે એકદમ જડાઈ ગઈ હોય એમ છાનીમાની બેઠી રહી.

થોડી વારમાં ઝાર્નિયારના નોકરોએ વળી પાછા કેટલાક ઉંદરોને શાહના ખંડમાં છૂટા મૂક્યા. ઉંદરો ખંડમાં આમતેમ દોડાદોડી કરવા લાગ્યા અને ખંડની દીવાલોની નજીક આગળ પાછળ ધમાચકડી કરવા લાગ્યા. એટલા બધા ઉંદરોને જોઈને બીચારી શાણી બિલાડીની ધીરજ ખૂટી ગઈ. એનાથી રહેવાયું નહિ એટલે એ તો અચાનક મ્યાઉં કરતી ઊઠી અને ઠેકડો મારીને એણે આખા ખંડમાં ઉંદરોની પાછળ દોટાદોટ કરી મૂકી. બિલાડી હલી એટલે સાતેય દીવા ભોંય ઉપર પડી ગયા.

શાહે ગળું ફાટી જાય એટલી રાડી પાડી પણ શાણી બિલાડીએ એને દાદ જ ન દીધી.

પછી ઝાર્નિયારે નોકરોને અંદર બોલાવ્યા. નોકરો દોડીને ખંડમાં આવ્યા, અને શાહના હાથપગ બાંધીને એને ચામડાના પટ્ટા વડે ફટકારવા લાગ્યા. અંતે શાહ કરગરીને દયાની ભીખ માગતો બોલ્યો:

"હું બધા કેદીઓને છોડી મૂકીશ, એમની બધી માલમતા પાછી આપી દઈશ. પણ દયા કરીને મને હવે મારો મા!"

પણ ઝાર્નિયારના નોકરોએ તો શાહને ફટકારવાનું ચાલુ જ રાખ્યું. શાહ ગળું ફાડીને ચીસો પાડે, પણ એનો એકેય માણસ એની મદદે ન આવ્યો. એની નિર્દયતા અને એના લોભને કારણે બધાય એનાથી ક્યારના ત્રાસી ગયા હતા.

પછી ઝાર્નિયારે પોતાના ધણીને અને એની જોડે ભોંયરામાં સબડતા બીજા બધાને છોડી મૂકવાનો હુકમ આપ્યો અને શાહને ભોંયરામાં ફેંકાવી દીધો.

ઝાર્નિયાર અને મામદ પોતાના વતન મિસાર શહેરમાં પાછાં આવ્યાં અને સુખશાંતિનું જીવન ગાળવા લાગ્યાં. તેઓ ખાણાંપીણાંની મઝા ઉડાવતાં અને અમનચમનમાં દિવસો વિતાવતાં. તમે પણ એવી જ મઝા માણજો.

આકાશમાંથી ત્રણ સફરજન જમીન ઉપર પડયાં છે. એક વાર્તા કહેનાર માટે, બીજું વાર્તા સાંભળનાર માટે, અને ત્રીજું બાકીના સૌ માટે.

આળસુનો પીર શેઈદુલ્લા

આઝરબૈજાનની વાર્તા



બહુ જૂના જમાનાની વાત છે. શેઈદુલ્લા કરીને એક માણસ હતો. એ સાવ રખડેલ. કામ કંઈ કરે નહિ એટલે એના ઘરમાં ભૂખ હંમેશાં આંટા મારતી હોય.

એનાં બાયડી છોકરાં બીચારાં મોટે ભાગે ભૂખે ટળવળતાં હોય, અને નવાં કપડાં ખરીદવાની હિંમત તો એમનાથી સપનામાંયે ન થાય.

શઈદુલ્લાને કંઈ પણ કામકાજ કરવાનું ક્યારેય મન જ ન થાય. એ કારણે એની વહુ એને ધખવા લાગે એટલે શેઈદુલ્લા જવાબ વાળે:

“કંઈ વાંધો નહિ, તું હૈયું બાળવું રહેવા દે! હમણાં આપણે ભલે

ગરીબ રહ્યાં. પણ જોજે તો ખરી, થોડા દિવસમાં જ આપણે ધનવાન થઈ જવાનાં!"

વહુ અચરજ પામીને બોલે: "એ વળી શું! તમે દિવસોના દિવસો સુધી ટચલી આંગળીયે હલાવ્યા વગર આમ પડ્યા રહો તો આપણે ધનવાન વળી કેમ કરીને થવાનાં!"

પણ શેઈદુલ્લા તો પોપટની જેમ પોતાની જ વાત ફરી ફરીને રટે:

"અરે, થોડા દિવસ થોભી જા! જોજે ને, એવો દિવસ પણ આવશે કે આપણે દોલતમંદ થઈ જઈશું."

વહુ એ દિવસની વાટ જોતી રહી, બચ્ચાં એ દિવસની વાટ જોતાં રહ્યાં, પણ એ દિવસ તો આવ્યો જ નહિ. સૌ હતાં એવાં જ ગરીબ રહ્યાં.

થાકીને એક દિવસ વહુ બોલી: "આમ વાટ જોયા કરવાથી કંઈ જ ફાયદો નહિ થાય. આમ ને આમ ચાલ્યું તો આપણે બધાં ભૂખ્યાં જ મરી જઈશું."

એટલે શેઈદુલ્લાએ નક્કી કર્યું કે કોઈ શાણા માણસ પાસે જવું અને પૂછી લેવું કે ગરીબી કેવી રીતે ટળે. સફરની તૈયારી કરીને એ તો શાણા માણસને ગોતવા નીકળી પડ્યો.

શેઈદુલ્લા ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી ચાલતો રહ્યો. પછી એને રસ્તામાં એક દૂબળુંપાતળું હાડકાંના માળખા જેવું વરુ મળ્યું. એને જોઈને વરુએ પૂછ્યું:

"ભલા ભાઈ, કેણીગમ ચાલ્યા?"

શેઈદુલ્લાએ જવાબ દીધો: "હું તો નીકળ્યો છું કોઈ શાણા માણસને ગોતવા. જઈને એને પૂછવું છે કે ધનવાન કેમ થવાય."

વરુએ વાત સાંભળીને શઈદુલ્લાને અરજ કરી:

"ભાઈ, તું આ કામે નીકળ્યો છે તો ભલો થઈને એને પૂછી લેજે ને કે મારે શું કરવું. આજે ત્રણ ત્રણ વરસથી મારા પેટમાં ભયંકર પીડા થાય છે. પીડાને લીધે મને રાતદિવસ એક પળ પણ ચેન પડતું નથી. કદાચ શાણા માણસને ખબર હોય કે મને રાહત કેમ મળે."

"બહુ સારું," શેઈદુલ્લા બોલ્યો, "હું એને તારી વાત પણ પૂછી લઈશ."

એમ કહીને એ આગળ ચાલ્યો.

વળી પાછો એ ત્રણ દિવસ અને ત્રણ રાત ચાલતો રહ્યો. આખરે સડકની એક કોરે એણે સફરજનનું ઝાડ જોયું.

એને જોઈને સફરજનના ઝાડે પૂછ્યું:

"ભલા ભાઈ, કેણીગમ ચાલ્યા?"

"હું તો નીકળ્યો છું કોઈ શાણા માણસને ગોતવા. જઈને એને પૂછીશ કે કામકાજ કર્યા વગર જ સુખી જિંદગી જીવવી હોય તો કેમ જિવાય."

ઝાડે એને અરજ કરી: "ભલો થઈને શાણા માણસને એ પણ પૂછી લેજે ને કે મારે શું કરવું. વસંતના વા વાય કે મને મોર આવે છે, પણ મારાં ફૂલ ખીલતાંવેંત કરમાઈને હેઠાં પડી જાય છે. મને ક્યારેય ફળ નથી થતાં. શાણા માણસને પૂછી લેજે ને કે એમ કેમ થાય છે."

"બહુ સારું, ભાઈ, તારી વાત પણ પૂછી લઈશ," એમ કહીને શેઇદુલ્લા આગળ ચાલ્યો.

પાછો એ ત્રણ દિવસ અને ત્રણ રાત ચાલ્યો ત્યાં રસ્તામાં તળાવ આવ્યું.

એક મોટી માછલી અચાનક પાણીમાંથી મોઢું બહાર કાઢીને પૂછવા લાગી:

"ભલા ભાઈ, કેણીગમ ચાલ્યા?"

"કોઈ શાણા માણસને ગોતીને એની સલાહ અને મદદ માગવા."

"ભલો થઈને એને મારા વતી પણ થોડુંક પૂછી લેજે ને ભાઈ! સાત સાત વરસથી મારા ગળામાં આકરી પીડા થાય છે. શાણા માણસ પાસેથી મારા રોગનો ઈલાજ જાણી લાવે તો તારી મહેરબાની!"

"બહુ સારું, એ પણ પૂછી લઈશ," એમ કહીને શેઇદુલ્લા વળી આગળ ચાલ્યો.

પાછો એ ત્રણ દિવસ અને ત્રણ રાત ચાલતો રહ્યો, અને આખરે ગુલાબના બગીચામાં પહોંચ્યો. બગીચામાં જુએ છે તો ગુલાબના એક છોડ પાસે લાંબી ધોળી દાઢીવાળો ઘરડો માણસ બેઠો છે.

શેઇદુલ્લાને જોઈને એ બોલ્યો:

"બોલ શેઇદુલ્લા, તારે શું કામ છે?"

શેઈદુલ્લા તો ચમકીને એક ડગલું પાછળ હઠી ગયો અને પૂછવા લાગ્યો:

"તમે મારું નામ કેમ કરીને જાણ્યું? હું જે શાણા માણસને ગોતવા નીકળ્યો છું એ ક્યાંક તમે તો નથી ને?"

ઘરડા માણસે જવાબ દીધો: "હા, એ હું જ છું. ચાલ, તારે જે પૂછવું હોય એ ઝટ પૂછી લે!"

શેઈદુલ્લાએ એને આખી વાત માંડીને કરી પોતે શા ઇરાદે નીકળ્યો છે અને પોતાની શી ઇચ્છા છે.

શાણો માણસ બોલ્યો: "એ સિવાય તારે મને બીજું કંઈ નથી પૂછવું?"

"હા, પૂછવું છે," એણે કહ્યું. પછી રસ્તામાં મળેલા વરુની, સફરજનના ઝાડની, અને તળાવની માછલીની પરેશાનીઓ શાણા માણસને કહી સંભળાવી.

બધું સાંભળી લઈને શાણો માણસ બોલ્યો:

"માછલીના ગળામાં મોટો હીરો ફસાઈ ગયો છે. હીરો કાઢી લેવાય કે તરત જ માછલીની પીડા ટળી જશે. સફરજનના ઝાડ નીચે ચાંદી ભરેલો મોટો ચરુ દટાયેલો પડયો છે. એને કાઢી લેવામાં આવે તો સફરજનના ઝાડનાં ફૂલ કરમાશે નહિ અને એને ફળ ઊગશે. વરુના રોગનો એક જ ઇલાજ છે. પહેલો આળસુનો પીર મળતાં એને ખાઈ જાય એટલે તરત વરુના પેટની પીડા મટી જશે."

શેઈદુલ્લાએ પૂછ્યું: "પણ મારી અરજનું શું?"

"તેં માગેલું વરદાન તને આપી દેવામાં આવ્યું છે. હવે રસ્તે પડ!"

શેઈદુલ્લાની ખુશીનો પાર ન રહ્યો. શાણા માણસને બીજું કંઈ પૂછયા વગર એ ઘર તરફ ચાલતો થયો.

ચાલતો ચાલતો એ તળાવ પાસે પહોંચ્યો તો મોટી માછલી અધીરાઈથી એની વાટ જોઈ રહી હતી.

એને જોઈને માછલીએ પૂછ્યું: "કેમ ભાઈ, શાણા માણસે મારે માટે શી સલાહ આપી?"

"તારા ગળામાં હીરો ફસાઈ ગયો છે. હીરો કાઢી લેવાય કે તરત તને સારું થઈ જશે." એટલું બોલ્યો ન બોલ્યો ને એણે આગળ ડગલું માંડયું.

માછલી એકદમ કરગરીને બોલી ઊઠી: "ભલા ભાઈ, દયા કરીને મારા

ગળામાંથી હીરો કાઢી લે. હું સાજી થઈ જઈશ અને તને પણ હીરો મળશે."

શેઈદુલ્લાએ જવાબ વાળ્યો: "ના રે, હું શું કરવા એવી પંચાતમાં પડું! હું તો આંગળી સરખીયે હલાવ્યા વગર ધનવાન થઈ જવાનો છું."

એમ કહીને શેઈદુલ્લા તરત આગળ ચાલવા લાગ્યો.

ચાલતો ચાલતો એ સફરજનના ઝાડ પાસે પહોંચ્યો. એને આવતો જોઈને ઝાડની ડાળીઓ હલવા લાગી અને પાંદડાં સર્‌સર્ અવાજ કરવા લાગ્યાં.

સફરજનના ઝાડે પૂછ્યું: "ભાઈ, શાણા માણસ પાસેથી મારા દુખનો ઈલાજ જાણી લીધો કે?"

શેઈદુલ્લાએ જવાબ દીધો: "હા, એને પૂછી લીધું. તારાં મૂળિયાં નીચે ચાંદી ભરેલો મોટો ચરુ દટાયેલો પડયો છે. એને ખોદી કાઢવાની જરૂર છે. પછી તારાં ફૂલ ક્યારેય નહિ કરમાય, અને તને ફળ થશે."

શેઈદુલ્લા એટલા શબ્દો બોલ્યો ન બોલ્યો ને એણે આગળ ડગલું ભર્યું.

સફરજનના ઝાડે એને કરગરીને અરજ કરી:

"ભાઈ શેઈદુલ્લા, દયા કરીને મારાં મૂળિયાં તળેથી ચરુ ખોદી લે. એથી તને પણ લાભ થશે. તને એટલી બધી ચાંદી મળશે."

"ના રે ભાઈ, મારાથી એ બધું થાય નહિ. વળી શાણા માણસે કહ્યું છે કે મને જે જોઈએ એ બધું તો આમેય મળી જ જવાનું છે." એમ જવાબ દઈને શેઈદુલ્લા આગળ ચાલતો થઈ ગયો.

ચાલતો ચાલતો એ દૂબળા વરુ પાસે પહોંચ્યો. શઈદુલ્લાને આવતો જોઈને દૂબળું વરુ અધીરાઈથી ધ્રૂજવા લાગ્યું.

શેઈદુલ્લા પાસે આવ્યો એટલે વરુએ પૂછ્યું: "કેમ ભાઈ, શાણા માણસે મારે માટે શી સલાહ આપી? અને મને આમ લટકતો રાખ મા, ઝટ કહી દે!..."

"પહેલો આળસુનો પીર મળતાં એને તારે ખાઈ જવો. એમ કરીશ એટલે તરત જ તું પાછું સાવ સાજું થઈ જઈશ," શેઈદુલ્લા બોલ્યો.

વરુએ શેઈદુલ્લાનો ઉપકાર માનીને પછી એને પૂછ્યું કે રસ્તામાં શું શું જોયું ને શું શું સાંભળ્યું.

શેઈદુલ્લાએ માછલી અને સફરજનના ઝાડ જોડે થયેલી મુલાકાતની વાત

વરુને કરી અને એ બન્નેએ શું અરજ કરી હતી એ જણાવ્યું.

અંતમાં એ બોલ્યો: "પણ હું એવી કોઈ પંચાતમાં પડયો જ નહિ કેમ કે હું તો આમેય ધનવાન થઈ જ જવાનો છું."

વરુ તો આખી વાત સાંભળીને રાજી રાજી થઈ ગયું. એને મનમાં થયું: "હવે મારે આળસુના પીરને ગોતવા જવાની જરૂર નથી, એ તો સામે ચાલીને મારી પાસે આવ્યો છે. આખી દુનિયામાં આ શેઈદુલ્લા કરતાં વધારે મૂરખ ને આળસુ બીજું કોઈ હોય જ નહિ."

એ તરત જ શેઈદુલ્લા ઉપર તૂટી પડયું અને એની બોટીએ બોટી હડપ કરી ગયું.

આળસુના પીર શેઈદુલ્લાનો આખરે એવો અંજામ આવ્યો.

આકાશમાંથી ત્રણ સફરજન જમીન ઉપર પડયાં છે. એક વાર્તા કહેનાર માટે, બીજું વાર્તા સાંભળનાર માટે, અને ત્રીજું બાકીના સૌ માટે.

રાજા અને વણકર

આર્મેનિયાની વાર્તા





એક હતો રાજા. એક દિવસ રાજા દરબાર ભરીને સિંહાસન પર બેઠો હતો ત્યાં કોઈ દૂર દેશના રાજાનો દૂત આવી પહોંચ્યો. એણે એક શબ્દ પણ બોલ્યા વગર હાથમાં ખડી લઈને રાજાના સિંહાસન ફરતું ગોળ કૂંડાળું દોર્યું. પછી એ આઘો જઈને ઊભો રહી ગયો.

રાજા ગૂંચવણમાં પડી ગયો અને એણે દૂતને પૂછ્યું:

"મારા સિંહાસન ફરતું આ કૂંડાળું કેમ દોર્યું? આનો શો અર્થ?"

પણ દૂત મૂંગો રહ્યો.

રાજા ફિકરમાં પડી ગયો. એણે વજીરો અને સલાહકારોને બોલાવીને હુકમ કર્યો કે કૂંડાળાનો અર્થ ઉકેલો.

વજીરો અને સલાહકારો કૂંડાળાને બારીક નજરે જોતા રહ્યા પણ એમનાથી

અર્થ ઊકલ્યો નહિ.

રાજા ખૂબ ગુસ્સે ભરાયો.

એણે વજીરો અને સલાહકારોને ધધડાવ્યા: "લાજો! લાજો! મારા આખા રાજમાં શું એકેય એવો માણસ નથી કે જે આ કૂંડાળાનો અર્થ ઉકેલી શકે?.."

પછી રાજાએ ફરમાન છોડયું કે આખા રાજમાંથી બધાય શાણા માણસોને ભેગા કરો. સૌ ભેગા થઈને કૂંડાળાનો અર્થ ઉકેલે. રાજાના ફરમાનમાં એમ પણ હતું કે શાણા માણસો કૂંડાળાનો અર્થ ઉકેલી નહિ શકે તો એમનાં માથાં ઉડાવી દેવામાં આવશે.

વજીરો તરત જ શાણા માણસોને ગોતવા નીકળી પડયા. એમણે રાજનાં સઘળાં શહેરો અને ગામડાંમાં તપાસ કરી, બારણે બારણે સાંકળ ખખડાવી. આખરે એ લોકો એક નાનકડા ઘર પાસે પહોંચ્યા. અંદર દાખલ થઈને જુએ છે તો ઘર સાવ ખાલી ને સૂમસામ, ફક્ત એક પારણું આપમેળે આમતેમ ઝૂલે.

વજીરો અચરજ પામીને એકબીજાને પૂછવા લાગ્યા: "આ વળી શું કૌતુક છે? પારણું આપમેળે કેમ કરીને ઝૂલે છે? ઘરમાં તો કોઈ છે જ નહિ."

અચરજમાં ગરકાવ થઈને વજીરો થોડી વાર ઊભા રહ્યા અને પછી બીજા ઓરડામાં ગયા. એમાંય એક પારણું લટકે અને આપમેળે ઝૂલ્યા કરે પણ ઓરડામાં કોઈ જ નહિ.

વજીરો તો ભારે અચંબામાં પડી ગયા અને ઘરની અગાસી ઉપર ચડયા. અગાસીમાં ઘઉં સુકાય અને પંખીઓ એની ઉપર ચકરાવા લે. પંખીઓ ઘઉં ચણવા છે પણ હિંમત નથી પડતી. અગાસીમાં નેતરનો પંખો બાંધેલો છે. પંખો આપમેળે હલતો રહે છે અને આમથી તેમ પંખીઓ ડરીને આઘેરાં ઊડતાં રહે છે.

રાજાના વજીરોનું અચરજ ખૂબ વધી ગયું. તેઓ એકબીજાને પૂછવા લાગ્યા:

"આ પંખો હલે છે કેમ કરીને? હવા તો મુદ્દલ છે જ નહિ. આસપાસનાં ઝાડ ઉપર એક ડાળખીયે નથી હલતી કે એક પાંદડુંયે નથી હલતું."

વજીરો અગાસી ઉપરથી પાછા નીચે આવ્યા અને છેલ્લા ત્રીજા ઓરડામાં ગયા. ત્રીજા ઓરડામાં એક વણકર બેઠો બેઠો સાળ ચલાવે.

વજીરોએ વણકરને પૂછ્યું: "તારા ઘરમાં આ તે કેવા ચમત્કાર ચાલે છે?

ખાલી ઓરડામાં પારણાં આપમેળે કેમ કરીને ઝૂલે છે? અને જરાય હવા નથી તોયે અગાસીમાં પંખો કેમ કરીને હલતો રહે છે?"

વણકરે જવાબ વાળ્યો: "એમાં ચમત્કાર જેવું કંઈ નથી. એ બધું તો હું પોતે જ કરું છું."

રાજાના વજીરો ખિજાઈને બોલ્યા: "તારામાં અમારી ઠેકડી ઉડાડવા જેટલી હિંમત છે! તું તો અહીં બેઠો બેઠો વણવામાં પડયો છે. પછી એ બધું તું કેવી રીતે કરી શકે?"

વણકરે શાંતિથી જવાબ આપ્યો: "સાવ સાદી તરકીબ છે. મેં આ સાળની જોડે ત્રણ દોરી બાંધી રાખી છે. એક દોરી પહેલા પારણા જોડે બાંધેલી છે, બીજી દોરી બીજા પારણા જોડે બાંધેલી છે, અને ત્રીજી દોરી પંખા જોડે બાંધેલી છે. હું બેઠો બેઠો સાળ ચલાવીને વણતો જાઉં છું, ત્રણેય દોરીઓ ખેંચાતી જાય છે અને પારણાં તેમ જ પંખાને હલાવતી રહે છે."

રાજાના વજીરોએ નજીક જઈને ધ્યાનથી જોયું તો સાળ જોડે ખરેખર ત્રણ દોરીઓ બાંધેલી હતી. બે દોરીઓ પારણાં તરફ અને એક દોરી પંખા તરફ જતી હતી.

જોઈને વજીરો બોલી ઊઠયા: "આ તો કમાલની તરકીબ છે! વણકર ખરેખર બહુ શાણો માણસ છે. આપણને એની જ જરૂર છે! ચાલ, ભાઈ વણકર, રાજા પાસે ચાલ. કદાચ તું કોયડો ઉકેલી શકશે."

વણકર બોલ્યો: "પહેલાં મને કોયડો જણાવો."

વજીરોએ જવાબ દીધો:

"કોઈ અજાણ્યા દેશના રાજાનો દૂત આપણા રાજા પાસે આવ્યો છે. એણે હાથમાં ખડી લઈને રાજાના સિંહાસન ફરતું એક કૂંડાળું દોર્યું છે. એ કૂંડાળાનો અર્થ કોઈ ઉકેલી શકતું નથી, રાજા પોતેય નહિ ને વજીરો તેમ જ સલાહકારો પણ નહિ. એટલે અમે રાજાના ફરમાન મુજબ એવા શાણા માણસને ગોતવા નીકળ્યા છીએ જે ખડીના કૂંડાળાનો અર્થ ઉકેલી શકે. તું એનો અર્થ ઉકેલી શકશે તો રાજા તને મોટું ઇનામ આપશે."

વજીરોની વાત ધ્યાનથી સાંભળીને વણકર થોડી વાર ઊંડા વિચારમાં ડૂબી

ગયો. પછી છોકરાંને રમવાની બે લખોટી ખીસામાં નાખીને એ વાડામાં એક મરઘું પકડવા ગયો.

વજીરોને કંઈ ન સમજાતાં તેમણે એકબીજાની સામે જોયું અને પછી વણકરને પૂછ્યું:

"મરઘાનું શું કામ છે?"

"એની જરૂર પડશે," એમ જવાબ દઈને વણકરે મરઘું ટોપલીમાં મૂક્યું.

વણકર તૈયાર થઈ ગયો એટલે સૌ રાજાના મહેલ ભણી જવા નીકળ્યા.

વણકર મહેલમાં ગયો અને રાજાને નમન કરીને એણે સિંહાસન ફરતા કૂંડાળા ઉપર અને કૂંડાળું દોરનાર માણસ ઉપર નજર નાખી. પછી એણે બે લખોટી એ માણસની પાસે ફેંકી.

એ માણસે એક શબ્દ પણ બોલ્યા વગર ખીસામાંથી મૂઠી ભરીને બાજરો કાઢયો અને નીચે ભોંય ઉપર વેરી દીધો.

વણકર હસ્યો અને ટોપલીમાંથી મરઘાને બહાર કાઢીને એણે વેરાયેલા અનાજ પાસે છૂટું દીધું. મરઘું ખૂબ ભૂખ્યું હોય એમ ઝપાટાબંધ અનાજ ચણવા લાગ્યું અને થોડી વારમાં બધોય બાજરો ચટ કરી ગયું. એક દાણો સરખોયે જમીન ઉપર બચ્યો નહિ.

એ જોઈને અજાણ્યો માણસ એક શબ્દ પણ બોલ્યા વગર ઉતાવળમાં ત્યાંથી રવાના થઈ ગયો.

રાજા અને એના બધા દરબારી અજાણ્યા માણસને અને વણકરને એકનજરે જોતા ઊભા હતા. સૌનો અચંબો વધતો જતો હતો. બેઉ જણ શું કરી રહ્યા છે એની કોઈને સમજણ પડી નહિ.

અજાણ્યો માણસ ગયો એટલે રાજાએ પૂછ્યું: "આ અજાણ્યા દૂતે જે કંઈ કર્યું એનો શો અર્થ હતો?"

વણકરે જવાબ આપ્યો: "એ આપને કહેવા માગતો હતો કે એના રાજાએ આપના દેશ સામે લડાઈ જાહેર કરી છે અને એનો ઇરાદો આપણને ચોતરફથી ઘેરી લેવાનો છે. એને એ પણ જાણવું હતું કે આપ લડવા મેદાને પડશો કે એના રાજાને શરણે જશો. આપના સિંહાસન ફરતું કૂંડાળું દોરવાનો આવો અર્થ હતો."

"હા, એ તો બરાબર છે," રાજા બોલ્યો. "હવે મને કૂંડાળાનો અર્થ સમજાયો. પણ મને હજી નથી સમજાતું કે તેં એના પગ આગળ બે લખોટી કેમ ફેંકી."

વણકર બોલ્યો:

"મેં એની આગળ લખોટી ફેંકી તે એને જણાવવા કે અમે તમારાથી ખૂબ વધારે જોરાવર છીએ અને અમને જીતવાનું તમારે માટે કોઈ કાળે શક્ય નથી. સાદા શબ્દોમાં બે લખોટી ફેંકીને મેં એને કહ્યું: 'અમારી સરખામણીમાં તમે લોકો સાવ બાળક જેવો છો. અમારી સામે ચડી આવવા કરતાં ઘરમાં બેસીને છાનામાના લખોટી વડે રમ્યા કરો અમાં જ તમારું ભલું છે."

"વાહ!" રાજા બોલી ઊઠયો. "તેં કહ્યું એટલે આખી વાત સાફ સમજાઈ ગઈ. પણ હજી એ નથી સમજાતું કે અજાણ્યાં દૂતે મૂઠી ભરીને બાજરો જમીન ઉપર શા માટે ફેંક્યો, અને તેં ટોપલીમાંથી મરઘું કાઢીને બાજરા પાસે છૂટું શા માટે મૂક્યું."

"એ પણ સહેલાઈથી સમજાવી શકાય એવી વાત છે," વણકરે કહ્યું. "મૂઠી ભરીને બાજરો ભોંય ઉપર ફેંકીને અજાણ્યો દૂત કહેવા માગતો હતો કે મારા રાજાના લશ્કરમાં અસંખ્ય સૈનિકો છે. બાજરાનો દાણેદાણો ચણી લેવા મરઘાને છૂટું મૂકીને મેં એને જવાબ આપ્યો કે તમે અમારી સામે ચડી આવવાની ભૂલ કરશો તો તમારો એક પણ સૈનિક જીવતો પાછો નહિ જાય."

"તારી વાત એ સમજી ગયો?"

"ઉતાવળમાં રવાના થઈ ગયો એટલે સમજી જ ગયો હશે."

વણકરને મૂલ્યવાન બક્ષિસો ઇનામમાં આપીને રાજા બોલ્યો:

"વણકર, તું અહીં મારા મહેલમાં જ રહી જા, હું તને મારો મુખ્ય વજીર બનાવીશ."

વણકરે જવાબ દીધો: "ના હજૂર, તમારા મુખ્ય વજીર બનવાની મારી મુદ્દલ ઇચ્છા નથી. મારી કને મારાં પોતાનાં જોઈએ એટલાં કામ પડયાં છે."

એટલું કહીને વણકર ઘેર ચાલ્યો ગયો.

આનાઈત

આર્મેનિયાની વાર્તા



૧

વસંતના દિવસોમાં એક વાર સવારના પહોરમાં રાજા વાચેનો એકનો એક જુવાન કુંવર વાચાગાન મહેલના ઝરૂખામાં ઊભો હતો. બગીચામાં ભાતભાતનાં પંખી ગાન કરતાં હતાં પણ બુલબુલ જેવું મધુરું ગાન બીજા કોઈ પંખીનું નહોતું. બુલબુલે ગાવાનું શરૂ કર્યું કે તરત બીજાં બધાં પંખી શાંત થઈ ગયાં, અને એના ગાનને ધ્યાનથી સાંભળીને એના કંઠની મીઠાશનો ભેદ જાણી લેવાની કોશિશ કરવા લાગ્યાં. એક પંખી એના ગાનમાંથી કલબલ અવાજની નકલ કરે, બીજું એના ટહુકાની નકલ કરે, તો ત્રીજું એના બંસરી જેવા સૂરની નકલ કરે. પછી ત્રણેય પંખી પોતે શીખેલું મધુર ગાન ભેગાં મળીને ગાઈ બતાવે. પણ વાચાગાનનું મન ગાન સાંભળવામાં નહોતું. એના હૈયામાં બીજું રટણ હતું.

એની મા, રાણી આશ્ખેન, એની પાસે આવીને બોલી:

"પ્યારા બેટા, તારા મન ઉપર ઉદાસીનો ભાર સાફ દેખાય છે. તારું દુખ અમારાથી છાનું ન રાખ, તારી ગમગીનીનું કારણ અમને જાણવા દે."

વાચાગાને જવાબ દીધો: "મા, જિંદગીના રંગરાગમાં મારું મન જરાય ચોંટતું નથી. મને તો થાય છે કે કોઈ એકાંત જગ્યાએ ચાલ્યો જાઉં, આત્સિક ગામ જેવી કોઈ જગ્યાએ જઈને રહું."

"ખરેખર? પણ બેટા, આત્સિક ગામમાં જઈને રહેવાની તારી મંછાનું કારણ એ તો નથી ને કે તારી ચતુર આનાઈત ત્યાં રહે છે?"

"મા, તને એના નામની ખબર કેવી રીતે પડી?"

"આપણા બગીચામાં વસતાં બુલબુલ પાસેથી મને એને વિશે જાણવા મળ્યું. બેટા વાચાગાન, ભૂલતો નહિ કે તું અફઘાન રાજાનો કુંવર છે. રાજાનો કુંવર તો રાજકુંવરીને જ પરણે, કોઈ સાધારણ ખેડૂતની દીકરીને નહિ. જ્યોર્જિયાના રાજાને ત્રણ કુંવરી છે. એમાંથી તું ગમે એને પસંદ કરી શકે. ગુગરના ઠાકોરની દીકરી ખૂબ રૂપાળી છે. વળી બાપની બધી ફળદ્રુપ જમીન એને જ વારસામાં મળવાની છે. સુનિકના ઠાકોરની દીકરી પણ જરાય ઓછી રૂપાળી નથી. વળી આપણા સેનાપતિની દીકરી વારસેનિકને તો રાજાએ અને મેં જ ઉછેરીને મોટી કરી છે. એ પણ શું તારા પ્રેમને લાયક નથી?"

"મા, હું પરણીશ તો બસ આનાઈતને જ, બીજા કોઈને નહિ!" એટલું બોલીને વાચાગાન દોડતો બગીચામાં ચાલ્યો ગયો.

૨

વાચાગાનની વીશમી વરસગાંઠ થોડા દિવસ પહેલાં જ ઊજવાઈ હતી. એનો બાંધો કમજોર અને ચહેરો ફિક્કો હતો.

એનો પિતા રાજા એને કહેતો: "બેટા વાચાગાન, મારી બધી આશાઓનો દીવડો તું જ છે. હવે તું લગન કરી લે તો સારું. પરણવું એ તો જીવનનો સનાતન નિયમ છે. એનું પાલન કરવું જ પડે."

પણ વાચાગાન પિતાની વાત ઉપર મુદ્દલ ધ્યાન દેતો નહિ. પરોઢિયે વહેલો ઊઠીને એ શિકાર કરવા પહાડોમાં ચાલ્યો જતો અને રાતનાં અંધારાં છવાઈ જાય પછી મોડો મોડો પાછો આવતો. રાજકુળના ઘણા જુવાનો એની જોડે દોસ્તી બાંધવાની મહેનત કરતા પણ વાચાગાન એ સૌથી અળગો જ રહેતો. શિકારે જાય ત્યારે ફક્ત પોતાના વિશ્વાસુ બહાદુર સેવક વાધિનાક અને વફાદાર કૂતરા ઝાંગીને જ ભેગા લઈ જતો. સ્વામી અને સેવક બેઉ એકસરખાં કપડાં પહેરીને શિકારે જતા. બેઉ જણ ખભે તીરકામઠાં લટકાવતા અને ભેટમાં પહોળી કટાર ભરાવતા. બેઉને શિકાર ખેલતા જોઈને કોઈ કહી ન શકે કે રાજકુમાર કોણ છે ને સેવક કોણ છે.

શિકાર ખેલવા પહાડોમાં ને વનોમાં ભમવાથી વાચાગાનને ખૂબ ફાયદો થયો. દિવસે દિવસે એ વધારે તંદુરસ્ત, જોરાવર, અને હિંમતવાન બનતો ગયો.

એક દિવસ વાચાગાન અને વાધિનાક રખડતા રખડતા આત્સિક ગામમાં પહોંચી ગયા અને એક ઝરણા નજીક થાક ખાવા બેઠા. એ જ વખતે ગામની કેટલીક જુવાન છોકરીઓ પાણી ભરવા ઝરણે આવી. વાચાગાનને તરસ લાગી હતી એટલે એણે છોકરીઓ પાસે જઈને પાણી માગ્યું. એક છોકરીએ કુંજામાં પાણી ભરીને એની સામે ધર્યં. પણ એટલામાં બીજી એક છોકરીએ કુંજો આંચકી લીધો અને પાણી ઢોળી નાખ્યું. પછી ફરી વાર કુંજો ભર્યો અને વળી પાછું પાણી ઢોળી નાખ્યું. વાચાગાનને સખત તરસ લાગી હતી. એનું ગળું સુકાઈ રહ્યું હતું. પણ છોકરી તો જાણે એને ચીડવવા માગતી હોય એમ કુંજો ભરતી ગઈ અને ઢોળી નાખતી ગઈ. એમ કરતાં કરતાં એણે કુંજો છઠ્ઠી વાર ભર્યો ત્યારે જ વાચાગાનની સામે ધર્યો.

વાચાગાને પહેલાં તો આતુરતાથી પાણી પીને તરસ છિપાવી, અને પછી છોકરીને પૂછ્યું:

“પહેલી વાર પાણી કેમ ન પાયું? મને ચીડવવાનો કે ગુસ્સે કરવાનો ઈરાદો હતો કે શું?”

છોકરીએ શાંતિથી જવાબ આપ્યો: “અજાણ્યા માણસોનું એમ ટીખળ કરવાની અમારી રીત નથી. તમે ખૂબ થાકેલા છો અને તાપમાં તપીને આવ્યા

છો. આવું ટાઢું પાણી તરત જ પીધું હોત તો કદાચ માંદા પડત. એટલે જ મેં તમને થોડી વાર વાટ જોવડાવીને પછી પાણી પાયું."

છોકરીનો જવાબ સાંભળીને વાચાગાન વિસ્મય પામ્યો અને એનું રૂપ જોઈને મોહિત થઈ ગયો.

"તમારું નામ શું?" એણે પૂછ્યું.

"આનાઈત," છોકરી બોલી.

"અને તમારા પિતા કોણ?"

"મારા બાપુ ગામના રબારી છે, અને એમનું નામ અરાન છે. પણ તમે આ બધું કેમ પૂછી રહ્યા છો?"

"પૂછવાથી શું પાપ થાય?"

"પૂછવામાં પાપ ન હોય તો તમે પણ કહો કે કોણ છો અને ક્યાંથી આવો છો?"

"ખોટું બોલું કે સાચી વાત કહી દઉં?"

"તમારી જેવી લાયકાત હોય એમ કરો. ખોટું બોલવાની લાયકાત હોય તો ખોટું બોલો, અને સાચું બોલવાની હોય તો સાચું બોલો."

"તો તો મારે સાચું જ બોલવું પડે. પણ સાચી વાત એ છે કે હું કોણ છું એ મારાથી તમને હમણાં કહેવાય એમ નથી. હું વચન આપું છું કે થોડા વખતમાં જ તમને સાચી વાત જણાવીશ."

"બહુ સારું. હવે મારો કુંજો પાછો લાવો."

આનાઈતે કુંજો લીધો અને રાજકુમારને નમસ્તે કહીને એ ચાલી ગઈ.

બેઉ શિકારી ઘેર પાછા ફર્યા. વિશ્વાસુ સેવક વાધિનાકે આખી ઘટના રાણીને કહી સંભળાવી. વાચાગાનના દિલના ભેદની ખબર એની માને એવી રીતે પડેલી.

૩

વાચાગાને હઠ લીધી કે પરણું તો આનાઈતને, બીજા કોઈને નહિ. રાજારાણીએ કુંવરની વાત આખરે માની લીધી, અને કુંવરનું સગપણ કરવા

વાધિનાકને દરબારના બે ઉમરાવ જોડે આત્સિક ગામે મોકલ્યો.

અરાન રબારીએ એમને ભાવથી આવકાર્યા અને બેસવા જાજમ પાથરી.

"કેવી સુંદર જાજમ!" વાધિનાક બોલી ઊઠયો. "આ તો ઘરની લક્ષ્મીએ જ વણી હશે, કેમ?"

અરાને જવાબ આપ્યો: "મારે તો વહુ છે જ નહિ. એ બીચારી મરી ગઈ એને દસ વરસ થઈ ગયાં. જાજમ તો મારી દીકરી આનાઈતે વણી છે."

"રાજાનો મહેલ પણ આવી જાજમનું ગૌરવ નથી ધરાવતો. તમારી દીકરી આવી કુશળ કારીગર છે એ જોઈને અમને ખૂબ ખુશી થઈ છે," ઉમરાવ બોલ્યા. "તમારી દીકરીની ખ્યાતિ રાજાના કાન સુધી પહોંચી ગઈ છે. અમે એમના વતી તમારી દીકરીનું માગું કરવા આવ્યા છીએ. રાજાની એવી ઇચ્છા છે કે તમે તમારી દીકરીને એમના એકના એક કુંવર અને ગાદીના વારસ જોડે પરણાવો."

ઉમરાવોએ ધાર્યું હતું કે અરાન કાં તો વાત માની ન શકતાં માથું ધુણાવવા લાગશે અથવા ખુશીના આવેશમાં એકદમ ઊભો થઈ જશે. પણ રબારીએ તો બેમાંથી કશું જ ન કર્યું. માથું ઢાળીને એ પહેલી આંગળી વડે જાજમ ઉપર ભાત પાડતો રહ્યો.

એટલે વાધિનાકે પૂછ્યું: "ભાઈ અરાન, તમે આટલા બધા ઉદાસ કેમ થઈ ગયા? અમે તો આનંદના સમાચાર લાવ્યા છીએ, શોકના નહિ. તમારી દીકરીને બળજબરીથી લઈ જવાનો અમારો મુદ્દલ ઇરાદો નથી. શાદીનો આધાર તમારી ઇચ્છા ઉપર જ છે."

અરાને જવાબ આપ્યો: "પ્યારા મહેમાનો, મારી દીકરી ઉપર કોઈ જાતનું દબાણ હું કદી નહિ આણું. રાજકુમારની જોડે પરણવાનું એને મંજૂર હોય તો હું કોઈ જાતનો વાંધો નહિ ઉઠાવું."

એ જ ઘડીએ આનાઈત મહેમાનો માટે ફળ લઈને અંદર આવી. એણે માથું નમાવીને મહેમાનોને માન આપ્યું, અને ફળ થાળીમાં ગોઠવીને એમની સામે મૂક્યાં. પછી એ વણવા બેસી ગઈ. એની આંગળીઓની ચપળતા જોઈને બેઉ ઉમરાવ અચરજમાં ડૂબી ગયા.

વાધિનાકે આનાઈતને પૂછ્યું: "તમે એકલાં કેમ વણો છો? મેં તો સાંભળ્યું

છે કે ઘણી છોકરીઓ તમારી કને કારીગરી શીખે છે."

"હા, એ વાત સાચી છે," આનાઈત બોલી, "પણ મેં એ સૌને અંગૂર ઉતારવા બગીચામાં મોકલી દીધી છે."

"મેં તો એમ પણ સાંભળ્યું છે કે તમે એમને લખતાંવાંચતાં પણ શીખવો છો."

આનાઈતે ફરી વાર જવાબ દીધો: "હા, શીખવું છું. હવે તો અમારા રબારીઓ પણ ચરાણમાં જાય ત્યારે કંઈક ને કંઈક વાંચે છે અને એકબીજાને વાંચતા શીખવે છે. અમારા વનમાં બધાંય ઝાડનાં થડ લખેલા અક્ષરોથી ભરાઈ ગયાં છે. ગઢની દીવાલો, ખડકો, અને કરાડો ઉપર બધે કોલસાના અક્ષરો ચીતરાઈ ગયા છે. પહેલાં એક માણસ એક અક્ષર લખે, પછી બીજો લખે, એમ ચાલ્યા જ કરે. અમારા બધાય પહાડો અને અમારાં બધાંય કોતરોમાં બધે અક્ષરો જ અક્ષરો નજરે પડે છે."

વાધિનાકે કહ્યું:

"અમારે ત્યાં ભણતરનું મૂલ્ય ઓછું અંકાય છે. શહેરના માણસો આળસુ હોય છે. પણ તમે અમારે ત્યાં આવીને રહો તો સૌને ખંતથી કામ કરતાં શીખવી શકો. જરા એક પળ વણવાનું બંધ કરો તો હું તમને કંઈક બતાવું. જુઓ, રાજાએ તમારે માટે કેવી સુંદર ચીજો ભેટ મોકલી છે!"

એમ કહીને વાધિનાકે મૂલ્યવાન હીરામાણેક અને રેશમી પોશાક કાઢ્યા.

આનાઈતે એ બધી ચીજો ઉપર ફક્ત ઊડતી નજર નાખી અને પછી પૂછ્યું:

"રાજા મારી ઉપર આટલા બધા મહેરબાન કેમ થઈ ગયા છે?"

"થોડા દિવસ પહેલાં રાજાનો કુંવર વાચાગાન તમને ઝરણાને કાંઠે મળ્યો હતો. તમે એને પાણી પાયું હતું. તમે એને ખૂબ ગમી ગયાં. એટલે અમે રાજાની આજ્ઞા મુજબ વાચાગાન માટે તમારા હાથનું માગું કરવા આવ્યા છીએ. આ વીંટી, આ હાર, આ કંકણ, અને બીજી બધી ચીજો તમારે માટે જ છે."

"તો મેં જોયેલો શિકારી રાજાનો કુંવર છે, ખરું?"

"હા."

"મઝાનો જુવાન છે. પણ એને કોઈ કસબ આવડે છે ખરો?"

"એ તો રાજાનો કુંવર છે, આનાઈત, રાજાની આખી પ્રજા એની સેવક છે. એને વળી કસબ શીખવાની શી જરૂર?"

"એ બધું સાચું, પણ નસીબ તો અવનવા ખેલ ખેલે. નસીબનો ભેદ કોણ જાણી શકે? આજે સ્વામી હોય એ કાલે સેવક પણ બની જાય. દરેક માણસે કંઈ ને કંઈ કસબ શીખવો જ જોઈએ, પછી એ ભલે રાજા હોય, રાજકુંવર હોય, કે સાધારણ માણસ હોય."

આનાઈતના શબ્દો સાંભળીને બેઉ ઉમરાવ અચરજ પામ્યા, પણ અરાન રબારી તો દીકરી ઉપર ખુશખુશ થઈ ગયો.

ઉમરાવોએ આનાઈતને સવાલ કર્યો: "તો તમે ફક્ત એટલા માટે રાજકુમાર જોડે શાદી કરવાનો ઈન્કાર કરો છો એને કોઈ કસબ નથી આવડતો?"

"હા. આ બધી ચીજો તમે ભેટ લાવ્યા છો એ પાછી લઈ જાઓ. રાજકુમારને જઈને કહેજો કે એ મને પસંદ છે પણ હું માફી માગું છું. મેં તો પ્રતિજ્ઞા લીધી છે કે કોઈ જાતનો કસબ ન આવડતો હોય એવા માણસને હું કદી નહિ પરણું."

રાજાના દૂત સમજી ગયા કે આનાઈતનો ફેંસલો પાકો છે. એટલે એની ઉપર વધારે દબાણ લાવવાની વાત એમણે માંડી વાળી. મહેલમાં પાછા જઈને એમણે રાજાને બધી વાત કરી.

આનાઈતના ફેંસલાની વાત સાંભળીને રાજારાણીની ખુશીનો પાર ન રહ્યો. એમને લાગ્યું કે આનાઈતને પરણવાની હઠ વાચાગાન હવે મૂકી દેશે. પણ વાચાગાને કહ્યું:

"આનાઈતની વાત સાચી છે. બીજા બધા લોકોની જેમ મારે પણ કંઈ ને કંઈ કસબ શીખી જ લેવો જોઈએ."

રાજાએ ઉમરાવોની સભા બોલાવીને મસલત કરી. બધા એકમત થયા કે રાજાના કુંવર માટે તો કિનખાબ વણવાનો કસબ જ સૌથી વધારે છાજતો ગણાય.

તરત જ ઈરાનથી કાબેલ કારીગર બોલાવવામાં આવ્યો, અને એક વરસમાં વાચાગાને કિનખાબ વણવાના કસબમાં ઉસ્તાદી હાંસલ કરી લીધી. સોનાના બારીક તાર વડે મૂલ્યાવાન કિનખાબ વણીને એણે પોતાના કસબની ચીજ વાઘિનાક જોડે આનાઈતને મોકલી.

કિનખાબ જોઈને આનાઈત બોલી:

"કહેવત છે કે કસબી ઇન્સાનથી ગરીબી બાર ગાઉ આઘી ભાગે. હવે રાજકુમાર નસીબની કસોટીમાં નીડર થઈને ઊભા રહી શકશે. જઈને રાજકુમારને કહો કે હવે હું એમની જોડે શાદી કરવા તૈયાર છું. અને આ જાજમ એમને મારા તરફથી ભેટ આપજો."

શાદીની તૈયારીઓ તડામાર શરૂ થઈ ગઈ. શાદીનો અવસર સાત દિવસ અને સાત રાત સુધી ધામધૂમથી ઊજવવામાં આવ્યો.

૪

પણ ચાદી પછી તરત જ વાચાગાનનો વફાદાર ભાઈબંધ અને સેવક વાધિનાક અચાનક ગુમ થઈ ગયો. લાંબા વખત સુધી ચોગમ ખૂબ શોધખોળ કરવામાં આવી પણ ક્યાંય એની ભાળ મળી નહિ. એને ગોતી કાઢવાની આશા સૌએ તજી દીધી. વખત વીતતો ગયો અને રાજાકાણી સુખરૂપ વૃદ્ધાવસ્થાએ પહોંચીને પરલોક ગમન કરી ગયાં. રાજાના અવસાન બાદ વાચાગાન રાજા બન્યો.

એક દિવસ આનાઈતે પતિને કહ્યું:

"મારા રાજા, મને લાગે છે કે તમારા પોતાના રાજ વિશે તમારી જાણકારી સાવ નજીવી છે. તમારા ઉમરાવો ને અમલદારો તમને સાચી વાત કહેતા નથી. એ લોકો તો એમ જ ઇચ્છે કે તમને બધું સુખરૂપ ચાલતું લાગે. પણ હકીકતમાં એમ ન હોય તો? થોડા થોડા વખતને અંતરે તમે તમારા રાજમાં ફરીને રૈયતની જિંદગી નીરખો તો કેવું સારું! ક્યારેક ભિખારીનો, ક્યારેક કારીગરનો અને ક્યારેક સોદાગરનો વેશ લઈને પ્રજા ભેગા હળોમળો તો લોકોનાં સુખદુખ વિશે તમને પૂરી ખબર પડે."

"તારી વાત સાચી છે, આનાઈત," વાચાગાને જવાબ દીધો. "અગાઉ હું શિકાર કરવા જતો ત્યારે અનેક ગામોમાં રખડતો અને પ્રજાની જિંદગી વિશે મને વધારે જાણકારી રહેતી. પણ હવે આ રાજકાજ છોડીને હું કેવી રીતે જાઉં?

મારી ગેરહાજરીમાં રાજ કોણ ચલાવે?"

આનાઈત બોલી: "રાજ હું ચલાવીશ." પછી એણે ઉમેર્યું: "અને તમારી ગેરહાજરીની વાત જાણવાની કોઈને જરૂર જ નથી."

"બહુ સારું. તો હું કાલે જ સફરે નીકળી જઈશ. પણ હું વીશ દિવસમાં પાછો ન આવું તો માની લેજે કે કાં તો મારું મોત થયું છે અથવા હું કોઈ ભારે સંકટમાં સપડાઈ ગયો છું."

૫

વાચાગાન રાજા સાદા ખેડૂતનો વેશ લઈને રાજમાં ઠેકઠેકાણે ભમવા લાગ્યો. ભમતાં ભમતાં એણે ઘણું ઘણું જોયું અને ઘણું ઘણું સાંભળ્યું. થોડા વખત પછી એ પેરોઝ નગરમાં પહોંચ્યો.

નગરની વચ્ચોવચ મોટો ચોક હતો. ચોકમાં બજાર હતું અને ચોતરફ કારીગરોની કે વેપારીઓની દુકાનો હતો.

એક દિવસ વાચાગાન ચોકમાં ક્યાંક બેઠો હતો. થોડી વારમાં એક ઘરડો માણસ ખૂબ ધીરે ધીરે ચાલતો નીકળ્યો. લોકો ટોળે વળીને એની પાછળ પાછળ ચાલતા હતા. આગળ ચાલતા લોકો ખસીને એને મારગ આપતા હતા. એને ડગલું માંડવા એક પછી એક ઈંટ જમીન ઉપર મૂકવામાં આવતી હતી.

રસ્તે ચાલતા એક માણસને વાચાગાને પૂછ્યું કે આ વૃદ્ધ સજ્જન કોણ છે.

"અજબ વાત છે કે તમને ખબર નથી!" માણસ અચરજ પામીને બોલ્યો. "અરે, આ તો વડા મહંત છે. એટલા સદાચારી છે કે કોઈ જીવજંતુ દબાઈને મરી જાય એ બીકે જમીન ઉપર પગ પણ નથી મૂકતા."

એટલામાં ચોકમાં જાજમ પાથરવામાં આવી અને વડો મહંત થાક ખાવા એની ઉપર બેઠો. મહંત શું કહે છે એ સાંભળવા વાચાગાન જેમતેમ કરીને ટોળામાં ઘૂસ્યો અને એની નજીક પહોંચી ગયો. મહંતની નજર ચકોર હતી. વાચાગાનને જોતાં જ એ સમજી ગયો કે આ કોઈ અજાણ્યો માણસ નગરમાં આવ્યો છે.

13—410

એણે તરત જ વાચાગાનને પૂછ્યું :

"તમે કોણ છો ભાઈ, અને શું કામ કરો છો?"

વાચાગાને જવાબ દીધો : "હું મજૂર છું અને બહુ દૂરથી આ નગરમાં કામ ગોતવા આવ્યો છું."

"સારું. મારી ભેગા ચાલો. હું તમને કામ આપીશ અને મહેનતાણું સારું આપીશ."

વાચાગાને હકારમાં માથું હલાવીને તૈયારી બતાવી એટલે વડા મહંતે બીજા સહાયક મહંતોના કાનમાં કંઈક કહ્યું. વડા મહંતની વાત સાંભળીને એ બધા જુદી જુદી દિશામાં રવાના થઈ ગયા.

થોડી વારમાં એ બધા પાછા આવી ગયા. એમની ભેગા કેટલાય મજૂરો હતા. મજૂરોને માથે જાતજાતની ચીજો લાદેલી હતી. પછી વડો મહંત ઊભો થઈને ચાલવા લાગ્યો. વાચાગાન પણ મૂંગે મોઢે એની પાછળ પાછળ ચાલ્યો.

ચાલતા ચાલતા બધા નગરને દરવાજે પહોંચ્યા. ત્યાં વડા મહંતે લોકોને આશીર્વાદ આપ્યા એટલે લોકો વીખરાઈને પોતપોતાને રસ્તે ગયા. દરવાજા પાસે વડા મહંત ભેગા ફક્ત એના સહાયકો, માલ લાદેલા મજૂરો, અને વાચાગાન રહ્યા.

નગરની બહાર આગળ ચાલતા ચાલતા એ સૌ ઊંચી વંડી આગળ આવ્યા. વંડીમાં દરવાજો હતો. વડા મહંતે મોટી ચાવી કાઢીને દરવાજો ખોલ્યો.

અંદર વિશાળ ચોગાનની વચ્ચોવચ મંદિર હતું. મંદિરને ફરતી નાની નાની ઓરડીઓ હતી. મજૂરોએ પોટલાં નીચે ઉતાર્યાં. વડો મહંત એમને બધાને અને વાચાગાનને મંદિરની બીજી બાજુએ લઈ ગયો અને લોખંડનું બારણું ઉઘાડીને બોલ્યો :

"તમે બધા અંદર જાઓ, ત્યાં તમને કામ આપવામાં આવશે."

અચરજમાં ગરકાવ થઈને સૌ અંદર ગયા. દાખલ થઈને એમણે જોયું તો સૌ જમીનની નીચે ખોદેલા ભોંયરામાં આવી પડયા હતા. વડા મહંતે બારણું બહારથી વાસીને તાળું મારી દીધું હતું. સૌ સમજી ગયા કે પાછા ફરવાનો રસ્તો બંધ થઈ ગયો છે, એટલે તેઓ ભોંયરામાં આગળ ચાલ્યા.

૬

ઘણા વખત સુધી બધા ચાલતા જ રહ્યા. આખરે દૂરથી ઝાંખું અજવાળું નજરે પડયું. બધા અજવાળાની દિશામાં ચાલ્યા તો થોડી વારમાં પથ્થરની ગુફા આવી. ગુફામાંથી પીડાના ઊંહકારાઓનો અને રોકકળનો અવાજ આવતો હતો. સૌ કાન સરવા કરીને અચરજમાં ચોતરફ નજર દોડાવવા લાગ્યા. એ જ વખતે અંધારિયા ગુફામુખમાં પડછાયા જેવું કશુંક દેખાયું. છાયા જેમ જેમ નજીક આવતી ગઈ તેમ તેમ એનો આકાર સ્પષ્ટ થતો ગયો. વાચાગાત એની તરફ આગળ વધ્યો અને ઊંચે અવાજે બોલ્યો:

"કોણ છો તું—માણસ કે ભૂત? માણસ હો તો જણાવ કે અમે ક્યાં આવી ચડયા છીએ."

આકાર સાવ પાસે આવ્યો અને સામે આવીને ધ્રૂજતો ઊભો રહ્યો. એ તો માણસ જ હતો, પણ કલ્પનાયે ન થઈ શકે એવી ભયંકર દુર્દશામાં આવી પડેલો માણસ હતો. એનો ચહેરો સાવ મડદા જેવો હતો, આંખો ઊંડી ઊતરી ગઈ હતી, લમણાંનાં હાડકાં બહાર ધસી આવ્યાં હતાં, અને શરીરનું દરેકે દરેક હાડકું ચામડીમાં સાફ દેખાતું હતું. ડૂસકાં ભરતો ભરતો તોતડે અવાજે એ માણસ બોલ્યો:

"મારી ભેગા આવો, હું હમણાં જ તમને બધું બતાવું છું."

બધા એની પાછળ પાછળ સાંકડી નેળમાં થઈને ચાલ્યા અને થોડી વારમાં બીજી ગુફા પાસે પહોંચ્યા. એ ગુફામાં અનેક માણસો નગ્નાવસ્થામાં મોતની પીડા ભોગવતા ટળવળી ને અમળાઈ રહ્યા હતા. પાસે જ આવેલી ત્રીજી ગુફામાં મોટી મોટી કડાઈઓમાં ખાવાનું રંધાતું હોય એમ લાગતું હતું. વાચાગાને વાંકા વળીને એક દેગડામાં નજર નાખી કે તરત જ એ ભયંકર ત્રાસ પામીને એક ડગલું પાછળ હઠી ગયો. પણ એણે સાથીઓને એક શબ્દ પણ ન કહ્યો. પછી એ લોકો બીજી સાંકડી નેળમાં ગયા. ત્યાં સેંકડો માણસો ઝાંખા અજવાળામાં કામ કરી રહ્યા હતા. સૌના ચહેરા મોત જેવા ફિક્કા હતા. કેટલાક ભરતનું, કેટલાક ગૂંથણનું, અને કેટલાક સિલાઈનું કામ કરી રહ્યા હતા.

મડદા જેવો દેખાતો માણસ બોલ્યો :

"શયતાન જેવા જે મહંતના છળમાં ફસાઈને તમે બધા આ ભોંયરામાં સપડાઈ ગયા છો એ જ નરાધમ અમને પણ લલચાવીને અહીં લઈ આવ્યો હતો. મને ખબર નથી કે આ ભોંયરામાં આવ્યે મને કેટલાં વરસ થઈ ગયાં હશે. અહીં નથી ક્યારેય રાત પડતી કે નથી ક્યરેય દિવસ ઊગતો. અહીં તો કાયમ આવો ઝાંખો ઉજાસ જ હોય છે. હું તો ફક્ત એટલું જ જાણું છું કે મારી જોડે આવેલા બીજા બધા ક્યારના મરી પરવાર્યા છે. જે કોઈ મળી જાય એ બધાને મહંતો લલચાવીને અહીં લઈ આવે છે. એમાં કસબીઓ પણ હોય છે અને કશી કારીગરી ન જાણતા લોકો પણ હોય છે. તેઓ કસબીને કામે વળગાડી દે છે અને બાકીનાને કતલ કરવા લઈ જાય છે. તમે જોયેલી પેલી ભયાનક કડાઈઓમાં એવા માણસોનું માંસ રાંધવામાં આવે છે. આ કાવતરામાં શયતાન જેવો વડો મહંત એકલો જ નથી. બીજા બધા મહંતો પણ એને લગાતાર મદદ કરે છે."

બોલનારના ચહેરા ઉપર બારીક નજર ફેરવતાં વાચાગાન એને ઓળખી ગયો. એ બીજો કોઈ નહિ પણ એનો પોતાનો જ વફાદાર ભાઈબંધ અને સેવક વાધિનાક હતો. પણ વાચાગાન જાણી જોઈને કંઈ બોલ્યો નહિ. એને મનમાં બીક લાગી કે જૂના ભાઈબંધને ફરી મળવાના આનંદનો આવેશ વાધિનાકને જિંદગી સાથે જોડી રાખતા પાતળા તારને ક્યાંક તોડી ન નાખે.

૭

વાધિનાક ચાલ્યો ગયો પછી વાચાગાને પોતાની ભેગા આવેલા માણસોને પૂછ્યું કે તમે બધા કોણ છો અને શું શું કામ જાણો છો. એમાં એક દરજી હતો અને એક વણકર હતો. બાકીના માણસોને ખાસ કોઈ કસબ આવડતો નહોતો. પણ વાચાગાને એમ જાહેર કરવાનું નક્કી કર્યું કે આ બધા મારા મદદનીશ છે.

થોડી વારમાં જ પગલાંનો અવાજ સંભળાયો અને એક મહંત એમની પાસે આવી પહોંચ્યો. એની ભોગા ઘણા બધા હથિયારબંધ માણસો હતા. એના ચહેરા

ઉપર નીચતા અને નિર્દયતાની છાપ સાફ દેખાતી હતી.

એણે પાસે આવીને પૂછ્યું: "તમે જ છો કે નવા આવેલા બધા?"

વાચાગાને જવાબ દીધો: "હા, દયાળુ મહંતજી. અમે હમણાં જ પહોંચ્યા છીએ અને આપની સેવામાં હાજર છીએ."

"તમારામાંથી કસબ જાણતા હોય એવા કોણ કોણ છે?"

"અમે બધા જ કારીગરી જાણીએ છીએ," વાચાગાન બોલ્યો. "સોના કરતાં સો ગણા વધારે મૂલ્યવાન કિનખાબના વણાટનો કસબ અમે જાણીએ છીએ."

"સાચું બોલો છો?"

"અમારું કામ જોઈને જ આપને ખાતરી થઈ જશે."

"સારું, કામ જોઈને જ ખાતરી કરી લઈશું. હવે બોલો કે તમારે શું શું સાધનસામગ્રી જોઈએ છે, અને ચીજો મળી જાય એટલે સૌની ભેગા બેસીને કામ કરવા માંડો."

"ત્યાં અમારાથી કામ નહિ થઈ શકે. અમારા કામ માટે તો આ જ બહેતર જગ્યા છે. બીજી વાત એ કે અમારામાંથી કોઈ માંસ ખાતું નથી. અમને બળજબરીથી માંસ ખવડાવવાની કોશિશ કરવામાં આવશે તો અમે બધા મરી જઈશું."

"વારુ, તમને રોટી અને ફળ ખાવા મળશે. પણ તમારું કામ તમે કહ્યું છે એથી ઓછું મૂલ્યવાન નીકળ્યું તો હું તમને બધાને કતલખાનામાં મોકલી દઈશ, અને મારી નાખતાં પહેલાં ભયંકર પીડા અને ત્રાસના ભોગ બનાવીશ. આ વાત યાદ રાખજો," મહંત બોલ્યો.

એણે જઈને બધાને માટે થોડાંક ફળ અને રોટી મોકલ્યાં. એમાંથી એમણે વાધિનાકને અને બીજા ઘણા માણસોને ભાગ આપ્યો. પછી વાચાગાન કામ કરવા બેઠો. એણે ઝપાટાબંધ કિનખાબનો મનોહર ટુકડો વણી કાઢયો. કિનખાબમાં પાડેલી ભાતમાં એણે ભયાનક ભોંયરામાં પોતે જોયેલી બધી ક્રુરતાઓ આલેખી. પણ એ કામ એણે એવી ચાલાકીથી કર્યું કે કસબના ખરા જાણકાર થોડાક ઉસ્તાદ કસબીઓ જ અર્થ ઉકેલી શકે.

વાચાગાનની ઉત્તમ કારીગરી જોઈને મહંત ખુશ થઈ ગયો. એને કિનખાબ આપતાં વાચાગાન બોલ્યો:

"મેં આપને કહેલું કે અમે વણેલા કિનખાબનું મૂલ્ય સોના કરતાં સો ગણું હશે. પણ હકીકતમાં આ કિનખાબનું મૂલ્ય એથી બમણું છે, કેમ કે એમાં અમે અમુક જાતનાં તાવીજોની ભાતો વણી છે. અફસોસની વાત છે કે સાધારણ માણસો આવી ભાતોનું સાચું મૂલ્ય સમજી શકે એમ નથી. એનો અર્થ તો ફક્ત આનાઈત રાણી જ સમજી શકશે."

લોભિયો મહંત આભો થઈ ગયો. એણે મનમાં ને મનમાં નક્કી કર્યું કે આ કિનખાબના મૂલ્યમાંથી કોઈને ભાગ આપવો નહિ. એમ વિચારીને એણે વડા મહંતને કિનખાબ વિશે ન તો કંઈ જણાવ્યું કે ન એને કિનખાબ બતાવવાની ફિકર કરી. એ તો પોતે જ કિનખાબ લઈને વાચાગાનના મહેલ તરફ રવાના થઈ ગયો.

૮

દરમિયાનમાં આનાઈત રાજકાજ બાહોશીથી સંભાળતી હતી અને સૌને પૂરો સંતોષ હતો. રાજા ગેરહાજર છે એની કોઈને શંકા સરખીય ન આવી. પણ રાણીનું મન ચિંતાથી ઘેરાયેલું હતું. નક્કી કર્યા મુજબ રાજાને પાછા ફરવાના આખરી દિવસ પછી દસ દિવસ વીતી ગયા હતા પણ વાચાગાન પાછો આવ્યો નહિ. આનાઈતને રાતે બિહામણાં સપનાં આવતાં. દિવસે એને કઢંગા ઓળા નજરે પડતા. વાચાગાનનો કૂતરો ઝાંગી સતત ભસ્યા કરતો કે રાગડા તાણીને રડયા કરતો. એનો ઘોડો માથી વિખૂટા પડી ગયેલા વછેરાની જેમ ખાધા પીધા વગર હણહણ્યા કરતો. નાનાં મરઘડાં મોટા કૂકડાની જેમ જોરથી કૂકડેકૂક કરતાં અને કૂકડા તીણી ચીસો પાડતા. નદીનાં પાણી કલકલ અવાજ કર્યા વગર કે ઉછાળા માર્યા વગર દબાયેલા અવાજે અને ધીરી ગતિએ વહેતાં. હંમેશાં નીડર રહેતી આનાઈત ભયભીત થઈ ગઈ અને પોતાના જ પડછાયાથી ડરવા લાગી.

એક દિવસે સવારમાં એને કહેણ મળ્યું કે કોઈ સોદાગર મૂલ્યવાન ચીજો લઈને આવ્યો છે અને હાજર થવાની રજા માગે છે.

આનાઈને આજ્ઞા આપી કે અજાણ્યા સોદાગરને અંદર લઈ આવો.

અંદર દાખલ થનાર માણસનો ચહેરો ભયાનક હતો. રાણીને નમન કરીને એણે ચાંદીની થાળીમાં સોનેરી કિનખાબનો ટુકડો પેશ કર્યો. આનાઈતે કિનખાબ ઉપર નજર નાખી પણ એમાં વણેલી ભાત ઉપર એનું ધ્યાન ગયું નહિ.

"કેટલી કિંમત છે આની?" એણે પૂછ્યું.

"મહારાણી, ફક્ત કારીગરી અને લાગત માલનો જ હિસાબ કરીએ તોપણ આનું મૂલ્ય સોના કરતાં ત્રણસો ગણું થાય. એને આપની પાસે લઈ આવવાના મારા ઉમંગનો અને મારી મહેનતનો બદલો એમાં ઉમેરીને આપ પોતે જ એનું મૂલ્ય આંકો, હજૂર."

"પણ આનું મૂલ્ય આટલું બધું વધારે કેમ છે?"

"દયાળુ મહારાણી, આ કિનખાબમાં અમૂલ્ય શક્તિ ભરેલી છે. એમાં વણવામાં આવેલી ભાત જુઓ. એ કોઈ સાદી ભાત નથી, તાવીજોની છે. આ કિનખાબનું વસ્ત્ર જે કોઈ પહેરે એની ઉપર દુખ કે શોકનો પડછાયો પણ કદી ન પડે."

"એમ!" આનાઈત બોલી, અને કિનખાબ હાથમાં લઈને બારીક નજરે જોવા લાગી. એમાં એને તાવીજની તો નહિ પણ અક્ષરોની બારીક ભાત દેખાણી. આનાઈતે મૂંગા મૂંગા સંદેશો વાંચ્યો:

"મારી અનુપમ આનાઈત, હું એક ખરેખરા દોજખમાં કેદ સપડાઈ ગયો છું. આ કિનખાબ તારી પાસે લાવનાર માણસ એ દોજખના ઘાતકી નરાધમ સંચાલકોમાંનો એક છે. વાઘિનાક પણ અહીં જ કેદમાં સબડે છે. પેરોઝ નગરની પૂર્વમાં ઊંચી વંડીથી ઘેરાયેલા મંદિરના ભોંયરામાં અમારી તપાસ કરજે. તારી મદદ નહિ પહોંચે તો અમે બધા મોતના શિકાર થઈ જઈશું. વાચાગાન."

વાંચીને આનાઈતના દિલમાં કંપારી ઊઠી. એણે સંદેશો ફરી વાર અને ત્રીજી વાર ધ્યાનથી વાંચ્યો, અને ભાતનાં વખાણ કરતી એ બોલી:

"તમારી વાત સાચી છે. આ ભાતમાં દિલ ખુશ કરી દેવાની શક્તિ છે. આજે

સવારથી હું ખૂબ ઉદાસ હતી પણ હવે મારું હૈયું હળવું અને પ્રફુલ્લિત થઈ ગયું છે. આ કિનખાબ ખરેખર અમૂલ્ય છે. એને માટે અરધું રાજપાટ આપી દેવું પડે તોપણ મને અફસોસ ન થાય. પણ તમે એટલું તો જરૂર સમજી શકશો કે કલાકારીગરીનો કોઈ પણ નમૂનો એના સર્જક કરતાં વધારે મહાન કદી ન જ હોઈ શકે."

"ઈશ્વર આપને લાંબી જિંદગી આપે, મહારાણી! આપના શબ્દો તદ્દન સાચા છે."

"તો પછી તમે આ કિનખાબને વણનાર કારીગરને મારી પાસે લઈ આવો. તમને બન્નેને ઇનામ આપવાની મારી ઇચ્છા છે."

લાલચુ મહંત બોલ્યો: "દયાળુ મહારાણી, આ કિનખાબ વણનારો કારીગર કોણ છે એની મને ખબર નથી. હું તો એને હિંદુસ્તાનમાં એક યહૂદી પાસેથી ખરીદી લાવ્યો છું. એણે કોઈ આરબ પાસેથી ખરીદેલું. કોણ જાણે આરબને ક્યાંથી મળ્યું હશે."


"પણ હમણાં જ તમે કહેતા હતા કે આ કિનખાબની બનાવટમાં કેટલો માલ અને કેટલી મહેનત ખર્ચાયાં છે. એનો અર્થ તો સાફ એમ જ થાય કે કિનખાબનો આ ટુકડો તમે ખરીદ કરેલો નથી પણ બનાવડાવ્યો છે."

"અત્યંત દયાળુ મહારાણી, એ બધું તો મને હિંદુસ્તાનમાં કિનખાબ ખરીદતી વખતે કહેવામાં આવ્યું હતું, હું તો..."

આનાઈત ક્રોધે ભરાઈને ગરજી ઊઠી: "બસ, હવે બકવાદ બંધ કર! તું કોણ છે એની મને ખબર છે. ચાકરો, આને પકડીને ભોંયરામાં કેદ કરી દો!"

૯

આનાઈતના ફરમાનનો અમલ થઈ ગયો તે પછી એણે આખા નગરમાં ભયની ચેતવણીનો ઢંઢેરો પિટાવ્યો. ચિંતાતુર નગરજનો મહેલની બહાર ભેગા થયા અને માંહોમાંહે વાતચીત કરવા લાગ્યા. કોઈનેય ખબર નહોતી કે શી આફત આવી પડી છે.



પૂરાં હથિયાર ધારણ કરીને આનાઈત ઝરૂખામાં આવી અને ભેગા થયેલા નગરજનોને ઉદ્દેશીને બોલી:

"સાંભળો, નગરજનો! તમારા રાજાની જિંદગી જોખમમાં છે. જે કોઈ માણસના હૈયામાં રાજા માટે પ્રેમ હોય અને જેને રાજાની જિંદગી વહાલી હોય એ બધા મારી પાછળ પાછળ ચાલો! બપોર સુધીમાં આપણે પેરોઝ નગર સુધી પહોંચી જ જવાનું છે."

એક કલાકમાં સૌ નગરજનો હથિયાર ધારણ કરીને સાબદા થઈ ગયા. આનાઈત પાણીદાર ઘોડા ઉપર સવાર થઈને હાકલ કરતી બોલી: "શૂરવીરો, મારી પાછળ પાછળ ચાલી નીકળો!" પછી એણે ઘોડાને એડી મારી. ઘોડો ફાળ ભરતો પવનવેગે પેરોઝ નગરને રસ્તે રવાના થઈ ગયો. રસ્તામાં ક્યાંય રોકાયા વગર એ સીધી પેરોઝ નગરના ચોકમાં પહોંચી ત્યારે જ એણે પરસેવે રેબઝેબ ઘોડાને લગામ ખેંચીને ઊભો રાખ્યો. પેરોઝ નગરના લોકો એને સ્વર્ગલોકની દેવી સમજીને અની સામે નમી પડયા.

આનાઈતે સત્તાવાહી અવાજે પૂછ્યું: "અહીંનો નગરપાલ ક્યાં છે?"

નગરપાલ તરત જ આગળ આવીને બોલ્યો: "મહારાણી, હું નગરપાલ આપની સેવામાં હાજર છું!"

"તમારા કામમાં બેપરવાઈ આવી ગઈ છે. તમને એટલુંયે ભાન નથી કે તમારા નગરનાં દેવમંદિરોમાં શું શું ચાલી રહ્યું છે!"

નગરપાલ નમન કરીને બોલ્યો: "આપના શબ્દો સાવ સાચા છે, મહારાણી. એ વિશે હું ખરેખર બિનવાકેફ છું."

"પણ મંદિર ક્યાં છે એટલું તો તમે જાણો છો કે એટલુંયે નથી જાણતા?"

"હા, મહારાણી. મંદિર ક્યાં છે એની મને ખબર છે."

"તો ચાલો, મને આ ઘડીએ જ ત્યાં લઈ જાઓ."

નગરપાલ આનાઈતને મંદિર તરફ લઈ ગયો અને નગરજનો એમની પાછળ પાછળ ચાલ્યા.

શ્રદ્ધાળુ લોકો પ્રાર્થના કરવા આવ્યા હશે એમ માનીને મહંતોએ લોખંડનો પહેલો દરવાજો ઉઘાડી નાખ્યો. આનાઈત ઘોડો દોડાવીને એકદમ મંદિરના ચોકમાં

પહોંચી ગઈ અને એણે મંદિરના બધા દરવાજા ખોલવાનો હુકમ આપ્યો. આનાઈતનો હુકમ સાંભળ્યો ત્યારે જ મહંતોને સમજણ પડી કે મામલો કેવો છે. વડો મહંત એકદમ રાણી તરફ ધસી ગયો, પણ રાણીના ચાલાક ઘોડાએ એને પગની ખરીઓ તળે કચડીને મારી નાખ્યો.

દરમિયાનમાં આનાઈતના સૈનિકો આવી પહોંચ્યા અને બાકીના મહંતોનો ખેલ પણ થોડી વારમાં જ ખલાસ કરી નાખવામાં આવ્યો. નગરજનો મનમાં દહેશત અનુભવતા આભા બનીને બધું જોતા રહ્યા.

આનાઈતે લોકોને હાકલ કરી: "નજીક આવીને જુઓ કે તમારાં દેવમંદિરોની ભીતરમાં કેવા કાળાં કરતૂત ચાલે છે!"

મંદિરનાં લોખંડી બારણાં ધડાધડ તોડી નાખવામાં આવ્યાં. બારણાં તૂટતાં જ લોકોની નજરે ભયાનક દૃશ્ય પડયું.

ભૂત જેવા દેખાતા માણસો ભોંયરામાંથી પેટ રગડતા બહાર નીકળવા લાગ્યા. કેટલાક તો સાવ મરવાની અણિ પર હતા અને એમનામાં ઊભા રહેવા જેટલીયે શક્તિ નહોતી બચી. બીજા ઘણા માણસો દિવસના અજવાળાથી અંજાઈ જઈને આંધળા જેવા થઈ ગયા અને ઘવાયેલી કીડીની જેમ લથડતી ચાલે બહાર નીકળ્યા. સૌથી છેલ્લે વાચાગાન અને વાધિનાક આવ્યા. અચાનક ઝળહળતો પ્રકાશ જોઈને ક્યાંક આંધળા ન થઈ જાય એ બીકે બેઉ જણ આંખો બંધ રાખીને બહાર આવ્યા.

સૈનિકો ભોંયરામાં ધસી ગયા અને મૃત શરીરો તથા અત્યાચારનાં સાધનો બહાર લઈ આવ્યા. નગરજનો શરમથી માથું ઢાળી દઈને એમને મદદ કરતા રહ્યા.

આનાઈત બધો બંદોબસ્ત કરીને વાચાગાન અને વાધિનાક પાસે ગઈ. બન્ને ભાઈબંધ તંબુમાં બેઠા હતા. તંબુ ખાસ એમને માટે ઉતાવળથી બાંધવામાં આવ્યો હતો. પતિપત્ની જોડાજોડ બેસીને ક્યાંય સુધી અકબીજાની નજરમાં નજર પરોવી રહ્યાં. વાધિનાકની આંખોમાંથી આંસુની ધારાઓ વહેતી હતી. આનાઈતનો હાથ ચૂમતો એ બોલ્યો:

"અનન્ય મહારાણી, આજે આપે અમારી જિંદગી બચાવી લીધી!"

વાચાગાન તરત જ બોલી ઊઠયો: "ના, વાધિનાક, આનાઈતે આપણી જિંદગી તો આજે નહિ પણ લાંબા વખત પહેલાં જ બચાવી લીધેલી. રાજાના કુંવરને કોઈ કસબ આવડે છે કે નહિ, એવો સવાલ તને પૂછતી વેળા જ એણે આપણી જિંદગી બચાવી લીધેલી. તને યાદ છે કે જવાબમાં તું કેવો હસી પડયો હતો?"

૧૦

રાજા કેવી ભયાનક આફતમાં સપડાઈ ગયેલો એ વાત આખા રાજ્યાના દરેક નગર અને ગામડામાં વાયુવેગે ફેલાઈ ગઈ. ખબર બીજા દેશોમાં પણ પહોંચી અને બધેથી વાચાગાન અને આનાઈત ઉપર પ્રશંસાના પુષ્પોની વર્ષા થઈ. ભાટચારણોએ એમને વિશે અનેક ગીતો રચ્યાં. અફસોસની વાત છે કે એ ગીતો આપણા જમાના સુધી પહોંચતાં પહેલાં જ કાળમાં વિલીન થઈ ગયાં. પણ સદ્‌ભાગ્યે વાચાગાન અને આનાઈતની કહાણી આજ સુધી લોકજીભે જળવાઈ રહી છે.

મૃગબાળ અને રૂપાળી યેલેના

જ્યોર્જિયાની વાર્તા





વાત સાચી હોય કે ખોટી, પણ કહેવાય છે કે જૂના જમાનામાં એક બહુ જ દોલતમંદ રાજા થઈ ગયો. એક દિવસ એણે પોતાના શિકારીઓને બોલાવીને કહ્યું :

"જાઓ, તમને પહેલું જનાવર મળે એને મારી લાવો."

શિકારીઓ હથિયાર સજીને બહાર નીકળ્યા. એમને રસ્તામાં સૌથી પહેલાં એક મૃગલી મળી. શિકારીઓએ નિશાન તાક્યું અને રાજાના હુકમ મુજબ એને ઠાર કરવા જતા હતા એટલામાં એમને એક નાનો બાળક મૃગલીના આંચળ ધાવતો નજરે પડયો. શિકારીઓને જોતાં જ બાળક ધાવવાનું પડતું મૂકીને મૃગલીની

ડોકે વળગી ગયો અને એને બચ્ચી ભરવા તથા વહાલ કરવા લાગ્યો.

શિકારીઓ અચરજ પામ્યા.

એમણે બાળકને તેડી લીધો અને રાજા પાસે જઈને આખી વાત એને કહી સંભળાવી.

રાજાને એક દીકરો હતો. શિકારીઓ જેને લઈ આવ્યા હતા એ મૃગબાળની ઉંમર રાજાના દીકરા જેટલી હતી. રાજાએ બેઉ બાળકનું નામકરણ એકસાથે જ કર્યું, અને મૃગલી પાસેથી જડેલા બાળકનું નામ મૃગબાળ પાડ્યું.

મૃગબાળ રાજમહેલમાં રહીને રાજકુંવરની ભેગો જ મોટો થવા લાગ્યો. બેઉ એક જ ખંડમાં સૂતા અને એક ધાવને ધાવીને પોષણ મેળવતા.

કેટલાંય છોકરાં વરસે વરસે વધે પણ આ બેઉ છોકરા તો દિવસે ન વધે એટલા રાતે વધે અને રાતે ન વધે એટલા દિવસે વધે. જોતજોતામાં બાર વરસ ગયા. મહેલમાં મોટા થતા બન્ને બાળકને જોઈને રાજાનું હૈયું ઠરતું.

એક દિવસ બેઉ કુમાર તીરકામઠાં લઈને વગડામાં ગયા. રાજાના કુંવરે તીર છોડ્યું તે પાણી ભરીને જતી એક ડોશીના ઘડા ઉપર વાગ્યું. ઘડાનો કાંઠલો ભાંગી ગયો.

ડોશી એની સામે જોઈને બોલી:

"તું રાજાનો એકનો એક કુંવર છો એટલે તને શાપ તો નથી આપતી, પણ એટલું કહું છું કે તારા હૈયામાં રૂપાળી યેલેના માટે પ્રેમ જાગશે અને તારા દિલને ચેન નહિ પડવા દે."

ડોશીના શબ્દ સાંભળીને મૃગબાળને ભારે અચંબો થયો અને એ બોલ્યો:

"આનો અર્થ શું હશે?"

એ ઘડીથી રાજકુમારને રૂપાળી યેલેનાની રઢ લાગી ગઈ. બીજા કશા વિચાર એના મનમાં આવતા જ નહિ. એના હૈયામાં પ્રેમના અંકુર ફૂટી નીકળ્યા. એના દિલને ક્યાંય ચેન પડતું નહિ.

હવે શું કરવું? ત્રણ અઠવાડિયાં વીતી ગયાં. રાજકુમારનો જાણે અરધો જીવ ઊડી ગયો હોય એમ એ ઘેલો ઘેલો ભટક્યા કરતો. કદી નજરે જોઈ પણ નહોતી એવી સુંદરીના વિરહમાં એની કાયા સુકાવા ને શક્તિ ઓસરવા લાગી.

એનું દુખ જોઈને મૃગબાળથી રહેવાયું નહિ. એણે એક દિવસ રાજકુમારને કહ્યું:

"ભાઈ, હું તારો ધાવભાઈ વચન આપું છું કે કાં તો રૂપાળી યેલેનાને ગોતીને તારી સામે હાજર કરીશ અથવા મારો જાન કુરબાન કરી દઈશ."

પછી એ રાજા પાસે જઈને બોલ્યો:

"બાપુ, લુહારને હુકમ આપો કે મારે માટે લોખંડનાં બખતર અને ધનુષબાણ બનાવી આપે. મારે રૂપાળી યેલેનાને ગોતવા જવું છે."

રાજાએ મૃગબાળની વાત માની લીધી. એને માટે પૂરા બે મણ લોખંડનાં ધનુષબાણ અને બખતર બનાવવામાં આવ્યાં. પછી મૃગબાળ અને રાજકુમાર રૂપાળી યેલેનાને ગોતવા ચાલી નીકળ્યા.

જતી વખતે મૃગબાળે પાલક પિતાની વિદાય લેતાં કહ્યું:

"બાપુ, માનમાં કોઈ જાતની ચિંતા રાખશો નહિ. મારી ઉપર વિશ્વાસ રાખજો. બે વરસ સુધી અમારી વાટ જોજો અને આટલું યાદ રાખજો કે અમે પાછા આવશું તો ફતેહ કરીને જ, નહિતર પાછા જ નહિ આવીએ."

બેઉ ભાઈ રવાના થઈ ગયા. ચાલતાં ચાલતાં એક બહુ ગાઢ વન આવ્યું. એમાં મારગ કરવો મુશ્કેલ. પણ બેઉ ભાઉ જેમતેમ કરીને અંદર દાખલ થયા તો સામે ટેકરીની ટોચ ઉપર વિશાળ મહેલ દેખાય. એના આગળના ભાગમાં સુંદર બગીચો હતો. એ મહેલમાં પાંચ માથાંવાળા અને નવ માથાંવાળા માણસખાઉ રાક્ષસ રહેતા હતા.

બન્ને ભાઈ વનમાં દાખલ થયા પછી રાજકુમારે મૃગબાળને કહ્યું:

"ભાઈ, હું તો થાકી ગયો છું. ચાલ, અહીં જરા વાર આરામ કરી લઈએ."

મૃગબાળે હા પાડી એટલે રાજકુમારે આડા પડીને આંખો બંધ કરી. મૃગબાળે ભાઈને કહ્યું:

"ભાઈ, તું તારે જરા વાર સૂઈ લે. હું પેલા બગીચામાં જઈને તારે માટે થોડાંક રસબસ ફળ તોડી લાવું."

મૃગબાળ ભાઈનું જતન ભાઈની જેમ નહિ પણ પિતાની જેમ કરતો.

બગીચામાં જઈને એણે સફરજનનું સારામાં સારું ઝાડ ગોતી કાઢયું અને એ ફળ તાડવા લાગ્યો.

એકાએક નવ માથાંવાળો એક રાક્ષસ બહાર ધસી આવ્યો અને બરાડયો:

"કોણ છે આ બગીચામાં આવવાની હિંમત કરનારો? અહીં તો મારી બીકે આકાશમાં પંખી પણ નથી ઊડતાં અને જમીન ઉપર કીડીઓ પણ નથી ચાલતી!"

જુવાને ઊંચે અવાજે જવાબ વાળ્યો:

"હું છું, મૃગબાળ!"

નામ સાંભળીને રાક્ષસ તરત જ પાછળ હઠી ગયો અને બીકમાં તેમ જ ગુસ્સામાં બડબડાટ કરવા લાગ્યો. બીજા બધા રાક્ષસોની જેમ એને પણ બરાબર ખબર હતી કે મૃગબાળ આવ્યો એટલે મોત આવ્યું. રાક્ષસો સાચેસાચ એટલા બધા ભયભીત થઈ ગયા કે સંતાઈ જવાની જગ્યા ગોતવા એકદમ ચારેય દિશામાં ભાગવા લાગ્યા. પણ મૃગબાળે એક સિવાય બીજા બધાય રાક્ષસોને ગોતી કાઢીને પૂરા કરી નાખ્યા. કાતરિયામાં છુપાઈને બેઠેલો પાંચ માથાંવાળો એક રાક્ષસ ફક્ત બચી ગયો.

દરમિયાનમાં રાજકુમાર તો નિરાંતે ઝાડના છાંયામાં સૂતો રહ્યો.

મહેલમાંથી રાક્ષસોને સાફ કરી નાખ્યા પછી જ મૃગબાળ પાછો ભાઈ પાસે ગયો અને એણે એને જગાડયો. બધી માલમિલકત સમેત રાક્ષસોનો મહેલ બેઉ ભાઈનો થઈ ગયો.

અહીં બેઉ ભાઉ બગીચામાં ફરીને મોજ માણતા હતા ત્યારે પાંચ માથાંવાળો રાક્ષસ બાબાહાનજેમી કાતરિયામાં બેઠો બેઠો બીકથી થરથરતો હતો.

આખરે એ હિંમત કરીને કાતરિયાના ખૂણામાંથી બહાર નીકળ્યો અને નીચે ઊતરીને મૃગબાળ પાસે ગયો. એણે કરગરીને મૃગબાળને અરજ કરી:

"દયા કરીને મને જીવતો રહેવા દેશો તો હું તમારો ભાઈ થઈને રહીશ અને અમારી બધી માલમિલકત તમને આપી દઈશ."

મૃગબાળના હોઠ મલકતા રહ્યા અને પાંચ માથાંવાળો રાક્ષસ બોલતો રહ્યો:

"આમ ઘર છોડીને એક ગામથી બીજે ગામ અને એક શહેરથી બીજે શહેર ભટકવાની તમને શી જરૂર પડી?"

મૃગબાળે રાક્ષસને કહ્યું:

"અમે એક કામ કરવા નીકળ્યા છીએ. તું મદદ ન કરે એ કારણે જો અમારું

14—410

કામ પૂરું નહિ થાય તો બીજા રાક્ષસોની જેમ હું તને પણ મારી નાખીશ. અમે રૂપાળી યેલેનાને ગોતવા નીકળ્યા છીએ. તારે પણ અમારી ભેગા એને ગોતવાના કામમાં લાગી જવાનું છે."

બાબાહાનજોમી પાસે નાનકડું હરતુંફરતું ઘર હતું. જ્યાં જાય ત્યાં એને પીઠે લાદીને ભેગું લઈ જઈ શકતો.

રાક્ષસ બોલ્યો:

"તમે બેય જણ મારા આ નાનકડા ઘરમાં બેસી જાઓ એટલે આપણે રૂપાળી યેલેનાને ગોતવા નીકળીએ. પણ એને મેળવવાનું કામ સહેલું નથી. અનેક જણ એને મેળવી લેવા તલપાપડ છે."

બેઉ ભાઈ રાક્ષસના ઘરની અંદર બેસી ગયા અને એની પીઠે સવાર થઈને આગળ ચાલ્યા.

એમ એ લોકો ત્રણ માસથી વધારે વખત સફર ખેડતા આખરે એક નદી પાસે પહોંચ્યા.

રાજકુમારે મૃગબાળને કહ્યું: "ભાઈ, હું ખૂબ થાકી ગયો છું. ચાલ, આપણે થોડી વાર અહીં આરામ કરી લઈએ."

બાબાહાનજોમી તો એમનાથીયે વધારે થાકી ગયો હતો. બેઉ ભાઈ રાક્ષસના નાનકડા ઘરમાંથી બહાર નીકળ્યા અને નદીને કાંઠે આરામ કરવા બેઠા. બન્નેને તરસ લાગી હતી એટલે એમણે નદીમાંથી પાણી પીવાની કોશિશ કરી પણ પાણી ખારું હતું.

મૃગબાળે અચરજ પામીને પૂછ્યું: "આ પાણી ખારું કેમ છે?"

બાબાહાનજોમીએ જવાબ આપ્યો: "આ કંઈ પાણી નથી, આ તો આંસુ છે. ઉપરવાસ નદીને કાંઠે પાંચ માથાંવાળો રાક્ષસ રહે છે. એ પણ રૂપાળી યેલેનાને ચાહે છે. પણ યેલેનાએ એને નકારી કાઢયો છે. યેલેના માટેનો પ્રેમ એને આગની જેમ બાળી રહ્યો છે અને એ બેઠો બેઠો આંસુની નદીઓ વહાવી રહ્યો છે."

રાક્ષસની વાત સાંભળીને મૃગબાળને ખૂબ અચંબો થયો અને એ બોલ્યો:

"મારા ભાઈ માટે રૂપાળી યેલેનાને મેળવું નહિ તો મારું નામ મૃગબાળ નહિ."

પછી એ લોકો ઉપરવાસ રહેતા રાક્ષસ પાસે ગયા. ત્યાં જઈને મૃગબાળે એ રાક્ષસને પૂછ્યું:

"અરે રાક્ષસ, રૂપાળી યેલેના માટેનો તારો પ્રેમ શું ખરેખર આટલો ઊંડો છે?"

રાક્ષસ રોતો રહ્યો અને એની આંખોમાંથી વહેતાં આંસુની નદી બની ગઈ. રોતાં રોતાં એણે જવાબ આપ્યો:

"મને એક વાર રૂપાળી યેલેના જોવા મળે તો હું ખુશીથી મારી જિંદગી કુરબાન કરી દઉં."

મૃગબાળ બોલ્યો:

"જા, મારું વચન છે કે અમે રૂપાળી યેલેનાને લઈને ઘેર પાછા જઈશું ત્યારે તને એક વાર જોવા દઈશું."

એટલી વાત કરીને એ લોકો આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં કેટલાક મહિના વીતી ગયા પણ એ લોકો તો દડમજલ કરતા જ રહ્યા. રસ્તામાં જે કોઈ રાની પશુ મળી જાય એને મારીને માંસ ખાઈ લેતા. છતાં ખોરાકનો જથ્થો ખૂટવા આવ્યો હતો. ત્રણેય આગળ ચાલતા રહ્યા ત્યાં રસ્તામાં નાનકડી ઝાડી આવી. હજી સુધી એમને રૂપાળી યેલેનાની કોઈ નિશાની દેખાણી નહોતી.

મૃગબાળ બોલ્યો:

"પણે એક ગામ દેખાય છે. હું જઈને પૂછી આવું છું. કદાચ ગામમાં કોઈકને ખબર હોય કે રૂપાળી યેલેના ક્યાં મળે."

નાનકડા ઘરમાં રાજકુમારને બેસાડીને અને એની પાસે બાબાહાનજોમીને મૂકીને મૃગબાળ ગામ તરફ ગયો. ત્યાં કોઈ ડોશી એની ઝૂંપડી આગળ બેઠી હતી. એની પાસે જઈને મૃગબાળે પૂછ્યું:

"સંતાનો માટે માતાઓના સનાતન વહાલને નામે ટહેલ નાખું છું, માડી! તમને ખબર હોય તો કહો કે રૂપાળી યેલેના મને ક્યાં મળે."

ડોશી અચરજમાં ડૂબી ગઈ. એને ખબર હતી કે રૂપાળી યેલેના પાસે પહોંચવાનું કામ કેટલું કપરું છે. જુવાને સરળ ભાવે પૂછેલા સવાલે એને થોડી

વાર વિચારમાં નાખી દીધી. પછી એ બોલી:

"બેટા, એને ગોતવાનું કામ ખૂબ કપરું છે. તને એને વિશે બહુ ઓછી ખબર હોય એમ લાગે છે. મહારાજા પવન એની ઉપર મોહી પડયો છે અને નિરંતર એને એના ઘરમાંથી ઉપાડી જવાની તરકીબો ઘડયા કરે છે. એટલે જ એને નવ નવ તાળાબંધ બારણાંની પાછળ છુપાવીને રાખવામાં આવી છે. ત્યાં સૂરજનું એક કિરણ પણ ક્યારેય પહોંચતું નથી. એના કુટુંબને બીક છે કે પવનરાજા ક્યાંક દીકરીનું હરણ ન કરી જાય."

પછી ડોશીએ મૃગબાળને રૂપાળી યેલેનાનું ઠેકાણું જણાવ્યું:

"એનો કિલ્લો વિશાળ બગીચાના પાછળના ભાગમાં આવેલો છે. ચોતરફ ફરતી ઊંચી દીવાલ છે. રૂપાળી યેલેના એ કિલ્લામાં મા અને ભાઈઓ જોડે રહે છે."

મૃગબાળે ડોશીને પૂછ્યું:

"પણ માડી, અમારે ત્યાં પહોંચવું કેવી રીતે? મારા ભાઈને એની જોડે પરણવું છે."

ડોશીએ જવાબ આપ્યો:

"એ કામ સહેલું નથી. રૂપાળી યેલેના માટે તો અનેક માગાં આવે છે. એનું કુટુંબ એને તારા ભાઈ જોડે પરણાવવા તૈયાર નહિ થાય. રૂપાળી યેલેના ત્રણ શરત મૂકે છે અને શરત પૂરી કરનારને પરણવાનું વચન આપે છે. ત્રણેય શરત પૂરી ન કરી શકે એને એના ભાઈઓ મારી નાખે છે."

મૃગબાળના હોઠ મલકી ઊઠયા. રૂપાળી યેલેના એવી તે કેવી શરત મૂકવાની હતી કે પોતે અને પોતાનો ભાઈ મળીને એને પૂરી ન કરી શકે!.. પછી એ ભાઈ અને બાબાહાનજોમી પાસે પાછો ગયો.

મૃગબાળ અને રાજકુમાર વળી નાનકડા ઘરમાં બેસી ગયા. રાક્ષસે ઘરને પીઠે લાદી દીધું અને ત્રણેય આગળ ચાલ્યા.

ચાલતા ચાલતા એ લોકો આખરે રૂપાળી યેલેનાના કિલ્લા પાસે પહોંચ્યા. મૃગબાળ સૌથી પહેલો અંદર ગયો.

યેલેનાની મા જાદુની વિદ્યા જાણતી હતી. જાદુના જોરે એ કોઈનેય મારી નાખી શકતી અને પાછો સજીવન પણ કરી શકતી.

એણે મૃગબાળ ઉપર નજર નાખીને જોયું તો જુવાન એવો ઊંચો, કદાવર, અને રૂપાળો લાગ્યો કે એની ઉપરથી નજર ખસેડવાનું મુશ્કેલ થઈ ગયું.

એણે મૃગબાળને પૂછ્યું:

"અરે જુવાન, તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે?"

મૃગબાળ બોલ્યો:

"હું દોસ્ત છું, દુશ્મન નહિ."

"પણ તારે જોઈએ છે શું?"

"તમારી રૂપાળી યેલેનાને મારે મારા ભાઈ જોડે પરણાવીને ભાભી બનાવવી છે."

યેલેનાને ત્રણ ભાઈ હતા, પણ ત્રણેય એ વખતે જંગલમાં શિકાર કરવા ગયા હતા.

રૂપાળી યેલેનાની માએ મૃગબાળને કહ્યું: "વારુ, મારા દીકરા આવે ત્યાં સુધી બેસીને વાટ જો. એમની જોડે વાતચીત કરજે એટલે બધી ગોઠવણ થઈ જશે."

રૂપાળી યેલેનાના ભાઈઓ પાછા આવે એની વાટ જોતો મૃગબાળ બગીચામાં બેઠો.

દરમિયાનમાં મૃગબાળની વાટ જોઈને બેઠેલા રાજકુમાર અને બાબાહાનજોમીને બીક લાગી કે પવનરાજા એની જોડે લડીને એને ક્યાંક મારી ન નાખે. એટલે એમણે જઈને મૃગબાળની હાલત જોવાનું નક્કી કર્યું.

અંધારું થયું એટલે રૂપાળી યેલેનાના ત્રણેય ભાઈ પાછા આવ્યા. એકને ખભે આખું હરણ લાદેલું, બીજાને ખભે હરણી, અને ત્રીજાને ખભે આગ સળગાવવા માટે ઝાડનું એક આખું થડ.

ઘરમાં આવતાં જ એમને અજાણ્યા માણસની ગંધ આવી એટલે એમણે માને પૂછ્યું:

"કોણ આવ્યું છે, મા?"

"બેટા, એક જુવાન છે. દોસ્ત તરીકે આવ્યો છે. તમે એને ઈજા પહોંચાડશો નહિ," માએ જવાબ દીધો.

એટલામાં બાબાહાનજોમી રાજકુમારને કિલ્લામાં લઈ આવ્યો હતો, અને રાજકુમાર ઊભો ઊભો જોતો હતો કે આગળ શું થાય છે.

રૂપાળી યેલેનાના ભાઈઓ હરણની ખાલ ઉતારવા બેઠા. મૃગબાળ પણ આવીને એમની ભેગો બેઠો અને મદદ કરવા લાગ્યો. ત્રણેય ભાઈઓને ફક્ત એક પગની ખાલ ઉતારવામાં જેટલી વાર લાગી એટલી વારમાં મૃગબાળે હરણના આખા શરીરની ખાલ ઉતારી લીધી. ત્રણેય ભાઈ અચંબો પામીને એની સામે જોઈ રહ્યા.

બધા જમવા બેઠા. મૃગબાળ માંસના મોટા ટુકડા ઉપાડીને ગળી જવા લાગ્યો. વળી પાછા ત્રણેય ભાઈ અચરજથી એને જોઈ રહ્યા.

વાળુ કરીને બધા સૂઈ ગયા. સવારે રૂપાળી યેલેનાએ કહ્યું:

"રાજકુમાર મારી ત્રણેય શરત પૂરી કરે તો હું એને પરણું. ત્રણમાંથી એકેય શરત અધૂરી રહી જશે તો હું નહિ પરણું."

રાજકુમારને એની પાસે લઈ જવામાં આવ્યો. રૂપાળી યેલેનાએ એની જોડે વાત કરી. પણ બીચારો જુવાન તો પથ્થરના પૂતળાની જેમ ઊભો જ રહ્યો. એનાથી એક શબ્દ પણ બોલાયો નહિ. જાણે બેભાન હોય એમ એને કંઈ જ સમજાયું નહિ. હકીકતમાં યેલેનાની માએ એની ઉપર મોહની છાંટીને એને એવો બનાવી દીધો હતો.

રાજકુમારને આવો જોઈને યેલેના ઊંચે અવાજે બોલી ઊઠી: "ચાલ્યો જા અહીંથી!"

એણે રાજકુમારને ખંડમાંથી બહાર કાઢી મૂક્યો.

દારૂડિયા માણસની જેમ લથડિયાં ખાતો રાજકુમાર બહાર આવ્યો. મૃગબાળે ઉતાવળા એની પાસે જઈને પૂછ્યું:

"કેમ, શું કહ્યું યેલેનાએ?"

રાજકુમારે જવાબ દીધો: "ભાઈ, મને કશી જ ખબર નથી. હું તો જાણે બેભાન હોઉં એવી મારી હાલત હતી."

મૃગબાળ ખૂબ ગુસ્સે ભરાયો અને રૂપાળી યેલેના પાસે પહોંચી જઈને એણે માગણી કરી કે મારા ભાઈ જોડે ફરી વાર વાત કર.

બીજી વાર પણ રાજકુમાર રૂપાળી યેલેનાની હાજરીમાં સાવ મૂંગો થઈ ગયો અને જાણે સપનામાં હોય એવી હાલતમાં પાછો આવ્યો.

મૃગબાળે બધી વાત બાબાહાનજોમીને કરી. એમણે માંહોમાંહે મસલત કરીને નક્કી કરી લીધું કે આગળ શું કરવું. પછી મૃગબાળે રૂપાળી યેલેના પાસે જઈને એને રાજકુમાર જોડે ત્રીજી વાર વાત કરવા સમજાવી.

રાજકુમાર રૂપાળી યેલેના પાસે ગયો કે તરત જ પાછો કંડારેલા પૂતળાની જેમ સાવ મૂંગો થઈ ગયો. યેલેનાની માએ વળી એની ઉપર જાદુની મોહની નાખી હતી. પણ એ જ ઘડીએ બાબાહાનજોમી ત્યાં પહોંચી ગયો અને એણે જાદુની મોહની તોડી નાખે એવું તાવીજ ખંડમાં નાખ્યું.

એકાએક દીવાલો ડોલી ઊઠી. રાજકુમારની સાનસૂધ ઠેકાણે આવી ગઈ. મોહની તૂટી જતાં જ એની નજર રૂપાળી યેલેના ઉપર પડી. એ દોડીને એની પાસે પહોંચી ગયો અને એનો હાથ પકડીને બોલી ઊઠયો:

"તું મારી જ છે! તું મારી જ છે!"

મૃગબાળ અને રૂપાળી યેલેના ખૂબ ખૂશ થઈ ગયાં. યેલેનાને ખબર હતી કે પોતાને પરણતી રોકવા પોતાની સગી મા જ પ્રેમી જુવાનો ઉપર જાદુની મોહની નાખતી હતી. યેલેના અને રાજકુમાર ખુશીથી મલકાતાં ખંડમાંથી બહાર આવ્યાં.

બીજે દિવસે સવારે લાડોલાડી બગીચામાં ફરવા નીકળ્યાં. મૃગબાળ દૂર ઊભો રહીને એમની ઉપર નજર રાખતો હતો અને એમને જોઈને ખુશ થતો હતો. એકાએક મહારાજા પવન રૂપાળી યેલેનાને જોઈને તરત રાજકુમાર ઉપર નૂટી પડયો. એણે રાજકુમારને અદ્ધર ઉપાડયો અને વંટોળમાં ગોળ ગોળ ફેરવીને જમીન ઉપર પટકી દીધો. પછી એ રૂપાળી યેલેનાને પકડીને આકાશમાં ખૂબ ઊંચે લઈ ગયો.

ભાઈને નિર્જીવ હાલતમાં જમીન ઉપર પડેલો જોઈને મૃગબાળને સખત આઘાત લાગ્યો અને એ રૂપાળી યેલેનાને વીસરી ગયો. એને યાદ આવ્યું કે ગામડામાં મળેલી ડોશીએ મહારાજ પવન વિશે ચેતવણી આપી હતી. હવે શું થાય! થવાનું તો થઈ ગયું હતું.

મૃગબાળનું હૈયું કકળી ઊઠયું અને એ ત્યાં જ બેસી જઈને ચોધાર આંસુએ રડી પડયો. એને રડતો જોઈને રૂપાળી યેલેનાની મા એની પાસે આવીને બોલી:

"લે, હવે રડ મા, તારા ભાઈને તો હું હમણાં સજીવન કરી દઉં છું. પણ યેલેનાને મહારાજા પવન ઉપાડી ગયો છે. એને છોડાવીને પાછી લાવવા શું કરવું એની મને સમજણ નથી પડતી."

એણે એક રૂમાલ કાઢીને રાજકુમારના મોં ઉપર ફેરવ્યો. તરત જ રાજકુમાર સજીવન થઈ ગયો, આળસ મરડીને બેઠો થયો, અને આંખો ચોળતો બોલ્યો:

"મેં તો બહુ લાંબી નીંદર ખેંચી કાઢી!"

પણ આસપાસ નજર ફેરવતાં રૂપાળી યેલેના એને ક્યાંય દેખાણી નહિ. એ સાન ગુમાવીને ધ્રુસકાં ભરતો રડવા લાગ્યો.

પછી મૃગબાળે બાબાહાનજોમી પાસે જઈને કહ્યું:

"મહારાજા પવન લાડીને ઉપાડી ગયો છે. આપણે ગમે તે ભોગે એને છોડાવીને પાછી લાવવાની છે."

રાક્ષસ બોલ્યો:

"તમને મદદ કરવા તૈયાર ન થાય તો બાબાહાનજોમી હમણાં જ મડદું થઈને ઢળી પડે! મારા જમણા કાનમાં નજર કરો તો તમને ઘોડાનું જીન દેખાશે. ડાબા કાનમાં નજર કરશો તો લગામ અને ચાબુક દેખાશે. એ બધું કાઢી લો અને મને લગામ બાંધીને સાબદો કરો એટલે તરત આપણે ઊપડીએ."

મૃગબાળે રાજકુમારને રૂપાળી યેલેનાના ઘરમાં બેસાડયો. પછી એણે બાબાહાનજોમીને લગામ બાંધી, એના પાંચ મોંમાં નવ ચોકડાં ચડાવ્યાં, અને એની પીઠ ઉપર જીન મૂકીને પટ્ટાના નવ આંટે બાંધી લીધું.

"હવે ઠેકડો મારીને મારી પીઠ ઉપર સવાર થઈ જાઓ," બાબાહાનજોમી બોલ્યો, "અને ચાબુક લઈને મને ત્રણ એવા સખત ફટકા મારો કે મારી પીઠ ઉપર નવ ઉઝરડા પડી જાય. પછી મને બરાબર પકડી રાખજો અને મુદ્દલ ડરતા નહિ, હું પવનવેગે ઊડીશ."

બાબાહાનજોમીની પીઠે સવાર થતાં પહેલાં મૃગબાળ રાજકુમારની વિદાય લેવા ગયો અને એણે કહ્યું:

"ભાઈ, તું અહીં રહીને અમારી વાટ જોજે, અમે રૂપાળી યેલેનાને છોડાવવા જઈએ છીએ."

પછી એ ઠેકડો મારીને રાક્ષસની પીઠ ઉપર સવાર થઈ ગયો અને એવા જોરથી ચાબુક ત્રણ વાર ફટકાર્યો કે નવ ઉઝરડા થઈ ગયા. રાક્ષસે ઊંહકારો કર્યો, સિસકારો કર્યો, જમીન ઉપર પગ પછાડયા. પછી એ ઝડપથી આકાશમાં ઊડયો અને આંખના પલકારા જેટલી વારમાં વાદળોને પાર કરી ગયો. બન્ને જણા વાદળોની ઉપર આકાશમાં ઊડતા રહ્યા. ઊડીને ખૂબ દૂર પહોંચી ગયા પછી નીચે મેદાન દેખાતાં તેઓ ત્યાં ઊતર્યા. મેદાનમાં એમને એક ડોશી નજરે પડી. મૃગબાળે જઈને ડોશીને પૂછયું કે મહારાજા પવન ક્યાં રહે છે.

એનો સવાલ સાંભળીને ડોશી ડૂસકાં ભરી ભરીને રોતી કકળતી બોલી:

"બેટા, મારા બેટા, તું અહીંયાં શા સારુ આવ્યો છે? ઉઘાડે છોગે અહીં આવવાની તારી હિંમત જ કેવી રીતે પડી? મહારાજા પવનને ગંધ ઉપરથી જ ખબર પડી જશે કે અજાણ્યો માણસ આવ્યો છે. એ આપણને સૌને મારી નાખશે. થોડી વાર પહેલાં કોઈ સુંદરીને ઉપાડીને લઈ આવ્યો છે. બાઈ એવી રૂપાળી છે કે આખી દુનિયામાં એનો જોટો ના જડે. પવનરાજા આવ્યો ત્યારે એવા જોરથી ફૂંકારા કરતો હતો કે એના હાકોટા અને સુસવાટા સિવાય બીજું કશું સંભળાતું જ નહોતું. આસપાસ જે કંઈ હતું એ બધું કડડભૂસ કરતું તૂટી ગયું."

ડોશીની વાત સાંભળીને મૃગબાળ બોલ્યો: "માડી, હું એ જ સુંદરીને ગોતવા નીકળ્યો છું. મહારાજા પવન ક્યાં રહે છે એ તમે મને જરૂર ને જરૂર બતાવો."

ડોશી કહે: "વારુ, ચાલ બતાવું છું." પણ ડોશી બીકથી થરથરતી હતી અને એનાથી શ્વાસ પણ માંડ માંડ લેવાતો હતો.

મૃગબાળ રાક્ષસની પીઠે નીચે ઊતર્યો અને જીન, લગામ, તથા ચાબુકને પાછા રાક્ષસના બેઉ કાનમાં છુપાવી દઈને ડોશીની પાછળ પાછળ ચાલ્યો.

બાબાહાનજોમી ત્યાં જ રોકાયો. આમતેમ આંટા મારીને એણે બધું તપાસી જોયું અને પછી એ મનફાવે એમ કરતો રહ્યો. પવનરાજાનાં મરઘાં પણ ઓહિયાં કરી ગયો.

ડોશી મૃગબાળને મહારાજા પવનના કિલ્લા સુધી પહોંચાડીને પાછા ફરી.

હવે થયું એવું કે મહારાજા પવન એ જ દિવસે સવારમાં શિકાર કરવા ચાલ્યો ગયેલો એટલે રૂપાળી યેલેના કિલ્લામાં એકલી બેઠી બેઠી રડતી હતી.

મૃગબાળ એના ખંડના બારણા પાસે પહોંચ્યો અને એક ધક્કે બારણું ઉઘાડીને અંદર ગયો.

એને જોઈને રૂપાળી યેલેના બોલી ઊઠી: "અરે, તમે અહીં કેવી રીતે આવ્યા? અને મારા બીચારા વરરાજાનું શું થયું?"

એમ કહેતી એ મૃગબાળને વળગી પડી અને એને વહાલ કરતાં કરતાં પોતાની કથની કહેવા લાગી.

મૃગબાળે વાત સાંભળીને એને કહ્યું: "હું તમને અહીંથી લઈ જવા આવ્યો છું."

રૂપાળી યેલેના બોલી: "એ તમારાથી નહિ બને. કાળમુખો પવનરાજા આપણને બેઉને પકડીને મારી જ નાખશે!"

મૃગબાળ પાછો ડોશી પાસે ગયો અને એણે અની સલાહ પૂછી કે રૂપાળી યેલેનાને મહારાજા પવનના પંજામાંથી કેવી રીતે છોડાવીને લઈ જવી. ડોશીએ એને કહ્યું:

"પહેલાં તો તું જઈને રૂપાળી યેલેનાને સમજાવ કે મહારાજા પવન ફરી વાર શિકારે જાય ત્યારે ઘરનો એક ખૂણો ફૂલોથી શણગારે. મહારાજા પવન પાછો ફરે એટલે ઉદાસ ચહેરે એની સામે જઈને એવો ઢોંગ કરે કે એના વિજોગને કારણે જ પોતે ખૂબ ગમગીન થઈ ગઈ છે."

બીજે દિવસે સવારે મહારાજા પવન શિકારે ગયો કે તરત જ રૂપાળી યેલેના બગીચામાં જઈને ફૂલ ચૂંટી લાવી. પછી બાળકની જેમ ઘરનો એક ખૂણો ફૂલોથી શણગારવા લાગી.

પવનરાજા સાંજે પાછો આવ્યો અને એને સજાવટના કામમાં પડેલી જોઈને અચરજથી બોલ્યો:

"નાના બાળકની જેમ આ ફૂલોની રમત કેમ માંડી છે?"

યેલેનાએ રીસનો ઢોંગ કરતાં કહ્યું: "તો બીજું શું કરું? તમે મને એકલી

મૂકીને બહાર ચાલ્યા જાઓ ત્યારે મારા મનને ખુશ રાખવા મારે કંઈ ને કંઈ તો કરવું જ પડે ને! તમારો જીવ ક્યાં છુપાવી રાખ્યો છે એની ખબર હોત તો આટલો કંટાળો ન આવત ને આટલું એકલવાયું ન લાગત!"

"અરે મારી સુંદરી, મારા જીવનું તારે શું કામ છે?"

"તમે પણ કેવા અજબ છો! તમારો જીવ ક્યાં છે એની ખબર હોય તો તમારી વાટ જોતી એકલી બેઠી હોઉં ત્યારે કંઈ નહિ તો એને બચ્ચીઓ ભરીને ને વહાલ કરીને વખત તો કાઢી શકું ને! આખર હું તમારી પરણેતર છું! કહો ને, ક્યાં છે તમારો જીવ?"

"ઠીક," મહારાજા પવન બોલ્યો, "તારી એવી જ મરજી છે તો ચાલ, બતાવી દઉં છું."

એમ કહીને એ યેલેનાને કિલ્લાની અગાસી ઉપર લઈ ગયો અને બોલ્યો:

"જો, પણે આઘેરી ઝાડીમાં હરણ ચરતું દેખાય છે ને? ત્રણ ત્રણ માણસ એને માટે ઘાસ વાઢતા જાય છે, પણ ઝડપથી ચરતા એકલા હરણને એ બધું ઘાસ માંડ પૂરું પડે છે. એ હરણના માથામાં ત્રણ નાનકડી ડાબલી છે. મારો જીવ એ ડાબલીઓમાં છે."

સાંભળીને રૂપાળી યેલેના બોલી: "પણ હરણને કોઈ મારી નાખે તો?"

મહારાજા પવને જવાબ આપ્યો: "ના, એ હરણનું મોત મારાં પોતાનાં ધનુષબાણથી જ થાય એમ છે. દરેક ડાબલીમાં એક એક પંખી છે. એક પંખીને કોઈ મારી નાખે તો હું પગથી ગોઠણ સુધી પથ્થરનો થઈ જાઉં, બીજા પંખીને મારી નાખવામાં આવે તો હું કેડ સુધી પથ્થરનો થઈ જાઉં, અને ત્રીજા પંખીને પણ મારી નાખવામાં આવે તો મારું મોત થાય. હવે સમજી કે મારો જીવ ક્યાં છે?"

સવાર પડી એટલે મહારાજા પવન એના કામે બહાર ચાલ્યો ગયો. રૂપાળી યેલેનાએ એનાં ધનુષબાણ મૃગબાળને આપ્યાં અને સમજાવ્યું કે પવનરાજાનું મોત કેવી રીતે થાય એમ છે.

મૃગબાળની ખુશીનો પાર ન રહ્યો. એ તો ધનુષબાણ લઈને ઝાડીમાં પહોંચી ગયો. હરણ ઘાસ ચરવામાં મશગૂલ હતું. મૃગબાળે એક બાણ છોડીને હરણને ઢ્રર કરી નાખ્યું. હરણ પડયું કે તરત એ દોડતો એની પાસે પહોંચી ગયો અને

એનું માથું ફાડીને એણે ત્રણેય ડાબલી કાઢી લીધી.

હરણનું મોત થતાં જ મહારાજા પવનને અણસારો આવી ગયો કે કંઈક માઠું બન્યું છે. એ તરત પાછો ઘર તરફ દોડયો.

પણ મૃગબાળે એક નાનકડા પંખીની ડોક મરડી નાખી એટલે પવનરાજાના પગ પથ્થરના થઈ ગયા. મૃગબાળે બીજા પંખીની ડોક પણ મરડી નાખી. પવનરાજાની આખી કાયાનું ચેતન હરાઈ ગયું. એ ઢસડાતો ઢસડાતો માંડ મહેલના ઉંબરા સુધી પહોંચી શક્યો. એણે રૂપાળી યેલેનાને કહ્યું:

"રૂપાળી યેલેના, તેં મને દગો દીધો!" એમ કહેતો એ પગથિયાં ચડવાની મહેનત કરવા લાગ્યો. પણ મૃગબાળે ત્રીજા પંખીના ડાબલીમાંથી બહાર કાઢીને હાથમાં પકડયું અને એ જોરથી બોલ્યો:

"આ લે તારાં કાળાં કરતૂતનો બાદલો, લેતો જા!" એટલું કહીને એણે ત્રીજા પંખીની ડોક મરડી નાખી.

મહારાજા પવન મડદું થઈને જમીન ઉપર ઢળી પડયો. મૃગબાળે રૂપાળી યેલેનાને કહ્યું કે સફરની તૈયારી કરો.

રૂપાળી યેલેનાએ જવાબ આપ્યો: "સારું, હમણાં તૈયાર થઈ જાઉં છું. પણ એ પહેલાં તમે કિલ્લાના નવ ઓરડામાં થઈને દસમા ઓરડામાં જાઓ. ત્યાં તમને મહારાજા પવનનો ઘોડો બાંધેલો મળશે. એ ઘોડો વાયુવેગે ઊડે છે અને ચપટી વાગે એટલી વારમાં આપણને ઘેર પહોંચાડી દેશે."

મૃગબાળે મહારાજા પવનનો ઘોડો ગોતી કાઢયો અને બાબાહાનજોમીને બોલાવ્યો. રાક્ષસના કાનમાંથી સવારીનો બધો સરંજામ કાઢીને એણે એને સાબદો કર્યો. પછી પોતે રાક્ષસની પીઠ ઉપર સવાર થઈ ગયો અને રૂપાળી યેલેનાને એણે મહારાજા પવનના ઘોડા ઉપર બેસાડી. સૌ તૈયાર થઈને આકાશમાં ઊડયાં અને ઘેર પહોંચી ગયાં.

એમ રૂપાળી યેલેના અને રાજકુમારનો ફરી મેળાપ થયો. એમનાં લગન મોટી ધામધૂમથી ઊજવાયાં અને સૌએ મૃગબાળનો ખૂબ ઉપકાર માન્યો.

દરમિયાનમાં રાજકુમારના પિતા અને મૃગબાળના પાલક પિતા જઈફ રાજાએ તો માની લીધું કે મારા બેઉ દીકરા મરી ગયા હશે. ઊંડી ગમગીનીમાં

ડૂબી જઈને એણે આખા દેશમાં શોક પાળવાનું ફરમાન કર્યું. ઘરડા રાજાની જિંદગી દિનરાત વિલાપમાં વીતતી હતી.

અહીં કન્યાના કુટુંબ જોડે લગનની મહેફિલ માણીને રાજકુમાર, મૃગબાળ, અને રૂપાળી યેલેના બાબાહાનજોમીની પીઠ ઉપર નાનકડા ઘરમાં બેસીને પોતાના દેશ તરફ રવાના થઈ ગયાં હતાં.

ઊડતાં ઊડતાં સૌ આંસુની નદીએ પહોંચ્યાં. રૂપાળી યેલેનાનું નામ લઈને રડતા રાક્ષસની આંખોમાંથી આંસુના ધોધ વહેતા હતા. એની પાસે જઈને મૃગબાળ બોલ્યો:

"અરે રાક્ષસ, તારે રૂપાળી યેલેનાને જોવી છે?"

રાક્ષસ નિરાશ મોંએ બોલ્યો: "ભાઈ મૃગબાળ, એનું વદન મને કોણ બતાવે!"

મૃગબાળે કહ્યું: "એ તો અમારી ભેગી જ છે. તારે જોવી હોય તો ભલે જોઈ લે."

રાક્ષસે રૂપાળી યેલેના ઉપર નજર નાખી. તરત જ એની આંખો યેલેનાના રૂપથી અંજાઈ ગઈ અને એનો પ્રાણ નીકળી ગયો. સૌની સામે જ એ મડદું થઈને જમીન ઉપર ઢળી પડયો.

મૃગબાળ સાથે બધાં આગળ વધ્યાં. રસ્તામાં નવ માથાંવાળા રાક્ષસોના ખાલી મહેલમાં એક રાત રોકાઈને વળી એમણે સફર ચાલુ રાખી.

રસ્તામાં મોટું વન આવ્યું. એમણે આરામ કરવા વનમાં પડાવ નાખ્યો. ત્યાંથી હજી પાંચ માસની સફર બાકી હતી.

રાતમાં અચાનક ત્રણ કબૂતર ક્યાંકથી ઊંડીને આવ્યાં અને ઝાડની ડાળી ઉપર બેઠાં. ત્રણમાંથી એક કબૂતર બોલ્યું:

"ઘરડા રાજાને ખબર પડશે કે રાજકુમાર રૂપાળી યેલેનાને લઈને દેશમાં પાછો આવી રહ્યો છે તો એ રાજકુમારને બંદૂક ભેટ મોકલશે. બંદૂક અચાનક ફૂટશે અને એમાંથી છૂટેલી ગોળીથી રાજકુમારનું મોત થશે. પણ આપણી આ વાતચીત કોઈ સાંભળી જાય અને ક્યારેય કોઈને કહી સંભળાવે તો એ માણસ પથ્થરનું પૂતળું થઈ જશે."

"એમ જ થશે!" બીજાં બે કબૂતરોએ પડઘો પાડયો.

પછી બીજું કબૂતર બોલ્યું:

"ઘરડા રાજાને ખબર પડશે કે રાજકુમાર નજીક પહોંચી ગયો છે એટલે એ રાજકુમાર માટે ઘોડો લઈને સામો જશે. ઘોડો અચાનક તોફાને ચડીને રાજકુમારને હેઠો પાડી દેશે અને મારી નાખશે."

"એમ જ થશે!" બીજાં બે કબૂતર બોલ્યાં, અને એમણે વધારામાં ઉમેર્યું: "પણ કોઈ આપણી આ વાતચીત સાંભળી જઈને ક્યારેય કોઈને કહી સંભળાવે તો એ માણસ પથ્થરનું પૂતળું થઈને મરી જશે."

છેલ્લે ત્રીજું કબૂતર બોલ્યું: "અને વરવહુ મહેલમાં પહોંચીને નિરાંતે ઊંઘમાં પડયાં હશે ત્યારે રાતમાં ભયાનક રાક્ષસ ગ્વેલેશાપી ત્યાં જશે અને બેયને શ્વાસ રૂંધીને મારી નાખશે. પણ કોઈ માણસ આપણી આ વાતચીત સાંભળીને ક્યારેય કોઈને કહી સંભળાવે તો એ પથ્થરનું પૂતળું થઈને મરી જશે." એટલી વાત કરીને ત્રણેય કબૂતર ઊડી ગયાં.

મૃગબાળે બધું સાંભળ્યું પણ એ કંઈ બોલ્યો નહિ.

સવાર પડયું એટલે બધાં રાક્ષસના નાનકડા ઘરમાં બેસીને પાછાં રવાના થઈ ગયાં.

રાજાને ખબર પડી કે મારો કુંવર જીવતો ને સાજોસારો છે, અને રૂપાળી યેલેનાને લઈને પાછો આવી રહ્યો છે, એટલે એણે રાજકુમારને બંદૂક ભેટ મોકલી. પણ રાજકુમાર બંદૂકને હાથ અડાડે એ પહેલાં જ મૃગબાળે આગળ ધસીને એને આંચકી લઈ લીધી અને ઘા કરીને દૂર ફેંકી દીધી.

રાજકુમાર એકદમ નિરાશ થઈને કડવાશથી મનમાં બોલ્યો: "મારા બાપુએ બંદૂક ભેટ મોકલીને મને માનથી નવાજ્યો, પણ મૃગબાળે મને બંદૂક લેવા જ ન દીધી."

બધાં વળી આગળ ચાલ્યાં. ઘરડા રાજાએ કુંવર માટે ઘોડો મોકલ્યો. પણ રાજકુમાર ઘોડાને હાથ લગાડે તે પહેલાં જ મૃગબાળે એને પાછો મોકલી દીધો. એથી રાજકુમારને પહેલાં કરતાં પણ વધારે દુખ થયું.

બધાં મહેલમાં પહોંચ્યાં. રાજાએ એમનું ભાવભીનું સ્વાગત કર્યું, અને

લગનની ખુશીમાં બધાંએ નવી ઉજાણીની મઝા માણી.

પછી મૃગબાળ બહાર આવ્યો અને એણે બાબાહાનજોમીને કહ્યું :

"તેં વફાદારીથી મદદ કરી છે એ માટે તારો ખૂબ ખૂબ ઉપકાર. હવે તું છૂટો છે. તારે જ્યાં જવું હોય ત્યાં જા અને નિરાંતે રહે."

રાક્ષસ ચાલ્યો ગયો. મૃગબાળ લપાતો છુપાતો વરવહુના ખંડ પાસે ગયો અને વાટ જોઈને બારણે ઊભો રહ્યો. વરવહુ નિરાંતે સૂતાં રહ્યાં પણ મૃગબાળ જાગતો રહ્યો. એને ખબર હતી કે ધાવભાઈની જિંદગી બચાવવાનું એના એકલાના જ હાથમાં છે. હાથમાં નાગી તલવાર લઈને એ પહેરો ભરતો ખડો રહ્યો.

મધરાતનો ડંકો વાગ્યો એટલે ગ્વેલેશાપી આવ્યો. એ ચોરીછૂપીથી હળવે પગલે વરવહુના પલંગ પાસે પહોંચ્યો. બન્નેના શ્વાસ રૂંધી નાખવા એ જડબું ફાડીને એમની ઉપર તૂટી પડવા જતો હતો ત્યાં મૃગબાળે જઈને તલવારને એક જ ઝાટકે રાક્ષસને પૂરો કરી નાખ્યો. પછી એણે રાક્ષસના શરીરના નાના નાના કકડા કરીને પલંગ નીચે ફેંકી દીધા.

સવાર પડયું. વર ને વહુ ઊઠયાં. એમને તો મુદ્દલ ખબર જ નહોતી કે રાતમાં શું શું થઈ ગયું છે.

ચાકરો વરવહુના ખંડને સાફસૂફ કરવા આવ્યા ત્યારે એમને પલંગ નીચેથી ગંધાતા માંસના કકડા મળ્યા. રાજાને ખબર પડી એટલે એ ખૂબ ગુસ્સે ભરાયો. એને થયું કે કોઈએ મારી ઠેકડી કરી છે.

સૌ માંહોમાંહે સવાલજવાબ અને દલીલો કરવા લાગ્યા કે આ કોનું કામ હશે. આખરે એમણે બધો દોષ મૃગબાળ ઉપર ઢોળ્યો. રાજાએ મોકલેલ બંદૂકને ફેંકી દઈને અને ઘોડાને પાછો મોકલી દઈને એણે જ રાજકુમાર તરફ અપમાન બતાવ્યું હતું ને! વરવહુના પલંગ નીચે ગંધાતા માંસના કકડા મૂકીને સૌની આવી હાંસી ઉડાવવાની હિંમત મૃગબાળ સિવાય બીજા કોની પડે!

મૃગબાળ બોલ્યો :

"મારા મનમાં તમારી સુખસલામતી સિવાય બીજો કોઈ વિચાર ક્યારેય નથી રહ્યો. હવે એવું કંઈ ન કરશો કે જેથી તમે સુખની જિંદગી ગાળો અને હું મરી જાઉં!"

પણ એ લોકો તો મૃગબાળ ઉપર ખૂબ જ રોષે ભરાયાં હતાં. એમણે હઠ પકડીને મૃગબાળને કહ્યું કે આ ગંધાતું માંસ ક્યાંથી આવ્યું એ તારે કહેવું જ પડશે.

મૃગબાળ બોલ્યો:

"બહુ સારું, તમારે જાણવી છે એ વાત હું હમણાં જ કહું છું. પણ તમારા સુખને ખાતર પારાવાર જહેમતો કરનારા માણસને તમે પોતે જ મોતના મોંમાં ધકેલી દીધો છે એની ખબર પડે ત્યારે તમે દુખના ભાર તળે દબાઈ ન જાઓ તો સારું. લો, હવે સાંભળો. આપણે વનને છેડે પડાવ નાખ્યો હતો ત્યારે ત્રણ કબૂતર ક્યાંકથી ઊડીને આવ્યાં અને ઝાડની ડાળી ઉપર બેસીને વાતચીત કરવા લાગ્યાં. પહેલું કબૂતર બોલ્યું: 'વરવહુ કૂચ કરતાં નજીક આવશે એટલે ઘરડો રાજા દીકરાને બંદૂક ભેટ મોકલશે. બંદૂક અચાનક ફૂટી જશે અને એની ગોળીથી રાજકુમારનું મોત થશે. પણ આપણી આ વાતચીત કોઈ સાંભળી જાય અને ક્યારેય કોઈને કહી સંભળાવે તો એ માણસ પથ્થરનું પૂતળું થઈ જશે.'"

મૃગબાળના મોંમાંથી આટલા શબ્દો બહાર નીકળ્યા ન નીકળ્યા ત્યાં તો એ પગથી ગોઠણ સુધી પથ્થરનો થઈ ગયો.

હવે એમને સમજાયું કે મૃગબાળ પહેલાં કેમ મૂંગો રહેલો. વાત આગળ ન કહેવા એમણે એને ખૂબ વીનવ્યો અને કહ્યું:

"ભાઈ મૃગબાળ, આગળ કહે મા, આગળ કહે મા!"

પણ મૃગબાળે જવાબ દીધો:

"ના, એક વાર શરૂ કર્યું છે એટલે હવે પૂરું જ કરીશ. સાંભળો... પછી બીજું કબૂતર બોલ્યું: 'ઘરડો રાજા કુંવરને ઘોડો મોકલશે. રાજકુમાર ઘોડા ઉપરથી પડી જશે અને એનું મોત થશે. પણ આપણી વાત સાંભળનારો કોઈ માણસ આ વાત બીજા કોઈને કહી સંભળાવે તો એ પથ્થરનું પૂતળું થઈ જશે?'"

એટલું કહેતાં મૃગબાળ કેડ સુધી પથ્થરનો થઈ ગયો.

બધા એને કરગરીને કહેવા લાગ્યા: "બસ કર, રહેવા દે, હવે વધારે કહે મા!"

મૃગબાળે જવાબ દીધો: "ના, પહેલાં તમે મારી વાત માની નહિ, મારી ઉપર વિશ્વાસ રાખ્યો નહિ. હવે એ ઘડી વીતી ગઈ છે એટલે સાંભળી જ લો.

છેલ્લે ત્રીજું કબૂતર બોલ્યું: 'વરવહુ રાતે ખંડમાં સૂઈ જશે ત્યારે ગ્વેલેશાપી રાક્ષસ ત્યાં જશે અને બેયને શ્વાસ રૂંધીને મારી નાખશે...'"

આગળ કંઈ બોલાય તે પહેલાં તો મૃગબાળ પગથી માથા સુધી પથ્થરનું પૂતળું બની ગયો.

બુઢ્ઢો રાજા અને રાજકુમાર પસ્તાવાના આંસુએ ખૂબ રડયા, પણ એથી કંઈ ફાયદો થયો નહિ.

રૂપાળી યેલેનાને ઓધાન રહ્યું હતું. પણ રાજકુમારને એથી આનંદનો ઉમળકો આવ્યો નહિ.

રાજકુમારે મનમાં વિચાર્યું: "મારા વફાદાર ભાઈબંધ અને ભાઈને હું કોઈ પણ ભોગે પાછો સજીવન કરીશ જ કરીશ!"

પછી લોખંડનું બખતર પહેરીને અને હાથમાં લોખંડની ગદા લઈને એ દુનિયામાં ભમવા નીકળી પડયો. એક ઠેકાણેથી બીજે ઠેકાણે ભટકતો એ રસ્તામાં મળતા દરેક ઈન્સાનને પૂછતો કે મારો ધાવભાઈ પાછો સજીવન કેવી રીતે થાય. એક દિવસ એ ખૂબ થાકીને વનને છેડે આરામ કરવા બેઠો. અચાનક વનમાંથી કોઈ જઈફ માણસ બહાર આવ્યો. રાજકુમારે એને પણ એ જ સવાલ પૂછયો.

જઈફ માણસ બોલ્યો:

"પાછો ઘેર જા! તારા ધાવભાઈને સજીવન કરનાર તો તારા ઘરમાં જ છે."

પણ રાજકુમારને કંઈ સમજાયું નહિ એટલે એ માણસ આગળ બોલ્યો:

"તને ખબર નથી કે તારી વહુને સોનેરી જુલફાંવાળો દીકરો થયો છે? ધાવભાઈને સજીવન કરવો હોય તો તારે તારા દીકરાનો ભોગ આપવો પડશે. દીકરાને પારણામાં જ મારી નાખજે. પછી એની કાયાને પાણીમાં ઉકાળજે અને એ પાણી ધાવભાઈના પૂતળા ઉપર રેડજે. એમ કરીશ એટલે તારો ધાવભાઈ પાછો સજીવન થઈ જશે."

જઈફ માણસની વાત રાજકુમારને ગળે ઊતરી ગઈ અને એ ઘર તરફ રવાના થઈ ગયો. એને થયું:

"દીકરા તો બીજાય થશે, પણ મૃગબાળ જેવો ભાઈબંધ ને ભાઈ ફરી કદી નહિ મળે."

ઘેર આવીને જુએ છે તો દીકરો પારણામાં પડયો છે. એના ચળકતાં સોનેરી જુલફાં ઝગારા મારી રહ્યાં છે. દીકરો આકાશના ચંદ્રની જેમ ઝળકી રહ્યો છે!

રાજકુમારે બધી વાત રૂપાળી યેલેનાને કરી. એ તરત જ દીકરાનું બલિદાન આપવા તૈયાર થઈ ગઈ અને બોલી:

"મૃગબાળને સજીવન કરવા જે કંઈ કરવું પડે એ આપણે કરવું જ જોઈએ. ગમે તે ભોગ આપવો પડે તોપણ ભાઈબંધ તરફ હંમેશાં વફાદાર રહેવું જ જોઈએ."

એમણે બરાબર જઈફ માણસની વાત મુજબ કર્યું. મૃગબાળનું શરીર જરાક હલ્યું, એણે આંખ ઉઘાડી, અને એ પાછો જીવતો થઈ ગયો.

સવારે ઊઠીને રૂપાળી યેલેના દીકરાના પારણા પાસે ગઈ. એ તો મા હતી. ભાઈબંધને ખાતર જાણી જોઈને દીકરાનો ભોગ આપ્યો હોવા છતાં માનું હૈયું દીકરા કાજે વિલાપ કરતું હતું. એકાએક પારણામાં કંઈક હલતું હોય એમ લાગ્યું. યેલેનાએ ચાદર ઊંચી કરીને જોયું તો—અરે, આ શું કૌતુક! દીકરો તો જીવતો ને જાગતો, સાજા ને સારો, પારણામાં પડયો પડયો હાથપગ હલાવે છે ને ઘુઘવાટા કરે છે.

સૌની ખુશીનો પાર ન રહ્યો.

સુખી અંજામની ખુશાલીમાં ચૌદ દિવસની મહેફિલ ઊજવવામાં આવી. સૌએ ખૂબ ખાધુંપીધું ને મોજ´માણી.

સિંહ અને સસલું

જ્યૉર્જિયાની વાર્તા



એક હતું જંગલ. જંગલમાં ઘણાં જનાવર વસે. જનાવરોને ભેગાં થઈને એકબીજાને મળવું બહુ ગમે. પણ જ્યારે જ્યારે બધાં ભેગાં થાય ત્યારે સિંહ અચાનક આવીને એકાદ જનાવરને ત્યાં ને ત્યાં ફાડી ખાય. બીચારાં દુખી જનાવર સિંહની બીકે સદા થરથરતાં રહેતાં.

એક દિવસ હંમેશની જેમ બધાં જનાવર જંગલમાં ભેગાં થઈને વિચાર કરવા લાગ્યાં કે સિંહની રાતદિવસની બીકથી કેવી રીતે છુટકારો મેળવવો. એમણે સૌનો મત લીધો, ખૂબ ચર્ચા કરી, અને લાંબો વખત વિચાર કરીને બધા મુદ્દાને ચકાસી જોયા. આખરે નક્કી કર્યું કે સિંહને નજરાણા રૂપે રોજ એક જનાવર પોતાની મેળે જ પહોંચાડી દેવું, અને સિંહને અરજ કરવી કે રોજની દહેશતની હાલત ખતમ કરી નાખે. ઠરાવ થઈ ગયો એટલે એમણે સિંહ પાસે જઈને દરખાસ્ત રજૂ કરી.

સિંહે બધાં જનાવરોની દરખાસ્ત મંજૂર રાખી. પણ એણે ભેગી એક શરત મૂકી કે જનાવર દરરોજ વખતસર મળી જવું જોઈએ, એમાં એક પળ જેટલુંય મોડું ન થાય.

"નહિતર હું તમને બધાંને મારી નાખીશ!" સિંહ બોલ્યો.

એ દિવસથી એમણે રોજ એક જનાવર સિંહના ખોરાક તરીકે પહોંચાડી દેવાનું શરૂ કર્યું.

વખત જતાં એક દિવસ સસલાનો વારો આવ્યો.

સસલાએ બધાં જનાવરોને કહ્યું: "ભલે, મારો વારો છે તો હું જઈશ, એમાં ના પડાય નહિ. પણ દયા કરીને સિંહ પાસે મને એકલો જ જવા દો. હું એનો કાંટો જ કાઢી નાખવાની કોશિશ કરીશ. કોને ખબર છે, મારો જીવ બચાવવામાં અને તમને સૌને આવી આફતથી કાયમને માટે છુટકારો અપાવવામાં હું કદાચ સફળ થઈ જાઉં."

જનાવરો બધાં ખડખડાટ હસી પડયાં. એમને થયું કે આ ટચૂકડું બાયલું ન ફાંગું સસલું કેવી ડંફાસ હાંકે છે!

સિંહ બોડમાં પડયો પડયો જનાવરની વાટ જોતો હતો. એને કકડીને ભૂખ લાગી હતી. અધીરાઈથી એની આંખોમાં આગ ભડકતી હતી અને એ દાંત પીસતો હતો. બધાં જનાવરોને ખતમ કરી નાખવાનો મનસૂબો ઘડીને એ નીકળવા જતો હતો એટલામાં એને સસલું દેખાયું. સસલું જાણી જોઈને મોડું આવ્યું હતું.

વિકરાળ નજરે સસલા સામે જોઈને સિંહ બરાડયો:

"આટલી વાર કેમ લગાડી? તારાથી એવી હિંમત કેમ કરીને થઈ?"

સસલું બે હાથ જોડીને વિનયથી બોલ્યું: "મહારાજાધિરાજ, બધાં જનાવરોએ આપના ભોજન માટે એક સસલું પહોંચાડવાની જવાબદારી મને સોંપેલી. સસલાને ભેગું લઈને આવતાં રસ્તામાં બીજો કોઈ સિંહ અમારી ઉપર તૂટી પડયો. એ તમારા સસલાને પકડીને ઢસડતો ઊંડા કોતરમાં લઈ ગયો."

"ક્યાં છે એ બીજા સિંહ? ચાલ મારી ભેગો અને ઝટ બતાવ મને!" સિંહે ગર્જના કરીને કહ્યું.

સસલું સિંહને એક કૂવા પાસે લઈ ગયું અને બોલ્યું:

"મહારાજ, બીજો સિંહ આની અંદર છે. મને એકલા તો એની સામે જોતાંય બીક લાગે છે. આપ મને પંજામાં પકડી રાખો તો હું આપને બતાવું."

સિંહે સસલાને પંજામાં પકડી રાખ્યું અને પછી બન્નેએ કૂવામાં નજર કરી તો એમનું પોતાનું પ્રતિબિંબ કૂવાના પાણીમાં દેખાયું. એક સિંહ પંજામાં સસલું પકડીને એમની સામે જોતો ઊભો હતો.

સિંહને ઝાળ લાગી ગઈ. એણે સસલાને એક તરફ ફેંકી દીધું, અને હરીફને સજા કરીને એનો શિકાર આંચકી લેવા એણે કૂવાના સિંહ ઉપર કૂદકો માર્યો. કૂવો ખૂબ ઊંડો હતો એટલે વિકરાળ સિંહ ડૂબીને મરી ગયો.

જનાવરોને ખબર પડી. એવા ઘાતકી દુશ્મનના પંજામાંથી છુટકારો મળ્યો એટલે બધાં ખૂબ ખુશ થઈ ગયાં. એમણે ખરા દિલે સસલાનો ઉપકાર માન્યો.

ડહાપણનો પાઠ

જ્યોર્જિયાની વાર્તા



એક વાર રીંછ, વરુ, અને શિયાળ ભેગાં થઈ ગયાં. ત્રણેય હૈયાવરાળ કાઢવા માંડયાં કે આપણને ઘણી વાર પેટમાં દુખાવો ઊપડે એટલા લાંબા વખત સુધી ભૂખ્યાં રહેવું પડે છે. પોતાની દુખી હાલત અંગે વિલાપ કરતાં કરતાં એમણે માંહોમાંહે મસલત કરીને નક્કી કર્યું કે હવેથી આપણે ત્રણેય ભાઈઓની જેમ રહેવું, અને જે કંઈ ખોરાક મળે તે આપસમાં વહેંચી લેવો. એમ નક્કી કરીને ત્રણેય સાચા ભાઈઓની જેમ એકબીજાને ભેટયાં, અને અરસપરસ વફાદારીના સોગંદ લઈને ભેગાં જ શિકાર ગોતવા નીકળી પડયાં.

શિકાર મળી જાય તો એની ઉપર તૂટી પડવા તૈયાર થઈને ત્રણેય જનાવર ઘણા વખત સુધી રખડયાં. રખડતાં રખડતાં એમને એક જખમી હરણ મળી ગયું. એને તરત જ મારી નાખીને તેઓ શિકારના ભાગ પાડવા છાંયડામાં ઘાસ ઉપર બેઠાં.

"ભાઈ વરુ, આપણ ત્રણેય માટે તું જ આ હરણના ભાગ પાડી દે."

વરુને સખત ભૂખ લાગી હતી. ભૂખનું માર્યું એ ધ્રૂજી રહ્યું હતું અને એના દાંત કકડી રહ્યા હતા. એ તરત જ બોલી ઊઠયું:

"જેવી તમારી મરજી, ભાઈઓ! રીંછ ભાઈ, તમે અમારા વડીલ અને સરદાર રહ્યા એટલે આ માથું તમારા ભાગમાં, શરીર મારા ભાગમાં, અને આ પગ શિયાળના ભાગમાં કેમ કે એને દોડવું બહુ ગમે છે."

પણ વરુની વાત હજી પૂરી પણ નહોતી થઈ ત્યાં રીંછે પંજા વડે એના માથામાં એવી સજ્જડ ધોલ લગાવી કે પડઘા પહાડોમાં ગુંજી ઊઠયા. પીડાથી ચીસ પાડતું વરુ ઢગલો થઈને ઢળી પડયું. પછી રીંછ શિયાળ તરફ ફરીને બોલ્યું:

"શિયાળભાઈ, હવે તમે હરણના ભાગ પાડો."

લુચ્ચું શિયાળ તરત જ ઊભું થઈને રીંછની ખુશામત કરતું બોલ્યું:

"રીંછભાઈ, હરણના માથા ઉપર તો આપનો જ અધિકાર હોય કેમ કે આપ અમારા વડીલ અને સરદાર છો. એનું શરીર આપને જ મળે કેમ કે આપ હંમેશાં પિતાની જેમ અમારી સંભાળ રાખો છો. અને એના પગ પણ આપને જ ભાગે જાય કેમ કે આપ હંમેશાં અમારા હિતમાં જ કદમ માંડો છો!"

રીંછ કહે: "શિયાળભાઈ, તમે તો ખરેખર ભારે ચતુર છો. આટલી સમજદારીથી શિકારના સરસ ભાગ પાડતાં તમને કોણે શીખવ્યું?"

શિયાળે જવાબ દીધો: "સરદાર, આપે વરુની કેવી વલે કરી એ મેં હમણાં જ જોયું. એવા પાઠનો લાભ મળ્યા પછીય સમજદાર ન બને એવું કોણ હોય!"

સોનેરી લખોટો
આલ્તિન-સાકા
બાશ્કિરિયાની વાર્તા



એક હતો ડોસો અને એક હતી ડોશી. એમને એક દીકરો. દીકરાનું નામ આલ્તિન-સાકા. પણ સૌ એને સોનેરી લખોટો આલ્તિન-સાકા કહેતા કેમ કે એની પાસે એક સોનેરી લખોટો હતો. આલ્તિન-સાકાને લખોટે રમતાં સૌથી સારું આવડે. એમાં એને કોઈ હરાવી ન શકે.

એક દિવસ ડોસો ઘોડાઓને પાણી પાવા તળાવે જવા નીકળ્યો. એ ઘોડાઓને હાંકતો તળાવને કાંઠે ઠેઠ પાણી સુધી લઈ ગયો. પણ ઘોડા કેશવાળી ને પૂંછડી હલાવવા માંડયા, જમીન ઉપર ખરી પછાડવા લાગ્યા, બીકથી હણહણવા લાગ્યા, અને જોર કરીને પાણીથી આઘા હઠવા લાગ્યા. કોઈ એમની કેશવાળી ખેંચતું હતું અને મોઢાં ઉપર ઝાપટ મારીને એમને પાણી નહોતું પીવા દેતું.

ડોસાને થયું: "આ વળી શું હશે? ચાલ, જરા તપાસ તો કરું."

પણ એ પાણી ઉપર વાંકો વળ્યો કે તરત જ અચાનક કોઈએ એની દાઢી પકડી લીધી. ડોસાએ જોર કરીને દાઢી છોડાવવાની કોશિશ કરી પણ બધી મહેનત નકામી ગઈ.

એણે ધ્યાનથી જોયું તો બુઢ્ઢી ડાકણ ઉબીરે એની દાઢી પકડી લીધેલી.

ડોસાએ કરગરીને ડાકણને કહ્યું: "ઉબીર, મને છોડી દે, મને જવા દે! મને છોડી દઈશ તો હું તને ઘણાં બધાં ઘેટાં આપીશ."

"મારે ઘેટાં નથી જોઈતાં," ઉબીરે જવાબ દીધો.

"તો ઘોડા આપીશ."

"મારે તારા ઘોડાયે ન ખપે."

"તો પછી તારે જોઈએ છે શું?"

"તારા તંબુમાં જે ફક્ત એક જ છે એ."

ડોસો દહેશત ખાઈ ગયો હતો. એણે વિચાર પણ ન કર્યો કે પોતાના તંબુમાં ફક્ત એક જ હોય એવું શું છે. એણે કહ્યું: "વારું, તને જોઈએ તે આપીશ, પણ ભલી થઈને હવે મને છોડ તો ખરી."

ઉબીરે એની દાઢી છોડી દીધી અને ચેતવણી આપી:

"પણ યાદ રાખજે, હું તને ગમે ત્યાંથી ગોતી કાઢીશ, મારાથી છુપાઈને કોઈ ન રહી શકે!"

ડોસો ઘેર પહોંચ્યો ત્યારે જ એને સમજાયું કે ઉબીરે શું માગ્યું છે. ડાકણે તો એનો દીકરો માગ્યો હતો, વહાલો દીકરો આલ્તિન-સાકા, કેમ કે એને એક જ દીકરો હતો.

ડોસો ગમગીનીમાં ડૂબી ગયો અને ફિકરથી ઘેલા જેવો થઈ ગયો. પણ એણે ડોશીને કે દીકરાને કંઈ જણાવ્યું નહિ.

એ તો ફક્ત આટલું જ બોલ્યો: "અહીંની જમીન કસ વગરની છે એટલે આપણે બીજે ક્યાંક જઈને તંબુ નાખીએ તો સારું."

એ લોકો નવી જગ્યાએ ચાલ્યા ગયા અને તંબુ નાખીને રહેવા લાગ્યા. બીજે દિવસે આલ્તિન-સાકાને સોનેરી લખોટો સાંભર્યો પણ ખૂબ ગોતવા છતાં એ મળ્યો નહિ. એણે માબાપને પૂછ્યું: "મારો સોનેરી લખોટો ક્યાં છે?"

ડોસો બોલ્યો: "કદાચ આપણી જૂની જગ્યાએ રહી ગયો હોય. પણ તું ત્યાં કોઈ હિસાબે જતો નહિ, જઈશ તો ઉબીર તને ઉપાડી જશે."

પછી ડોસાએ તળાવનો આખો કિસ્સો આલ્તિન-સાકાને કહી સંભળાવ્યો.

બાપની વાત ધ્યાનથી સાંભળી લઈને આલ્તિન-સાકા બોલ્યો:

"મને ઉબીરની જરાય બીક નથી. એ મને કદી નહિ પકડી શકે. હું પાછો જૂની જગ્યાએ જાઉં છું, પણ બોલો કે કયો ઘોડો લઈ જાઉં."

બાપે દીકરાને સમજાવવાની બહુ મહેનત કરી પણ આલ્તિન-સાકા મક્કમ રહ્યો. એણે ફરી વાર કહ્યું કે મને ઉબીરની જરાય બીક નથી લાગતી, અને હું તો જવાનો જ, બસ! એનો ઇરાદો કોઈ રીતે બદલી ન શકાયો.

આખરે ડોસાએ કહ્યું: "વારુ, તને મરજી પડે એમ કર. જા, ઘોડા ચરે છે ત્યાં જઈને તારો ગાળિયો ગોળ ગોળ ફેરવ અને લગામ ખખડાવ. જે ઘોડો દોડતો તારી પાસે આવે એની ઉપર બેસીને જજે."

આલ્તિન-સાકા ઘોડાના ઝુંડ પાસે ગયો અને એણે ગાળિયો ગોળ ગોળ ફેરવ્યો તથા લગામ ખખડાવી. તરત જ એક જાફરિયો મડદાલ વછેરો દોડીને એની પાસે આવ્યો.

આલ્તિન-સાકાએ વછેરાને ભગાડી મૂક્યો અને એણે વળી ડોસા પાસે જઈને પૂછ્યું:

"બાપુ, કયો ઘોડો લઈ જાઉં?"

ડોસો બોલ્યો: "હમણાં કહ્યું ને કે જઈને તારો ગાળિયો ગોળ ગોળ ફેરવ અને લગામ ખખડાવ. જે ઘોડો દોડીને તારી પાસે આવે એની ઉપર બેસીને જા."

આલ્તિન-સાકા પાછો ઘોડાના ઝુંડ પાસે ગયો. ત્યાં જઈને એણે ગાળિયો ગોળ ગોળ ફેરવ્યો અને લગામ ખખડાવી. તરત એનો એ જ વછેરો દોડતો આવ્યો.

"લાગે છે કે આ જ વછેરા ઉપર બેસીને જવું પડશે," આલ્તિન-સાકા બબડયો.

એણે વછેરાની ગરદન ઉપર હાથ મૂક્યો. અરે, આ શું કૌતુક! વછેરાનાં ગંદાં જાફરિયાં ગાયબ થઈ ગયાં, એને લગામ બાંધી તો એ જોરાવર અને ઘાટીલો

થઈ ગયો, એને વાડામાંથી બહાર કાઢયો તો એ ઊંચો ને કદાવર ઘોડો થઈ ગયો, એની પીઠ ઉપર જીન બાંધ્યું તો એ સૌથી રૂપાળો ઉમદા તોખાર બની ગયો.

તોખારે આલ્તિન-સાકાને પૂછયું:

"ક્યાં જવાનો ઇરાદો છે, આલ્તિન-સાકા?"

આલ્તિન-સાકાએ જવાબ આપ્યો: "મારો સોનેરી લખોટો લાવવા જૂના તંબુની જગ્યાએ જવું છે."

તોખાર બોલ્યો: "ત્યાં તો ઉબીર ડાકણ તારી વાટ જોઈને જ બેઠી છે. પહોંચતાં જ એ તને કહેશે કે હેઠો ઊતરીને તારો સોનેરી લખોટો લઈ લે. પણ તું એની વાત ઉપર જરાય ધ્યાન દઈશ નહિ. હેઠો ઊતરીશ કે તરત ડાકણ તને ઓહિયાં કરી જશે. બાજ કરતાંયે વધારે ઝડપ રાખજે અને એકદમ વાંકો વળીને તારો સોનેરી લખોટો ઉપાડી લેજે."

આલ્તિન-સાકા ઠેકડો મારીને તોખારની પીઠ ઉપર સવાર થઈ ગયો અને દોડાવતો જૂના તંબુની જગ્યાએ પહોંચ્યો. ત્યાં જઈને જુએ છે તો ઉબીર ડાકણ તાપણું કરીને હાથ શેકતી બેઠી છે.

આલ્તિન-સાકા બોલ્યો:

"મારો સોનેરી લખોટો મને પાછો આપો, દાદીમા."

ઉબીર ડાકણે જવાબ આપ્યો:

"તારો લખોટો તો આ પડયો જમીન ઉપર, બેટા! ઘોડા ઉપરથી હેઠો ઊતરીને લઈ લે. મારી તો પીઠ એવી દુખે છે કે ઊભા થવાય એમ નથી."

આલ્તિન-સાકાની તોખાર નીચે નમ્યો. આલ્તિન-સાકાએ ઝડપ મારીને સોનેરી લખોટો લઈ લીધો અને તોખારને દોડાવી મૂક્યો. ઉબીર ડાકણ ગુસ્સામાં બરાડો પાડતી તડાક ઊભી થઈ ગઈ. પછી એ થૂ કરીને એક વાર થૂંકી એટલે એક કાળો ઘોડો હાજર થઈ ગયો, અને બીજી વાર થૂંકી એટલે ઘોડાને લગામ બંધાઈ ગઈ. એક ઠેકડે ઘોડા ઉપર સવાર થઈને એણે એને આલ્તિન-સાકાની પાછળ વહેતો મૂક્યો.

આલ્તિન-સાકાનો બદામી તોખાર અને એની પાછળ ઉબીર ડાકણનો પાણીદાર કાળો ઘોડો, બેઉ ઘોડા પવનવેગે દોડવા લાગ્યા. ડાકણ આલ્તિન-સાકાની સાવ

નજીક પહોંચી ગઈ અને હાથ લાંબો કરીને એને પકડી લેવા જતી હતી એટલામાં એના ઘોડાએ ઠોકર ખાધી. એ જોરથી હણહણ્યો અને લંગડાતો પાછળ રહી ગયો.

ઉબીરે લગામ ખેંચી અને ઘોડાનાં બેઉ પડખાંમાં એડીઓ ખૂંતાડી દીધી. પણ ઘોડાની ઝડપ તો ધીરી ને ધીરી જ પડતી ગઈ. ઉબીરને ઝાળ ચડી ગઈ. એ તો ઘોડા ઉપર એટલી બધી ખિજાઈ ગઈ કે નીચે ઊતરીને એને ખાઈ ગઈ અને પગે દોડતી આલ્તિન-સાકાની પાછળ પડી.

ઉબીર દોડતી જ ગઈ, દોડતી જ ગઈ. વેગ વધારવા એ પોતાનાં જ પડખાંમાં અને પૂંઠ ઉપર મુક્કા લગાવતી ગઈ. આખરે એ બદામી તોખારને આંબી ગઈ અને એણે એના જમણા પગમાં બટકું ભરી લીધું. પણ તોખાર તો ત્રણ પગે દોડતો રહ્યો. ઉબીર પણ પાછળ ન રહી. વળી પાછી એ તોખારને આંબી ગઈ અને એણે એના ડાબા પગમાં બટકું ભરી લીધું. બચેલું બધું જોર કરીને તોખાર આગળ ધસ્યો અને આલ્તિન-સાકાને ડાકણથી થોડેક આગળ લઈ ગયો, પણ હવે એનામાં ઝાઝી તાકાત બચી નહોતી એટલે એક તળાવ પાસે પહોંચીને એણે આલ્તિન-સાકાને કહ્યું:

"મારાથી હવે વધારે દોડાય એમ નથી. હું ઉબીરને ખબર ન પડે એમ આ તળાવમાં છુપાઈ જાઉં છું. તું ઝટ દોડીને પેલા ઓકના ઝાડ ઉપર ચડી જા. મારા પગ રુઝાઈ જશે એટલે વળી પાછો હું તને આગળ લઈ જઈશ."

એટલું કહીને તોખારે તળાવમાં ઝંપલાવ્યું. ઓકનું ઝાડ તળાવના કાંઠા પાસે જ હતું. આલ્તિન-સાકા એકદમ એની ઉપર ચડી ગયો અને સૌથી ઊંચી ડાળીઓમાં છુપાઈ ગયો.

ઉબીર દોડતી આવી અને આલ્તિન-સાકાને ઝાડ ઉપર જોઈને બરાડી ઊઠી:

"હવે હાથમાં આવ્યો છે! હમણાં જ તને નીચે ખેંચીને ખાઈ જાઉં!"

ડાકણ થૂ કરીને થૂંકી એટલે એક કુહાડી હાજર થઈ ગઈ. પછી એ પોતાનો એક દાંત ખેંચી કાઢીને કુહાડીનું પાનું એની ઉપર ઘસવા લાગી. કુહાડી ખૂબ ધારદાર થઈ ગઈ એટલે એણે ઝાડ ઉપર ઘા મારવાનું શરૂ કર્યું. ડાકણ ઝાડ ઉપર ઘા મારતી ગઈ અને છોડિયાં ચોતરફ ઊડતાં ગયાં.

અવાજ સાંભળીને એક શિયાળ દોડતું આવ્યું અને ડાકણને પૂછવા લાગ્યું:



"ઝાડ કેમ પાડી નાખો છો, દાદીમા?"

"દેખાતું નથી કે ઉપર કોણ બેઠું છે?" ઉબીર ઊખડી પડી. "ઝાડ પાડીને મારે સોનેરી લખોટા આલ્તિન-સાકાને પકડી લેવો છે અને પેટમાં પધરાવી દેવો છે.

શિયાળે ઉપર નજર કરી તો ઝાડની ટોચે રૂપાળો મઝાનો છોકરો બેઠેલો દેખાયો. શિયાળને છોકરાની દયા આવી એટલે એણે કહ્યું:

"ઉબીરદાદી, તમે હવે ઘરડા થયાં છો એટલે થાકી જશો. લાવો કુહાડી, હું ઝાડ પાડી દઉં."

"ના," ઉબીર બોલી, "હું પોતે જ પાડી લઈશ અને આલ્તિન-સાકાને ઓહિયાં કરી જઈશ."

પણ શિયાળ સહેલાઈથી વાત મૂકે એવું નહોતું. એ બોલ્યું:

"લાવો, હું ઝાડ પાડી દઉં છું, પછી તમે એને ખાઈ જજો."

ઉબીરે કુહાડી શિયાળને આપી અને એ થાક ખાવા ઝાડ નીચે આડી પડી કે તરત એને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં એ નસકોરાં બોલાવતી હતી અને એના નાક તથા મોંમાંથી તણખા અને ધુમાડાના ગોટા નીકળતા હતા.

ઉબીર ઊંઘમાં પડી હતી ત્યારે શિયાળે કુહાડી અને ધાર કાઢવાનો દાંત લઈને તળાવમાં ફેંકી દીધાં. પછી એણે બધાંય છોડિયાં ભેગાં કરીને પાછાં થડના ખાંચામાં ગોઠવી દીધાં. છોડિયાં બરાબર ગોઠવાઈ ગયાં એટલે શિયાળ એની ઉપર થૂંક્યું અને એને ચાટવા લાગ્યું. તરત જ બધાંય છોડિયાં થડ સાથે પાછાં સખત ચોંટી ગયાં અને ઝાડ પહેલાં હતું એવું આખું થઈ ગયું.

પછી શિયાળ આલ્તિન-સાકાની વિદાય લઈને જંગલમાં ભાગી ગયું.

ઉબીરે જાગીને ઝાડ ઉપર નજર નાખી કે તરત એ સફાળી બેઠી થઈ ગઈ અને બોલી ઊઠી:

"અરે, આ શું! જાણે મારો હાથ અડયો જ ન હોય એમ ઝાડ તો પહેલાં જેવું જ આખું થઈ ગયું છે!"

એ શિયાળને કોસવા અને મનફાવતી ગાળો ભાંડવા લાગી.

પછી એ થૂ કરીને થૂંકી એટલે નવી કુહાડી હાજર થઈ ગઈ. મોઢામાંથી બીજો દાંત ખેંચી કાઢીને એની ઉપર એ કુહાડીનું પાનું ઘસવા લાગી. એ તો

કુહાડીને ધાર કાઢતી જાય, આલ્તિન-સાકા ઉપર નજર નાખતી જાય, અને બોલતી જાય:

"હમણાં ઝાડ પાડી નાખું અને તને ખાઈ જાઉં!"

કુહાડીની ધાર તેજ થઈ ગઈ એટલે ઉબીર વળી પાછી ઝાડ ઉપર કુહાડીના ઘા મારવા લાગી. છોડિયાં ચારે તરફ ઊડવા લાગ્યાં અને ઝાડ હલવા ને ડોલવા લાગ્યું. છેલ્લો એક ઘા પડે કે ઝાડ પડયું જ સમજો!

એટલામાં એકાએક બીજું કોઈ શિયાળ દોડતું આવીને ઉબીરને પૂછવા લાગ્યું:

"આ શું કરો છો, દાદીમા?"

"ઝાડ પાડી નાખું છું."

"પણ શું કરવા?"

"ઉપર સોનેરી લખોટો આલ્તિન-સાકા બેઠો છે. મારે એને પકડીને પેટમાં પધરાવી દેવો છે."

શિયાળ બોલ્યું:

"પણ તમે તકલીફ કરો મા, દાદીમા. લાવો કુહાડી, હું ઝાડ પાડી દઉં છું."

"ના," ઉબીર બબડી, "હું જ પાડી લઈશ. આલ્તિન-સાકાને મારે જ ખાઈ જવો છે."

"તમે જ ખાઈ જજો ને," શિયાળે જવાબ દીધો. "હું તો ફક્ત ઝાડ પાડવાનું જ કામ કરી દઈશ."

"ના," ઉબીર તડૂકી ઊઠી. "કુહાડી હું તારા હાથમાં નહિ આપું. થોડી વાર પહેલાં તારી જેમ જ કોઈ શિયાળ આવેલું. મદદ કરવાની વાત કરીને મને બેવકૂફ બનાવી ગયું."

શિયાળે પૂછ્યું: "એનો રંગ કેવો હતો?"

"રાતો."

"દાદીમા, રાતાં શિયાળનો વિશ્વાસ કદી કરવો જ નહિ," શિયાળ બોલ્યું. "રાતાં શિયાળ તો બધાં હંમેશાં ખોટાબોલાં જ હોય. માત્ર અમારા જેવાં કાળાં શિયાળ ઉપર જ વિશ્વાસ મુકાય."

ઉબીરે નજર માંડીને જોયું તો શિયાળ સાચેસાચ કાળું હતું. એટલે એણે

કુહાડી શિયાળને આપી દીધી અને આડી પડીને એ તરત નસકોરાં બોલાવવા માંડી. એના મોઢામાંથી ને નાકમાંથી તણખા ઊડવા લાગ્યા અને ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા.

કાળા શિયાળે કુહાડી ને દાંત તળાવમાં ફેંકી દીધાં અને છોડિયાં પાછાં થડના ખાંચામાં ગોઠવી દીધાં. પછી શિયાળ એની ઉપર થૂંકીને એને ચાટવા લાગ્યું. છોડિયાં તરત થડને સજ્જડ ચોંટી ગયાં અને ઝાડ પહેલાં હતું એવું આખું થઈ ગયું.

કામ પતી ગયું એટલે શિયાળ આલ્તિન-સાકાની વિદાય લઈને જંગલમાં ભાગી ગયું.

થોડી વારમાં ઉબીર જાગી. જાગતાં જ એની નજર ઝાડ ઉપર પડી અને એ ચીસ પાડતી બોલી ઊઠી:

"અરે, આ શું! ઝાડ તો વળી પાછું આખું થઈ ગયું છે!"

ઉબીર થૂ કરીને થૂંકી એટલે ફરી નવી કુહાડી હાજર થઈ ગઈ. મોઢામાંથી ત્રીજો દાંત ખેંચી કાઢીને એ કુહાડીને ધાર કાઢવા લાગી. ધાર ખૂબ તેજ થઈ ગઈ એટલે પાછી એ ઝાડ પાડવાના કામે લાગી ગઈ. કુહાડીના ઘા મારતી મારતી એ આલ્તિન-સાકાને અને શિયાળને મનફાવતી ગંદી ગાળો ભાંડતી રહી.

આખરે થડ અડધું કપાઈ ગયું. નીચે નજર નાખીને આલ્તિન-સાકા મનમાં બોલ્યો:

"હવે તો આવી જ બન્યું. હમણાં ઝાડ પડશે અને ઉબીર મને પકડી લેશે."

એટલામાં એક ધોળું શિયાળ દોડતું ઝાડ પાસે આવીને ઉબીરને કહેવા લાગ્યું:

"દાદીમા, લાવો હું તમને ઝાડ પાડવામાં મદદ કરું."

"જીવ બચાવવો હોય તો હજી મોકો છે ત્યાં જ ચાલતું થઈ જા!" ઉબીર બરાડી. "બે બે વાર શિયાળ મને ઉલ્લુ બનાવીને ભાગી ગયાં છે. હવે ત્રીજી વાર હું મૂરખ બનવાની નથી."

"દાદીમા, એ બે શિયાળ કેવા રંગનાં હતાં?" શિયાળે પૂછ્યું.

"અક રાતું હતું અને બીજું કાળું," ઉબીરે જવાબ દીધો.

"અરે દાદીમા, રાતાં ને કાળાં શિયાળનો વિશ્વાસ ક્યારેય કરાય જ નહિ!"

શિયાળ ઠાવકું થઈને બોલ્યું. "એ તો ભયંકર ખોટાબોલાં જ હોય. વિશ્વાસ મૂકવો હોય તો અમારા જેવાં ધોળાં શિયાળ ઉપર જ મુકાય. હું તમને જરાય મૂરખ નહિ બનાવું, ઊલટાનું મદદ કરીશ. લાવો જોઉં કુહાડી!"

ઉબીરે શિયાળની વાત સાચી માની લીધી અને કુહાડી એને આપીને એ ઊંઘી ગઈ. શિયાળે કુહાડી અને સરાણનો દાંત તળાવમાં પધરાવી દીધાં, અને છોડિયાં જલદી ભેગાં કરીને થડના ખાંચામાં ગોઠવી દીધાં. પછી શિયાળ એની ઉપર થૂંકીને એને ચાટવા લાગ્યું કે તરત બધાંય છોડિયાં થડને સજ્જડ ચોંટી ગયાં અને થડ પહેલાં જેવું થઈ ગયું.

શિયાળે ઉપર જોઈને આલ્તિન-સાકાને કહ્યું:

"સોનેરી લખોટા આલ્તિન-સાકા, મેં ત્રણ વાર તને મદદ કરી. ઉબીર મને ઓળખી ન જાય એટલા સારુ મેં એક વાર કાળી માટીમાં આળોટીને અને બીજી વાર ધોળી માટીમાં આળોટીને મારી રુવાંટીનો રંગ બદલી નાખ્યો. હવે મારાથી વધારે કંઈ બને એમ નથી."

પછી આલ્તિન-સાકાની વિદાય લઈને શિયાળ જંગલમાં ભાગી ગયું.

થોડી વારમાં ઉબીર જાગી અને ઝાડ ઉપર નજર પડતાં જ બરાડી ઊઠી:

"આ હું શું જોઉં છું! મારો હાથ જાણે અડયો જ ન હોય એમ ઝાડ તો સાવ આખું છે!"

ઉબીર થૂ કરીને થૂંકી એટલે વળી પાછી નવી કુહાડી આવી ગઈ. મોઢામાંથી ચોથો દાંત ખેંચી કાઢીને એણે કુહાડીને ધાર કાઢી. ધાર તેજ થઈ ગઈ એટલે એ ઝાડ ઉપર કુહાડીના ઘા મારવા લાગી. ઘા મારતી જાય અને બબડતી જાય:

"હવે કોઈની મદદ લેવાની નથી! હવે તો હું એકલી મારે હાથે જ ઝાડ પાડી નાખીશ!"

છોડિયાં ચોતરફ ઊડવા લાગ્યાં. ઝાડ જાણે હમણાં જ પડશે એમ હાલકડોલક થવા લાગ્યું અને કડડ કડડ અવાજ કરવા લાગ્યું.

આલ્તિન-સાકા ઉપર બેઠો બેઠો જુએ છે કે હવે તો ઉબીર જરૂર પકડી જ લેશે. એ વિચારવા લાગ્યો કે હવે શું કરવું.

એટલામાં એક કાગડો અચાનક ઊડતો આવીને ઝાડની ટોચ ઉપર બેઠો.

કાગડાને જોઈને આલ્તિન-સાકા એને વીનવવા લાગ્યો:

"ભાઈ કાગડા, પ્યારા ભાઈબંધ, મારી વાત સાંભળ! તું તો મનફાવે ત્યાં ઊડીને ગમે ત્યાં જઈ શકે છે. જા ને, ઝટ ઊડીને અમારા નવા પડાવમાં પહોંચી જા. જઈને મારા બે કૂતરા આક્કુલાક અને આક્તિર્નાકને મારો સંદેશો આપ કે તરત આવી પહોંચે. મારે એ બેયની મદદની જરૂર છે."

કાળમુખો કાગડો બોલ્યો: "હું તો ક્યાંય જતો નથી! ઉબીર તને પકડી લે તો જ સારું, તારી કાયામાંથી મનેય થોડોક ભાગ ખાવા મળે ને!"

અને એ તો ડાળી ઉપર આરામથી બેઠક જમાવીને વાટ જોવા લાગ્યો.

ક્યાંકથી મદદ મળી જાય તો સારું એમ વિચારતો આલ્તિન-સાકા આતુર નજરે ચોમેર જોવા લાગ્યો. એટલામાં એક કાબર ઊડતી ઊડતી આવી.

આલ્તિન-સાકાએ કાબરને વીનવી:

"કાબરબેન, કાબરબેન, મારી ડાહી બેન કરું, મારી વાત સાંભળ! તું તો મનફાવે ત્યાં ઊડીને ગમે ત્યાં જઈ શકે છે. ઊડીને અમારા નવા પડાવમાં જા. જઈને મારા કૂતરા આક્કુલાક અને આક્તિર્નાકને કહે કે ઝટ આવી પહોંચે. મારે એમની મદદની જરૂર છે."

"હું નહિ જાઉં," કાબર બોલી. "ઉબીર તને પકડી લે તો જ સારું, તારી કાયામાંથી મનેય થોડોક ભાગ તો નક્કી મળવાનો જ મળવાનો."

આલ્તિન-સાકા તદ્દન હતાશ થઈને વિચારવા લાગ્યો:

"હવે તો મારું આવી જ બન્યું."

એટલામાં ચકલાંનું ઝુંડ ઊડતું ઊડતું એના માથા ઉપરથી નીકળ્યું. આલ્તિન-સાકાએ ચકલાંને વીનવ્યાં:

"રાખોડી ચકલાં, રાખોડી ચકલાં, મારા ડાહ્યા ભાઈબંધ કરું, મારી વાત સાંભળો! ઊડીને ઝટ અમારા નવા પડાવમાં જાઓ. ત્યાં મારા કૂતરા આક્કુલાક અને આક્તિર્નાકને ગોતી કાઢીને ખબર આપો કે ઘરડી ડાકણ તમારા માલિકને ખાઈ જવાની તૈયારીમાં છે."

ચકલાં ચીં ચીં કરતાં બોલી ઊઠયાં: "અમે હમણાં જ જઈને ગોતી કાઢશું! અમે હમણાં જ જઈને ગોતી કાઢશું! અમે ઝટ જઈને તારો સંદેશો આપશું!

અમે ઝટ જઈને તારો સંદેશો આપશું!" એમ કહીને ચકલાં તો ઝડપથી ઊડતાં આલ્તિન-સાકાના પડાવ તરફ ગયાં.

પડાવમાં જઈને જુએ છે તો આલ્તિન-સાકાના બેય કૂતરા પડયા પડયા ઘસઘસાટ ઊંઘે છે. બેય કૂતરાએ માલિક ગોતવા એટલી બધી દોડાદોડ કરેલી કે થાકીને લોથપોથ થઈ ગયા અને ઢળી પડીને ઘેરી ઊંઘમાં બેહોશ જેવા થઈ ગયા. બેય કૂતરાને જગાડવા ચકલાં એમના કાનમાં ચાંચ મારવા લાગ્યાં અને પછી એમણે ચીં ચીં અને ફરફડાટનો ભારે શોરબકોર કરી મૂક્યો.

ચીં ચીં કરતાં ચકલાં બોલવા લાગ્યાં: "ઝટ ઊઠો આક્કુલાક, ઝટ ઊઠો આક્તિર્નાક! ઊઠો અને દોડીને તળાવને કાંઠે પહોંચી જાઓ. ત્યાં ઓકના મોટા ઝાડ ઉપર તમારો માલિક બેઠો છે. એને બચાવી લો. ઉબીર એને પકડીને ખાઈ જવાની તૈયારીમાં છે."

આક્કુલાક અને આક્તિર્નાક સફાળા જાગી ગયા અને બન્નેએ તળાવ તરફ દોટ મૂકી. ચકલાં ઊડતાં મારગ બતાવતાં જાય અને કૂતરા ધૂળના ગોટા ઉડાડતા દોડતા જાય.

ધૂળના ગોટા જોઈને ઉબીરે આલ્તિન-સાકાને કહ્યું:

"પણ જો, સોનેરી લખોટા આલ્તિન-સાકા! રસ્તા ઉપર આ ધૂળના ગોટા કેમ દેખાય છે?"

"એ ધૂળના ગોટા મારે માટે ખુશી અને તારે માટે રડાપીટ લઈને આવી રહ્યા છે," આલ્તિન-સાકાએ જવાબ વાળ્યો.

કૂતરાના દોડવાનો અવાજ સાંભળીને ઉબીરે પૂછ્યું:

"તને સંભળાય છે, સોનેરી લખોટા આલ્તિન-સાકા, વાદળ ગાજતાં હોય એવો આ ગડગડાટ શાનો છે?"

"એ ગડગડાટ મારે માટે ખુશી અને તારે માટે રડાપીટ લાવી રહ્યો છે," આલ્તિન-સાકાએ જવાબ વાળ્યો.

બરાબર એ જ ઘડીએ આક્કુલાક અને આક્તિર્નાક દોડતા આવી પહોંચ્યા. બન્ને એકદમ ઉબીર ઉપર ધસી ગયા અને એને કરડીને હેરાન કરવા લાગ્યા.

ઉબીરને દહેશત લાગી ગઈ. એણે કુહાડીને તળાવમાં ફેંકી દીધી અને પોતે

પણ પાછળ પાછળ તળાવમાં ઝંપલાવ્યું.

બેઉ કૂતરાએ આલ્તિન-સાકાને કહ્યું:

"અમે ઉબીરની પાછળ તળાવમાં જઈએ છીએ. તમે અહીં બેઠા બેઠા તળાવના પાણી ઉપર નજર રાખો. અમે ઉબીરને ખતમ કરી નાખશું તો તળાવનું પાણી કાળું થઈ જશે, અને ઉબીર અમને મારી નાખશે તો તળાવનું પાણી રાતું થઈ જશે."

એટલું કહીને બેય કૂતરા તળાવમાં કૂદી પડયા.

તળાવનું પાણી ઊકળતું હોય એમ એમાં મોજાં ઊછળવા લાગ્યાં.

આલ્તિન-સાકાએ જોયું તો પાણી રાતું થવા લાગ્યું હતું. એને થયું: "ઉબીરે મારા કૂતરાને મરી નાખ્યા!"

એણે ફરી વાર પાણી ઉપર નજર માંડી. અરે! પાણી તદ્દન કાળું થઈ ગયેલું.

આલ્તિન-સાકાની ખુશીનો પાર ન રહ્યો. એ તો હરખના જોશમાં હસવા લાગ્યો અને ઝાડ ઉપરથી નીચે ઊતરી ગયો. આક્કુલાક અને આક્તિર્નાક પણ તળાવમાંથી બહાર આવ્યા અને શરીર હલાવીને પાણી ખંખેરવા લાગ્યા.

"તળાવનું પાણી પહેલાં રાતું કેમ થઈ ગયેલું?" આલ્તિન-સાકાએ પૂછ્યું.

આક્તિર્નાકે જવાબ આપ્યો:

"શરૂઆતમાં ઉબીર અમારા કરતાં વધારે જોરમાં હતી. અરે, એણે તો મારો એક કાન કરડી ખાધો! પણ પછી અમે પાછા જોરમાં આવી ગયા અને જોતજોતામાં એને પૂરી કરી નાખી."

કૂતરાની પાછળ પાછળ બદામી તોખાર પણ તળાવમાંથી બહાર આવ્યો અને બોલ્યો:

"ચાલ, સોનેરી લખોટા આલ્તિન-સાકા, મારી પીઠે સવાર થઈ જા એટલે હું તને ઘેર લઈ જાઉં."

અને એમ આલ્તિન-સાકા સહીસલામત પાછો પડાવમાં આવ્યો. એનાં માબાપ ખૂબ ખુશ થઈ ગયાં અને એમણે મોટી ઉજાણી ગોઠવી. બધાંય સગાંવહાલાંને અને બધાય દોસ્તબિરાદરોને ઉજાણીમાં ભાગ લેવાનાં મોતરાં મોકલવામાં આવ્યાં. નવ નવ દિવસ સુધી સૌએ ખૂબ ખાધું પીધું ને મોજ માણી.

ઝાર્કિનખાન અને બાણાવળી

કાલ્મિક વાર્તા



જૂના જમાનામાં ઝાર્કિનખાનના રાજમાં કોઈ બાણાવળી રહેતો હતો. એ ભારે બહાદુર, રૂપાળો, અને જોરાવર હતો. એક દિવસ જંગલી પંખીઓનો શિકાર કરવા એ તળાવને કાંઠે ગયો. ત્યાં એને સોનેરી માથાંવાળી ત્રણ હંસલી ઊડતી નજરે પડી. બાણાવળી તરત જમીન ઉપર લાંબો થઈ ગયો અને ખડઝાંખરાં પાછળ છુપાઈને જોવા લાગ્યો કે શું થાય છે.

ત્રણેય હંસલી ઊડતી ઊડતી આવીને સરોવરને કાંઠે ઊતરી, અને પીંછાં ઉતારીને ખૂબ રૂપાળી તરુણીઓ બની ગઈ. પછી ત્રણેય સુંદરી સરોવરમાં નાહવા પડી.

બાણાવળી લપાતો લપાતો નજીક ગયો અને એક હંસકન્યાનાં પીંછાં ઉપાડી લઈને પાછો છુપાઈ ગયો.

હંસકન્યાઓ નાહીને પાણીમાંથી બહાર આવી અને જુએ છે તો એકનાં પીંછાં ગાયબ. બે સુંદરીઓએ પોતપોતાનાં પીંછાં પહેરીને પાછું હંસલીનું રૂપ લઈ લીધું અને તેઓ ઊંચે ઊડીને ત્રીજીનાં પીંછાં ગોતવા લાગી. ખૂબ તપાસ કરી પણ પીંછાં ક્યાંય મળ્યાં નહિ.

"જેવું તારું નસીબ, બહેન!" એમ કહીને એ બેઉ ઊડી ગઈ. ત્રીજી હંસકન્યા સરોવરને કાંઠે એકલી રહી ગઈ.

બીચારી ચોધાર આંસુએ રડતી રડતી પીંછાં ગોતવા આમતેમ રખડવા લાગી.

પીંછાં ગોતતાં ગોતતાં એ બોલતી ગઈ: "મારાં પીંછાં ગોતીને મને પાછાં આપી દે એ માણસ ગરીબ હશે તો હું એને તવંગર બનાવી દઈશ, કદરૂપો હશે તો હું એને રૂપાળો બનાવી દઈશ. એ જે માગશે તે હું એને આપીશ... એની દરેક ઇચ્છા પૂરી કરીશ!"

દયાજનક ડૂસકાં ભરતી એ સરોવરને કાંઠે આમથી તેમ દોડાદોડ કરતી રહી અને વારંવાર એના એ શબ્દો બોલતી રહી.

ખડઝાંખરાં પાછળથી બહાર આવીને બાણાવળી બોલ્યો: "આટલી દુખી ના થા, હંસકન્યા! અહીં આવ, તારાં પીંછાં મારી પાસે છે."

રૂપાળા બાણાવળીના હાથમાં પોતાનાં પીંછાં જોઈને હંસકન્યા ખુશ ખુશ થઈ ગઈ અને શરમાતી શરમાતી એની પાસે જઈને બોલી:

"ભલા આદમી, તમે મારાં પીંછાં ગોતી કાઢીને મારી ઉપર એક દયા તો કરી જ છે. હવે બીજી દયા કરીને મારાં પીંછાં મને આપી દો. એના બદલામાં તમને જે માગો એ મળશે, તમારી દરેક ઇચ્છા હું પૂરી કરીશ."

બાણાવળીએ જવાબ દીધો: "મારે તારા સિવાય બીજું કશું નથી જોઈતું. તું મારી જોડે લગન કરીશ?"

હંસકન્યાએ બાણાવળી સામે જોયું. રૂપાળો કદાવર જુવાન જોઈને એ હળવેથી બોલી: "હા."

બાણાવળીએ તરત એનો હાથ પકડી લીધો અને એને ભમતા માલધારીઓના પડાવમાં પોતાને ઘેર લઈ ગયો. ત્યાં જઈને એણે એની જોડે લગન કરી લીધાં. માલધારીઓના પડાવમાં ગરીબીનું રાજ હતું. બાણાવળી પાસે ઘરને નામે તો

એક કંગાળ તંબુ જ હતો, પણ બેઉ એકબીજાને ખૂબ ખૂબ ચાહતાં. એક પળનોયે વિજોગ એકેયથી સહેવાતો નહિ.

એમ થોડા દિવસ વીત્યા હશે ત્યાં ઝાર્કિનખાનને ખબર પડી કે મારા રાજનો બાણાવળી રૂપના અંબાર સમી કોઈ અજોડ સુંદરીને પરણી લાવ્યો છે. ખાનના મનમાં કુતૂહલ જાગ્યું એટલે એ પોતે જ બાણાવળીના તંબુમાં ગયો. એની વહુને જોઈને ખાનના અચરજનો પાર ન રહ્યો. એને ખાતરી થઈ ગઈ કે બાણાવળીની વહુના રૂપનાં વખાણ કરનારા માણસોએ વાત જરાય વધારીને નહોતી કરી. આવું રૂપ ધરાવતી બીજી કોઈ સુંદરી એણે જિંદગીમાં ક્યારેય નહોતી જોઈ. એ તો જાણે સૂરજની દીકરી હોય એવી રૂપાળી હતી. એને જોતાં આંખ ક્યારેય ધરાય જ નહિ. આખા રાજમાં ક્યાંય એનો જોટો મળે એમ નહોતો.

હંસકન્યાના રૂપનો રસ આંખો વડે માણીને ઝાર્કિનખાન પાછો મહેલમાં આવ્યો. એણે તરત તમામ વજીરો અને સલાહકારોને ભેગા કર્યા. સૌને ઉત્તમ ખાણાંપીણાંથી ખુશ કરીને પછી એ બોલ્યો:

"મારા કારભારીઓ, તમે સૌ મને મારી જિંદગી જેટલા જ વહાલા છો. આજે મેં તમને બધાને સલાહ માગવા ભેગા કર્યા છે."

"બોલો ખાન, અમે આપની સેવામાં હાજર છીએ," બધા એક અવાજે બોલ્યા.

ઝાર્કિનખાને વાત આગળ ચલાવી: "રાજના એક બાણાવળીની વહુ એવી રૂપાળી છે કે એના જેવું રૂપ આ દુનિયામાં કોઈ કાળે થયું નથી. એની તોલે કોઈ આવી શકે જ નહિ, એના જેવી રૂપાળી બીજી એક પણ સુંદરી ક્યાંય મળે જ નહિ. એનું રૂપ બીજી તમામ સુંદરીઓને ઝાંખી પાડી દે એવું છે!"

પછી ઝાર્કિનખાને બાણાવળીની વહુની દિલકશ અદા અને મનોહર અંગોનું, મધુર કંઠ અને મોહક ચાલનું, સુંદર નયનો અને લાંબા ગૂંથેલા વાળનું વિગતવાર વર્ણન કરી બતાવ્યું.

છેવટે વાત પૂરી કરતાં એ બોલ્યો: "અને સૂર્યનાં કિરણો જેવું અજોડ રૂપ ધરાવતી એ સુંદરી એક સાધારણ બાણાવળીના ઘરમાં પડી છે. તમે મને સલાહ આપો કે એને મારી કરીને એના રૂપની મઝા માણવા મારે શું કરવું."

કેટલાક કારભારીઓ વિચાર કરીને બોલ્યા: "એને છાનીમાની ઉઠાવી લાવો અને છુપાવીને મહેલમાં રાખો."

બીજા કેટલાકે ઊંડો વિચાર કરીને સલાહ આપી: "બાણાવળીને મારી નાખો અને પછી એની વહુ જોડે લગન કરી લો."

વળી કેટલાકે આવો સૂર કાઢ્યો: "બાણાવળીને મારી નાખવા કરતાં એને રાજમાંથી હદપાર કરી દો. પછી એની વહુને આપના ઘરમાં બેસાડવામાં કોઈ જાતની મુશ્કેલી નહિ નડે."

બધાએ પોતપોતાની વાત કરી લીધી એટલે ખાનના જમણા હાથ પાસે બેઠેલો મોટો કારભારી ઊભો થઈને બોલ્યો:

"આ બધી સલાહમાંથી એકેયમાં ડહાપણ નથી. કોઈના ઘરમાંથી ઓરતને છાનીમાની ઉઠાવી જવી અને છુપાવીને મહેલમાં રાખવી એ અવિચારી પગલું ગણાય. વહેલા કે મોડા લોકો એ વાત જાણી જ જવાના. બાણાવળીને મારી નાખીને એની વિધવા જોડે લગન કરવામાં મોટું જોખમ છે. લોકો કદાચ બળવો કરે તો પછી હેરાનગતિનો પાર ન રહે. બાણાવળીને હદપાર કરવામાં મૂર્ખાઈ છે. એ છાનોછપનો રાજમાં પાછો આવવાનો જ અને પોતાની વહુને લઈ જવાનો જ. ના, આ કામમાં આપણે બળ નહિ પણ કળ વાપરવાની જરૂર છે."

"તો પછી તમારી સલાહ શું છે?" ઝાર્કિનખાને પૂછ્યું.

મોટા કારભારીએ જવાબ આપ્યો: "મેં સાંભળ્યું છે કે જ્યાં સૂરજ આથમે છે એ દેશમાં ખૂબ પહોળી નદી છે. નદીને એક કાંઠે સીધી ઊંચી ભેખડ છે. ત્યાં એક વાઘણ બચ્ચાં ભેગી રહે છે. કહેવાય છે કે એ વાઘણ પૃથ્વીના બીજા કોઈ જનાવર કરતાં ઘણી વધારે ભયાનક અને વિકરાળ છે. આપ બાણાવળીને હુકમ કરો કે એ ત્યાં જઈને વાઘણનું દૂધ લઈ આવે. એ પાછો આવશે જ નહિ. વાઘણ એને ફાડી ખાશે. પછી એની રૂપાળી વહુને ઘરમાં બેસાડવાનું આપને માટે તદ્દન સહેલું થઈ જશે. બાણાવળીને એ કામ માટે મોકલવામાં કંઈ મુશ્કેલી નહિ નડે. ખાનના હુકમનો અનાદર કરવાની એની હિંમત જ નહિ પડે."

મોટા કારભારીની આ ખંધી તરકીબ ઝાર્કિનખાનને તેમ જ બીજા સૌને

ખૂબ ગમી ગઈ. એમણે વખાણ કર્યાં: "ભાઈ, તરકીબ તો ભારે ચાલાકીની છે, એમાં ના નહિ!"

ઝાર્કિનખાને સલાહને તરત અમલમાં મૂકી. સખત માંદા હોવાનો ઢોંગ કરીને એણે બાણાવળીને બોલાવ્યો.

બાણાવળી હાજર થયો એટલે ઊંહકારા કરતાં અને મોટા નિસાસા નાખતાં ખાને એને કહ્યું:

"જો ને, હું સખત જીવલેણ માંદગીમાં પટકાઈ ગયો છું. મારા રોગની દવા આથમતા સૂરજના દેશમાં જ મળે એમ છે. એ દેશમાં ખૂબ પહોળી નદી છે. નદીને એક કાંઠે સીધી ઊંચી ભેખડ છે. ત્યાં એક મોટી વાઘણ બચ્ચાં ભેગી રહે છે. ફક્ત એ વાઘણના દૂધથી જ મારો રોગ મટે એમ છે. એ દૂધ મળે તો જ મને મારી તંદુરસ્તી અને તાકાત પાછી મળે. તું એકદમ જઈને એ વાઘણનું થોડુંક દૂધ લઈ આવ."

એટલું કહીને ઝાર્કિનખાન વધારે ઊંચે અવાજે ઊંહકારા કરવા લાગ્યો અને ખૂબ પીડા થતી હોય એમ વળ લેવા લાગ્યો.

બાણાવળી તંબુમાં પાછો આવીને લાંબી સફરની તૈયારી કરવા લાગ્યો. એણે સારામાં સારાં કપડાં પહેર્યાં અને સારામાં સારાં હથિયાર બાંધ્યાં.

એને એમ તૈયાર થયેલો જોઈને વહુએ પૂછ્યું: "ક્યાં જવાની તૈયારી કરો છો?"

"ખાન સખત માંદા પડયા છે અને એમની જિંદગી જોખમમાં છે. આથમતા સૂરજના દેશમાં વહેતી ખૂબ પહોળી નદીને કાંઠે સીધી ને ઊંચી ભેખડ છે. ત્યાં રહેલી વાઘણનું દૂધ પીએ તો જ ખાન સાજા થાય એમ છે. એમણે મને એકદમ જઈને એ દૂધ લઈ આવવાનો હુકમ આપ્યો છે. મને તો જવાનું જરાય મન નથી પણ હું એમના હુકમનો ભંગ ન કરી શકું."

બાણાવળીની વહુ સમજી ગઈ કે ધણીને વાઘણનું દૂધ લેવા ઝાર્કિનખાન કોઈ છુપા આશય વગર તો મોકલે જ નહિ, એના મનમાં જરૂર કોઈ મેલી મુરાદ હશે. એટલે એણે પીળાં ફૂલની ભાતવાળો રૂમાલ કાઢીને ધણીને આપ્યો અને કહ્યું:

"આ રૂમાલ હરવખત તમારી પાસે જ રાખજો. એ મોત સામે તમારી રખેવાળી કરશે. વાઘણ તમારી ઉપર તરાપ મારવા જાય ત્યારે આ રૂમાલ કાઢીને ફરફરાવજો. વાઘણ તરત ઢીલીઢસ થઈ જશે અને ગભરુ ગાયની જેમ તમને દૂધ દોહી લેવા દેશે. એ મારે ત્યાં રહી ગઈ છે અને મને સારી રીતે ઓળખે છે."

બાણાવળીએ પીળાં ફૂલની ભાતવાળો રૂમાલ સાચવીને રાખી લીધો. પછી એ ઘોડા ઉપર સવાર થયો અને જુવાન વહુને જુહાર કરીને આથમતા સૂરજના દેશ તરફ પૂરપાટ રવાના થઈ ગયો.

વાદળોથી નીચે પણ માલધારીઓના તંબુઓથી ઊંચે ઊડતો બાણાવળી સમસમાટ આગળ ધપતો ગયો. એણે પર્વતમાળાઓ ને ખીણો ઓળંગી, ખારાં સરોવરો પાર કર્યાં, અને કળણો વટાવ્યાં. ખાનના હુકમનો અમલ કરીને ઝટ વહુ પાસે પાછા ફરવાની એને એવી ઊંડી ઝંખના હતી કે એ દિવસે ખાવા પીવા અથવા રાતે આરામ કરવા ક્યાંય ઊતર્યો જ નહિ. એને દિવસ કે રાતની ગણતરી કરવાનોયે ખ્યાલ ન રહ્યો.

એમ એ ઘણા દિવસ સફર ખેડતો રહ્યો અને આખરે સાગર જેટલી પહોળી નદીની સીધી ઊંચી ભેખડ પાસે પહોંચ્યો. વિકરાળ વાઘણ એના બચ્ચાં જોડે ત્યાં જ રહેતી હતી.

બાણાવળી એક આખા દિવસની સફર જેટલી દૂર હતો ત્યારે જ વાઘણે એને જોઈ લીધો હતો. એનું અંગેઅંગ ફાડી નાખવાના ઈરાદે વાઘણે ભયાનક ગર્જના કરીને છલંગ મારી. પણ બાણાવળીએ પીળાં ફૂલની ભાતવાળો વહુનો રૂમાલ વીજળીની ઝડપે બહાર કાઢીને વાઘણની સામે ફરફરાવ્યો. રૂમાલ નજરે પડતાં જ વાઘણની ગર્જના એકદમ શમી ગઈ અને એ જડવત્ ઊભી રહી ગઈ. પછી એણે બાણાવળીને પૂછ્યું:

"બહાદુર બાણાવળી, કહે જોઉં, આ રૂમાલ તને ક્યાંથી મળ્યો?"

બાણાવળીએ જવાબ દીધો: "મારી વહુએ આપ્યો છે."

વાઘણે ફરી સવાલ કર્યો: "અને તું અહીંયાં શા માટે આવ્યો છે?"

બાણાવળી બોલ્યો: "મારા ખાન સખત માંદગીમાં પટકાઈ ગયા છે અને એમની જિંદગી જોખમમાં છે. એમણે મને તારું થોડુંક દૂધ લેવા મોકલ્યો છે."

"એમ હોય તો ઝટ ઘોડેથી હેઠો ઊતર અને મને દોહી લે," વાઘણ બોલી. "તારો આખો કળશો ભરીને દૂધ લઈ જા."

બાણાવળી ઘોડેથી હેઠો ઊતર્યો અને વાઘણને દોહવા લાગ્યો. કળશો આખો ભરાઈ ગયો એટલે એણે એને ઘોડાના જીન જોડે બાંધી લીધો. પછી એણે વાઘણનો ઉપકાર માનીને એની તંદુરસ્તીની કામના જાહેર કરી.

"મારી પણ તારે માટે એવી જ શુભકામના છે. તારી વહુ પાસે પાછો જા અને તારા ખાનને સાજો કર. મારી દુવા છે કે નસીબ તને સદા યારી આપે!"

એમ કહીને વાઘણ પાછી બચ્ચાં પાસે ચાલી ગઈ. બાણાવળી ઠેકડો મારીને ઘોડે ચડયો અને ઘર તરફ રવાના થઈ ગયો.

ઘેર પહોંચતાં જ એ દૂધનો કળશો લઈને ખાન પાસે ગયો.

ખાન શું કરે! જેમતેમ એક ઘૂંટડો દૂધ પીને એ બોલ્યો:

"આહ! હવે મને સારું લાગે છે. દૂધ પીધું એટલે મારો રોગ મટી ગયો."

પછી એણે બાણાવળીને ઘેર જવા કહ્યું અને તરત બધા કારભારીઓને પાછા ભેગા કર્યા.

"મોટા કારભારીની સલાહ ખૂબ સરસ હતી, પણ કમનસીબે તરકીબ ફાવી નહિ," ખાન બોલ્યો. "આપણે ધાર્યું હતું કે વાઘણ બાણાવળીનું અંગેઅંગ ફાડી ખાશે. પણ એ તો સહીસલામત પાછો આવી ગયો છે. હવે એને કેવા કામે મોકલવો કે જ્યાંથી એ પાછો જ ન આવે?"

બધા કારભારીઓ વિચારમાં પડી ગયા. સૌ મગજ કસી કસીને થાકી ગયા તોયે એમને કંઈ સૂઝયું નહિ. એકેય કારભારીના મોંમાંથી અક્કલનું એક વેણ સરખું નીકળ્યું નહિ.

પછી ખાનના ડાબા હાથ નજીક બેઠેલો મોટો કારભારી ઊભો થઈને બોલ્યો:

"આપણે બાણાવળીને એવી જગ્યાએ મોકલ્યો કે જ્યાં આપણી ધારણા મુજબ એ ખતમ થઈ ગયો હોત. પણ એમ બન્યું નહિ. એટલે હવે વાત સાફ છે કે એનો કાંટો કાઢવાનો કોઈ ઉપાય આપણી પાસે નથી. મારા ખ્યાલ મુજબ હવે એક જ રસ્તો બાકી છે: નામીચા હલકટ મવાલીઓ અને ગુંડાઓને ભેગા કરીને આપણે લહેજતદાર ખાનપાન વડે એમને ખુશ કરી દઈએ. પછી એમને કહીએ



કે બાણાવળીને ઠાર કરીને ખાનને હંમેશ માટે ચિંતાથી છુટકારો અપાવવાનો કોઈ ઉપાય સૂઝે તો બતાવે."

"મોટા કારભારીની વાત સાચી છે, તરકીબ અજમાવવા જેવી છે," બધા કબૂલ થઈ ગયા.

ઠરાવેલા દિવસે ઝાર્કિનખાન અને એના કારભારીઓએ નામીચા મવાલી, ચોર, ઠગારા, અને ખૂનીઓને છૂપી રીતે મહેલમાં બોલાવ્યા. બધાને ખૂબ દારૂ પાયો અને સારું સારું ખાવાનું ખવડાવ્યું, અને પછી એ જાણવાની કોશિશ કરી કે એમાંથી કોઈ ખાનને ખાતર બાણાવળીનો કાંટો કાઢી શકે એમ છે કે નહિ.

"તમે કોઈ ખાનને મદદ કરી શકો એમ ન હો તોયે કોઈ ને કોઈ એવા માણસને તમે જરૂર ઓળખતા હશે કે જે છાની રીતે બાણાવળીને ઠાર કરવાની કામગીરી બજાવી શકે," કારભારીઓએ મવાલીઓને કહ્યું.

એટલું કહીને ઝાર્કિનખાન અને કારભારીઓ એ કુકરમીઓના ટોળામાં આંટા મારવા લાગ્યા અને જવાબની વાટ જોવા લાગ્યા. પણ કોઈ કંઈ બોલ્યું નહિ. માંસથી ભરેલાં મોં વડે જાણે બોલી શકતા ન હોય એમ ઠગારા ને મવાલીઓ નદ્દન ચુપ રહ્યા. કારભારીઓએ વળી પાછો એનો એ સવાલ કર્યો પણ તોયે લફંગાની આખી ટોળકી મૂંગી જ રહી. એટલામાં એક કાણો ને ભયંકર લુચ્ચો ધુતારો અચાનક ઊભો થઈ ગયો અને ખમીસ ખોલીને છાતી ઠોકતો બોલી ઊઠયો:

"મને એક તરકીબ સૂઝી છે!"

ઝાર્કિનખાન એકદમ ખુશ થઈ ગયો અને એણે ફરમાન કર્યું:

"ઝટ બોલ, શી તરકીબ છે તારી?"

કાણો ધુતારો બોલ્યો:

"બાણાવળીને આપ 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ જઈને 'કોઈ જાણતું ન હોય' એવી ચીજ લઈ આવવાનો હુકમ કરો. ઘાટ, કદ, કે ઠેકાણા વગરની ચીજ ગોતવા એ રખડપટ્ટી કરતો રહેશે. એવી ચીજ એને ક્યાંય મળશે જ નહિ. એટલે અહીં આવીને મોં બતાવવાની એ હિંમત જ નહિ કરે."

કાણા માણસની વાત સાંભળીને ઝાર્કિનખાન અને બધા કારભારીઓ રાજી

રાજી થઈ ગયા. એમણે એને મૂલ્યવાન બક્ષિસો આપીને રજા આપી.

બાણાવળીને નવું ફરમાન આપવાનું બહાનું ઊભું કરવા ખાતર ખાને ફરી વાર સખત માંદગીનો ઢોંગ કર્યો. બાણાવળીને બોલાવીને એણે ઊંહકારા કરતા અને નિસાસા નાખતાં કહ્યું:

"વળી પાછો હું સખત માંદગીમાં પટકાઈ ગયો છું. 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ જઈને 'કોઈ જાણતું ન હોય' એવી ચીજ તું લઈ આવે તો જ મારો રોગ મટે એમ છે. તારા સિવાય બીજા કોઈથી એ કામ થાય એમ નથી. તું એકદમ રવાના થઈ જા અને મારે માટે એવી ચીજ લઈ આવ કે જેને કદ ન હોય, ઘાટ ન હોય અને ઠેકાણું ન હોય."

બાણાવળીએ પૂછ્યું: "પણ ક્યાં જાઉં અને શું લઈ આવું?"

ઝાર્કિનખાને અધીરાઈથી જવાબ દીધો: "એ કંઈ હું ન જાણું. મને તો બસ એટલી જ ખબર છે કે તું એકલો જ આ કામ કરી શકે એમ છે. તું પણ ન કરી શકે તો મારું મોત નક્કી છે."

એમ બોલીને એણે મોટેથી ઊંહકારા કરવાનું અને સખત પીડા થતી હોય એમ વળ લેવાનું શરૂ કરી દીધું.

બાણાવળી તંબુમાં પાછો ગયો અને વિચાર કરવા લાગ્યો કે હવે શું કરવું. ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી એ વિચાર કરતો રહ્યો. દિવસે એ ટેકરીની ટોચ ઉપર જઈને બેસતો. રાતે એને મટકું મારવા જેટલીયે ઊંઘ આવતી નહિ. ઊનની જાડી સાદડી ઉપર પડયો પડયો એ આખી રાત પડખાં ફેરવ્યા કરતો અને વલખાં માર્યા કરતો. એણે ખૂબ ખૂબ વિચાર કર્યો પણ કોઈ ઉપાય એને સૂઝયો નહિ. વહુને ફિકરથી બચાવવા એણે એક શબ્દ સરખોયે એને કહ્યો નહિ.

ત્રણ દિવસ વીતી ગયા પછી બાણાવળીએ ઘોડો પલાણ્યો.

એણે મનમાં ને મનમાં વિચાર્યું: "ચાલ જીવ, નાકની દાંડીએ દાંડીએ આગળ વધતો જઈશ તો કદાચ એવી જગ્યાએ પહોંચી જઈશ કે જ્યાં ખાન મને મોકલવા માગે છે." એ ઠેકડો મારીને ઘોડા ઉપર સવાર થઈ ગયો અને વહુને જુહાર કરવા એણે સાદ કરીને એને બોલાવી.

વહુએ આવીને જોયું કે બાણાવળી ઘોડે ચડીને નીકળવાની તૈયારીમાં છે.

એણે પૂછ્યું :

"ક્યાં જવા તૈયાર થયા છો?"

બાણાવળીએ જવાબ દીધો: "ખાન વળી પાછા માંદા પડ્યા છે. એમણે મને 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ જઈને 'કોઈ જાણતું ન હોય' એવી ચીજ લઈ આવવાનું ફરમાન કર્યું છે."

સાંભળીને બાણાવળીની વહુ બોલી: "ઘોડે ચડીને ત્યાં નહિ જવાય, પગપાળા જ જાઓ. આ લો દોરાનો દડો. ત્રણ ડગલાં ભરીને પછી એને નીચે ફેંકજો. એ દડતો જ્યાં જાય ત્યાં તમારે જવું. અને આ સોનાની કાંસકી પણ ભેગી લઈ લો. રોજ સવારે આ કાંસકી વડે વાળ ઓળજો."

બાણાવળી વહુને જુહાર કરીને ચાલવા લાગ્યો. ત્રણ ડગલાં ભરીને એણે દોરાનો દડો નીચે ફેંક્યો. દડો ખૂબ ઝડપથી દડવા લાગ્યો અને બાણાવળી એની પાછળ પાછળ ચાલ્યો.

દડાની પાછળ પાછળ ચાલતાં ચાલતાં બાણાવળીએ ખારા પાણીની ખાડીઓ ને કાદવિયાં કળણ વટાવ્યાં, ડુંગરમાળાઓ ને ખીણો ઓળંગી, સરોવરો ને મેદાનો પાર કર્યાં, અને ગીચ ઝાડીઓમાંથી મારગ કાઢ્યા. બાણાવળી તો દિવસે રોટલાપાણી કરવાય ન રોકાય અને રાતે આરામ કરવાય ન રોકાય. ચાલતાં ચાલતાં કેટલા દિવસો, અઠવાડિયાં, કે મહિના વીતી ગયા એની ગણતરી કરવાનો ખ્યાલ પણ એને ન રહ્યો. દોરાનો દડો દડતો દડતો વિશાળ અંધારિયા વનમાં પહોંચ્યો. બાણાવળી પણ વનમાં દાખલ થયો અને દડાની પાછળ પાછળ ચાલતો ગયો. આરામ કે નીંદર વગર એ દિનરાત ચાલતો રહ્યો અને દોરાનો દડો દડતો રહ્યો. દડો આખરે ઊનના નાનકડા તંબુ પાસે પહોંચીને અચાનક એવી રીતે અલોપ થઈ ગયો કે જાણે હવામાં ઓગળી ગયો હોય.

બાણાવળીને થયું: "હવે શું કરવું? ચાલ, આ તંબુમાં જાઉં."

ઊનનો જાડો પડદો ઊંચો કરીને એ તંબુમાં દાખલ થયો. અંદર ખૂબ ખૂબ રૂપાળી ટચૂકડી બાઈ બેઠી હતી.

એણે બાણાવળીને પૂછ્યું: "તમે કોણ છો, ક્યાંથી આવો છો, અને ક્યાં જવા નીકળ્યા છો?"

બાણાવળીએ જવાબ આપ્યો: "હું ખાનનો બાણાવળી છું, અને 'કોઈ જાણતું ન હોય' એવી ચીજ લઈ આવવા 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ જવા નીકળ્યો છું."

ટચૂકડી બાઈએ બાણાવળીને વધારે કંઈ પૂછ્યા વગર એની સામે ખાવાનું હાજર કરી દીધું, અને એણે ખાઈ લીધું એટલે પથારી પાથરી દીધી. બાણાવળી આડો પડતાં જ ઘસઘસાટ ઊંઘી ગયો.

સવારે ઊઠીને બાણાવળીએ હાથમોં ધોઈ લીધાં. પછી એ સોનાની કાંસકી વડે વાળ ઓળવા લાગ્યો. નાનકડા તંબુની ટચૂકડી બાઈએ સોનાની કાંસકી જોઈને એને પૂછ્યું:

"આ સોનાની કાંસકી તમને ક્યાંથી મળી?"

બાણાવળીએ જવાબ આપ્યો: "મારી વહુએ આપી છે."

ટચૂકડી બાઈની ખુશીનો પાર ન રહ્યો. એણે કહ્યું: "તમે તો મારા સગા નીકળ્યા. તમારી વહુ મારી નાની બહેન છે. તમે આ વાત મને કાલે જ કેમ ન કહી?"

ખાવા પીવાની ભાતભાતની લહેજતદાર વાનગીઓ એની સામે મૂકીને બાઈ બોલી:

"આવી લાંબી અને આકરી મુસાફરી પછી તમારા પગનો થાક જરાક ઉતારો. મારે ત્યાં હજુ ત્રણ દિવસ રોકાઈ જાઓ."

બાણાવળીએ રાજી થઈને કબૂલ કર્યું અને ટચૂકડી બાઈને ત્યાં એ ત્રણ દિવસ વધારે રોકાઈ ગયો.

બાણાવળીએ મનભર આરામ કરી લીધો એટલે ત્રીજે દિવસે ટચૂકડી બાઈ બોલી:

"હવે મને વાત કરો કે તમારે ક્યાં અને શું કરવા જવું છે."

બાણાવળીએ આખી વાત માંડીને કરી: "મારા ખાન સખત માંદગીમાં પટકાઈ ગયા છે. એમણે ફરમાન કર્યું છે કે મારે 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ જઈને 'કોઈ જાણતું ન હોય' એવી ચીજ લઈ આવવી. એવી ચીજ શું હોય એની મને તો ખબર જ નથી. મારી વહુ એટલે તમારી નાની બહેને મને

દોરાનો દડો આપ્યો અને એની પાછળ પાછળ જવાનું કહ્યું. દડો મને તમારી કને લઈ આવ્યો. પણ મારે હવે આગળ કઈ તરફ જવું એની મને સમજણ નથી પડતી. દોરાનો દડો તો અહીં પહોંચતાં જ અલોપ થઈ ગયો છે."

આખી વાત સાંભળી લીધા પછી નાનકડા તંબુની ટચૂકડી બાઈ બાણાવળીને રેશમી દોરાનો દડો આપીને બોલી:

"આ દડાની પાછળ પાછળ ચાલ્યા જાઓ. એ તમને મારી મોટી બહેનને ત્યાં લઈ જશે. મારી મોટી બહેન કદાચ તમને જણાવી શકશે કે ઘાટ, કદ, કે ઠેકાણા વગરની ચીજ ગોતવા તમારે ક્યાં જવું."

બાણાવળી રેશમી દોરાના દડાને દડતો મૂકીને એની પાછળ પાછળ ચાલી નીકળ્યો. રસ્તામાં એક ઘડી પણ વિસામો ખાધા વગર એ તો દિવસ પછી દિવસ અને રાત પછી રાત ચાલતો જ ગયો. વિશાળ અંધારિયા વનને પાછળ મૂકીને એ ત્રીસ દિવસ અને ત્રીસ રાત વેરાન વગડામાં ચાલતો રહ્યો. આખરે એ પહેલા વન જેવા જ એક બીજા વિશાળ અંધારિયા વનમાં પહોંચ્યો.

રેશમી દોરાનો દડો ગીચ વનમાં ઝાડ અને છોડવાને ચકરાવા લેતા આગળ ને આગળ દડતો ગયો. ડાળખીઓ ઘસાવાથી બાણાવળીના હાથ ઉપર ઉઝરડા પડયા અને એના મોં ઉપર ડાળીઓની ઝાપત વાગતી રહી, પણ મુદ્દલ રોકાયા વગર એ આગળ ને આગળ ચાલતો ગયો.

દોરાનો દડો આખરે વનની વચ્ચે આવેલા ઉનના નાનકડા તંબુ પાસે પહોંચીને અલોપ થઈ ગયો.

રૂપના અંબાર સમી ટચૂકડી બાઈ તંબુમાંથી બહાર આવી અને બાણાવળીને પૂછવા લાગી: "તમે કોણ છો, ક્યાંથી આવો છો, અને ક્યાં જવા નીકળ્યા છો?"

બાણાવળીએ જવાબ દીધો: "હું મુસાફર છું, બહુ દૂરથી આવું છું અને હજી બહુ દૂર જવા નીકળ્યો છું."

નાનકડા તંબુની ટચૂકડી બાઈએ બાણાવળીને વધારે કંઈ પૂછ્યું નહિ. એને અંદર બોલાવીને એણે ખાવા પીવાનું આપ્યું અને પથારી પાથરી દીધી.

બાણાવળીએ સવારે ઊઠીને હાથમોં ધોયાં. પછી સોનાની કાંસકી કાઢીને

એ વાળ ઓળવા લાગ્યો. નાનકડા તંબુની ટચૂકડી બાઈએ સોનાની કાંસકી જોઈને એને પૂછ્યું :

"આ સોનાની કાંસકી તમને ક્યાંથી મળી?"

બાણાવળીએ જવાબ દીધો: "મારી વહુએ આપી છે."

ટચૂકડી બાઈનો ચહેરો ખુશીથી ઝગમગી ઊઠ્યો અને એ બોલી:

"તમે તો મારા સગા નીકળ્યા. તમારી વહુ મારી સૌથી નાનેરી બહેન થાય. તમે આ વાત મને કાલે જ કેમ ન કહી?"

એમ કહીને એણે ઘરમાં હતી એટલી બધી ખાવા પીવાની લહેજતદાર ચીજો હાજર કરી દીધી અને બાણાવળીની ખૂબ ભાવથી પરોણાગત કરી.

બાણાવળીએ ધરાઈને ખાઈ પી લીધું એટલે એ બોલી: "ચાલી ચાલીને તમારા પગ ખૂબ થાકી ગયા હશે. હવે એને આરામ આપો અને થોડો વખત મારે ત્યાં રોકાઈ જાઓ."

બાણાવળીએ ટચૂકડી બાઈના તંબુમાં ત્રણ દિવસ અને ત્રણ રાત ગાળ્યાં. ચોથે દિવસે બાઈએ બાણાવળીને પૂછ્યું કે તમે ક્યાં જવા અને શા કાજે નીકળ્યા છો.

"મારાથી કોઈ વાત છુપાવશો નહિ," બાઈ બોલી.

બાણાવળીએ ટચૂકડી બાઈને આખી વાત માંડીને કરી કે પોતે ક્યાં જવા અને શા કાજે નીકળ્યો છે. એની વાત ધ્યાનથી સાંભળીને ટચૂકડી બાઈ માથું હલાવતી બોલી:

"તમારે જ્યાં જવું છે એ જગ્યાની મને તો ખબર નથી. પણ ઊભા રહો, હમણાં મારા મદદગારોને પૂછી જોઉં છું. કદાચ એમને ખબર હોય."

એણે તરત એક સોનેરી તુરાઈ કાઢી અને બહાર જઈને એને જોરથી વગાડી.

એમાંથી એકસો ને આઠ કરુણ અને બાસઠ ખુશાલ સૂર ગુંજી ઊઠ્યા. સૂર સાંભળીને જાતજાતનાં ખેચર વનચર દોડી આવ્યાં. વનવગડાનાં જનાવરો આવ્યાં, આકાશમાં ઊડતાં પંખી આવ્યાં, અને ભોંયમાં વસતાં જીવજંતુ આવ્યાં. એ બધાં નાનકડા તંબુની ટચૂકડી બાઈ ફરતું કૂંડાળું રચીને બેસી ગયાં.

પછી ટચૂકડી બાઈ બોલી:

"પશુઓ અને પંખીઓ, તમે મનફાવે ત્યાં જાઓ છો, જમીન ઉપર દૂર દૂર રખડો છો, અને આકાશમાં અમાપ અંતરે ઊડો છો. તમે બધું જાણો છો અને બધું સાંભળો છો. તમારામાંથી કોઈને ખબર છે કે ઘાટ, કદ, કે ઠેકાણા વગરની ચીજ ક્યાં મળે? જેને ખબર હોય એ આગળ આવીને બોલે કે 'મને ખબર છે'. જેને ખબર ન હોય એ 'અમને ખબર નથી' એમ બોલીને પોતપોતાને ઠેકાણે પાછાં ચાલ્યાં જાય."

પંખી બોલ્યાં:

"અમને ખબર નથી!" અને સૌ તરત આકાશમાં ઊડી ગયાં.

જનાવરો બોલ્યાં:

"અમને ખબર નથી!" અને સૌ તરત દોડતાં વનવગડામાં ચાલ્યાં ગયાં.

જીવજંતુ બોલ્યાં:

"અમને ખબર નથી!" અને સૌ તરત પોતપોતાને રસ્તે રવાના થઈ ગયાં.

ટચૂકડી બાઈએ વળી પાછી તુરાઈ હાથમાં લઈને જોરથી વગાડી. એમાંથી એકસો આઠ કરુણ અને બાસઠ ખુશાલ સૂર નીકળ્યા. સૂર સાંભળીને પાણીની દુનિયાનાં બધાં જલચરો આવી પહોંચ્યાં અને બાઈ ફરતું કૂંડાળું રચીને બેસી ગયાં. એમાં જાતજાતનાં માછલાં હતાં, દેડકાં હતાં, કાચબા હતા, સાપ હતા, અને કરચલા હતા.

બધાં ભેગાં થઈ ગયાં એટલે નાનકડા તંબુની ટચૂકડી બાઈ બોલી:

"જલચરો, તમે મનફાવે ત્યાં જાઓ છો, દૂર દૂરના જળમાં જઈને તરો છો, તમે બધું જાણો છો અને બધું સાંભળો છો. મારી વાતનો જવાબ આપો: તમારામાંથી કોઈને ખબર છે કે ઘાટ, કદ કે ઠેકાણા વગરની ચીજ ક્યાં મળે? જેને ખબર હોય એ આગળ આવીને બોલે કે 'મને ખબર છે'. જેને ખબર ન હોય એ 'અમને ખબર નથી' એમ બોલીને પોતપોતાને ઠેકાણે પાછાં ચાલ્યાં જાય."

"અમને ખબર નથી! અમને ખબર નથી! અમને ખબર નથી!" માછલાં બોલ્યાં, કાચબા બોલ્યા, સાપ બોલ્યા, દેડકાં બોલ્યાં અને કરચલા બોલ્યા. એમ બોલીને બધાં પોતપોતાનાં સરોવરોમાં, નદીઓમાં, અને ખાબોચિયાંમાં ચાલ્યાં ગયાં.

પણ એક મોટો કરચલો ગયો નહિ. પહેલાં એ ધીરે ધીરે પાણી તરફ ગયો, પછી પાછો તંબુ પાસે આવ્યો, અને વળી પાછો પાણી તરફ ચાલ્યો.

નાનકડા તંબુની ટચૂકડી બાઈ કરચલાને મૂંઝવણમાં પડેલો જોઈને બોલી:

"તું બધા કરચલાનો ખાન છે, ખરું ને?"

કરચલાએ જવાબ દીધો: "હા."

"તું શું જાણે છે? તેં શું સાંભળ્યું છે? તું શું કહેવા માગે છે? તેં સાંભળેલી વાત ભલે સાચી હોય કે ભલે ખોટી હોય, તું તારે જરાય ગભરાયા વગર ઝટ બોલી નાખ."

કરચલો બોલ્યો:

"મને જાણવા મળેલી વાત સાચી છે કે ખોટી એની મને ખબર નથી."

"ભલે સાચી હોય કે ભલે ખોટી હોય, પણ તારા મનમાં હોય એ વાત તું તારે કહી દે," નાનકડા તંબુની ટચૂકડી બાઈએ કરચલાને સમજાવીને કહ્યું.

"ભલે ત્યારે, સાંભળો," કરચલો બોલ્યો. "જેને ઘાટ, કદ, કે ઠેકાણા વગરની ચીજ ગોતવી હોય એ દખ્ખણાદા મારગે સફર ખેડે. એક મહિનાની સફર બાદ એ વિશાળ સાગરને કિનારે પહોંચી જશે. સાગરને ત્યાં ઓળંગી ન શકે તો એ આથમણી દિશા તરફ વળી જાય. એક મહિના સુધી આથમણી દિશામાં ચાલશે એટલે ઓવારો આવશે. ત્યાંથી છીછરા પાણીમાં સાગર ઓળંગીને એ સામે કાંઠે પહોંચશે એટલે પહોળો રસ્તો દેખાશે. એ દખ્ખણાદી બાજુ જાય છે. એ રસ્તે એક મહિના સુધી ચાલશે એટલે એને ઉગમણી બાજુ વિશાળ ગીચ વન દેખાશે. રસ્તા ઉપરથી બે પૈડાંનો ચીલો વન તરફ જાય છે. વન પાસે પહોંચતાં ચીલો ખતમ થઈ જાય છે. પછી આગળ શું છે એની મને ખબર નથી."

એટલું કહીને કરચલો ધીરે ધીરે તળાવમાં ચાલ્યો ગયો.

ટચૂકડી બાઈએ બાણાવળીને પૂછ્યું:

"કેમ, બહાદુર બાણાવળી, કરચલાના ખાનની વાત સાંભળી ને?"

"હા, સાંભળી," બાણાવળીએ જવાબ દીધો.

"તો પછી તમે હવે ઊપડો. તમે ગોતો છો એ ચીજ કદાચ તમને મળી પણ જાય. બીજા કોઈને તો એને વિશે કશી જ ખબર નથી. અહીંથી હવે તમારે

આપમેળે જ મારગ ગોતીને તલાશ કરવાની છે!"

એણે બાણાવળીને ભાતું બંધાવ્યું અને તૈયાર થવામાં મદદ કરી. પછી બાણાવળી એની રજા લઈને નીકળી પડયો.

એ તો એક પળ પણ ક્યાંય ખોટી થયા વગર દિવસ પછી દિવસ ચાલતો જ ગયો. ચાલતો ચાલતો સાગરને કિનારે પહોંચ્યો ત્યાં સુધીમાં આખો મહિનો વીતી ગયો. સાગર ઉપર નજર નાખતાં જ એને સમજાઈ ગયું કે અહીંથી સાગરને પાર કરવાનું કોઈ રીતે શક્ય નથી. એટલે એ કિનારે કિનારે આથમણી દિશામાં ચાલ્યો. એક મહિનો ચાલીને ઓવારે પહોંચ્યો. ત્યાંથી છીછરા પાણીમાં સાગરને પાર કરીને સામે કાંઠે ગયો, અને પહોળા રસ્તા ઉપર એક મહિના સુધી ચાલતો રહ્યો. આખરે એને ઉગમણી દિશામાં વિશાળ ગીચ વન દેખાયું. એક પળ પણ થોભ્યા વગર એ આગળ ચાલ્યો અને બે પૈડાંના ચીલા પાસે પહોંચ્યો. રસ્તો મૂકીને એ ચીલાને મારગે વળી ગયો. ત્રણ દિવસ અને ત્રણ રાત ચાલ્યા પછી વન પાસે પહોંચ્યો.

એ તરત વનમાં દાખલ થઈ ગયો. બે પૈડાંનો ચીલો ઝાડ પછી ઝાડને ચકરાવા લેતો આગળ જતો હતો. ચીલા ઉપર ચાલતાં ચાલતાં આગળ બેહદ ગીચ ઝાડી આવી અને ચીલો ત્યાં એકાએક ખતમ થઈ ગયો. ઝાડીમાં ચાલવાનું મુશ્કેલ હતું પણ બાણાવળી જેમતેમ મારગ કરતો કરતો ધીરે ધીરે આગળ વધ્યો. એક ઠેકાણે ઝાડ ખૂબ ઊંચાં અને ઘટાદાર હતાં. ઝાડની ડાળીઓ આકાશમાં એવી રીતે છવાઈ ગઈ હતી કે સૂરજનું એક કિરણ કે પ્રકાશની એક રેખા પણ એને વીંધીને વનમાં દાખલ થઈ શકતાં નહોતાં. મારગ ક્યાંય દેખાતો નહોતો — સામે નહિ, જમણે નહિ, ને ડાબે પણ નહિ. બાણાવળી ઊભો રહીને વિચાર કરવા લાગ્યા:

"હવે શું કરવું? એટલે દૂર સુધી આવી ગયો છું કે હવે તો પાછા જવાનું પણ શક્ય નથી."

એણે આમતેમ નજર દોડાવી તો અચાનક જમીનમાં ખાડો દેખાયો. ખાડામાં ઊતરતાં એ ભોંયરા જેવા માર્ગ ઉપર પહોંચી ગયો. અંધારામાં ભીંતે હાથ મૂકતો એ આગળ ચાલ્યો. ચાલતો ચાલતો એ અજબ ઝૂંપડા પાસે પહોંચ્યો. ભોંય

ખોદીને ઊંડાણમાં બાંધેલું ઝૂંપડું હતું. એણે અંદર જઈને ચોતરફ નજર ફેરવી પણ કોઈ દેખાયું નહિ. એણે કાન સરવા કરીને સાંભળવાની કોશિશ કરી પણ કશો અવાજ સંભળાયો નહિ. છતાં એને લાગ્યું કે ઝૂંપડામાં અવારનવાર કોઈ આવે છે જરૂર.

બાણાવળીને થયું: "ઝૂંપડામાં કોણ રહે છે એની તો મને ખબર નથી. એટલે સંભાળીને રહું તો ઠીક, નહિતર ક્યાંક આફતમાં ફ્લાઈ જઈશ."

ભીંતમાં મોટી ફાટ જોઈને બાણાવળી એમાં લપાઈ ગયો અને તરત આંખ ઘેરાતાં ઘસઘસાટ ઊંઘી ગયો.

ઊંઘમાં ને ઊંઘમાં એણે ગાડાનાં પૈડાંનો ઘરઘરાટ સાંભળ્યો. અવાજ ખૂબ ભારે હતો એટલે એ સમજી ગયો કે આ કોઈ સાધારણ ગાડું નથી.

ફાટમાં સરખી રીતે છુપાઈને ઉંદરની જેમ ચુપચાપ પડયો પડયો એ વિચાર કરવા લાગ્યો:

"કોને ખબર હવે શું થશે!"

પહેલાં એને ઝૂંપડાના બારણા આગળ ગાડું ઊભું રહી જવાનો અવાજ સંભળાયો. પછી એક જુવાન રાક્ષસ ઝૂંપડામાં દાખલ થયો. એનો દેખાવ ભારે બિહામણો હતો. એણે સરસ પોશાક પહેર્યો હતો અને કીંમતી હથિયાર બાંધ્યાં હતાં. એણે હથિયાર ઉતારીને એક ભીંતે ટાંગ્યાં અને કપડાં ઉતારીને સામી ભીંતે ટાંગ્યાં. પછી એ પલાંઠી વાળીને બેઠો અને બોલ્યો:

"મુર્ઝા, હાજર થઈ જા, મને ભૂખ લાગી છે!"

એના હોઠેથી બોલ નીકળ્યા ન નીકળ્યા ત્યાં તો એની આગળ પીળાં ફૂલની ભાતવાળું પાથરણું પોતાની મેળે પથરાઈ ગયું અને એની ઉપર ખૂબ લહેજતદાર ખાનપાન તથા તાજાં ફળફળાદિ પીરસાઈ ગયાં. બધી ચીજો મોંમાં પાણી આવે અને હૈયામાં ઉમાંગ ઊપજે એવી હતી.

રાક્ષસે ધરાઈને ખાઈ પી લીધું અને પછી એ બોલ્યો:

"મુર્ઝા, હાજર થઈ જા, આ બધું સાફ કરી દે!"

તરત જ પીળાં ફૂલની ભાતવાળું પાથરણું, થાળીઓ, કુંજા, પ્યાલા, બધું જાણે હવામાં ઓગળી ગયું હોય એમ ગાયબ થઈ ગયું.

રાક્ષસે પાછાં કપડાં પહેરી લીધાં, હથિયાર બાંધી લીધાં, અને એ ભોંયરાના ઝૂંપડામાંથી બહાર ચાલ્યો ગયો. ગાડાનાં પૈડાંનો ઘરઘરાટ અને ધણધણાટ થોડી વારમાં જ આઘે ને આઘે જતો હોય એમ ધીમો પડતો ગયો. રાક્ષસ પાછો ચાલ્યો ગયો હતો.

બાણાવળી ફાટમાંથી ધીરે ધીરે બહાર નીકળ્યો. એણે ધ્યાનથી આમતેમ નજર ફેરવી પણ ભોંયરામાં ન તો કોઈ ચીજવસ્તુ દેખાઈ કે ન કોઈ ઇન્સાન નજરે પડયો. એ ત્યાં ઊભો ઊભો વિચાર કરવા લાગ્યો:

"ગાડામાં બેસીને આવેલો રાક્ષસ કોણ હશે? એને આવી લહેજતદાર વાનગીઓ પીરસનાર કોણ હશે? રાક્ષસે ખાતી વેળા જેને હાથ પણ નહોતો અડાડયો એ ચીજો ક્યાં ગાયબ થઈ ગઈ? ચાલ, હું પણ એની જેમ કરીને જોઉં તો ખરો કે શું થાય છે!"

બાણાવળીએ હથિયાર અને કપડાં ઉતારીને રાક્ષસની જેમ સામસામી ભીંતે ખીંટીઓ ઉપર ટાંગી દીધાં. પછી એ ઊનની સાદડી ઉપર પલાંઠી વાળીને બેઠો અને બોલ્યો:

"મુર્ઝા, હાજર થઈ જા, મને ભૂખ લાગી છે!"

તરત જ પીળાં ફૂલની ભાતવાળું પાથરણું એની આગળ આપમેળે પથરાઈ ગયું અને એની ઉપર ખાનપાનની ખૂબ લહેજતદાર વાનગીઓ પીરસાઈ ગઈ. બધી ચીજો મોંમાં પાણી આવે અને હૈયામાં ઉમંગ ઊપજે એવી હતી.

બાણાવળીએ પેટ ભરીને ખાધું પીધું અને પછી એ બોલ્યો:

"તું ક્યાં છો, મુર્ઝા? આવીને મારી ભેગો બેસી જા અને તને જે ભાવે એ ધરાઈને ખાઈ પી લે."

સાંભળીને મુર્ઝા આવ્યો અને એની પાસે બેસીને ખાવા લાગ્યો. ખાઈ લીધા પછી એ બોલ્યો:

"થોડી વાર પહેલાં જે રાક્ષસ આવ્યો હતો એને હું ત્રીસ ત્રીસ વરસથી રોજ સવારસાંજ ખાનપાન પીરસતો આવ્યો છું. એણે મને એકેય વાર એની જોડે બેસીને જમવા બોલાવ્યો નથી. પણ તમે એવા નથી. તમને તો મેં ફક્ત એક જ વાર ખાનપાન પીરસ્યું છે. છતાં તમે મારો ખ્યાલ રાખીને મને તમારી

ભેગો ખાવા પીવાની મઝા માણવા બોલાવ્યો. તમારી જોડે રહેવામાં મને વધારે સુખ મળશે. મને ભેગો લઈ જાઓ."

"ખુશીથી," બાણાવળીએ જવાબ દીધો. "હવે મને સમજાય છે કે અજાણતાં હું તારી જ તલાશમાં નીકળેલો અને તું મને આમ અણધાર્યો મળી ગયો."

"ઠીક, તો આજથી હું તમારો ગુલામ છું. તમે જ્યાં જશો ત્યાં હું તમારી પાછળ પાછળ આવીશ," મુર્ઝા બોલ્યો.

"બહુ સારું," બાણાવળીએ કહ્યું. "આજથી એમ જ કરજે."

બન્ને ભોંયરાના ઝૂંપડામાંથી બહાર આવ્યા અને ભેગા જ વનમાં માર્ગ કરતા ચાલવા લાગ્યા. મુર્ઝા બાણાવળીની પડખે જ ચાલતો હતો પણ નજરે પડતો નહોતો.

કોઈ નથી જાણતું કે એ બેઉ ઝાઝું ચાલ્યા હશે કે થોડું. અચાનક એમને પૈડાંનો ભારે ઘરઘરાટ સંભળાયો. અવાજ સાંભળીને મુર્ઝાએ બાણાવળીને કહ્યું:

"આ તો મારા આગલા માલિકના ગાડાનો જ અવાજ. એનું ગાડું આઠ ઘોડાનું છે. દરેક કાળા ઘોડાને માથે સફેદ તારલિયો ચમકે છે. એને ભૂખ લાગી હશે. ઝૂંપડામાં જઈને એ મને ખાવાનું પીરસવા સાદ દેશે. પણ એના સાદનો જવાબ દેનારું હવે ત્યાં કોઈ નહિ હોય."

બન્ને આગળ ચાલતા રહ્યા અને છેક મોડી સાંજે કોઈ તદ્દન સૂમસામ અને વેરાન જગ્યાએ પહોંચ્યા. ત્યાં કાળો પડી ગયેલો ધુમાડિયો તંબુ હતો. તંબુનું ઊનનું આવરણ ગળી ગયું હતું અને એમાં કાણાં પડી ગયાં હતાં.

બાણાવળી તંબુમાં ગયો. અંદર કોઈ સાધુ માથું નમાવીને ધ્યાનમાં તલ્લીન બેઠો હતો. એને તો ખબર પણ ન પડી કે તંબુમાં કોઈ આવ્યું છે.

"ઓ જ્ઞાની સાધુ મહારાજ," બાણાવળી બોલ્યો, "હું આપને એક અરજ કરવા ઊભો છું. દયા કરીને આપના તંબુમાં મને રાતવાસો રહેવા દો."

સાધુ ધ્યાનમાંથી જાગીને બોલ્યો:

"આ પહેલાં કાળા માથાનો કોઈ માનવી અહીં આવ્યો નથી. તું ક્યાંથી આવ્યો છે અને ક્યાં જવા નીકળ્યો છે?"

"મારા ખાનના ફરમાન મુજબ મેં દૂર દૂરના દેશોની સફર ખેડી છે. હવે હું પાછો ઘેર જઈ રહ્યો છું," બાણાવળીએ જવાબ દીધો.

"તું ખુશીથી અહીં રાત રહી શકે છે," સાધુએ કહ્યું. "પણ મારી પાસે ખાવા પીવાનું મુદ્દલ નથી; નથી રોટી, નથી શાક, નથી ચા, કશું જ નથી. મારા તંબુમાં તો વાસણ કે બાજોઠ જેવી પણ એકેય ચીજ નથી."

"મારે કશું નથી જોઈતું," બાણાવળી બોલ્યો, "મારે તો ફક્ત રાત ગાળવા જગ્યાની જ જરૂર છે."

"એમ હોય તો તું તારે ભલે અહીં રાત રહે, ભાઈ!" એટલું કહીને સાધુ પાછો માથું નમાવીને ધ્યાનમાં લીન થઈ ગયો. રાતે સૂતાં પહેલાં સાધુ પોતાની પાસે જે કંઈ હતું એ કાઢીને ખાવા બેઠો. એના ભોજનમાં ખડક ઉપરથી વીણેલાં જંગલી બોર અને વનમાંથી ભેગાં કરેલાં કંદમૂળ હતાં.

બેસીને ખાતાં ખાતાં સાધુએ બાણાવળીને કહ્યું:

"જો, આ છે મારો ખોરાક. આવો કંગાળ ખોરાક ખાવાનું તને કહેવાની મારામાં હિંમત નથી. વળી આવો ખોરાક પણ મારી પાસે વધારે નથી. મારી જિંદગી મેં જપધ્યાનમાં લગાવી દીધી છે એટલે ફળ લાવવાનો વખત મને બહુ ઓછો મળે છે."

પણ એની વાત સાંભળીને બાણાવળી જરાય અકળાયો નહિ.

"આપ આપનું ભોજન કરો," એણે કહ્યું, "હું મારું કરું છું." એમ કહીને એણે સાદ પાડ્યો:

"મુર્ઝા, હાજર થઈ જા, મને ભૂખ લાગી છે!"

એના હોઠેથી શબ્દો નીકળ્યા ન નીકળ્યા ત્યાં તો પીળાં ફૂલની ભાતવાળું પાથરણું આપમેળે એની આગળ પથરાઈ ગયું અને થાળીઓ ભરીને લહેજતદાર વાનગીઓ તથા કુંજા ભરીને છાશ પીરસાઈ ગઈ. જોઈને મોંમાં પાણી આવે અને હૈયામાં ઉમંગ ઊપજે એવી ચીજો હાજર થઈ ગઈ.

બાણાવળી લહેજતદાર ભોજનની મઝા માણવા બેઠો અને સાધુ તરફ જોઈને બોલ્યો: "જ્ઞાની સાધુ મહારાજ, આપ પણ મારી ભેગા બેસીને મારું ભોજન ચાખી જુઓ!"

અચરજમાં ડૂબેલો સાધુ બાણાવળી ભેગો જમવા બેઠો. એ ખાતો ગયો અને જુદી જુદી વાનગીઓનાં વખાણ કરતો ગયો. બાણાવળીએ મુર્ઝાને પણ ભેગો જમવા બોલાવ્યો.

સૌએ પેટ ભરીને જમી લીધુ એટલે બાણાવળીએ મુર્ઝાને કહ્યું:

"મુર્ઝા, આ બધું સાફ કરી દે!"

તરત જ પીળાં ફૂલની ભાતવાળા પાથરણા સમેત બધી ચીજો ગાયબ થઈ ગઈ.

મઝાની વાનગીઓ જમીને સાધુ ખૂબ ખુશ થઈ ગયો હતો. એણે બાણાવળીને વીનવ્યો કે મારી એક ચીજ જોડે મુર્ઝાની અદલાબદલી કર.

"બહાદુર બાણાવળી, તારો જદુઈ પાથરણાવાળો મુર્ઝા મને આપી દે," સાધુએ આજીજી કરી. "બદલામાં હું તને ખૂબ સરસ વસ્તુ આપીશ."

બાણાવળીએ સાફ ના પાડી: "મુર્ઝાની અદલાબદલી હું દુનિયાની કોઈ પણ ચીજ જોડે કરવા તૈયાર નથી. મને પોતાને જ મુર્ઝાની ખૂબ જરૂર છે."

પણ સાધુએ હઠ મૂકી નહિ. આખી રાત એ બાણાવળીને વીનવતો રહ્યો.

"માની જા, ભાઈ બાણાવળી," એણે કહ્યું, "મુર્ઝાના બદલામાં હું તને એનાથીયે વધારે અદ્ભુત વસ્તુ આપવા તૈયાર છું."

બાણાવળીએ કુતૂહલથી પૂછ્યું:

"એવી તે વળી કઈ ચીજ આપશો?"

"ચાલ, હમણાં જ બતાવું છું," એમ કહીને સાધુએ રેશમનો લાંબો રૂમાલ કાઢયો, અને પછી એ બાણાવળીને ઝૂંપડાની બહાર લઈ ગયો. બન્ને બહાર નીકળ્યા એટલે સાધુ રૂમાલને હવામાં ફરફરાવીને બોલ્યો:

"મહેલ બની જાય!"

એ જ પળે સામે ભવ્ય મહેલ ખડો થઈ ગયો. મહેલ એટલો ઊંચો હતો કે એની ટોચ ગગનને અડતી હોય એમ લાગે. દુનિયામાં જોટો ન મળે એવો અજોડ મહેલ હતો. એના બહારના ભાગમાં પરવાળાં, મોતી, અને રંગબેરંગી મૂલ્યવાન પથ્થરો જડેલા હતા. અંદરના ભાગની રચના અને દીવાલોની સજાવટ આંખને આંજી દે એવી હતી. એટલી જાહોજલાલી અને શોભા તો મોટામાં મોટા ખાનના મહેલમાં પણ જોવા ન મળે.

સાધુએ બાણાવળીને કહ્યું:

"બહાદુર બાણાવળી, તું હજી જુવાન છો એટલે આવો મહેલ તને ખપ લાગશે. મારે તો ફક્ત જીભને ભાવતો ખોરાક આપનારી ચીજની જ જરૂર છે. મારો જાદુઈ રૂમાલ તું લઈ જા અને પીળાં ફૂલોની ભાતવાળું પાથરણું પાથરતો મુર્ઝા મને આપી દે."

સાધુએ બાણાવળીને ખૂબ વીનવ્યો પણ બાણાવળી એકનો બે ન થયો.

"ના, ના," એ બોલ્યો, "મારાથી આપને મુર્ઝા કોઈ કાળે ન અપાય. એની વાત જ કરવી રહેવા દો."

એટલામાં મુર્ઝાએ એના કાનમાં કહ્યું:

"એની અદલાબદલીની વાત માની લો. એથી તમને મહેલ મળી જશે અને હું પણ તમારો જ ચાકર રહીશ."

મુર્ઝાની વાત માની લઈને એ સાધુ જોડે અદલાબદલી કરવા તૈયાર થઈ ગયો.

પછી સાધુ વળી પાછો જાદુઈ રૂમાલ ફરફરાવીને બોલ્યો:

"મહેલ, અલોપ થઈ જા!"

તરત મહેલ અલોપ થઈ ગયો.

બાણાવળીએ જાદુઈ રૂમાલ એની પાસેથી લઈ લીધો અને કહ્યું:

"વારુ, હવે મુર્ઝા આપનો."

સાધુને જુહાર કરીને એ પોતાને રસ્તે આગળ ચાલ્યો.

ચાલતો ચાલતો એ પહાડી ખીણના માર્ગે પહોંચ્યો. શિખર ફરતો ચકરાવો લઈને જતાં જતાં એ મનમાં વિચાર કરવા લાગ્યો:

"મેં અવિચારી કામ કર્યું છે. મુર્ઝાની અદલાબદલી ન કરી હોત તો સારું હતું. હવે મારી કને આ ભવ્ય મહેલ તો છે પણ મુર્ઝા નથી. મુર્ઝા અત્યારે ક્યાં હશે અને શું કરતો હશે?"

અચાનક એને બીજા કોઈનો નહિ પણ મુર્ઝાનો જ અવાજ સંભળાયો:

"બહાદુર બાણાવળી, અફસોસ કરો મા, હું તમારી ભેગો જ છું. ખાતરી રાખજો કે હું તમારાથી અળગો ક્યારેય નહિ જ થાઉં."

બાણાવળીએ એને પૂછ્યું:

"પણ સાધુનું શું?"

મુર્ઝાએ જવાબ દીધો: "સાધુ ભલે જપધ્યાન કર્યા કરે. હું એની ચાકરી કરવા તૈયાર નથી."

બાણાવળી તો ખૂબ ખુશ થઈ ગયો અને આગળ ચાલ્યો. પોતાની જુવાન અને રૂપાળી વહુ પાસે પહોંચી જવા એ એટલો બધો આતુર હતો કે ચાલતો ચાલતો વારંવાર દોડવા લાગી જતો. ક્યાંય જરાય રોકાયા વગર અને વીતી જતાં દિનરાતને ગણવાની પરવા કર્યા વગર એ આગળ ધપતો જ રહ્યો અને આખરે સાગરને કિનારે પહોંચી ગયો.

એને થયું: "સાગર ફરતો આંટો લઈને જવું પડશે તો વળી પાછો આખો મહિનો બગડશે. તપાસ કરી જોઉં તો વખતે કોઈ ખારવા મળી જાય!"

એમ વિચારીને એ કિનારે કિનારે ચાલવા લાગ્યો. આગળ જઈને જુએ છે તો મોટું વહાણ લંગર નાખીને ઊભું છે. વહાણમાં ઘણા સૈનિકો હતા અને એ બધા સામે કાંઠે જવાની વાટ જોતા હતા. બાણાવળી નજીક જઈને બોલ્યો: "બહાદુર સૈનિકો, હું ખૂબ ખૂબ દૂરથી આવ્યો છું. મહેરબાની કરીને મને તમારી ભેગો સામે કાંઠે લઈ જાઓ."

સૈનિકોનો સરદાર બોલ્યો: "ખુશીથી, આવી જા ઉપર."

બાણાવળી વહાણ ઉપર ચડયો અને સૈનિકોની ભેગો સામે કાંઠે જવા રવાના થઈ ગયો.

થોડી વાર પછી સૈનિકોને ભૂખ લાગી એટલે એ બધા ખાવા બેઠા. બાણાવળીએ અરજ કરી:

"મને પણ થોડુંક ખાવાનું આપો ને!"

"આ તો મઝાની વાત થઈ!" સૈનિકો તડૂકી ઊઠયા. "એક તો તને વહાણ ઉપર આવવા દીધો, અને ઉપરથી હવે તું ખાવાનુંયે માગવા માંડયો! અમને તારી જોડે શી લેવાદેવા? અમને તો દરેકને હિસાબનું જ ખાવાનું મળે છે. એમાંથી કોઈને ભાગ આપવાનું શક્ય જ નથી."

બાણાવળી બોલ્યો:

"તમને હિસાબનું જ ખાવાનું મળે, પણ મારું એવું નથી. હું ધારું તો

તમને બધાયને પેટ ભરીને ખવડાવું, અને તોય એટલું બચી જાય કે તમારા જેટલા જ બીજા માણસોનું પેટ એમાંથી ભરાય."

સૈનિકોનાં મનમાં એકદમ ચોટ લાગી ગઈ. બધા ગુસ્સે ભરાઈને ગરજી ઊઠયા:

"બડાઈખોર! જૂઠાબોલો ક્યાંનો!" પછી એમણે સરદાર પાસે જઈને આખી વાત એને જણાવી.

સરદારે તરત બાણાવળીને બોલાવીને કહ્યું:

"મને હમણાં જ ખબર પડી કે મારા બધા સૈનિકોને અત્યારે ને અત્યારે ખાવાનું પૂરું પાડવાની ડંફાસ તું હાંકે છે, ખરી વાત છે?"

બાણાવળીએ જવાબ આપ્યો: "મેં તો ફક્ત સાચી વાત જ કહી છે."

"તો પછી તું જે બોલ્યો છે એ કરી બતાવ એટલે અમે માનીએ કે તું ઈમાનદાર અને સાચાબોલો છે. પણ તારી ડંફાસ ખોટી ઠરે તો દયાની આશા રાખતો નહિ. અમે તારા ગળામાં બળદ જેવડી મોટી શિલા બાંધીને તને સાગરમાં ફેંકી દઈશું.

"બહુ સારું," બાણાવળી બોલ્યો, "હું હમણાં જ સાબિત કરી દઉં છું કે મેં સાચી જ વાત કરી છે. ચાલો, બધા બેસી જાઓ બે પંગતમાં, પણ બેય પંગતની વચ્ચે સારી પેઠે ખાલી જગ્યા રાખવાનું ધ્યાન રાખજો."

બાણાવળીના કહેવા મુજબ બધા સૈનિકો સામસામી બે પંગતમાં ગોઠવાઈને બેસી ગયા. સૈનિકો એટલા બધા હતા કે બન્ને પંગત વહાણના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચી ગઈ.

બાણાવળી બોલ્યો: "મુર્ઝા, હાજર થઈ જા! આ બધા સૈનિકો ભૂખ્યા છે. એમને પેટ ભરીને ખાવાનું ખવડાવ!"

એ જ પળે બે પંગત વચ્ચેની જગ્યામાં વહાણને એક છેડેથી બીજા છેડા સુધી પીળાં ફૂલોની ભાતવાળું પાથરણું પથરાઈ ગયું, અને એની ઉપર ખાનપાનની ભાતભાતની ચીજો પીરસાઈ ગઈ. એમાં લહેજતદાર વાનગીઓ હતી, મઝેદાર પીણાં હતાં, અને જાતજાતનાં ફળ હતાં. ટૂંકમાં એટલું કે બધી ચીજો મોંમાં પાણી આવે અને હૈયામાં ઉમંગ ઊપજે એવી હતી.

સૈનિકોએ પેટ ભરીને ખાધું પીધું પણ ખોરાક જરાય ઓછો ન થયો. એટલો બધો ખોરાક બચી ગયો કે એટલા જ બીજા માણસ હોય તો પણ પેટ ભરીને ખાઈ શકે.

બાણાવળીએ પૂછ્યું: "બધાએ પેટ ભરીને ખાઈ લીધું છે ને?"

સૈનિકો એક અવાજ બોલી ઊઠયા: "હા!"

"સરસ!" બાણાવળી બોલ્યો, અને એણે મુર્ઝાને સાદ પાડયો: "મુર્ઝા, હાજર થઈ જા, અને આ બધું સાફ કરી દે!"

એ જ પળે બધું અલોપ થઈ ગયું. પાથરણું, થાળીઓ, કુંજા, પ્યાલા, બધું જ એકદમ અલોપ થઈ ગયું.

સૈનિકો અચરજમાં મોં ફાડીને જોઈ રહ્યા અને બોલ્યા:

"આવી અજબ કરામત તો જિંદગીમાં ક્યારેય નથી જોઈ!"

બધા માંહોમાંહે વાતચીત કરવા લાગ્યા અને બાણાવળી પાસેથી મુર્ઝા અને એનું જાદુઈ પાથરણું તફડાવી લેવાની તરકીબ વિચારવા લાગ્યા. પછી એમણે બાણાવળી પાસે જઈને એને કહ્યું:

"તારો મુર્ઝા અમને વેચાતો આપી દે."

"ના ભાઈ," બાણાવળી બોલ્યો, "એ વેચાઉ નથી."

સૈનિકોએ બાણાવળીને ખૂબ વીનવ્યો અને ખૂબ સોનાની લાલચ આપી, પણ બાણાવળી એકનો બે ન થયો તે ન જ થયો.

આખરે સૈનિકો બોલ્યા: "ભલે, તારે મુર્ઝાને વેચવો ન હોય તો કંઈ નહિ. આપણે અદલાબદલી કરીએ. તું અમને મુર્ઝા આપી દે, અને અમે તને એવી ચીજ આપીએ કે જે એનાથી જરાય ઓછી અજબ નથી."

"એવી તે વળી કેવી ચીજ આપશો?" બાણાવળીએ પૂછ્યું. "મારી નજરમાં મુર્ઝાથી વધારે મૂલ્યવાન કોઈ ચીજ છે જ નહિ. મારે બીજી કોઈ ચીજ કરતાં એની વધારે જરૂર છે."

સૈનિકોએ સોનેરી છડી કાઢી. છડીનો એક છેડો પાતળો અને બીજો છેડો જાડો. બાણાવળીને છડી બતાવીને સૈનિકો બોલ્યા:

"અમે તને આ છડી આપીશું. આ છડી જાદુઈ છે. એનો જાડો છેડો

જમીન ઉપર ફટકારીશ કે તરત ગણ્યા ગણાય નહિ એટલા ઘોડેસવાર સૈનિકો હાજર થઈ જશે. દરેક સૈનિકને શરીરે ચળકતું બખ્તર હશે અને એના હાથમાં પોલાદી તલવાર હશે. પાતળો છેડો જમીન ઉપર ફટકારીશ કે તરત ગણ્યા ગણાય નહિ એટલા બાણાવળી હાજર થઈ જશે. દરેક બાણાવળીના હાથમાં ધનુષ અને ખભે બાણનો ભાથો હશે."

જાદુઈ છડી જોઈને મુર્ઝા બાણાવળીના કાનમાં બોલ્યો:

"બહાદુર બાણાવળી, અદલાબદલી કરી લો. છડી તમને મળી જશે, અને હું પણ તમારો જ ચાકર રહીશ."

બાણાવળીએ મુર્ઝાની વાત માની લઈને એના બદલામાં છડી લઈ લીધી.

થોડી વારમાં વહાણ સામે કાંઠે પહોંચી ગયું. બધા વહાણમાંથી નીચે ઊતર્યા અને પોતપોતાને રસ્તે પડયા. સૈનિકો એક દિશામાં ગયા અને બાણાવળી બીજી દિશામાં ગયો.

રસ્તે ચાલતાં ચાલતાં એને થયું:

"મારો મુર્ઝા અત્યારે ક્યાં હશે?"

પણ ન તો મુર્ઝાનો કંઈ જવાબ મળ્યો કે ન એ પોતે હાજર થયો.

બાણાવળી એક દિવસ અને એક રાત સુધી આગળ ચાલતો રહ્યો. પછી એણે ફરી વાર મુર્ઝાને યાદ કર્યો:

"મુર્ઝા, પ્યારા દોસ્ત, તું ક્યાં છે?"

પણ ન તો મુર્ઝાનો કંઈ જવાબ મળ્યો કે ન એ પોતે હાજર થયો.

બાણાવળી વળી આગળ ચાલ્યો. બે દિવસ અને બે રાત ચાલ્યા પછી એણે ફરી વાર મુર્ઝાને સાદ દીધો:

"મુર્ઝા, ક્યાં છે તું? જવાબ દે!"

પણ ન તો મુર્ઝાનો કંઈ જવાબ મળ્યો કે ન એ પોતે હાજર થયો.

બાણાવાળી દુખી દુખી થઈ ગયો અને મનમાં બોલ્યો:

"આખરે એણે મને બેવકૂફ બનાવ્યો. સૈનિકો જોડે અદલાબદલી ન કરી હોત નો સારું હતું!"

પાંચમા દિવસની સાંજ પડી. બાણાવળીને થયું: "ચાલ, એને એક છેલ્લી

18–410

વાર બોલાવી જોઉં!"
એમ વિચારીને એણે જોરથી સાદ પાડયો:
"જવાબ દે, મુર્ઝા, ક્યાં છે તું?"
અને એકાએક એને બીજા કોઈનો નહિ પણ મુર્ઝાનો જ અવાજ સંભળાયો:
"અફસોસ કરો મા, બહાદુર બાણાવળી! તમારો મુર્ઝા તમારી ભેગો જ છે. હું બપોરે જ પહોંચી ગયેલો."
બાણાવળીની ખુશીનો પાર ન રહ્યો. એ જમીન ઉપર બેસી ગયો અને બોલ્યો:
"ભૂખનો માર્યો હું તો અધમૂઓ થઈ ગયો છું. ચાલ, આપણે ઝટ જમી લઈએ!"
તરત જ પીળાં ફૂલની ભાતવાળું પાથરણું પથરાઈ ગયું અને ભાતભાતનું ખાવાનું પીરસાઈ ગયું. બાણાવળી અને મુર્ઝા ભરપેટ ખાઈને આગળ ચાલ્યા. બન્ને ઘણા વખત સુધી ચાલતા રહ્યા. રાત અને દિવસ એમને મન સરખાં જ હતાં. આખરે એક દિવસ બરાબર મધરાતને ટકોરે બન્ને ઝાર્કિનખાનના રાજમાં પહોંચી ગયા.
બાણાવળીએ તંબુમાં જઈને વહુને જગાડી:
"એઈ મીઠી, ઊઠ તો! આમ જો, હું પાછો આવી ગયો છું."
વહુ તો બેહદ ખુશ થઈ ગઈ. ઝટ ઊઠીને એણે તાપણું સળગાવ્યું અને બાણાવળીને પૂછ્યું: "તમારી તબિયત તો ઠીક છે ને? સાજાસારા છો ને?"
પછી બેઉ વાતે વળગ્યાં અને લાંબા વિયોગ દરમિયાન પોતપોતાને માથે પડેલાં વીતકોની કથની એકબીજાને કહેવા લાગ્યા.
બાણાવળીએ પૂછ્યું: "ખાન કેમ છે? હજી માંદા છે કે?"
વહુએ જવાબ દીધો: "તમે ગયા તે જ દિવસથી ખાન તો સાવ સાજા રાતી રાણ જેવા છે. ત્રણ વાર મારી પાસે આવી ગયા છે અને મને પોતાની જોડે લગન કરી લેવા સમજાવી ગયા છે. દરેક વેળા એ આવ્યા ત્યારે મેં એમને કહ્યું: 'બીજા લગનનો વિચાર કરવાનુંયે મારે માટે ઠીક ન ગણાય. મારો ધણી બીચારો તમે મગાવેલી ચીજ લેવા ગયો છે. કોને ખબર છે, એ કદાચ જીવતો પણ હોય!

એમ હોય તો મારાથી તમારી જોડે લગન કેમ કરાય?' પણ ખાન તો વારંવાર મને કહેતા જ રહે: 'તારો ધણી તો મરી ગયો છે. એને મર્યાને ઘણો વખત થઈ ગયો.' એટલે પછી મેં એમને કહ્યું: 'હું વાત સાચી માની લઉં એવી તમારી મંછા હોય તો મને એનાં હાડકાં દેખાડો. હાડકાં જોઈ લઉં પછી જ હું તમને મારો જવાબ આપું.' મારી વાત સાંભળીને ખાન ખૂબ ગુસ્સે થઈ ગયા. એમણે મારાં ઢોરઢાંખર અને બીજી બધી મિલકત જપ્ત કરી લેવાનો હુકમ કર્યો. હવે આપણી પાસે આ તંબુ સિવાય બીજું કશું જ નથી."

વહુની કથની સાંભળીને બાણાવળીને ઝાળ લાગી ગઈ અને એ જોરથી બોલી ઊઠયો:

"ચાલ, હમણાં ને હમણાં જ ખાન પાસે જઈએ! એની દગાખોરી અને એનાં ગેરકાનૂની કરતૂતની હું બરાબર સજા કરીશ!"

તેઓ ખાનના મહેલ પાસે પહોંચ્યાં. બાણાવળી ખાનના મહેલથી થોડોક આઘો ઊભો રહ્યો અને જાદુઈ રૂમાલ ફરફરાવીને બોલ્યો:

"મહેલ બની જાય!"

તરત મોટો ભવ્ય મહેલ ખડો થઈ ગયો. મહેલ એટલો ઊંચો કે વાદળને અડે, એવો આલેશાન અને મનોહર કે ખાનનો મહેલ અની સામે સાવ કંગાળ ઝૂંપડા જેવો દેખાવા લાગ્યો.

બાણાવળી અને અની વહુ મહેલમાં ગયાં. અંદર જઈને બાણાવળી બોલ્યો:

"મુર્ઝા, હાજર થઈ જા, અમને ભૂખ લાગી છે, ખાવાનું દે!"

એમણે પેટ ભરીને ખાધું. પછી બાણાવળીએ મહેલમાંથી બહાર નીકળીને સોનેરી છડીનો પાતળો છેડો જમીન ઉપર ફટકાર્યો. એ જ પળે ધનુષબાણ સજેલા ગણ્યા ગણાય નહિ એટલા લડવૈયાઓ હાજર થઈ ગયા. બધા હથિયારબંધ સૈનિકો મહેલને દરવાજે પહેરો ભરવા ગોઠવાઈ ગયા અને બાણાવળીના હુકમની વાટ જોતા ઊભા રહ્યા.

બાણાવળી બોલ્યો:

"હું જાગીને ખંડમાંથી બહાર ન નીકળું ત્યાં સુધી કોઈને અંદર આવવા દેશો નહિ."

ખાનના ચાકરો સવારમાં ઊઠીને જુએ છે તો ખાનના મહેલની પાસે જ વાદળને અડે એટલો ઊંચો વિશાળ અને ભવ્ય મહેલ ખડો છે. ચાકરોને તો ગમ જ ન પડી કે આ વળી શું કૌતુક છે. તેઓ એકબીજાને પૂછવા લાગ્યા:

"આ વળી કેવો ચમત્કાર? જિન્નતના ફિરસ્તા બુરખાને રાતોરાત અહીં પોતાનો મહેલ ખડો કરી દીધો છે કે પછી શયતાને આ મહેલ બાંધ્યો છે?"

એમ વિચારતા ચાકરો બધા ઝાર્કિનખાનને ખબર આપવા દોડયા.

ઝાર્કિનખાન બહાર નીકળ્યો અને મહેલ ઉપર નજર નાખતાં જ એવો અચરજમાં ડૂબી ગયો કે એનું મગજ લગભગ બહેર મારી ગયું.

એણે પૂછ્યું: "આ શું? મને સાંભરે છે એ વખતથી આજ સુધી મારી આખી જિંદગીમાં મેં ક્યારેય નથી આવો મહેલ ક્યાંય જોયો કે નથી આવા મહેલની વાત ક્યાંય સાંભળી. કોણે બાંધ્યો છે આ મહેલ અને કોણ રહે છે એમાં? જાઓ, એને મારી પાસે લઈ આવો!"

ખાનના ફરમાનનો અમલ કરવા એના બે કાસદ દોડતા ગયા.

તેઓ બાણાવળીના મહેલ પાસે પહોંચ્યા તો ત્યાં બે પહેરેગીર પહેરો ભરે. બેઉ જણ ઊંચા, કદાવર, અને કરડી આંખોવાળા. ખાનના કાસદોએ એમને પૂછ્યું:

"આ કોનો મહેલ છે? કોણ રહે છે અહીં? પહેરો ભરનારા તમે કોણ છો? આસમાનમાંથી ટપકી પડયા છો કે જમીનમાંથી ફૂટી નીકળ્યા છો? જવાબ આપો એકદમ!"

પણ બેઉ પહેરેગીર તો ડરામણા અવાજે ઊલટા સામા પૂછવા લાગ્યા:

"આટલા બધા સવાલ પૂછનારા તમે કોણ છો?"

"અમે તાકાતવાન અને મશહૂર ઝાર્કિનખાનના દૂત છીએ. તમારી પાસેથી આ બધી માહિતી મેળવીને એમને પહોંચાડવાનો અમને હુકમ થયો છે."

પહેરેગીરોએ પૂછ્યું: "ઝાર્કિનખાન વળી કોણ? અમે તો એનું નામ પણ ક્યારેય સાંભળ્યું નથી, અને સાંભળવા માગતાયે નથી. અમારે અમારા પોતાના ખાન છે. અત્યારે મહેલમાં છે અને નીંદર કરી રહ્યા છે. હવે તમે ધડ ઉપર માથાં સલામત રાખવાં હોય તો અહીંથી ઝટ પોબારા ગણી જાઓ!"

ઝાર્કિનખાનના માણસો ભયભીત થઈ ગયા. બધા તરત દોડતા એની પાસે ગયા અને પોતે જે કંઈ જોયું તથા સાંભળ્યું હતું એ બધું એને કહી સંભળાવ્યું. ઝાર્કિનખાનને ઝાળ લાગી ગઈ અને એ ઊંચા અવાજે એમને ધધડાવી નાખતો બોલ્યો:

"મેં તમને પહેરેગીરો જોડે ગપાટા હાંકવા નહિ પણ એમના માલિકને અહીં લઈ આવવા મોકલ્યા હતા!"

બેઉ કાસદોને સખત સજા કરવાનો હુકમ આપીને એણે બે ચુનંદા સૈનિકોને બોલાવ્યા. બેઉ સૈનિક ઊંચા અને કદાવર હતા. ઝાર્કિનખાને સૈનિકોને ફરમાન કર્યું:

"પેલા મહેલના માલિકને પકડી લો અને ઢસડતા મારી પાસે લઈ આવો!"

ખાનના બેઉ સૈનિક મહેલ પાસે આવ્યા અને દરવાજો ઉઘાડવાની કોશિશ કરવા લાગ્યા. પણ પહેરેગીરોએ એમને ધક્કા મારીને આઘા ખસેડી દીધા અને તેઓ ગર્જના કરતા બોલ્યા:

"કોણ છો તમે? જિંદગી વહાલી હોય તો દરવાજાથી આઘા ઊભા રહો!" ઝાર્કિનખાનના સૈનિકોએ જવાબ વાળ્યો: "અમે તમારી જોડે વાત કરવા નથી આવ્યા. અમને હુકમ મળ્યો છે આ મહેલના માલિકને પકરીને ખાનની સામે હાજર કરવાનો."

બન્ને સૈનિકો વળી પાછા જોર કરીને મહેલમાં ઘૂસવાની કોશિશ કરવા લાગ્યા.

પણ પહેરેગીરો એમને પકરીને ધોકાવવા લાગ્યા અને બરાડા પાડતા બોલ્યા:

"તમારા ખાનની અમને મુદ્દલ પરવા નથી. અમે એને ઓળખતા નથી અને ઓળખવા માગતા પણ નથી."

પહેરેગીરોએ ખાનના સૈનિકોને સારી પેઠે મેથીપાક ચખાડીને ત્યાંથી કાઢ્યા.

લંગડાતા અને ઊંહકારા કરતા સૈનિકો માંડ માંડ ખાનની હજૂરમાં પહોંચ્યા અને રડતે અવાજે બોલ્યા:

"પહેરેગીરોએ અમને મહેલમાં જવા જ ન દીધા. અમે એમની સામે ટકી ન શક્યા. અમારામાં તો એમનાથી અરધી તાકાત પણ નથી."

સૈનિકોની વાત સાંભળીને ઝાર્કિનખાને બધા કારભારીઓને બોલાવ્યા અને એમની સલાહ પૂછી:

"બોલો, આપણે હવે શું કરવું? પણે મહેલ દેખાય છે એમાં કોઈ જોરાવર દુશ્મને ધામા નાખ્યા છે."

કારભારીઓએ સલાહ આપી:

"મોટું લશ્કર તૈયાર કરીને એની સામે લડવા મોકલો."

ઝાર્કિનખાને તરત મોટું લશ્કર તૈયાર કરવાનો હુકમ આપ્યો. એણે કહ્યું:

"ઘોડા ઉપર સવારી કરી શકે એવો દરેકે દરેક માણસ હાજર થઈ જાય! મુદ્દલ વખત બરબાદ કર્યા વગર જલદી લશ્કર ભેગું કરો!"

ઝાર્કિનખાનના સરદારોએ લશ્કર ભેગું કર્યું અને એની સામે હાજર કરી દીધું. તેત્રીસ ટુકડીઓએ બાણાવળીના મહેલને ઘેરો ઘાલ્યો, તેત્રીસ કતાર ખડી થઈ ગઈ. ખાનના હુકમ મુજબ એના છડીદારોએ પડકાર કર્યા:

"બહાર નીકળ અને સૂરજ આથમે ત્યાં સુધી અમારી જોડે તારી તાકાત અજમાવી લે!"

બાણાવળીએ પડકાર સાંભળ્યા. એણે ઊઠીને બારી ઉઘાડી અને કેડ સુધી બહાર ડોકાઈને અવાજ દીધો:

"તમે બધા કોણ છો અને અહીં કેમ ભેગા થયા છો?"

સૈનિકોએ જવાબ દીધો:

"અમે તાકાતવાન ઝાર્કિનખાનના સૈનિકો છીએ."

બાણાવળી બોલ્યો:

"હું નથી ઝાર્કિનખાનનો દુશ્મન કે નથી એનો દોસ્ત. હું તો મારા મહેલમાં રહું છું, એની જોડે લડવા જતો નથી. પણ છતાંયે એને લડવું જ હોય તો ભલે આગળ આવીને ખુલ્લંખુલ્લા એમ કહે. પછી હું લડવા તૈયાર છું."

ઝાર્કિનખાન બરાડી ઊઠયો:

"મારે લડવું છે, લડવું છે!"

સાંભળીને બાણાવળી મહેલમાંથી બહાર આવ્યો અને એણે સોનેરી છડીનો જાડો છેડો જમીન ઉપર ફટકાર્યો. એ જ પળે ગણ્યા ગણાય નહિ અને નજરમાં સમાય નહિ એટલા બધા ઘોડેસવાર સૈનિકો હાજર થઈ ગયા. દરેક સૈનિકને શરીરે ચળકતું બખ્તર હતું અને એના હાથમાં તલવાર હતી. સૈનિકો તલવાર

ઊંચી કરીને બોલ્યા:

"હુકમ કરો, બાણાવળી!"

બાણાવળીએ કહ્યું: "ઝાર્કિનખાનના લશ્કર સામે જંગે ચડો!"

સૈનિકો આગળ ધસ્યા અને ઝાર્કિનખાનના લશ્કર ઉપર તૂટી પડયા.

પછી બાણાવળીએ સોનેરી છડીનો પાતળો છેડો જમીન ઉપર ફટકાર્યો એટલે ગણ્યા ગણાય નહિ એટલા ધનુષબાણ સજેલા બાણાવળીઓ હાજર થઈ ગયા. ધનુષ ઊંચાં કરીને તેઓ બોલ્યા:

"હુકમ કરો, બાણાવળી!"

બાણાવળીએ ફરમાન છોડયું: "ઝાર્કિનખાનના લશ્કર સામે જંગે ચડો!"

તેઓ દુશ્મનો ઉપર તૂટી પડીને ઘોડેસવાર સૈનિકોને મદદ કરવા લાગ્યા.

ઝાર્કિનખાનનું લશ્કર ભયંકર હુમલાથી ગભરાઈને પાછળ હઠી ગયું. બાણાવળીનું લશ્કર તલવારો વીંઝતું અને કતલ ચલાવતું આગળ ધસતું ગયું. લડાઈ સવારમાં શરૂ થઈ હતી. સાંજ સુધીમાં તો ખાનનું લશ્કર સાફ થઈ ગયું, એક પણ સૈનિક જીવતો બચ્યો નહિ. બાણાવળીના સૈનિકો ઝાર્કિનખાનને પકડી લેવા જતા હતા, પણ એટલામાં એ ઘોડા ઉપરથી નીચે કૂદી પડયો અને પૂરું જોર લગાવીને બાણાવળીના મહેલ તરફ દોડયો. દોડતો જાય અને પોકાર પાડતો જાય:

"રહેમ કરો! રહેમ કરો! મને બચાવો!"

બાણાવળીએ પોતાના સૈનિકોને કહ્યું: "એને ખતમ કરશો નહિ, મારી પાસે લઈ આવો. મારે એની જોડે વાત કરવી છે."

સૈનિકો ઝાર્કિનખાનના હાથપગ પકડી લીધા અને તેઓ એને ઢસડીને બાણાવળી પાસે લઈ ગયા. ઝાર્કિનખાન એની સામે લાંબો થઈને રહેમની અને જાનની ભીખ માગવા લાગ્યો. બીકમાં ને બીકમાં એણે બાણાવળીને ઓળખ્યો પણ નહિ.

બાણાવળી ખડખડાટ હસી પડયો અને બોલ્યો:

"ડર નહિ, હું તને મારી નહિ નાખું. તારે લડાઈ જોઈતી હતી તો મેં તને લડાઈ આપી. ચાલ, હવે અમારી ભેગો જમવા બેસ. મુર્ઝા, હાજર થઈ જા, અમને ભૂખ લાગી છે, ખાવા પીવાનું દે!"

તરત પીળાં ફૂલની ભાતવાળું પાથરણું પથરાઈ ગયું અને ખાવા પીવાની લહેજતદાર ચીજો પીરસાઈ ગઈ. ઝાર્કિનખાનને ઘડીક આ અને ઘડીક તે વાનગી ખવડાવીને બાણાવળીએ મહેમાનદારી બતાવી.

ખાતાં ખાતાં બાણાવળી બોલ્યો: "મેં સાંભળ્યું છે કે તારા રાજમાં એક બાણાવળી રહે છે—જુવાન, રૂપાળો, જોરાવર, અને બહાદુરોમાં બહાદુર. એ બાણાવળી ક્યાં છે? મારે એને મળવું છે."

ખાને જવાબ દીધો: "એ તો શક્ય જ નથી."

"શક્ય નથી? પણ કેમ?" બાણાવળીએ પૂછ્યું.

"કેમ કે એ તો મરી ગયો છે."

"સાચી વાત છે? પણ મેં તો સાંભળ્યું છે કે એ જીવતોજાગતો ને સાજાસારો છે."

"એ તો 'કોઈ જાણતું ન હોય' એવી ચીજ લેવા 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ ગયેલો," ઝાર્કિનખાને વિગતથી વાત કરી. "ઘણો વખત વીતી ગયો તોયે પાછો આવ્યો નથી એટલે મરી જ ગયો હશે."

"પણ 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ એને કોણે અને શું કરવા મોકલ્યો?" બાણાવળીએ પૂછ્યું.

જવાબમાં ઝાર્કિનખાન બોલ્યો: "કોઈએ એને મોકલ્યો નહોતો. એ તો પોતાની મરજીથી જ ચાલી નીકળેલો. શું કારણ હશે એની મને ખબર નથી."

સાંભળીને બાણાવળીને ખૂબ ગુસ્સો ચડયો અને એ બોલ્યો:

"મેં વચન આપ્યું છે કે તારો જીવ બચાવીશ, પણ તારા જેવો બેશરમ જૂઠાબોલો માણસ તો મોતને જ લાયક છે. બાણાવળીને તેં જ મોકલેલો. અને એ પણ એટલા માટે કે તારે એની ઘરવાળીને ઉપાડી જવી હતી. પહેલાં તેં માંદા હોવાનો ઢોંગ કરીને એને વાઘણનું દૂધ લઈ આવવા મોકલ્યો. વાઘણનું દૂધ એ લઈ આવ્યો એટલે તેં એને 'કોઈ જાણતું ન હોય' એવી ચીજ લઈ આવવા 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ મોકલ્યો. મારી સામે ધ્યાનથી જો! તું બીકથી સાવ આંધળો ન થઈ ગયો હો તો તને દેખાશે કે હું જ એ બાણાવળી છું... હું ખૂબ દૂર 'કોઈ જાણતું ન હોય' એવી જગ્યાએ ગયો અને ત્યાંથી ઘાટ,

કદ કે ઠેકાણા વગરની ચીજ લઈ આવ્યો. હું જીવતોજાગતો અને સાજોસારો છું. તારું મેલું કાવતરું નાકામયાબ થઈ ગયું છે. હવે ઇન્સાફને ખાતર મારે તને ખતમ કરી જ નાખવો જોઈએ."

ઝાર્કિનખાન બીકથી થરથરી ગયો અને બાણાવળીના પગમાં પડયો. એની સામે ગોઠણભેર બેસીને એણે નાક રગડયું અને પોતાની જિંદગી બચાવવાની ભીખ માગી.

બાણાવળી લાત મારીને ખાનને દુર હડસેલતો બોલ્યો:

"તેં અનેક કાળાં કામ કર્યાં છે છતાં હું તને મારી નહિ નાખું. પણ આ રાજમાં તારી હાજરી મારાથી સહન નહિ થાય. અહીંથી એકદમ પોબારા ગણી જા અને કાયમ આઘો ને આઘો રહેજે. અહીં કોઈને તારું કાળું મોઢું ક્યારેય દેખાડતો નહિ."

"આ રહેમ બદલ હું તમારો અહેસાન ક્યારેય નહિ ભૂલું," ઝાર્કિનખાન બોલ્યો. પછી એ પોતાનું કુટુંબ લઈને હંમેશને માટે દૂર દૂર ચાલ્યો ગયો.

બહાદુર બાણાવળી અને એની જુવાન વહુ માલધારીઓના પડાવમાં જ રહ્યા. જીવ્યાં ત્યાં સુધી એકબીજાના પ્રેમમાં ડૂબેલાં રહીને એમણે સુખચેનની જિંદગી ગુજારી.

હીરામાણેકનો પહાડ

તુર્કમેનિયાની વાર્તા



કોઈ એક ગામમાં વિધવા ડોશી રહે. એને એક દીકરો. દીકરાનું નામ મિરાલી. બેઉ ખૂબ ગરીબ. ડોશી ઊન સાફ કરીને અને ગામનાં લૂગડાં ધોઈને બેઉનાં પેટ પૂરતું માંડ માંડ રળી લેતી.

મિરાલી મોટો થયો એટલે માએ એને કહ્યું:

"બેટા, હવે તો મારી કાયામાં કામ કરવા જેટલું જોર રહ્યું નથી. તું કોઈ કામ ગોતી લે અને તારા જેટલું રળી લે તો ઠીક."

"ઠીક, મા," એમ કહીને મિરાલી કામ ગોતવા નીકળી પડયો. આમ તેમ બહુ રખડયો પણ એને કશું કામ મળ્યું નહિ.

એ થોડા વખત પછી કોઈ અમીરને ઘેર પહોંચ્યો અને એણે પૂછ્યું:

"હજૂર, માણસ કામે રાખશો?"

અમીર બોલ્યો : "જરૂર રાખીશ."

એણે મિરાલીને એ જ ઘડીએ કામે રાખી લીધો.

અમીર હમણાં કામ ચીંધશે એમ વિચારતો મિરાલી બેઠો. આખો દિવસ વીતી ગયો પણ કોઈએ એને કશું કામ ચીંધ્યું નહિ. બીજો દિવસ વીતી ગયો તોયે અમીરે મિરાલીને કંઈ કામ બતાવ્યું નહિ. ત્રીજો દિવસ પણ એમ જ વીતી ગયો. મિરાલીની હાજરીની જાણે ખબર જ ન હોય એમ અમીર વર્તે.

મિરાલીને આ બધું અજબ લાગ્યું. એને થયું કે કામ જ નથી તો અમીરે મને શું કરવા નોકરીએ રાખ્યો હશે! એમ વિચારતો મિરાલી અમીર પાસે ગયો અને એણે પૂછ્યું : "માલિક, મને કંઈ કામ આપો ને!"

અમીરે જવાબ દીધો : "મને ખ્યાલ છે. કાલે તારે મારી ભેગા બહાર જવાનું છે."

બીજે દિવસે અમીરે મિરાલીને એક પાડો કતલ કરીને એની ખાલ ઉતારવાનું કામ સોંપ્યું. એ પતી ગયું એટલે એણે મિરાલીને ચાર કોથળા લઈ આવવાનું અને મુસાફરી માટે બે ઊંટ તૈયાર કરવાનું કહ્યું.

પાડાની ખાલ અને કોથળા એક ઊંટ ઉપર લાદવામાં આવ્યાં. બીજા ઊંટ ઉપર અમીર સવાર થઈ ગયો. પછી બેઉ મુસાફરીએ નીકળી પડયા.

ઊંટ હાંકતા હાંકતા તેઓ દૂર આવેલા પહાડની તળેટીમાં પહોંચ્યા. અમીરે ઊંટ ઊભા રાખ્યા અને મિરાલીને પાડાની ખાલ તથા કોથળા ઉતારવાનું કહ્યું. મિરાલીએ અમીરના ફરમાન મુજબ બધું નીચે ઉતાર્યું. પછી અમીરે ખાલને પલટાવીને મિરાલીને એની ઉપર સૂઈ જવાનું કહ્યું. મિરાલીને અમીરની મુરાદ સમજાઈ નહિ, પણ હુકમનો ભંગ કરવાની એનામાં હિંમત નહોતી. એણે અમીરના કહેવા મુજબ કર્યું.

અમીરે ખાલ મિરાલીના શરીર ફરતી વીંટી લીધી અને વીંટાને પટ્ટા વડે સખત બાંધી લીધો. પછી પોતે એક ખડક પાછળ છુપાઈને ઊભો રહ્યો.

થોડી વારમાં બે જબ્બર શિકારી પંખી ઊડતાં આવ્યાં. વીંટામાંથી તાજા માંસની ગંધ આવતી હતી એટલે પંખી એને ચાંચમાં ઉપાડીને પહાડના ઊંચા શિખરે લઈ ગયાં.

ત્યાં પહોંચીને પંખીઓએ ખાલને ચાંચ અને નહોર વડે આમથી તેમ ખેંચવાનું અને ફાડવાનું શરૂ કર્યું. થોડી વારમાં ખાલ ફાટી ગઈ અને અંદરથી મિરાલી દડતો બહાર નીકળ્યો. જીવતો માણસ જોઈને પંખીઓ ડરી ગયાં અને ખાલ લઈને પાંખો ફફડાવતાં ઊડી ગયાં.

મિરાલી ઊભો થઈને આમ તેમ બધે જોવા લાગ્યો.

એટલામાં નીચેથી અમીરે ઘાંટો પાડયો:

"બાઘાની જેમ શું ઊભો છે? તારા પગ આગળ રંગબેરંગી પથ્થર પડયા છે એ નીચે ફેંક!"

મિરાલીએ જોયું તો ખરેખર અનેકાનેક મૂલ્યવાન પથ્થર ચોમેર વેરાયેલા પડયા હતા. એમાં હીરા હતા, માણેક હતા, નીલમ હતાં, પોખરાજ હતા, પીરોજા હતા, ભાતભાતનાં અને જાતજાતનાં રંગબેરંગી રત્નોના ઢગલે ઢગલા પડયા હતા... રત્નો ખૂબ મોટાં ને સુંદર હતાં અને સૂરજના પ્રકાશમાં ઝગારા મારતાં હતાં.

મિરાલી રત્નો ભેગાં કરીને ખોબે ખોબે નીચે ફેંકવા લાગ્યો. રત્નો નીચે પડે ન પડે ત્યાં જ અમીર એને વીણી વીણીને કોથળામાં ભરતો ગયો. એમ મોટા મોટા બે કોથળા આખા ભરાઈ ગયા.

મિરાલી કામમાં ડૂબેલો હતો ત્યાં મનમાં કંઈક વિચાર આવતાં બીકથી એનું લોહી એકદમ થીજી ગયું અને એ થરથરી ઊઠયો.

એણે ઉપરથી બૂમ પાડીને અમીરને પૂછયું: "પણ માલિક, હું અહીંથી નીચે કેવી રીતે ઊતરીશ?"

અમીરે જવાબ દીધો: "પહેલાં તું પથ્થર નીચે ફેંકવાનું કામ કર, પછી હું તને કહીશ કે પહાડ ઉપરથી નીચે કેમ ઊતરવું."

મિરાલીએ ભોળે હૈયે એની ઉપર વિશ્વાસ રાખીને રત્નો નીચે ફેંકવાનું ચાલુ રાખ્યું.

ચારેય કોથળા ખચોખચ ભરાઈ ગયા એટલે એનાં મોં બાંધીને અમીરે એને ઊંટની પીઠ ઉપર લાદી દીધા.

પછી હસતાં હસતાં એણે મોટે અવાજે મિરાલીને કહ્યું: "સાંભળ બેટ્ટમજી!

મારા નોકરોને હું કેવાં કામ આપું છું એ હવે તને સમજાઈ ગયું હશે! પહાડ ઉપર જરા તપાસ કરજે કે તારા જેવા કેટલા ત્યાં પડયા છે!"

એમ કહીને અમીર ઊંટ દોડાવતો ઘરને રસ્તે પડયો.

મિરાલી પહાડ ઉપર એકલો રહી ગયો. એણે નીચે ઊતરવાનો રસ્તો ગોતવાની બહુ મહેનત કરી પણ બધી બાજુ ઊંડી ખીણ અને સીધી કરાડો સિવાય બીજું કશું જ નહોતું. નીચે ઊતરવાનો રસ્તો ક્યાંય નહોતો અને ચોમેર માણસનાં હાડકાં પડયાં હતાં. એ બધાં હાડકાં મિરાલીની જેમ અમીરને ત્યાં કામે રહેલા આદમીઓનાં હતાં.

મિરાલીને દહેશત લાગી ગઈ કે મારા પણ એવા જ હાલ થશે.

એટલામાં ઉપરથી એકાએક પાંખોનો ફફડાટ સંભળાયો. મોં ઊંચું કરીને એ ઉપર જુએ તે પહેલાં તો મોટું જબ્બર ગરુડ એની ઉપર તૂટી પડયું. ગરુડ મિરાલીનું અંગેઅંગ ચૂંથી નાખત, પણ મિરાલીએ માથું ઠેકાણે રાખીને બે હાથ વડે ગરુડના બેય પગ ઝાલી લીધા અને સખત પકડ જમાવી દીધી. ગરુડ ચીસ પાડતું આકાશમાં ઊંચે ઊડયું અને ચકરાવા લઈને ઊડતું ઊડતું મિરાલીને હેઠો પાડી નાખવાની મહેનત કરવા લાગ્યું. આખરે એ થાકીને જમીન ઉપર પડયું, અને મિરાલીએ એના પગ છોડી દીધા એટલે એકદમ ઊડીને ભાગી ગયું.

એમ મિરાલી ભયંકર મોતમાંથી ઊગરી ગયો.

મિરાલી પાછો કામ ગોતવા બજારમાં ગયો. અચાનક એણે પોતાના જૂના માલિક અમીરને આવતો જોયો. એ નજીક આવ્યો એટલે મિરાલીએ એને પૂછયું:

"હજૂર, માણસ કામે રાખશો?"

અમીરના ભેજામાં તો ખ્યાલ જ ક્યાંથી આવે કે હીરામાણેકના પહાડ ઉપર છાંડેલો મારો કોઈ નોકર જીવતો પાછો આવ્યો હશે. એમ તો ક્યારેય બન્યું જ નહોતું. મિરાલીને કોઈ બીજો જ માણસ સમજીને એણે કામે રાખી લીધો અને પોતાને ઘેર લઈ ગયો.

થોડા વખત પછી અમીરે મિરાલીને એક પાડો કતલ કરીને એની ખાલ ઉતારી લેવાનું કામ સોંપ્યું. એ પતી ગયું એટલે એણે મિરાલીને બે ઊંટ અને ચાર કોથળા લઈ આવવાનું કહ્યું.

વળી પાછા બેઉ જણ એના એ પહાડની તળેટીમાં પહોંચ્યા. પહેલાંની જેમ અમીરે મિરાલીને ખાલ ઉપર સૂઈને એમાં વીંટાઈ જવાનું કહ્યું.

પણ મિરાલીએ ઠાવકું મોં કરીને જવાબ દીધો: "વાત મને બરાબર સમજાણી નથી. તમે જરા સૂઈને બતાવો ને!"

"એમાં સમજવાનું તે વળી શું છે?" અમીર ચિડાઈને બોલ્યો. "જો, આમ સૂવાનું છે," એમ કહીને અમીર ઊલટી ખાલ ઉપર લાંબો થયો.

મિરાલીએ તરત જ ખાલને અમીર ફરતી વીંટી લીધી અને વીંટાને પટ્ટા વડે સખત બાંધીને પોતે આઘો ખસી ગયો.

"ઊભો રહે, બેટા, આ તેં મને શું કર્યું?" અમીર રાડ પાડી ઊઠયો.

પણ એ જ ઘડીએ બે જબ્બર શિકારી પંખી ઊડતાં આવ્યાં અને ખાલના વીંટાને ચાંચમાં ભરાવીને પહાડના શિખર ઉપર ઊડી ગયાં. ત્યાં પહોંચીને એમણે ચાંચ અને નહોર વડે ખાલને ફાડી નાખી, પણ એમાંથી માણસ નીકળી પડયો એટલે તેઓ ડરીને ઊડી ગયાં. અમીર જેમતેમ કરીને બે પગ ઉપર ઊભો થયો.

એને ઊભો થયેલો જોઈને નીચેથી મિરાલીએ બૂમ પાડી: "અરે અમીરજાદા, નકામો વખત ના બગાડ! ઝટપટ હીરામાણેક નીચે ફેંકવા માંડ, મેં ફેંક્યા હતા એમ જ."

મિરાલીના શબ્દો સાંભળ્યા ત્યારે જ અમીરે એને ઓળખ્યો.

દહેશત અને ગુસ્સાથી અમીર ધ્રૂજવા લાગ્યો અને બરાડીને બોલ્યો:

"પણ તું પહાડ ઉપરથી નીચે કેવી રીતે ઊતર્યો? જવાબ દે જલદી!"

"પહેલાં તું ઉપરથી હીરામાણેક નીચે નાખવા માંડ. મારે જોઈએ એટલાં હીરામાણેક ભેગાં થઈ જાય એટલે હું તને કહું કે પહાડ ઉપરથી નીચે કેમ ઊતરવું," મિરાલી બોલ્યો.

અમીર હીરામાણેક નીચે નાખવા લાગ્યો અને મિરાલી એને પડતાં જ વીણી લઈને કોથળામાં ભરવા લાગ્યો. ચારેય કોથળા ખચોખચ ભરાઈ ગયા એટલે એનાં મોં બાંધીને મિરાલીએ એને ઊંટની પીઠ ઉપર લાદી દીધા અને અમીરને કહ્યું:

"સાંભળ અમીર, જરા આજુબાજુ નજર કરીશ તો જે બધા માણસોને તેં


મોતના જડબામાં ધકેલી દીધા છે એમનાં હાડકાં ચોતરફ પડેલાં દેખાશે. એ હાડકાંને જ કેમ નથી પૂછી લેતો કે પહાડ ઉપરથી નીચે કેવી રીતે ઊતરવું? હું તો આ ચાલ્યો ઘેર."

એટલું કહીને એણે ઊંટને વાળ્યા અને એ પોતાની માના ઘર તરફ રસ્તે પડયો.

પહાડના શિખર ઉપર દોડાદોડી કરતો અમીર મોટે અવાજે ધમકી આપતો રહ્યો અને કરગરતો રહ્યો, પણ બધું નકામું ગયું. એને સાંભળનારું ત્યાં હતું જ કોણ?

લાલચુ કાજી

તાજિકિસ્તાનની વાર્તા



સાચું માનો કે ખોટું, પણ એક ગરીબ માણસ બીચારો દિનરાત તનતોડ મહેનત કરવા છતાંય ગરીબનો ગરીબ જ રહેતો. એણે નક્કી કર્યું કે વતન છોડી દેવું અને ક્યાંક દૂરના દેશમાં જઈને ધન કમાવાની કોશિશ કરવી. ઘરમાં સૌને સલામ કહીને એ મુસાફરીએ નીકળી પડયો.

કોણ જાણે એણે કેટલો પંથ કાપ્યો હશે, પણ આખરે એ પોતાના મનસૂબાના શહેરમાં પહોંચી ગયો. ત્યાં પહોંચતાં જ એણે કામ ગોતવા એક પછી એક ઘરનાં બારણાં ખટખટાવવા માંડયાં. એને જે કંઈ કામ મળતું તે એ કરી દેતો. ગમે એવી સખત મહેનતનું કામ હોય તોપણ એ કદી ના પાડતો નહિ. મહેનતાણું ભલે ગમે એટલું મળવાનું હોય તોપણ એ ખુશીથી કામ લઈ લેતો. પોતે હાથમાં લીધેલું કામ એ પૂરેપૂરું અને સારી રીતે કરતો.

કમાણીમાંથી ફક્ત ખાવાપીવા પૂરતું જ ખર્ચ કરીને એ બાકીના પૈસા નાનકડી કોથળીમાં ભેગા કરતો અને મનમાં વિચારતો :

"હજી થોડો વખત અહીં જ કામ કરીને વધારે પૈસા ભેગા કરી લઉં, પછી કુટુંબ પાસે પાછો વતન ચાલ્યો જઈશ."

ઘણાં વરસ સુધી ખૂબ મહેનત કરીને એણે એક હજાર મહોર જેટલી રકમ ભેગી કરી લીધી. ગરીબ માણસ માટે એ બહુ મોટી રકમ કહેવાય. એટલે એ દિનરાત એની જ ચિંતામાં ગરકાવ રહેવા લાગ્યો. એને થતું :

"આ પૈસા ક્યાંક અચાનક ખોવાઈ જાય તો?.. આટલા બધા પૈસા ભેગા રાખવા એ તો મૂર્ખાઈ જ ગણાય, એમાં તો બધું ધન ગુમાવી દેવાનું પૂરું જોખમ છે. વખતે કોઈ ચોરને ખબર પડી જાય કે મારી પાસે આટલા બધા પૈસા છે તો એ કદાચ મને જાનથી મારી નાખીને પૈસા લૂંટી લે. ઘરમાં છુપાવીને રાખવામાં પણ જોખમ છે, મારી ગેરહાજરીમાં કોઈ હાથ ફેરવી જાય. હું પૈસાને છુપાવીને રાખતો હોઉં ત્યારે કોઈ જોઈ જાય એવો સંભવ ખરો, લુચ્ચા ને ધુતારા માણસોની દુનિયામાં ખોટ નથી. તો તો બધી મહેનત ઉપર પાણી ફરી વળે અને મારે ખાલી હાથે જ પાછા ફરવું પડે..."

એના મગજમાં આવા વિચારો ઊઠતા અને એને સમજણ ન પડતી કે શું કરવું. પણ આખરે એણે નક્કી કર્યું કે પોતાની દોલત કાજી પાસે થાપણ તરીકે જમા કરાવી દેવી.

એણે મનમાં વિચાર્યું : "કહેવાય છે કે કાજી ખૂબ ઈમાનદાર અને નેક આદમી છે. મારા પૈસા એની પાસે સલામત રહેશે. વતન પાછા ફરવું હશે ત્યારે એની પાસે જઈને થાપણ પાછી લઈ આવીશ."

એમ વિચારીને ગરીબ માણસ કાજી પાસે પહોંચ્યો. કાજીએ એને આવકારીને પૂછ્યું કે શું કામ છે.

"નામદાર કાજી સાહેબ, હું મારા પૈસા આપની પાસે અનામત રાખવા આવ્યો છું. મને એથી વધારે સલામત બીજો કોઈ ઉપાય સૂઝતો નથી. હું આપના શહેરમાં રહીને કામ કરું ત્યાં સુધી આપ આ પૈસા સાચવી રાખો."

પૈસાની કોથળી લઈને કાજી ગંભીર ભાવે બોલ્યો :

"તારી ઇચ્છા છે તો પૈસા હું ખુશીથી રાખવા તૈયાર છું. તારી વાત સાવ સાચી છે. થાપણ રાખવાનું મારાથી વધારે સલામત ઠેકાણું તને બીજે ક્યાંય ન જ મળત."

ગરીબ માણસ કાજીને પૈસા આપીને ચાલ્યો ગયો. કાજીએ પૈસા ગણી જોયા અને પછી સાચવીને પટારામાં મૂકી દીધા.

થોડો વખત વીત્યા પછી પૈસાનો માલિક વતન પાછો ફરવા તૈયાર થયો. એણે જઈને કાજીને અરજ કરી:

"નામદાર કાજી સાહેબ, હું કાલે આપનું શહેર છોડીને વતન પાછો જાઉં છું. આપની પાસે અનામત રાખેલા પૈસા મને પાછા આપો."

કાજીએ એની સામે જોઈને કહ્યું:

"કયા પૈસાની વાત કરે છે?"

"નામદાર, મેં આપને એક હજાર મહોર અનામત રાખવા આપેલી."

"ગાંડો છે કે શું?" કાજી તડૂકી ઊઠયો. "તેં વળી મને પૈસા ક્યારે આપેલા? આ તે વળી કેવી વાત! એક હજાર મહોર! અરે, તારી સાત પેઢીમાં કોઈએ સો મહોર જેટલી રકમ પણ ક્યારેય જોઈ નહિ હોય! પૂરી એક હજાર મહોર વળી તારી કને ક્યાંથી આવી?"

કાજી પાસે પૈસા રાખવા પોતે ક્યારે આવેલો અને એ વખતે શી વાતચીત થયેલી એ બધું કાજીને યાદ દેવડાવવાની બીચારા ગરીબ માણસે ખૂબ મહેનત કરી. પણ કાજી કોઈ રીતે માન્યો નહિ. જમીન ઉપર પગ પછાડતો એ ચાકરોને બોલાવીને બરાડયો:

"આ માણસ ધુતારો છે! એને બરાબર ખોખરો કરો અને લાત મારીને મારા ઘરમાંથી બહાર કાઢી મૂકો!"

ચાકરો ગરીબ માણસ ઉપર તૂટી પડયા. એમણે એને નિર્દય રીતે મારીને ઘરમાંથી બહાર ફેંકી દીધો.

ગરીબ માણસ બીચારો કકળાટ કરતો અને આંસુ સારતો લથડતે પગે રસ્તે ચાલ્યો. ચાલતાં ચાલતાં એ કકળતે હૈયે વારંવાર બોલતો: "મારી બધી મહેનત ઉપર પાણી ફરી વળ્યું! મારા પૈસા લૂંટાઈ ગયા! લાલચુ કાજી બધું જ ધૂતી ગયો!"

બરાબર એ જ વખતે કોઈ બાઈ એની પાસેથી નીકળી. ગરીબ માણસનો વલોપાત સાંભળીને એને ઠપકો આપતાં બાઈ બોલી:

"અરે ભાઈ, તને થયું છે શું? દાઢી ને પાઘડીવાળો આવડો મોટો જણ થઈને તું નાના છોકરાની જેમ રડે છે કેમ?"

ગરીબ માણસ ગમગીન અવાજે બોલ્યો:

"અરે બહેન, શી વાત કરું? મને કેવી રીતે ધૂતી લેવામાં આવ્યો છે એની ખબર હોત તો તમને સમજાત! કેટલાંય વરસ સુધી મેં તનતોડ મહેનત કરી છે. નથી ક્યારેય પેટ ભરીને ખાધું કે નથી ક્યારેય પૂરી નીંદર કરી. જેમતેમ કરીને મેં એક હજાર મહોર બચાવી. મારા એ બધાય પૈસા લૂંટાઈ ગયા. હું કેવી રીતે ધુતાઈ ગયો એની ખબર હોત તો તમે મને જરાય ઠપકો ન આપત."

બાઈએ કહ્યું: "આખી વાત મને વિગતવાર કહે જોઉં, ભાઈ!"

ગરીબ માણસે પોતાની કથની બાઈને કહી સંભળાવી. છેલ્લે એણે કડવાશથી ઉમેર્યું:

"અને બધા કહે છે કે કાજી તો ખૂબ ઈમાનદાર અને નેક આદમી છે!"

એની વાત હમદર્દીથી સાંભળી લઈને બાઈ બોલી:

"આટલા બધા દુખી ન થાઓ. હજી બધું ખતમ નથી થઈ ગયું. મારી ભેગા ચાલો, હું કંઈ ને કંઈ રસ્તો કાઢીશ."

ગરીબ માણસ બાઈ ભેગો એને ઘેર ગયો. ઘરમાંથી એક પેટી લઈને લાઈએ નાનકડા દીકરાને કહ્યું:

"હું આ ભાઈ ભેગી કાજી પાસે જાઉં છું. તું અમારી પાછળ પાછળ ચાલ્યો આવ. પણ વચમાં સારો એવો ફાસલો રાખજે, સાવ નજીક આવી જતો નહિ. બને તો એટલું ધ્યાન રાખજે કે તું કોઈની નજરે ન પડે. અમે કાજીને ઘેર પહોંચીએ એટલે તું છુપાઈને વાટ જોતો ઊભો રહેજે. કાજી આ ભાઈને પૈસા આપશે. પછી હાથ લાંબા કરીને કાજી આ પેટી લેવા જાય કે તરત જ તું દોડતો આવીને મને કહેજે: 'બાપુ પાછા આવી ગયા છે, સામાન લાદેલાં કેટલાંય ઊંટ ભેગાં લાવ્યા છે!'"

"બહુ સારું, બા, બરાબર તેં કહ્યું છે એમ જ કરીશ," છોકરો બોલ્યો.

બાઈએ પેટી માથા ઉપર મૂકી અને ગરીબ માણસને ભેગો લઈને એ કાજીના ઘર તરફ ચાલી. બાઈનો દીકરો વચ્ચે થોડોક ફાસલો રાખીને એમની પાછળ પાછળ ચાલ્યો.

કાજીના ઘર પાસે પહોંચતાં બાઈએ ગરીબ માણસને કહ્યું:

"હું પહેલાં અંદર જાઉં છું, તમે થોડી વાર પછી આવજો."

બાઈ અંદર ગઈ. પહેલાં એની સામે અને પછી પેટી સામે જોઈને કાજીએ પૂછ્યું:

"શા કામે આવ્યાં છો, બહેન?"

બાઈ બોલી:

"નામદાર કાજી સાહેબ, આપે કદાચ મારા ખાવિંદ વિશે સાંભળ્યું હશે. હું અમીર સોદાગર રહીમની ઘરવાળી છું. મારા ખાવિંદ વણજાર લઈને દૂરના દેશોમાં વેપાર ખેડવા ગયા છે. ક્યારે પાછા આવશે એ કહેવાય નહિ. કેટલાય દિવસથી ચિંતામાં ને ચિંતામાં મને રાતે મુદ્દલ નીંદર નથી આવતી. અમારા ઘરની આસપાસ ચોરલફંગા માણસો આંટા માર્યા કરે છે. મને ખાતરી છે કે એ લોકો અમને લૂંટી લેવાનું કાવતરું ઘડી રહ્યા છે. અમારી પાસે જે કંઈ પૈસા, ઝવેરાત, સોનુંરૂપું, વગેરે છે એ બધું આ પેટીમાં છે. પેટી એટલી બધી ભારે છે કે બહુ મુશ્કેલીથી માથે ઉપાડીને હું અહીં સુધી લાવી છું. એને અનામત રાખીને આપ સાચવો તો આપની મહેરબાની. મારા ખાવિંદ પાછા આવશે ત્યારે એ પોતે જ આપની પાસેથી પેટી પાછી લઈ જશે."

કાજીએ પેટી ઉપાડી જોઈ. પેટી એટલી બધી ભારે હતી કે લાલચથી એની દાઢ સળકી અને એના હાથ કંપી ઊઠયા.

એને થયું: "પેટીમાં ઓછામાં ઓછી ચાળીસથી પચાસ હજાર મહોર તો રોકડી જ હશે. એ ઉપરાંત અનેક હીરામાણેક પણ ખરાં. સાંભળ્યું છે કે રહીમ ખૂબ જ દોલતમંદ સોદાગર છે..."

પછી બાઈ તરફ મોં ફેરવીને એ બોલ્યો: "બહુ સારું, બહેન, તમતમારે બધી માલમતા સુખેથી મારી પાસે અનામત મૂકી જાઓ. ખાતરી રાખજો કે મારી પાસે બધું સલામત રહેશે. તમારી એકેએક મહોર અને બીજી ચીજો તમને

જોઈએ ત્યારે પાછી મળી જશે."

પણ બાઈ કાજીના હાથમાંથી પેટી પાછી લઈ લેતી બોલી:

"સાચેસાચ બધું પાછું મળશે ને?"

કાજી અચરજ પામ્યો હોય એમ બોલ્યો: "જરાય શંકા રાખો મા, બહેન! મારી ઈમાનદારી અને નેકી આખા શહેરમાં જાણીતી છે."

બરાબર એ જ વખતે ગરીબ માણસ અંદર આવ્યો. એને જોઈને કાજીની ખુશીનો પાર ન રહ્યો. એ મનમાં ને મનમાં બોલ્યો:

"ખુદાએ જ આ માણસને અત્યારે અહીં મોકલ્યો લાગે છે. મારી ઈમાનદારી સાબિત કરી બતાવવાની આથી વધારે સારી તક મને ક્યારે સાંપડવાની હતી! આ ભિખારાને એની હજાર મહોર પાછી આપી દઉં અને બદલામાં ધન અને હીરામાણેકથી ખચોખચ ભરેલી આ પેટી પચાવી પાડું. એ ભાવે સોદો મોંઘો નથી." એમ વિચારીને કાજી મનમાં હસ્યો અને બાઈ તરફ ફરીને બોલ્યો:

"તમે ફિકર કરો મા, બહેન! આ શહેરમાં કાજીના ઘરથી વધારે ભરોસેદાર અને સલામત ઠેકાણું બીજું એકેય નથી. પેટીને તમારા ઘર કરતાં અહીં રાખવામાં જ વધારે સલામતી છે. તમારા ખાવિંદ પાછા આવે ત્યારે અથવા તે પહેલાં ગમે તે વખતે જરૂર પડે ત્યારે પેટી તમે ખુશીથી પાછી લઈ જજો."

દીવાનખાનામાં મોજૂદ નોકરચાકરો અને બીજા બધા માણસોએ એવી રીતે માથાં હલાવ્યાં કે જાણે કાજી ખરેખર સાચું બોલતો હોય અને એનો એકેએક શબ્દ પૂરા વિશ્વાસને લાયક હોય.

ગરીબ માણસને જાણે હમણાં જ જોયો હોય એવો ઢોંગ કરીને કાજી અચરજ બતાવતો બોલી ઊઠયો:

"અરે, આ તો એ જ માણસ લાગે છે, એણે એની પૂરી બચત મારી પાસે થાપણ મૂકી રાખી છે, પૂરી એક હજાર મહોર! એણે સવારે આવીને પૈસા પાછા માગેલા. પણ મેં એને ઓળખ્યો જ નહિ. એને કોઈ ધુતારો સમજીને મેં પૈસા ન આપ્યા. અહીં કોઈ એને ઓળખતું હોય અને એનું જામીન થાય તો હમણાં ને હમણાં પૈસા ગણી દઉં."

બાઈ બોલી:

"અરે કાજી સાહેબ, આ ગરીબ માણસને તો અમે લગભગ બે વરસથી ઓળખીએ છીએ. એ કોઈ દૂરના શહેરથી અહીં આવ્યો છે અને સખત મહેનત કરીને થોડુંઘણું રળે છે. થોડો વખત એણે અમારે ત્યાં પણ કામ કર્યું છે. વળી અની કમાણી સાચેસાચ પરસેવાની કમાણી છે. એનાથી વધારે મહેનતુ માણસ બીજો કોઈ નહિ હોય. એના હાથ જુઓ ને, સખત મહેનતથી કેવા ગાંઠા પડી ગયા છે!"

મોં ઉપર મીઠો મલકાટ આણીને કાજી તરત બોલ્યો:

"અરે, તમે આ માણસને ઓળખો છો? તો તો પછી જરાય વાર કરવાનો સવાલ જ નથી. આવ ભાઈ, તારી હજાર મહોર લઈ જા, આ ઘડીએ જ લઈ જા."

કાજીએ પટારો ઉઘાડીને પૈસા કાઢ્યા અને ભારે ડોળ કરીને એક હજાર મહોર ગરીબ માણસને ગણી આપી. પછી ઝટ બાઈ તરફ ફરીને એણે કહ્યું:

"કેમ બહેન, હવે તો તમે નજરે જોયું ને કે બીજાના પૈસા મારી પાસે કેવા સલામત હોય છે અને થાપણ રાખવા હું કેવો ભરોસેદાર માણસ છું! મારી પાસે રાખેલી થાપણ એના માલિકને જ્યારે જોઈએ ત્યારે જરાય મુશ્કેલી વગર પાછી મળી જ જાય. તમતમારે તમારી પેટી મને સોંપીને બેફિકર ઘેર જાઓ."

એમ કહીને એણે પેટી લેવા હાથ લાંબા કર્યા.

બરાબર એ જ ઘડીએ ભાઈનો દીકરો શેરીમાંથી દોડતો અંદર આવ્યો અને સાદ પાડતો બોલ્યો:

"બા, જલદી ઘેર ચાલ! બાપુ પાછા આવી ગયા છે, ભેગાં સામાન લાદેલાં ઊંટ લાવ્યા છે, અને તારી વાટ જુએ છે."

સાંભળીને બાઈનું મોં મલકી ઊઠ્યું અને એ બોલી:

"હાશ, હવે મારી બીક ટળી. મારા ખાવિંદ આવી ગયા એટલે મને ચોરીનો જરાય ડર ન રહ્યો. એ પોતે જ બધી ધનદોલત સંભાળશે, નામદાર કાજી સાહેબની મદદની એમને જરૂર નહિ પડે."

એમ બોલીને બાઈએ પેટી માથે ચડાવી અને ગરીબ માણસ ભેગી એ કાજીના ઘરની બહાર નીકળી ગઈ.

બહાર આવીને એણે ગરીબ માણસને કહ્યું : "ભાઈ, ગમે એવું સંકટ આવી પડે તોપણ ધીરજ ક્યારેય છોડવી નહિ અને હિંમત ક્યારેય હારવી નહિ. એટલું યાદ રાખવું કે બધી મેલી તરકીબ કામયાબ કરી જાય એવો કોઈ ધુતારો કે મવાલી આ દુનિયામાં હોય જ નહિ. હવે પાછા તમારા કુટુંબ પાસે જાઓ અને નિરાંતની જિંદગી ગાળો. વતનથી દૂર બહુ રખડી લીધું, કાળી મજૂરી કરી કરીને જે કંઈ કમાયા છો એ ઘેર જઈને વાપરો અને સુખે જિંદગી ગુજારો."

પછી એકબીજાને સલામ કરીને તેઓ પોતપોતાને રસ્તે પડયાં.

અહીં કાજી એકલો પડયો એટલે ભયંકર ગુસ્સાથી ગાંડોઘેલો થઈ ગયો. વારે વારે દાઢીના વાળ ખેંચે કે પગ પછાડે. એના મનમાં ગુસ્સો ને ખેદ એટલાં છવાઈ ગયાં કે શું કરવું એની એને સમજણ જ ન પડે.

એ બેચેન થઈને વારંવાર બબડવા લાગ્યો : "અરે, હું તે કેવો કમનસીબ આદમી! હાથમાં આવેલી માલમતા ચાલી ગઈ! મોત આવે રહીમ સોદાગરનું! એક કલાક, ફક્ત એક જ કલાક મોડો પાછો આવ્યો હોત તો શું મરી જાત! એટલી વારમાં તો અહીં બધું પતી ગયું હોત અને ખજાના જેવી પેટી મારા હાથમાં આવી ગઈ હોત. મારી દોલતમાં અનેક ગણો વધારો થઈ ગયો હોત. મારો મોટો પટારો છેક ઉપર સુધી ભરાઈ ગયો હોત. નસીબ દગો દઈ ગયું! આ જખમ કદી નહિ રુઝાય! કેવી કમનસીબી!"

ચતુર ભાઈઓ

ઉઝબેક વાર્તા





એક ગરીબ માણસને ત્રણ દીકરા હતા. એ ઘણી વાર દીકરાઓને કહેતો:

"મારા છોકરાઓ! આપણી પાસે નથી ઢોરઢાંખર કે નથી સોનુંરૂપું, આપણી પાસે ધનદોલત જેવું કશું જ નથી. એટલે તમારે બીજી જાતના ખજાના ભેગા કરવાના છે. તમે વધારે સમજતાં અને વધારે જાણકારી હાંસલ કરતાં શીખો. કોઈ પણ વાત કે વસ્તુ તમારી નજર બહાર ન રહી જાય એની કાળજી રાખો. એમ કરશો તો તમે ઢોરઢાંખરને બદલે સજગ દિમાગના અને સોનારૂપાને બદલે સચેત બુદ્ધિના સ્વામી બનશો. તમારી કને એવી સંપત હશે તો તમે ક્યારેય મૂંઝવણમાં નહિ પડો અને તમારી હાલત બીજા લોકો કરતાં ઊતરતી કદી નહિ થઈ જાય."

વખતને વીતતાં કંઈ વાર લાગતી નથી. એક દિવસ ઘરડો બાપ પરલોકને પંથે ચાલ્યો ગયો. ત્રણેય દીકરા ભેગા થઈને મસલત કરવા લાગ્યા:

"હવે આપણે માટે અહીં તો કંઈ કરવાનું છે જ નહિ. ચાલો, આપણે સફરે નીકળી પડીએ અને દુનિયાના રંગ જોઈએ. જરૂર પડશે તો આપણે કોઈ રબારીને ત્યાં કે ખેડૂતને ત્યાં કામે રહી જઈશું. ગમે ત્યાં હોઈશું તોપણ આપણે કંઈ ભૂખે મરવાના નથી."

ત્રણેય ભાઈ તૈયાર થઈને મુસાફરીએ નીકળી પડયા.

વેરાન ખીણો પાર કરતા અને ઊંચા ઊંચા પહાડ ઓળંગતા ભાઈઓ ચાલ્યા જાય છે. એવી રીતે તેઓ ચાળીસ દિવસ સુધી સફર ખેડતા રહ્યા.

ભેગું જે કંઈ ખાવાનું લીધું હતું એ બધું થઈ રહ્યું. ત્રણેય ભાઈ થાકીને લોથપોથ થઈ ગયા અને ચાલી ચાલીને એમના પગમાં છાલાં પડી ગયાં, પણ રસ્તાનો છેડો ક્યાંય દેખાય નહિ. ઘડી બે ઘડી થાક ખાઈને વળી પાછા તેઓ આગળ ચાલ્યા.

આખરે એમને દૂરથી ઝાડોનાં ઝુંડ, ઊંચા મિનારા, અને ઘર દેખાયાં. સામે જ વિશાળ નગર હતું.

ભાઈઓની ખુશીનો પાર ન રહ્યો. તેઓ વધારે ઝડપથી નગર તરફ ચાલ્યા. તેમને થયું કે બધી વિપદા વીતી ગઈ છે અને હવે રૂડા દિવસો આવશે.

ત્રણેય ભાઈ નગર નજીક પહોંચી રહ્યા હતા એટલામાં સૌથી મોટો ભાઈ અચાનક ઊભો રહી ગયો અને આમતેમ જોઈને બોલ્યો:

"થોડી વાર પહેલાં જ આ રસ્તેથી મોટું ઊંટ નીકળ્યું છે."

થોડેક આગળ ચાલ્યા હશે ત્યાં વચેટ ભાઈ ઊભો રહી ગયો અને રસ્તાની બન્ને બાજુએ નજર કરીને બોલ્યો:

"ઊંટ કાણું છે."

વળી થોડેક આગળ ગયા ત્યાં સૌથી નાનેરો ભાઈ બોલ્યો:

"ઊંટની ઉપર એક બાઈ અને નાનકડું છોકરું બેઠાં છે."

"સાવ સાચું," બેય મોટા ભાઈ બોલ્યા અને ત્રણેય આગળ ચાલ્યા.

થોડી વાર થઈ ત્યાં પાછળથી કોઈ ઘોડેસવાર આવી પહોંચ્યો. સૌથી મોટા ભાઈએ એની સામે જોઈને પૂછયું:

"ભાઈ ઘોડેસવાર, તમારું કંઈક ખોવાઈ ગયું છે અને તમે ગોતવા નીકળ્યા

હો એમ લાગે છે, ખરું કે?"

ઘોડેસવારે ઘોડો ઊભો રાખીને જવાબ દીધો:

"હા ભાઈ, તમારી વાત ખરી છે."

"તમારું ઊંટ તો નથી ખોવાઈ ગયું ને?" સૌથી મોટા ભાઈએ પૂછ્યું.

"હા ભાઈ, ઊંટ જ ખોવાણું છે."

"ઊંટ બહુ મોટું છે ને?"

"હા."

"ઊંટ કાણું છે ને?" વચેટ ભાઈ બોલ્યો.

"હા."

"અને ઊંટની ઉપર એક બાઈ અને નાનકડું છોકરું બેઠાં છે, નહિ?" સૌથી નાનેરા ભાઈએ પૂછ્યું.

ઘોડેસવાર ભાઈઓ તરફ શંકાની નજરે જોઈને બોલ્યો:

"હં... તો મારું ઊંટ તમે જ ચોરી લીધું લાગે છે! ઝટ બોલી નાખો કે ઊંટનું તમે શું કર્યું છે!"

"અરે ભાઈ, અમે તો તમારા ઊંટને નજરે જોયું પણ નથી," ભાઈઓએ જવાબ દીધો.

"તો પછી ઊંટ વિશે આ બધી વિગત તમે કેવી રીતે જાણી?"

"અમે તો ફક્ત અમારી આંખ વાપરી જાણીએ છીએ અને બે ને બેનો સરવાળો કરી જાણીએ છીએ," ભાઈઓ બોલ્યા. "ઝટ ઉતાવળ કરો અને પેલી બાજુ ઘોડો દોડાવો, તમને તમારું ઊંટ ત્યાં મળી જશે."

"ના," ઊંટનો માલિક બોલ્યો, "હું જરાય એ બાજુ જવાનો નથી. મારું ઊંટ તમારી પાસે જ છે અને એ તમારે મને પાછું આપવું જ પડશે."

ભાઈઓ અચરજ પામીને બોલી ઊઠયા: "ભાઈ, અમારી તો તમારા ઊંટ ઉપર નજર સરખીયે પડી નથી."

પણ ઘોડેસવાર એમની વાત માનવા મુદ્દલ તૈયાર ન થયો. એણે મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી અને ગુસ્સામાં તલવાર આમતેમ વીંઝીને ભાઈઓને પોતાની આગળ આગળ ચાલવાનો હુકમ કર્યો. ત્રણેય ભાઈને એમ આગળ હાંકતો એ

સીધો પાદશાહના મહેલે પહોંચ્યો. ત્યાં ત્રણેય ભાઈને પહેરેગીરોના કબજામાં સોંપીને એ પાદશાહ પાસે ગયો.

પાદશાહને ફરિયાદ કરતાં એણે કહ્યું:

"હું મારાં ધણ લઈને પહાડ તરફ જતો હતો. મારી ઘરવાળી અને નાનકડો દીકરો મોટા કાણા ઊંટ ઉપર બેસીને પાછળ પાછળ આવતાં હતાં. કોણ જાણે કેમ, પણ એ લોકો પાછળ રહી ગયાં અને આડે રસ્તે ચડી ગયાં. હું પાછો વળીને એમને ગોતવા નીકળ્યો. રસ્તામાં મને ત્રણ આદમી મળ્યા. તેઓ પગપાળા જઈ રહ્યા હતા. મને ખાતરી છે કે એ ત્રણેય જણે મારું ઊંટ ચોરી લીધું છે અને મારી ઘરવાળી તથા દીકરાને મારી નાખ્યાં છે."

એની વાત પૂરી થઈ એટલે પાદશાહે એને પૂછ્યું:

"તું એમ શા ઉપરથી માની લે છે?"

"હજૂર, હું ઊંટ વિશે એક શબ્દ પણ બોલ્યો નહોતો ત્યાં જ એ ત્રણ જણે મને કહ્યું કે ઊંટ મોટું છે, કાણું છે, અને એક બાઈ તથા છોકરું એની ઉપર બેઠાં છે."

પાદશાહ એક પળ વિચારમાં પડી ગયો અને પછી બોલ્યો: "તું કહે છે એમ તેં એમને ઊંટ વિશે કંઈ કહ્યું જ ન હોય અને છતાં એ લોકો તારા ઊંટનું આટલું સરસ બયાન કરી શકતા હોય તો નક્કી એમણે જ તારું ઊંટ ચોરી લીધું હશે. જા, ત્રણેય ચોરને લાવીને મારી સામે હાજર કર."

ઊંટનો માલિક બહાર ગયો અને થોડી વારમાં જ ત્રણેય ભાઈને લઈને પાછો આવ્યો.

"જવાબ આપો, ચોરો!" પાદશાહે એમને દબડાવ્યા. "જવાબ આપો! આ માણસના ઊંટનું તમે શું કર્યું છે?"

"અમે ચોર નથી અને એના ઊંટને તો અમે ક્યારેય જોયું પણ નથી," ભાઈઓએ જવાબ દીધો.

પાદશાહ બોલ્યો: "ઊંટના માલિકે ઊંટ વિશે તમને કશું જ કહ્યું નહોતું છતાં તમે ઊંટનું બયાન કરી બતાવ્યું. પછી એની ચોરીનો ઇનકાર કરવાની હિંમત જ તમારાથી કેમ થાય છે?"

"એમાં નવાઈ જેવું કશું નથી, પાદશાહ સલામત!" ભાઈઓ બોલ્યા.

"અમને નાનપણથી જ બધું એવી રીતે ધ્યાનથી જોવાની ટેવ છે કે કોઈ પણ વિગત અમારા ધ્યાન બહાર ન રહી જાય. દરેક વસ્તુને બારીક નજરે નીરખવાનું અને એની ઉપર વિચાર કરવાનું અમે લાંબી તાલીમ લઈને શીખ્યા છીએ. એટલે જ ઊંટને ક્યારેય જોયા વગર જ અમે કહી શક્યા કે એ કેવું દેખાય છે."

પાદશાહ હસી પડયો. પછી એણે પૂછ્યું:

"કોઈ વસ્તુને જોઈ પણ ન હોય છતાં એને વિશે આટલી બધી વિગત જાણવાનું શક્ય છે ખરું?"

"હા, હજૂર, શક્ય છે," ભાઈઓ બોલ્યા.

"ઠીક, ઠીક, હમણાં જ ખબર પડી જશે કે તમારી વાત સાચી છે કે ખોટી."

એમ કહીને પાદશાહે વજીરને બોલાવ્યો અને એના કાનમાં કંઈક વાત કરી.

વજીર તરત જ મહેલમાંથી બહાર ગયો પણ થોડી વારમાં જ પાછો આવ્યો. એની ભેગા બે ચાકર ઠેલણગાડી ખેંચતા આવ્યા. ઠેલણગાડી ઉપર મોટી પેટી રાખેલી હતી.

પેટીને પાદશાહ જોઈ શકે એવી રીતે સંભાળથી બારણા પાસે મૂકીને ચાકર આઘા ખસી ગયા. ભાઈઓ ઊભા ઊભા આઘેથી એ બધું જોતા રહ્યા. પેટી કઈ તરફથી લાવવામાં આવી છે, કેવી રીતે લાવવામાં આવી છે, અને કેવી રીતે એને જમીન ઉપર મૂકવામાં આવી છે એ બધું એમણે ધ્યાનથી જોયું.

"બોલો, ચોરો, હવે કહો જોઉં કે આ પેટીમાં શું છે?" પાદશાહે પૂછ્યું.

"પાદશાહ સલામત, અમે આપને પહેલાં જ કહ્યું છે કે અમે ચોર નથી," સૌથી મોટો ભાઈ બોલ્યો. "પણ આપની મરજી મુજબ પેટીમાં શું છે એ હું આપને કહી દઉં છું. પેટીમાં નાનકડી ગોળ વસ્તુ છે."

"દાડમ," વચેટ ભાઈએ ટાપશી પૂરી.

"હા, અને દાડમ હજી બરાબર પાક્યું નથી," સૌથી નાનેરા ભાઈએ ઉમેર્યું.

એમની વાત સાંભળીને પાદશાહે પેટીને નજીક લાવવાનો હુકમ કર્યો. ચાકરોએ તરત પાદશાહના હુકમનો અમલ કર્યો. પછી પાદશાહે પેટી ઉઘાડવાનું ફરમાન કર્યું. પેટી ઊઘડી એટલે પાદશાહે અંદર નજર કરી. પેટીમાં નજર નાખતાં જ અંદર કાચું દાડમ જોઈને પાદશાહને જે અચરજ થયું એની તો વાત જ શી!

અચંબામાં ગરકાવ પાદશાહે દાડમ હાથમાં લઈને બધાને બતાવ્યું. પછી ઊંટના માલિક તરફ ફરીને પાદશાહ બોલ્યો:

"આ માણસોએ સાબિત કરી આપ્યું છે કે તેઓ ચોર નથી. તેઓ તો ખરેખર ખૂબ ચતુર માણસો છે. જા, તારા ઊંટની બીજે ક્યાંક જઈને તપાસ કર."

પાદશાહની હજૂરમાં મોજૂદ સૌને ત્રણેય ભાઈની ચતુરાઈ જોઈને ખૂબ નવાઈ લાગી. પણ પાદશાહને સૌથી વધારે અજાયબી થઈ. ભાતભાતની લહેજતદાર વાનગીઓ મગાવીને એ ત્રણેય ભાઈઓની સરભરા કરવા લાગ્યો.

"હવે તમારી ઉપર કોઈ જાતનો આરોપ નથી," પાદશાહ બોલ્યો. "તમારે જ્યાં જવું હોય ત્યાં ખુશીથી જઈ શકો છો. પણ એ પહેલાં તમે બધી વાત મને વિગતવાર જણાવો. તમને કેવી રીતે ખબર પડી કે એ માણસનું ઊંટ ખોવાઈ ગયું છે? વળી ઊંટ કેવું દેખાય છે એ તમે કેમ કરીને જાણ્યું?"

સૌથી મોટો ભાઈ બોલ્યો:

"રસ્તા ઉપર ધૂળમાં ઊંટનાં પગલાંનાં મોટાં મોટાં નિશાન હતાં. એ ઉપરથી મેં જાણ્યું કે ઊંટ ખૂબ મોટું હોવું જોઈએ. રસ્તે ચાલતાં અમારી પાછળથી આવી પહોંચનાર માણસ ચોતરફ નજર દોડાવતો હતો એટલે હું તરત સમજી ગયો કે એ શું ગોતે છે."

"વાહ!" પાદશાહ બોલી ઊઠયો. "હવે બોલો જોઉં, તમારામાંથી કોણે એ માણસને કહ્યું કે ઊંટ કાણું છે?"

વચેટ ભાઈ તરત જ ઊભો થઈને બોલ્યો: "મેં કહેલું, હજૂર."

"તને કેમ ખબર પડી કે ઊંટ કાણું છે? આંખની ખોડનાં નિશાન તો રસ્તા ઉપર ન જ પડે."

"રસ્તાની જમણી બાજુએ ઊગેલું ઘાસ કોઈ જનાવર ખાતું ગયું હોય એમ સાફ દેખાતું હતું. પણ ડાબી બાજુ ઊગેલું ઘાસ જાણે કોઈ અડક્યું પણ ન હોય એમ સાવ સલામત હતું. એ ઉપરથી મેં જાણ્યું કે જનાવર કાણું હોવું જોઈએ," વચેટ ભાઈએ ખુલાસો કર્યો.

"કમાલ!" પાદશાહ બોલ્યો. "અને તમારામાંથી કોણ સમજી ગયું કે ઊંટ ઉપર એક બાઈ અને છોકરું બેઠાં છે?"

"મને ખબર પડી ગયેલી," સૌથી નાનેરો ભાઈ બોલ્યો. "ઊંટ ગોઠણભેર બેઠું હોય એવાં નિશાન મેં રસ્તા ઉપર એક ઠેકાણે જોયાં. પાસે જ રેતીમાં ઓરતનાં પગરખાંનાં નિશાન હતાં. એ જ ઠેકાણે બીજાં નાનકડાં પગલાંનાં નિશાન પણ મેં જોયાં. એ ઉપરથી હું સમજ્યો કે બાઈની ભેગું છોકરું પણ હોવું જોઈએ."

"બરાબર, તમારી વાત સાવ સાચી છે," પાદશાહ બોલ્યો. "પણ તમને કેવી રીતે ખબર પડી કે પેટીમાં ફક્ત એક જ કાચું દાડમ છે? એ વાત તો મને મુદ્દલ સમજાતી નથી."

સૌથી મોટો ભાઈ બોલ્યો:

"ચાકરોએ જે રીતે પેટી ઉપાડી એ ઉપરથી સાફ થઈ ગયું કે પેટી જરાય ભારે નથી. એ લોકો પેટી ઉપાડીને જમીન ઉપર મૂકતા હતા ત્યારે અંદર કોઈ ગોળ ચીજ દડતી હોય એવો અવાજ મેં સાંભળ્યો. અવાજ ઉપરથી લાગ્યું કે ચીજ દડતી એક છેડેથી બીજે છેડે ગઈ છે અને બહુ મોટી નથી."

વચેટ ભાઈ બોલ્યો:

"પેટી બગીચામાંથી લાવવામાં આવી છે અને એમાં કોઈ નાનકડી ગોળ ચીજ છે એટલું જાણી લીધા પછી મેં અનુમાન કર્યું કે એ દાડમ જ હોવું જોઈએ, કેમ કે આપના મહેલ નજીક દાડમનાં ઘણાં ઝાડ ઊગેલાં છે."

"વાહ!" પાદશાહ બોલી ઊઠયો. પછી એણે સૌથી નાના ભાઈ તરફ જોઈને પૂછ્યું:

"પણ તને કેવી રીતે ખબર પડી કે દાડમ પાકું નથી?"

"દાડમની મોસમને હજી વાર છે. આ દિવસોમાં તો દાડમ બધાં કાચાં જ હોય. આપ જાતે જોઈને એ વાતની ખાતરી કરી શકો છો," એમ કહીને એણે બારી તરફ આંગળી ચીંધી.

પાદશાહે બહાર નજર કરી તો બધાં ઝાડપર કાચાં લીલાં દાડમ લટકી રહ્યાં હતાં.

ભાઈઓની અજબ બારીક નજર અને સચેત બુદ્ધિ જોઈને પાદશાહની અજાયબીનો પાર ન રહ્યો અને એ બોલી ઊઠયો:

"ધનદોલતના કે દુનિયાની ચીજોના ભંડાર ભલે તમારી પાસે ન હોય, પણ ડહાપણના ભંડાર તો ખરેખર તમારી પાસે છે જ!"

અલદાર-કોસે અને શિગાઈબે
કઝ્ઝાખસ્તાનની વાર્તા



વીતેલા જમાનાની વાત છે. વેરાન વિસ્તારમાં અલદાર-કોસે નામે ગરીબ માણસ રહેતો હતો. માલમિલકતમાં એની પાસે એક ઘોડા સિવાય બીજું કશું જ નહોતું. પણ એ ખૂબ ચતુર માણસ હતો અને હંમેશાં કંઈ ને કંઈ દિલ્લગી કે હિકમત ઘડયા જ કરતો.

એ જ વિસ્તારમાં એક ધનવાન માણસ પણ વસતો. એનું નામ શિગાઈબે. એ ભારે કંજૂસ હતો. હકીકતમાં એ જેટલો ધનવાન હતો એથીયે વધારે મખ્ખીચૂસ હતો. એની કંજૂસી એવી કે ઘેર આવેલા મહેમાનને ખાવા બટકું રોટલીયે ન આપે અને પીવા ઘૂંટડો પાણીયે ન આપે.

પહોંચેલા ને ચતુર અલદાર-કોસેએ એક દિવસ નક્કી કર્યું કે આ શિગાઈબેને પાકો પાઠ ભણાવી દેવો.

તરત ઘોડો પલાણીને એ શિગાઈબેનો મહેમાન બનવા ઊપડયો. એના ભાઈબંધો અને પાડોશીઓને વાતની ખબર પડી એટલે એ બધા ખડખડાટ હસી પડયા.

"જોજે તો ખરો, અલદાર-કોસે, શિગાઈબે તારી રજવાડી મહેમાનગતિ કરશે. તને પેટ ભરીને બકરાનું માંસ ખવડાવશે અને લહેજતદાર છાશ પીવા આપશે!"

"તમતમારે ફિકર કરો મા," અલદાર-કોસેએ જવાબ દીધો, "જોઈ લઈશું કે શું થાય છે!"

ઘણા દિવસ સુધી એ વગડામાં સફર ખેડતો રહ્યો અને શિગાઈબેનું ઘર ગોતતો રહ્યો. પણ એ જ્યાં જાય ત્યાં લોકો એને કહેતા:

"શિગાઈબેને અહીં ગોતવાની મહેનત નકામી છે. એ તો ક્યાંક ખૂબ દૂર રહેવા ચાલ્યો ગયો છે."

અલદાર-કોસે માટે આગળ ને આગળ સફર ખેડવા સિવાય બીજો કશો ઉપાય જ નહોતો. આખરે એને વગડામાં અટૂલું ઘર દેખાયું. ઘરની આસપાસ બધે ઘાસ ઊગી નીકળ્યું હતું.

અલદાર-કોસેએ મનમાં વિચાર્યું: "કંઈ ને કંઈ કારણ વગર શિગાઈબે આવી વેરાન જગ્યાએ આવીને રહે નહિ."

હકીકતમાં વાત એમ જ હતી. ઘાસથી ઘેરાયેલા ઘરમાં શિગાઈબે એટલા સારુ રહેતો હતો કે કોઈ અજાણ્યો માણસ નજીક આવે તો એને અથવા ઘરના માણસોને પહેલેથી જ ખબર પડી જાય. ઘાસમાં ચાલવાથી થતો સર્સર્ અવાજ અગાઉથી ચેતવણી આપી દેતો. ખાવાપીવાની બધી ચીજો તરત છુપાવી દેવામાં આવતી જેથી મહેમાનને કશું આપવું ન પડે.

સચેત બુદ્ધિવાળો અલદાર-કોસે આ ચાલાકીને તરત જ પામી ગયો. એ વિચાર કરવા લાગ્યો કે મુદ્દલ અવાજ કર્યા વગર ઘાસ કેવી રીતે પાર કરવું અને કોઈને ચેતવણી મળે તે પહેલાં જ શિગાઈબેના ઘરમાં કેવી રીતે પહોંચી જવું.

ખૂબ વિચાર કરવા છતાં એવો કોઈ ઉપાય પહેલાં તો એના ધ્યાનમાં આવ્યો નહિ. પણ થોડી વાર પછી એને એક ખંધી તરકીબ સૂઝી.

ઘોડાને બાજુએ લઈ જઈને એ કાંકરા ભેગા કરવા લાગ્યો. થોડી વારમાં એણે સારી પેઠે કાંકરા ભેગા કરી લીધા. પછી એ અંધારું થવાની વાટ જોતો બેઠો. અંધારું થતાં જ એણે એક પછી એક કાંકરો ઊંચા ઘાસમાં ફેંકવાનું શરૂ કર્યું.

પહેલો કાંકરો પડતાં ઘાસ હલ્યું અને સર્‌સર્ અવાજ થયો. અવાજ સાંભળીને શિગાઈબે દોડતો બહાર આવ્યો. એણે આમતેમ નજર દોડાવી, કાન દઈને અવાજ સાંભળવાની કોશિશ કરી, અને પછી સાદ પાડયો:

"કોણ છે?"

સાદનો કંઈ જવાબ મળ્યો નહિ એટલે એ પાછો ઘરમાં ચાલ્યો ગયો.

પછી અલદાર-કોસેએ બીજો કાંકરો ઘાસમાં ફેંક્યો. અગાઉની જેમ જ પાછો ઘાસ હલવાનો અવાજ થયો અને શિગાઈબે વળી પાછો દોડતો બહાર આવ્યો. એણે ચોતરફ નજર નાખી પણ કોઈ દેખાયું નહિ.

એને થયું કે ઘાસ પવનથી હલતું હશે અને એટલે અવાજ થતો હશે. ત્યાર પછી એણે અવાજ સાંભળીને બહાર દોડી આવવાનું બંધ કર્યું.

અલદાર-કોસે તો એની જ વાટ જોઈને બેઠો હતો. એણે ઘોડાની લગામ હાથમાં લીધી અને હળવે પગલે ઘાસમાં મારગ કરતો એ કંજૂસના ઘર તરફ ચાલ્યો. એક ડગલું ભરે અને થોડી વાર ઊભો રહીને વાટ જુએ, પછી બીજું ડગલું ભરે અને પાછો થોડી વાર ઊભો રહીને વાટ જુએ.

એમ કરતાં કરતાં એ બારણા સુધી પહોંચી ગયો.

બારણે લટકતો જાડી ઊનનો પડદો ઊંચો કરીને એણે અંદર નજર નાખી. ઘર અનેક જાતની વસ્તુઓથી ઠસોઠસ ભરેલું હતું. ઠેકઠેકાણે ગાલીચા અને તકિયા પડયા હતા. પતરાં જડેલી ભારે પેટીઓ એક ઉપર એક ખડકેલી હતી. વચ્ચે તાપણા પાસે શિગાઈબે કુટુંબ ભેગો બેઠો હતો. ચૂલા ઉપર મોટા તપેલામાં માંસ રંધાતું હતું. શિગાઈબે વારે વારે ચાખીને જોઈ લેતો હતો કે બરાબર રંધાઈ ગયું છે કે નહિ. સાથે સાથે એ ખીમાના કોફ્તા બનાવતો હતો. એની ઘરવાળી લોટ બાંધતી હતી, દીકરી બતક સાફ કરતી હતી, અને નોકર ઘેટાનું માથું શેકતો હતો.

બરાબર એ જ ઘડીએ અલદાર-કોસે એકાએક અંદર દાખલ થઈને બોલ્યો :

"સલામ આલેકુમ!"

એના મોંમાથી શબ્દો નીકળ્યા ન નીકળ્યા કે તરત શિગાઈબેએ તપેલા ઉપર ધડાક છીબું ઢાંકી દીધું અને કોફતા ઉપર પલાંઠી વાળી દીધી. એની ઘરવાળી કણકના લોંદા ઉપર બેસી ગઈ, દીકરીએ બતક ઉપર પાલવ ઢાંકી દીધો, અને નોકરે ઘેટાનું માથું પીઠ પાછળ છુપાવી દીધું.

શિગાઈબેએ અલદાર-કોસેની સલામનો જવાબ વાળીને પૂછ્યું :

"બોલો ભાઈ, શા સમાચાર છે?"

અલદાર-કોસેએ કહ્યું :

"સમાચાર તો ભાઈ જાણવા જેવા અને અચરજ થાય એવા છે. બધા સમાચાર કહેવા બેસું તો બહુ વાર લાગશે."

"એમ હોય તો થોડાઘણા સંભળાવો."

"ઠીક ત્યારે, સાંભળો. તમારા ઘર તરફ આવતાં રસ્તામાં મેં ખૂબ મોટા ને જાડા સાપનું ફીંડલું જોયું. હું હમણાં આવ્યો ત્યારે તમે જે કોફતાના ઢગલા ઉપર પલાંઠી વાળી દીધી એના કરતાં પણ સાપનું ફીંડલું મોટું હતું."

શિગાઈબેએ મોં કટાણું કર્યું પણ એ કંઈ બોલ્યો નહિ. અલદાર-કોસેએ વાત આગળ ચલાવી :

"તમે માનશો ખરા કે તમારા નોકરે શેકતાં શેકતાં પીઠ પાછળ છુપાવી દીધેલા ઘેટાના માથા જેવડું જ મોટું ને કાળું માથું એ સાપને હતું?"

શિગાઈબેએ વળી પાછું મોં કટાણું કર્યું પણ એ કંઈ બોલ્યો નહિ. ખંધા અલદાર-કોસેએ પાછી વાત આગળ ચલાવી :

"પછી સાપ સરકવા ને ફૂંફાડા મારવા લાગ્યો. આ તપેલામાં ઊકળતું માંસ જેવી રીતે ઉછાળા મારે છે એવી જ રીતે સાપ ફૂંફાડા મારતો હતો. હું ઠેકડો મારીને ઘોડા ઉપરથી નીચે ઊતર્યો અને હાથમાં ભારે પથરો લઈને મેં પૂરા જોરથી સાપને માર્યો. એનું માથું ચગદાઈ ગયું. એ માથું પછી તમારી ઘરવાળી જે કણકના લોંદા ઉપર બેઠી છે એવું જ દેખાતું હતું. રસ્તામાં મેં આવી અજાયબીઓ જોઈ. હું ખોટું બોલતો હોઉં તો મારા હાલ પેલા બતક જેવા થઈ જાય કે જેને

તમારી દીકરી સાફ કરતી હતી!"

શિગાઈબે એટલો બધો અકળાઈ ગયો કે એનું શરીર હળવો આંચકો ખાઈ ગયું. પણ એના મોંમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહિ. અલદાર-કોસેને કશું ખાવા આપવાની વાત પણ એણે ન કરી.

અલદાર-કોસે અને શિગાઈબે મોડે સુધી વાતચીત કરતા બેઠા રહ્યા. તપેલામાં માંસ ઊકળતું ને રંધાતું રહ્યું. એમાંથી ઊઠતી લહેજતદાર સોડમ આખા ઘરમાં ફેલાઈ ગઈ.

અલદાર-કોસેએ આખો દિવસ સફર ખેડી હતી એટલે એને કકડીને ભૂખ લાગેલી. એ વારંવાર તપેલા તરફ જોતો જાય અને એના મોમાં પાણી છૂટતું જાય. એ જોઈને શિગાઈબે બોલ્યો:

"તપેલા, ઊકળતું રહેજે, છ મહિના સુધી ઊકળતું રહેજે!"

સાંભળીને અલદાર-કોસે પગમાંથી જોડા કાઢીને લાંબો થયો અને બગાસું ખાતો બોલ્યો:

"જોડા, આરામ કરો, બે વરસ સુધી આરામ કરો!"

મહેમાન કોઈ વાતે ટળે એમ નથી એ જોઈને શિગાઈબેએ વાળુ કર્યા વગર જ સૂઈ જવાનું નક્કી કર્યું.

ચૂલા ઉપર માંસ એમ ને એમ રહેવા દઈને સૌ ગાલીચા ઉપર સૂઈ ગયાં.

શિગાઈબે મનમાં વિચારવા લાગ્યો: "અલદાર-કોસે ઊંઘી જાય એટલે તરત બધાંને જગાડું અને સૌ થોડું થોડું માંસ ખાઈ લઈએ."

અલદાર-કોસે પણ મનસૂબા ઘડવા લાગ્યો:

"આ મખ્ખીચૂસ શિગાઈબે ઊંઘી જાય કે તરત પેટ ભરીને માંસ ખાઈ લઉં. તપેલામાં રાંધેલું માંસ તૈયાર છે પછી ભૂખ્યા શું કરવા રહેવું!"

બેમાંથી શિગાઈબેને પહેલી ઊંઘ આવી ગઈ. થોડી વાર તો એ જાગતો પડયો રહ્યો, પણ પછી એની આંખો બંધ થઈ અને એનાં નસકોરાંનો અવાજ આખા ઘરમાં ગુંજવા લાગ્યો.

અલદાર-કોસે ઊઠયો અને એણે તપેલામાંથી બધું માંસ પેટમાં પધરાવી દીધું. પછી શિગાઈબેના જૂના જોડા તપેલામાં નાખીને એણે તપેલું ઢાંકી દીધું,

અને પોતે લાંબો થઈને વાટ જોવા લાગ્યો કે હવે કેવો ખેલ જામે છે.

થોડી વાર પછી શિગાઈબેની ઊંઘ ઊડી ગઈ. એણે પહેલાં તો કાન સરવા કરીને અવાજ સાંભળવાની કોશિશ કરી અને પછી અલદાર-કોસે તરફ નજર કરી. અલદાર-કોસે ઊંઘમાં પડયો છે એમ માનીને એ સાવધાનીથી ઘરવાળી તથા દીકરીને જગાડવા લાગ્યો.

"ઊઠો, બેઠાં થાઓ હવે!" એણે ધીરેથી કહ્યું. "આ અલદાર-કોસે સૂતો છે ત્યાં આપણે થોડું થોડું માંસ ખાઈ લઈએ, ઝટ કરો!"

એમ કહીને શિગાઈબેએ તપેલું ઉઘાડીને એમાંથી જોડા કાઢયા અને છરી વડે એના કકડા કર્યા. સૌ બેસીને ખાવા લાગ્યાં. ખૂબ. મહેનત કરીને ચાવતાં જાય, પણ એકેય કકડો ચવાય નહિ. એમને અચરજ થયું કે માંસ ચવાતું કેમ નથી, આટલું સખત કેમ થઈ ગયું છે!

"આ બધો પેલા નકામા અલદાર-કોસેનો જ વાંક છે," શિગાઈબેએ ઘરવાળીને કહ્યું. "અને લીધે જ માંસ આટલું સખત થઈ ગયું છે. પણ વાંધો નહિ. એનો ટાંટિયો ઘરમાંથી ટળે પછી આપણે માંસને ખૂબ રાંધીને નરમ બનાવી લઈશું અને ખાઈશું. હમણાં તો બધી બોટી તપેલામાં પાછા જ મૂકી દઈએ."

ઘરવાળીએ ચામડાના બધાય કટકા ભેગા કરીને પાછા તપેલામાં મૂકી દીધા. પછી શિગાઈબેએ એને ચૂલો પેટાવીને રાતની કણકની ગરમ ગરમ ભાખરીઓ શેકવાનું કહ્યું.

ભાખરીઓ શેકાઈ ગઈ એટલે ઠરવાની વાટ જોયા વગર જ એને ઝભ્ભામાં ભરીને શિગાઈબે ઢોરઢાંખરની દેખભાળ કરવા વગડા તરફ જવા નીકળ્યો.

કંજૂસ બહાર નીકળ્યો કે તરત અલદાર-કોસે ઊઠીને એની પાછળ દોડયો અને નજીક પહોંચીને બોલ્યો:

"અરે શિગાઈબે, સારું થયું કે મારી આંખ ઊઘડી ગઈ. નહિતર મારે તમને સલામ કહ્યા વગર જ નીકળી જવું પડત. હું આજે પાછો જવાનો છું."

એમ કહેતો એ શિગાઈબેને બાથમાં લઈને જોરથી ભેટી પડયો. ગરમ ગરમ ભાખરીઓ કંજૂસના શરીર જોડે દબાતાં એની ચામડી સખત બળી ગઈ.

શિગાઈબેએ પહેલાં તો પીડા સહી લીધી, પણ વધારે વાર ન સહેવાતાં એ

રાડ પાડી ઊઠયો :

"અરેરે, મને બાળી નાખ્યો! બાળી નાખ્યો!"

ઝભ્ભામાંથી ભાખરીઓ કાઢીને એ બરાડયો :

"આને ભલે કૂતરા ખાય!"

"અરે શિગાઈબે, આ ગરમ ગરમ ભાખરીઓ કૂતરાને શું કરવા ખવડાવવી છે! થોડીક મને જ ખાવા દો!"

એટલું કહેતાં એ ભાખરીઓ આંચકીને ખાવા લાગ્યો.

"તમારી ઘરવાળી ભાખરી બહુ સરસ બનાવે છે, શિગાઈબે," અલદાર-કોસે બોલ્યો. "આવી સરસ ભાખરી તો મેં ઘણા વખતથી નથી ખાધી."

શિગાઈબે જવાબમાં કંઈ બોલ્યો નહિ. ખૂબ ખૂબ લાગી હોવા છતાં એ છાનોમાનો ઘોડે ચડીને વગડા તરફ રવાના થઈ ગયો.

એણે સાંજે ઘેર આવીને જોયું તો અલદાર-કોસે મોજૂદ હતો.

"અરે, તમે તો સવારે દુવાસલામ કરી લીધા હતા ને? મને લાગેલું કે તમે પાછા જવાના છો," શિગાઈબે બોલ્યો.

"હું જવાનો જ હતો, પણ પછી મેં વિચાર બદલી નાખ્યો," અલદાર-કોસેએ કહ્યું.

"અહીં તમારા ઘરમાં મને બહુ ગમી ગયું છે."

શિગાઈબેએ અકળાઈને ભવાં ચડાવ્યાં, પણ મહેમાનને ઘરમાંથી કાઢી તો મુકાય નહિ. એનાથી કંઈ થાય એમ નહોતું.

બીજે દિવસે સવારે શિગાઈબે વળી પાછો વગડામાં જવા તૈયાર થયો અને એણે ઘરવાળીને કહ્યું :

"મને લોટો ભરીને છાશ દે, પણ ધ્યાન રાખજે કે અલદાર-કોસે જોઈ ન જાય."

ઘરવાળીએ મોટો લોટો છાશ ભરીને એને આપ્યો. એણે લોટાને ઝભ્ભા નીચે છુપાવી દીધો અને બહાર નીકળતાં એ મનમાં બોલ્યો :

"લાગે છે કે આજે તો કોઈ પરેશાની ઊભી નહિ થાય, બધું બરાબર પાર ઊતરશે."

પણ એની ધારણા ખોટી પડી. અલદાર-કોસે દોડતો બહાર આવ્યો અને હાથ ફેલાવીને શિગાઈબેને ભેટી પડયો. એણે એવી સજ્જડ બાથ ભીડી કે લોટો વાંકો વળી ગયો અને છાશ ઢોળાઈને ઝભ્ભામાંથી નીચે ટપકવા લાગી.

શિગાઈબે ગુસ્સાથી ગાંડા જેવી થઈ ગયો. ઝભ્ભામાંથી લોટો બહાર કાઢીને અલદાર-કોસેના હાથમાં ધરબી દેતાં એ બરાડી ઊઠયો:

"લે! પી! પી!"

"તમે કહો છો તો જરૂર પીશ," અલદાર-કોસેએ જવાબ આપ્યો. "ના પાડીને તમને માઠું લગાડવાનું કામ તો મારાથી થાય જ નહિ."

એમ કહીને એ તો બધી છાશ ગટગટાવી ગયો.

ફરી વાર શિગાઈબેને ભૂખ્યા પેટે જ વગડામાં જવું પડયું. પહોંચેલો અલદાર-કોસે ઘરમાં પાછો આવ્યો અને શિગાઈબેની ઘરવાળી તથા દીકરી જોડે ગપ્પાં મારતો બેઠો.

અલદાર-કોસે કંજૂસને ઘેર ઘણા દિવસ રોકાયો. શિગાઈબેએ ઘણી ચાલાકીઓ અને હિકમતો કરી જોઈ પણ મહેમાનને ચતુરાઈમાં હરાવવાનું એનાથી બન્યું જ નહિ. મને કમને એને અલદાર-કોસેને રોજ ખવડાવવું જ પડયું.

મહેમાનને કેવી રીતે કાઢી મૂકવો અને એની ઉપર વેર કેવી રીતે વાળવું એનો જ વિચાર શિગાઈબે સવારથી સાંજ સુધી કર્યા કરતો. એ વિચાર કરતો જ રહ્યો, વિચાર કરતો જ રહ્યો, અને આખરે એણે તરકીબ ઘડી કાઢી.

અલદાર-કોસે ઘોડે ચડીને એને ઘેર આવ્યો હતો. ઘોડાના માથા ઉપર ધોળા તારલિયા જેવું નિશાન હતું. શિગાઈબેએ નક્કી કર્યું કે ઘોડાને મારી નાખીને અલદાર-કોસે ઉપર વેર વાળવું. એ જ્યારે જ્યારે ઘોડા પાસેથી નીકળતો ત્યારે એની ઉપર ઝેરભરી નજર માંડતો.

આ વાત અલદાર-કોસેના ધ્યાનમાં આવી ગઈ એટલે એ જ દિવસે સાંજે એણે થોડીક મેશ લઈને પોતાના ઘોડાના ધોળા તારલિયા ઉપર ચોપડી દીધી. પછી થોડીક ધોળી માટી લઈને એણે શિગાઈબેના સૌથી સારા ઘોડાના માથા ઉપર ધોળા તારલિયાનું નિશાન બનાવી દીધું.

ત્યાર બાદ એ ઘરમાં જઈને સૂઈ ગયો.

રાતમાં શિગાઈબે છાનોમાનો બહાર નીકળીને તબેલામાં ગયો અને ધોળો તારલિયો ચીતરેલા પોતાના જ ઘોડાને એણે મારી નાખ્યો. ઘોડાને ખતમ કરીને એ મોટેથી ઘાંટા પાડવા લાગ્યો:

"અરે ઓ અલદાર-કોસે, તારું નસીબ ફૂટી ગયું! આમ જો, તારા ઘોડાને કંઈક થઈ ગયું છે!"

પણ અલદાર-કોસે તો બહાર નીકળ્યો જ નહિ. એણે અંદરથી જ સાદ પાડીને કહ્યું:

"એથી નકામા અકળાઈ જાઓ મા, શિગાઈબે, અને ઘાંટા પાડો મા. થવાનું હતું એ ભલે થઈ ગયું. હવે ઘોડાને કાપીને સાફ કરી નાખો એટલે તમને ને મને પેટ ભરીને માંસ ખાવા મળે."

સાંભળીને શિગાઈબે ગેલમાં આવી ગયો અને ખડખડાટ હસી પડયો. કાળમુખા મહેમાનની ઉપર વેર વાળવામાં પોતે આખરે સફળ બન્યો એથી એ બેહદ ખુશ થઈ ગયો.

સવાર પડયું ત્યારે ઉજાસમાં જ એને ખબર પડી કે એણે તો પોતાના જ સૌથી સારા ઘોડાને રાતના અંધારામાં ઠાર કરી નાખ્યો છે.

ખબર પડતાં જ ગુસ્સાથી શિગાઈબેનું માથું લગભગ ફાટી ગયું. પણ ગુસ્સો કરવાથી કંઈ લાભ થાય એમ નહોતો. એને મૂંગા મૂંગા માંસ રાંધીને અલદાર-કોસેને ખવડાવવું જ પડયું.

પણ આખરે અલદાર-કોસે જ શિગાઈબે જોડે રહી રહીને કંટાળી ગયો. એણે ગામ પાછા ફરવાનું અને ભેગા શિગાઈબેની દીકરીને ઉપાડી જવાનું મનમાં નક્કી કર્યું.

એને થયું: "શિગાઈબેની દીકરીને ઉપાડી જઈને મારા ઘરમાં બેસાડું એથી એને જ ફાયદો થશે. અહીં આવા બાપ ભેગી રહીને તો એ પણ એવી જ કંજૂસ થઈ જવાની."

શિગાઈબેની દીકરીનું નામ બિઝ-બુલદુક હતું. અલદાર-કોસેને એણે પહેલી વાર જોયો ત્યારથી જ એ મોજીલો અને નફકરો જુવાન એના દિલમાં વસી ગયો હતો. એ વારંવાર ચોરીછૂપીથી એની ઉપર નજર નાખ્યા કરતી હતી.

એક દિવસ સવારમાં શિગાઈબે રોજની જેમ વગડામાં જવા તૈયાર થયો. એ ઘોડાને એડી મારવા જતો હતો એટલામાં અલદાર-કોસેએ નજીક જઈને એને કહ્યું :

"શિગાઈબે, મેં ઘણા દિવસ તમારી મહેમાનગતિ ભોગવી. હવે મારે પાછું ઘેર જવું જ જોઈએ. સાંજે તમે પાછા ફરશો ત્યારે ઘર ખાલી ખાલી લાગે એટલી બધી મોકળાશ થઈ ગઈ હશે."

શિગાઈબેએ ધ્યાનથી સાંભળ્યું, પણ કાને સાંભળેલી વાત માની લેવા એનું મન કેમેય તૈયાર ન થયું.

અલદાર-કોસે આગળ બોલ્યો: "પણ મને તમારી બિઝ (વીંધણી) આપો. મારા જોડા ફાટી ગયા છે. મારે નીકળતાં પહેલાં એને સાંધી લેવા છે."

શિગાઈબે તરત જ બોલી ઊઠયો: "વારુ, ભલે તું તારે ખુશીથી બિઝ લઈ લે અને જોડા સાંધી લે. તું કોઈ વાતે ટળતો હો તો બસ!"

એમ કહીને એ વગડામાં જવા રવાના થઈ ગયો.

અલદાર-કોસેએ ઘરમાં જઈને શિગાઈબેની ઘરવાળીને કહ્યું :

"ભલાં બાઈ, બિઝ-બુલદુકને સાબદી કરો. એને મારી જોડે નીકળવાનું છે."

"તમારું ભેજું ખસી ગયું છે કે શું?" શિગાઈબેની ઘરવાળી અચરજથી બોલી ઊઠી. "તમારા જેવા ભિખારાને શિગાઈબે અમારી બિઝ કદી આપે ખરા?"

"એણે તો બિઝ મને આપવાનું ક્યારનું કહી દીધું છે. વિશ્વાસ ન આવતો હોય તો તમે જાતે જ જઈને એને પૂછી જુઓ."

શિગાઈબેની ઘરવાળી દોડતી બહાર ગઈ અને સાદ પાડીને ધણીને પૂછવા લાગી :

"શિગાઈબે, શિગાઈબે, તમે બિઝ અલદાર-કોસેને આપવાનો વાયદો કર્યો છે કે?"

ઘોડો દોડાવતાં દોડાવતાં જ શિગાઈબેએ જવાબ વાળ્યો: "હા, હા! બિઝ અને આપી દે અને એનો ટાંટિયો ઘરમાંથી ટળવા દે!"

એટલું બોલતાં શિગાઈબેએ ઘોડાને ચાબુક ફટકારીને ઝપાટાબંધ વગડા તરફ દોડાવી મૂક્યો.

શિગાઈબેની ઘરવાળીમાં ધણીનો હુકમ તોડવાની હિંમત નહોતી. દીકરીને સાબદી કરીને એ એને વળાવવા બહાર લઈ આવી. અલદાર-કોસેએ ધોળા તારલિયાવાળા ઘોડા ઉપર એને પોતાની જોડે બેસાડીને ઘોડો વહેતો મૂક્યો. જોતજોતામાં શિગાઈબેનું ઘર ક્યાંય પાછળ રહી ગયું.

રસ્તામાં અલદાર-કોસેએ બિઝ-બુલદુકને કહ્યું:

"સારા લોકો ભેગી રહીને તું પણ સારા ગુણો કેળવી શકીશ."

શિગાઈબે સાંજે ઘેર પાછો આવ્યો. પોતાની ગેરહાજરીમાં બની ગયેલી ઘટનાની ખબર પડતાં એ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. ઠેકડો મારીને એ ઘોડે ચડયો અને અલદાર-કોસેને પકડી પાડવા એણે ઘોડાને પૂર ઝડપે મારી મૂક્યો. એ વગડામાં બધે ખૂબ રખડયો પણ એને અલદાર-કોસેની ભાળ ક્યાંય મળી નહિ. આખરે એ છાતી કૂટતો ખાલી હાથે ઘેર પાછો ફર્યો.

સૌથી મોટું કોણ?

કિરગિઝિયાની વાર્તા



બહુ જૂના જમાનાની વાત છે. એક ગામમાં ત્રણ ભાઈ રહેતા હતા. ત્રણેય ભાઈ વચ્ચે એક જ કાબરચીતરો બળદ.

ભાઈઓનો મેળ જામ્યો નહિ એટલે એમણે નોખા થવાનું નક્કી કર્યું. બીજી બધી ઘરવખરીના તો ભાગ પડી ગયા, પણ બળદ એક જ હતો. એના ભાગ કેવી રીતે પાડવા? પહેલાં તો એમણે વિચાર કર્યો કે બળદને વેચી નાખીએ. પણ બળદ વેચાતો લઈ શકે એટલો પૈસાદાર માણસ આસપાસ ક્યાંય મળ્યો નહિ. પછી એમને થયું કે બળદને કતલખાને મોકલી દઈએ. પણ બળદને મોતના મોંમાં ધકેલતાં એકેયનો જીવ ચાલ્યો નહિ. ત્રણમાંથી કોઈ એક ભાઈ બળદને રાખી લે એ પણ એમને મંજૂર નહોતું.

એટલે એમણે આખરે એમ નક્કી કર્યું કે કોઈ શાણા માણસ પાસે જઈને ફેંસલો કરાવવો.

"શાણો માણસ જે ફેંસલો કરે એ આપણે માની લેવો," બાઈઓએ એકબીજાને કબૂલાત આપી અને બળદ ભેગો લઈને તેઓ શાણા માણસના ગામે જવા નીકળી પડયા. સૌથી મોટો ભાઈ બળદના માથા પાસે ચાલ્યો, વચેટ ભાઈ બળદના પડખા પાસે ચાલ્યો, અને સૌથી નાનો ભાઈ બળદની પાછળ ચાલતો ચાલતો એને લાકડી વડે આગળ હાંકવા લાગ્યો.

પરોઢિયે એક ઘોડેસવાર પાછળથી ઘોડો દોડાવતો આવ્યો. નાના ભાઈ પાસે પહોંચતાં એણે એને પૂછયું કે બળદને ક્યાં લઈ જાય છે. નાના ભાઈએ એને બધી વાત કરીને કહ્યું:

"વાતનો ફેંસલો કરાવવા અમે બળદ ભેગો લઈને શાણા માણસ પાસે જઈએ છીએ. શાણો માણસ જે કંઈ ફેંસલો કરશે એ અમે ત્રણેય ભાઈ મંજૂર રાખશું."

પછી ઘોડેસવારને સલામ કહેતાં એણે ઉમેર્યું:

"થોડી વારમાં તમે મારા વચેટ ભાઈ પાસે પહોંચી જશો. એ બળદના પડખા પાસે ચાલતો જાય છે. એને મારા સલામ પહોંચાડીને કહેજો કે બરાબર ધ્યાન રાખીને બળદને ડચકારતો જાય. રાત પડે એ પહેલાં અમારે ગમે એમ કરીને શાણા માણસના ગામે પહોંચી જવું છે."

"બહુ સારું," ઘોડેસવાર બોલ્યો, અને ઘોડાને એડી મારીને દોડાવતો એ આગળ ચાલ્યો ગયો.

બપોરે એ કાબરચીતરા બળદના પડખા પાસે ચાલતા વચેટ ભાઈને આંબી ગયો.

એને દુવાસલામ કરીને ઘોડેસવાર બોલ્યો:

"તમારા નાના ભાઈએ સલામ કહેવડાવ્યા છે અને કહ્યું છે કે અંધારું થતાં પહેલાં ઠેકાણે પહોંચી જવું હોય તો બરાબર ધ્યાન રાખીને બળદને ડચકારતા રહેજો."

વચેટ ભાઈએ ઘોડેસવારનો આભાર માનીને કહ્યું:

"તમે બળદના માથા પાસે પહોંચશો એટલે મારો મોટો ભાઈ મળશે. એને મારા સલામ પહોંચાડીને કહેજો કે બળદને દોરવામાં ઉતાવળ રાખે. અમારે બને

એટલા જલદી શાણા માણસને ગામે પહોંચી જવું છે."

ઘોડેસવાર ઘોડો દોડાવતો આગળ ચાલ્યો. એ બળદના માથા પાસે પહોંચ્યો ત્યારે સાંજ પડી ગઈ હતી. એણે બેઉ ભાઈઓના સલામ અને સંદેશા મોટા ભાઈને કહ્યા.

સૌથી મોટો ભાઈ બોલ્યો: "હવે મારાથી કંઈ થાય એમ નથી. સાંજ તો પડી ગઈ છે. બળદને રોકીને અહીંયાં જ રાતવાસો કરવો પડશે. બીજો કોઈ ઉપાય નથી."

એમ કહીને એણે ચાલ ધીરી કરી દીધી.

ઘોડેસવાર પોતાને રસ્તે આગળ ચાલ્યો ગયો.

ભાઈઓએ રાત ખુલ્લા મેદાનમાં ગાળી. સવાર પડયું એટલે ત્રણેય ભાઈ ઊઠીને બળદને હાંકતા આગળ ચાલ્યા. પણ એટલામાં ભયંકર ઘટના બની ગઈ. મોટું જબ્બર ગરુડ આકાશમાંથી નીચે ધસી આવ્યું અને બળદને નહોરમાં પકડીને વાદળાં પાર કરવું આસમાનમાં ઊડી ગયું.

ભાઈઓ દુખી થઈ ગયા અને ઘડીક અફસોસ કરીને ખાલી હાથે પાછા ઘેર ચાલ્યા ગયા.

દરમિયાનમાં ગરુડ નહોરમાં બળદને પકડીને આકાશમાં ઊડતું રહ્યું. થોડી વાર પછી અને બકરાંનું ટોળું નીચે ચરાકામાં ચરતું દેખાયું. એમાં એક બકરાનાં શિંગડાં બહુ લાંબાં હતાં. કદાચ આખા જગતમાં સૌથી લાંબાં શિંગડાં એનાં જ હશે. ગરુડ સર્ર્ર્ર્ કરતું નીચે આવ્યું અને શિંગડાં ઉપર બેઠું. ત્યાં બેઠું બેઠું ગરુડ બળદને ચાંચ મારતું જાય, માંસ ખાતું જાય, અને હાડકાં આમતેમ વેરતું જાય.

અચાનક વાદળાં ચડી આવ્યાં અને ધોધમાર વરસાદ તૂટી પડયો. બકરાં ચારતો ભરવાડ વરસાદથી બચવા બધાંય બકરાંને લઈને પેલા લાંબા શિંગડાંવાળા બકરાની દાઢી નીચે ઊભો રહી ગયો.

એકાએક ભરવાડની ડાબી આંખમાં સખત પીડા ઊપડી. એને થયું: "આંખમાં કણું પડયું લાગે છે."

સાંજ પડી એટલે બકરાંને લઈને ભરવાડ ગામમાં પાછો આવ્યો. એની આંખમાં પીડા ખૂબ વધી ગઈ હતી એટલે એણે કરગરીને ગામલોકોને વીનવ્યા:

"ભાઈ ગામલોકો, મહેરબાની કરીને હકીમોને બોલાવો. ચાળીસ હોડી લઈને ચાળીસ હકીમો મારી આંખમાં ઊતરે અને કણું કાઢી નાખે. કણું ખટકે છે એટલે મને એક પળ પણ ચેન પડતું નથી."

ગામલોકોએ ચાળીસ હકીમોને બોલાવ્યા અને એમને કહ્યું:

"ભાઈ હકીમો, તમે સૌ એકેક હોડી લઈને અમારા ભરવાડની આંખમાં ઊતરો. ગમે એમ કરીને કણું કાઢી નાખો અને આ સખત પીડામાંથી એને છુટકારો અપાવો. ફક્ત એટલું ધ્યાન રાખજો કે એની આંખને ઈજા ન થાય."

ચાળીસ હોડી લઈને ચાળીસ હકીમો ભરવાડની આંખમાં ઊતર્યા. એમણે કણું ગોતીને કાઢી નાખ્યું. હકીકતમાં એ કણું નહોતું પણ બળદની કાંધનું હાડકું હતું. વરસાદથી બચવા ભરવાડ બકરાની દાઢી નીચે ઊભો હતો ત્યારે એ એની આંખમાં પડી ગયું હતું.

કણું નીકળી ગયું એટલે ભરવાડની પીડા મટી ગઈ. બધા હકીમો પોતપોતાને ઘેર પાછા ચાલ્યા ગયા. ગામલોકોએ હાડકું સીમમાં ખૂબ આઘે ફેંકી દીધું.

થોડી વારમાં કેટલાક ભમતા માલધારીઓ હાડકા પાસેથી નીકળ્યા. રાત પડવા આવી હતી. વડીલોએ આપસમાં મસલત કરીને ત્યાં જ રાત ગાળવાનું નક્કી કર્યું.

"ધોળી ધરતીની આ જગ્યા રાતવાસા માટે સૌથી સારી ને સલામત લાગે છે," એમણે કહ્યું. માલધારીઓએ ત્યાં પડાવ નાખીને તાપણાં સળગાવ્યાં.

સૌ ઠરીઠામ થઈ ગયા પછી ખાઈ પીને સૂઈ જવાની તૈયારીમાં હતાં એટલામાં અચાનક જમીન કંપી ઊઠી અને હલવા લાગી. માલધારીઓ એકદમ ગભરાઈ ગયા અને ઉતાવળમાં સામાન ગાડાંમાં લાદીને ઝપાટાબંધ ત્યાંથી રવાના થઈ ગયા.

તેઓ આખી રાત ગાડાં દોડાવતા આગળ ધસતા રહ્યા. સવાર પડયું અને ઉજાસ થયો ત્યારે જ એમનો જીવ હેઠો બેઠો અને ગાડાં રોકીને એમણે પડાવ નાખ્યો. પછી વડીલોએ ચાળીસ ઘોડેસવારોને રાતના પડાવની જગ્યાએ ધરતીકંપની તપાસ કરવા પાછા મોકલ્યા.

એમણે ત્યાં જઈને જોયું કે રાતે સૌએ જેને ધોળી ધરતી ધારી લીધેલી એ તો હકીકતમાં કોઈ જબ્બર મોટા બળદની કાંધનું હાડકું હતું. એક શિયાળ ઊભું

ઊભું હાડકાને દાંત વડે કરડતું હલાવી રહ્યું હતું.

"તો આ છે ધરતીકંપનું કારણ!" ઘોડેસવારો બોલી ઊઠયા. પછી એમણે નિશાન તાકીને તીર છોડયાં અને શિયાળને મારી નાખ્યું.

શિયાળ ખતમ થઈ ગયું એટલે બધા ઘોડેસવારો મળીને એની ખાલ ઉતારવા લાગ્યા. પણ એમનાથી એક જ બાજુની ખાલ ઊતરી. બીજી બાજુની ખાલ ઉતારવા એમણે શિયાળને ઊંચું કરીને પલટાવવાની બહુ જ મહેનત કરી, પણ શિયાળ એવું ભારે કે એમનાથી ઊંચું જ ન થયું. એટલે બીજી બાજુની ખાલ એમને એમ રહેવા દઈને તેઓ પડાવમાં પાછા ફર્યા.

એમણે પડાવમાં જઈને બધી વાત વડીલોને કરી. વડીલો વિચારમાં પડયા કે હવે શું કરવું.

એટલામાં એક જુવાન બાઈએ આવીને એમને કહ્યું:

"તમારા ઘોડેસવારો શિયાળની ખાલનો ટુકડો લાવ્યા છે એ મને આપો. મારા ધાવણા દીકરા સારુ મારે એમાંથી ટોપી બનાવવી છે."

વડીલોએ કહ્યું: "બહુ સારું, લઈ જા."

બાઈ ખાલ લઈ ગઈ. પછી દીકરાના માથાનું માપ લઈને ટોપી બનાવવા સારુ એ ખાલ વેતરવા બેઠી. પણ ખાલ તો માંડ અરધી ટોપી બને એટલી હતી. ફરી વાર વડીલો પાસે જઈને એણે કહ્યું કે શિયાળની ખાલનો બીજો અરધો ટુકડો આપો તો જ મારા દીકરાની ટોપી બને એમ છે.

ચાળીસ ઘોડેસવારોએ એને સમજાવ્યું કે અમારાથી શિયાળ ઊંચકાયું નહિ એટલે બીજી બાજુની અરધી ખાલ અમે લાવી શક્યા નથી. એમણે કહ્યું:

"અરધી ખાલમાંથી તારા છોકરાની ટોપી ન બનતી હોય તો તું પોતે જ જઈને બાકીની અરધી ખાલ ઉતારી લાવ."

બાઈ બચ્ચાને તેડીને શિયાળના મડદા પાસે ગઈ અને સાવ સહેલાઈથી મડદું પલટાવીને એણે બાકીની ખાલ ઉતારી લીધી. પછી ખાલના બેઉ ભાગ મેળવીને એણે દીકરા માટે ટોપી બનાવી.

હવે અમારા સવાલનો જવાબ આપો: તમારા ખ્યાલમાં સૌથી મોટું કોણ હતું —

બળદ?

ભૂલતા નહિ કે બળદની પૂંછડીથી બળદના માથા સુધી મારતે ઘોડે સફર કરવામાં ઘોડેસવારને આખો દિવસ લાગ્યો હતો.

કે ગરુડ?

યાદ રાખજો કે ગરુડ બળદને સહેલાઈથી નહોરમાં પકડીને આકાશમાં ઊડી ગયું હતું.

કે બકરો?

ધ્યાન રાખજો કે ગરુડે બકરાનાં શિંગડાં ઉપર બેસીને બળદને ખાધો હતો.

કે ભરવાડ?

ચાળીસ હકીમો ચાળીસ હોડી લઈને એની આંખમાં ઊતર્યા હતા એ વાત ભૂલવાની નથી.

કે શિયાળ?

બળદની કાંધના હાડકાને બટકાં ભરીને એણે ધરતીકંપ પેદા કર્યો હતો એ વાત યાદ રાખજો.

કે ધાવણું બચ્ચું?

યાદ કરો કે શિયાળની આખી ખાલમાંથી એની ટોપી માંડ માંડ બની હતી.

કે પછી એવા મોટા જબ્બર બચ્ચાને જનમ દેનારી બાઈ સૌથી મોટી હશે?

બરાબર વિચાર કરો. ખૂબ વિચાર કરશો તો કદાચ અમારા સવાલનો સાચો જવાબ આપી શકશો.

બોરોલદોઈ મેરગેન અને એનો બહાદુર બેટો

આલ્તાઈની વાર્તા



જૂના જમાનાની વાત છે, વીતેલા યુગની કહાણી છે. નીલરંગી આલ્તાઇ પહાડમાં અલમિસ નામે માણસખાઉ રાક્ષસ રહેતો હતો.

એને લાંબી લાંબી કાળી મૂછો હતી. મૂછો એટલી લાંબી કે બન્ને ખભા ઉપરથી લગામની જેમ પીઠ ઉપર લટકતી રાખે. એની દાઢી ગોઠણ સુધી લાંબી હતી. એની આંખ જુઓ તો લોહી જેવી લાલ, અને દાંત ખૂબ લાંબા ને તીણા. એની આંગળીઓમાં નખને ઠેકાણે અણિદાર નહોર હતા. અને રાક્ષસના આખા શરીરે જાડા ખરબચડા વાળ છવાયેલા હતા.

અલમિસ વિકરાળ, લોહીતરસ્યો, અને નિર્દય હતો. વનમાં જતા શિકારીઓને એ મારી નાખતો અને ગામની બાઈઓની હત્યા કરતો. નબળું ઘરડું માણસ હોય કે ખીલતી કળી જેવું કુમળું બાળક હોય, કોઈને એ છોડતો નહિ. જે કોઈ નજરે પડે તેની ઉપર એ તૂટી પડતો અને એને મારીને ખાઈ જતો.

અલમિસ એવો જોરાવર અને એવો ખંધો હતો કે એની સામે લડવાની કોઈની હિંમત ન પડે. દૂરથી અલમિસને જોતાં જ લોકો દોડીને છુપાઈ જતા. બીજું શું કરવું એની કોઈને સમજણ જ ન પડતી.

લોકો વિચારતા: "અલમિસ આપણા કરતાં ઘણો વધારે જોરાવર અને ખૂબ લુચ્ચો છે. કોઈ એને નથી લડાઈમાં હરાવી શકે એમ કે નથી ચાલાકીમાં પાછો પાડી શકે એમ. મૂંગા મૂંગા એનો જુલમ સહન કરવા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી."

એમ મન મનાવીને લોકો બધું મૂંગે મોઢે સહન કરી લેતા.

નજીકના ગામમાં બોરોલદોઈ મેરગેન નામે શિકારી રહેતો હતો. એ ખૂબ જોરાવર, બહાદુર, અને ચતુર હતો. કેટલાય બીચારા શિકારી ઘણી વાર થાકીને ખાલી હાથે પાછા આવતા. પણ બોરોલદોઈ મેરગેન ક્યારેય ખાલી હાથે પાછો ન ફરતો. એ તો જ્યારે જાય ત્યારે ખૂબ શિકાર લાદીને જ પાછો આવતો. એના શિકારમાં લોંકડી હોય, નોળિયા હોય, ખિસકોલી હોય, ઘણાં બધાં જનાવર હોય. એ બધાં વન અને બધા પહાડ ખૂંદી વળ્યો હતો. કોઈ જનાવર એને કદી છેડતું નહિ અને એને કદી ઈજા પહોંચતી નહિ કેમ કે એની બુદ્ધિ સચેત હતી, એની નજર ચપળ હતી, અને એનાં કાંડાં જોરાવર હતાં.

એક દિવસ અલમિસ પહાડ ઉપરથી ઊતરીને બોરોલદોઈ મેરગેનના ગામમાં જઈ પહોંચ્યો. ગામના લોકો બીકથી ગભરાઈ ગયા અને ક્યાં છુપાઈ જવું એની સમજણ ન પડતાં હાંફળા હાંફળા આમતેમ ભાગંભાગ કરવા લાગ્યા. અલમિસ એક છોકરું પકડી લઈને પાછો પહાડ ઉપર ચાલ્યો ગયો.

અલમિસ નજીક હતો ત્યારે મોંમાંથી એક અક્ષર પણ બોલવાની ગામલોકોની હિંમત ન પડી. પણ એ પાછો ચાલ્યો ગયો પછી બધા મોટેથી વાતો કરવા અને રોદણાં રોવા લાગ્યા.

"રાક્ષસ ફરી વાર આવશે ત્યારે કોણ જાણે કોનું નસીબ ફૂટશે અને કોનું છોકરું એ મૂઓ લઈ જશે!" માઓ ડૂસકાં ભરતી કકળતી રહી, છોકરાં કિકિયારી કરતાં રહ્યાં, અને પુરુષો ફિકરમાં ભવાં ચડાવીને મૂંગા મૂંગા ઊભા રહ્યા.

આખરે બોરોલદોઈ મેરગેનથી ચુપ ન રહેવાયું એટલે એ બોલી ઊઠયો:

"આમ આંસુ સારતા રહેવાનો અને અલમિસ આવે એટલે ભાગીને છુપાઈ

જવાનો કંઈ અર્થ નથી. એને મારી જ નાખવો પડશે, એ સિવાય એના ત્રાસથી બચીને નિરાંતે જિવાય એમ નથી."

બીજા પુરુષો અકળાઈને બોલ્યા:

"પણ એને હરાવવો કેમ કરીને, અને એનાથી છુટકારો કેવી રીતે મેળવવો? આપણે પંખી નથી કે આકાશમાં ઊડી જઈએ અને માછલાં નથી કે પાણીમાં છુપાઈ જઈએ. આપણા નસીબમાં તો એ કાળમુખા રાક્ષસના નહોર કે દાંતના ભોગ બનીને મરવાનું જ લખ્યું છે."

સાંભળીને બોરોલદોઈ મેરગેનના મનમાં ઘેરી ઉદાસી છવાઈ ગઈ અને એનું હૈયું કકળી ઊઠયું. પોતાના દીકરા ઉપર નજર માંડીને એ મનમાં ને મનમાં બોલ્યો:

"આ મારો દીકરો અલમિસના દાંતમાં સપડાઈને ચિરાઈ જવા તો આ દુનિયામાં નથી જનમ્યો! અને બીજાં બધાં છોકરાં પણ એવી રીતે મોતના ખપ્પરમાં હોમાવા નથી જનમતાં! રાક્ષસને મારી નાખ્યા સિવાય છૂટકો નથી, તો જ માતાઓના દુખનો અંત આવે."

પણ એ કામ પાર કેવી રીતે પાડવું?

અલમિસને પડકારવાનો તો વિચાર પણ થઈ શકે એમ નહોતો. એ એવો જોરાવર હતો કે એક માણસની વાત તો જવા દો, બધાને સામટા પણ મારી નાખે. વળી ગામવાસીઓ એની સામે લડવાનો સાફ ઇનકાર કરે એમ હતા. રાક્ષસે એમને બિવડાવીને નમાલા બતાવી દીધા હતા અને એમનાં હિંમત અને સાહસ સાવ હરી લીધાં હતાં. એને ચાલાકીથી જેર કરવાનું પણ તદ્દન અશક્ય હતું. એ હંમેશાં જોખમથી સાવચેત રહેતો અને કંઈક વિપરીત થવાનું હોય તો એને તરત જ ખબર પડી જતી.

લોકોને અલમિસના પંજામાંથી કેવી રીતે છોડાવવા એના વિચારમાં ને વિચારમાં બોરોલદોઈ મેરગેનના મનની શાંતિ ખોવાઈ ગઈ. એણે ખૂબ વિચાર કર્યો, એ લાંબા વખત સુધી વિચારમાં ડૂબેલો રહ્યો, અને અંતે એણે નક્કી કરી લીધું કે શું કરવું.

પણ એણે કોઈને વાત ન કરી.

એણે પોતાનું સૌથી મજબૂત કામઠું અને સૌથી અણિદાર તીર લીધાં, અને પછી દીકરાને પૂછ્યું:

"બેટા, હૈયામાં હામ છે?"

"છે, બાપુ!" છોકરો બોલ્યો.

"દિલમાં લોકો માટે દયા છે, બેટા?"

"છે, બાપુ!"

"તો ચાલ મારી ભેગો. આપણો પંથ લાંબો છે અને કામ ખતરનાક છે. પણ ગયા વગર છૂટકો નથી. તારે કંઈ પૂછવું છે? પૂછવું હોય તો હમણાં જ પૂછી લે."

પણ છોકરાએ માથું ધુણાવીને ના પાડી. શિકારી અને એનો દીકરો મૂંગે મોઢે નીકળી પડયા, અને અલમિસના અડ્ડા તરીકે જાણીતા પહાડને રસ્તે ચાલ્યા.

ગીચ જંગલમાં થઈને અને ઊંચા ખડકો ઉપર થઈને બાપદીકરો ચાલ્યા જાય છે. રસ્તામાં મારગ જાણવા પગદંડીનું નિશાન સરખુંયે ક્યાંય નહોતું. છતાં બેઉ આગળ ચાલતા જ ગયા અને આખરે ખુલ્લી ખીણમાં પહોંચ્યા.

ત્યાં ઝાડનું ઊંચું ઠૂંઠું નજરે પડયું. ઠૂંઠાની આસપાસ નાનાં નાનાં ઝાડ અને છોડવા હતા. ચોમેર ક્યાંય કોઈ જનાવર કે કોઈ પંખી દેખાતું નહોતું.

બોરોલદોઈ મેરગેન ઊભો રહ્યો. એણે શિકારીનો પોશાક ઉતારીને ઝાડનાં ઠૂંઠાને પહેરાવી દીધો. દીકરો છાનોમાનો ઊભો રહીને જોતો રહ્યો. એણે બાપને એક પણ સવાલ પૂછયો નહિ. બાપે ઠૂંઠાની નજીક તાપણું સળગાવ્યું પણ તોયે છોકરો કંઈ બોલ્યા વગર જોતો જ રહ્યો.

શિકારીએ દીકરાને કહ્યું:

"અહીં આ તાપણા આગળ બેસી જા, અને ગમે તે થાય તોપણ ભાગી જતો નહિ."

"નહિ ભાગું, બાપુ."

"પણ જે થવાનું છે એથી તારું હૈયું દહેશત ખાઈ જશે."

"નહિ ખાય, બાપુ."

"ઠીક ત્યારે, બેસીને જોતો રહે કે શું થાય છે."

છોકરો તાપણા પાસે બેઠો. બાપે હાથમાં કામઠું લીધું, ખભે તીરનો ભાથો ભરાવ્યો, અને પછી એ જઈને છોડવા પાછળ છુપાઈ ગયો. એ બે સિવાય બીજો કોઈ જીવતો જીવ આસપાસ ક્યાંય નહોતો અને ચોમેર બધું સૂમસામ હતું.

બેઉ ઘણા વખત સુધી બેઠા રહ્યા.

એકાએક ડાળીઓ હલવાનો અને ડાળખાં તૂટવાનો અવાજ સંભળાયો. ઝાડીમાંથી અલમિસ બહાર નીકળ્યો. એની કાળી મૂછો ખભા ઉપર થઈને પાછળ લટકતી હતી, એની આંખો લોહી જેવી લાલચોળ હતી, અને એ તીણા દાંત પીસી રહ્યો હતો. છોકરાને તાપણા પાસે બેઠેલો જોઈને એ ગેલમાં આવી ગયો અને ગરજી ઊઠયો:

"અરે હું તો માંસ લાવવા ગામ તરફ જતો હતો, પણ માંસ તો આ રહ્યું અહીં જ!"

પછી એની નજર ઝાડના ઠૂંઠા ઉપર પડી. એને લાગ્યું કે શિકારી ઊભો છે એટલે એ હસી પડયો અને બોલ્યો:

"અલ્યા શિકારી, તુંય જોઈ લે કે તારા દીકરાને હમણાં કેવો હડપ કરી જાઉં છું! એને બચાવવાની તારી હિંમત જ નહિ પડે."

એમ બોલીને રાક્ષસ તાપણા તરફ ધસી ગયો.

એ દોડયો એટલે એની મૂછો હવામાં ફરફરવા લાગી અને શરીરના વાળ હવાથી ઊંચા થતાં એની ચામડી ખુલ્લી થઈ. એણે છોકરાને પકડી લેવાની કોશિશ કરી પણ છોકરો દોડીને ઝાડના ઠૂંઠા પાછળ ભરાઈ ગયો. એ છોકરાની પાછળ દોડયો પણ છોકરો ઠૂંઠા ફરતા ચકરાવા લઈને રાક્ષસને હાથતાળી આપતો રહ્યો.

એટલામાં બોરોલદોઈ મેરગેને નિશાન તાકીને તીર છોડયું. તીર બરાબર અલમિસની છાતીમાં ખૂંચી ગયું. છાતી વીંધાતાં રાક્ષસને એવી ભયંકર પીડા થઈ કે એ ચીસો પાડવા લાગ્યો. ચીસોનો અવાજ એવો ભયંકર હતો કે ઝાડ વળી ગયાં અને મોટા મોટા ખડક તૂટીને પહાડ ઉપરથી નીચે ગબડી પડયા.

બોરોલદોઈ મેરગેન એક પછી એક તીર છોડતો જ ગયો.

અલમિસને ઝાળ ચડી ગઈ. ગુસ્સાથી આંધળોભીંત થઈને એ શિકારીના પોશાકવાળા ઠૂંઠા ઉપર ધસી ગયો અને એને કરડવા તથા બટકાં ભરવા લાગ્યો.

પણ પછી એકાએક એ ઢગલો થઈને જમીન ઉપર ઢળી પડયો. બોરોલદોઈ મેરગેને જઈને જોયું તો અલમિસના રામ રમી ગયા હતા.

બાપે દીકરાને પૂછ્યું પણ નહિ કે તને બીક લાગેલી કે નહિ. એ તો ફક્ત એક જ શબ્દ બોલ્યો:

"ચાલ!"

અને બેઉ પાછા ગામ તરફ રવાના થઈ ગયા.

ગામમાં પહોંચીને બોરોલદોઈ મેરગેને લોકોને કહ્યું:

"હવે આપણાં છોકરાં નિરાંતે મોટાં થશે. માતાઓને હવે દિનરાત દહેશતની જિંદગી નહિ ગાળવી પડે. અલમિસને મોત આંબી ગયું છે, એનો ખેલ ખલાસ થઈ ગયો છે."

લોકોએ પૂછ્યું: "અલમિસને કોણે પૂરો કર્યો?"

"મેં."

"પણ દીકરાને ભેગો કેમ લઈ ગયો હતો?"

"અલમિસને લલચાવીને ફસાવવા એને બેસાડયો હતો."

"પણ અલમિસે એને ફાડી ખાધો હોત તો?"


"હા, એવું જોખમ તો હતું."

પછી એક પણ શબ્દ વધારે બોલ્યા વગર બોરોલદોઈ મેરગેન ઘરમાં ચાલ્યો ગયો.

નીલરંગી આલ્તાઇ પહાડોમાં વસતા લોકોને જૂના અને ઘાતકી દુશ્મનના સકંજામાંથી એવી રીતે છુટકારો મળ્યો.

વેલી કન્યા

યાકુતિયાની વાર્તા



એક હતી ડોશી. એ કદમાં સાવ ઠીંગણી. એને ઘેર પાંચ ગાય. એક દિવસ એ સવારમાં ઊઠીને ખેતરમાં ગઈ.

ખેતર બહુ મોટું હતું. ત્યાં એને એક વેલી નજરે પડી. વેલીને પાંચ ફણગા ફૂટેલા. ડોશીએ તો મૂળિયાં તૂટે નહિ અને ફણગા ભાંગે નહિ એવી રીતે સંભાળથી વેલી ખોદી લીધી અને એને ઘેર લઈ ગઈ. વેલી તકિયા ઉપર મૂકીને એ ગાયોને દોહવાના કામમાં પડી.

ડોશી બેઠી બેઠી દૂધ દોહતી હતી ત્યાં એને ઘરમાંથી ઘંટડીઓનો રણકાર સંભળાયો. એ ચમકીને ઊભો થઈ ગઈ અને અંદર જવા દોડી. પણ ઉતાવળમાં એના હાથમાંથી બોઘરાણું પડી ગયું અને દૂધ ઢોળાઈ ગયું. ઘરમાં જઈને અણે ચોતરફ નજર દોડાવી પણ બધું જેમનું તેમ જ હતું. વેલી તકિયા ઉપર એમની

એમ પડી હતી. ડોશી બહાર આવીને પાછા દૂધ દોહવા બેઠી. વળી એને ઘંટડીઓનો રણકાર સંભળાયો. ફરી વાર ઉતાવળમાં દૂધ ઢોળતી એ ઘરમાં દોડી ગઈ. અંદર જઈને જુએ છે તો ખાટલા ઉપર અજબ રૂપાળી કન્યા બેઠી હતી. એની આંખો હીરામાણેકની જેમ ઝગારા મારતી હતી અને એની કાળી ભમ્મરો મજાની સેબલ (ઉત્તર ધ્રુવનું એક નાનકડું સુંદર રુવાંટીદાર પ્રાણી) જેવી હતી. વેલી રૂપના અંબાર સમી કન્યા બની ગઈ હતી!

ઠીંગણી ડોશીના હરખનો પાર ન રહ્યો.

એણે કન્યાને કહ્યું:

"બેટી, મારી દીકરી થઈને મારી ભેગી રહે!"

એમ ડોશી અને વેલી કન્યા ભેગાં રહેવા લાગ્યાં.

એક દિવસ ખાર્ઝિત-બેરગેન નામે કોઈ જુવાન શિકારી વનમાં શિકાર કરવા ગયો. ત્યાં ખિસકોલી નજરે પડતાં એણે એની ઉપર તીર છોડયું, પણ ખિસકોલી છટકી ગઈ. એ સવારથી સાંજ સુધી તીર છોડતો રહ્યો પણ એકેય તીર ખિસકોલીને વાગ્યું જ નહિ.

ખિસકોલી પહેલાં દોડીને એક ઝાડ ઉપર ચડી ગઈ, પછી કૂદીને બીજા ઝાડ ઉપર અને ત્યાંથી ત્રીજા ઝાડ ઉપર પહોંચી ગઈ. એમ કરતાં કરતાં આખરે એ ઠીંગણી ડોશીના ઘર નજીક પહોંચીને દેવદારના ઝાડમાં ભરાઈ ગઈ.

ખાર્ઝિત-બેરગેન દોડતો દેવદારના ઝાડ પાસે પહોંચ્યો અને એણે વળી પાછું ખિસકોલી ઉપર તીર છોડયું. પણ ખિસકોલીએ કૂદકો મારીને નિશાન ચૂકવી દીધું અને તીર જઈને ઠીંગણી ડોશીના ઘરના ધુમાડિયામાં પડયું.

"ડોશીમા, મારું તીર તમારા ઘરમાં પડયું છે એ મને આપો!" ખાર્ઝિત-બેરગેને સાદ પાડયો. પણ ડોશી બહાર ન આવી અને અંદરથી કંઈ જવાબ પણ ન મળ્યો.

ખાર્ઝિત-બેરગેનને ખૂબ ગુસ્સો ચડયો. એનો ચહેરો લાલ લાલ થઈ ગયો અને એ દોડતોક ઘરમાં ઘૂસ્યો.

અંદર જઈને જુએ છે તો સામે અજબ રૂપાળી કન્યા બેઠેલી. કન્યાનું રૂપ એવું ઝગારા મારે કે નજર પડતાં જ ખાર્ઝિત-બેરગેનનો શ્વાસ અદ્ધર ચડી ગયો

અને એને ચક્કર આવી ગયાં. એક શબ્દ પણ બોલ્યા વગર એ બહાર નીકળી ગયો અને ઠેકડો મારતો ઘોડેસવાર થઈને પૂરપાટ ઘેર પહોંચ્યો.

ઘરમાં પગ મૂકતાં જ એણે માબાપને કહ્યું: "બાપુ! મા! પાંચ ગાયવાળી ઠીંગણી ડોશીને ત્યાં અજબ રૂપાળી કન્યા છે. મારે માટે એનું માગું મોકલો. મારે એની જોડે જ પરણવું છે."

ખાર્ઝિત-બેરગેનના બાપુએ તરત નવ ઘોડેસવારોને કન્યાનું માગું કરવા ડોશીને ઘેર મોકલ્યા.

ઘોડેસવારો ડોશીને ઘેર પહોંચ્યા. કન્યા ઉપર નજર પડતાં જ સૌના શ્વાસ અદ્ધર ચડી ગયા. સાન ઠેકાણે આવતાં એક સિવાય બાકીના બધા તરત ઘરમાંથી બહાર નીકળી ગયા. સૌથી મોભાદાર વડીલ જેવો એક વૃદ્ધ માણસ જ ફક્ત અંદર રોકાયો.

એણે ડોશીને પૂછ્યું: "નાનકડાં ડોશી, આ જુવાન કન્યાને ખાર્ઝિત-બેરગેન જોડે પરણાવવા તમે રાજી છો?"

ઠીંગણી ડોશીએ જવાબ આપ્યો: "હા ભાઈ, હું તો રાજી છું."

પછી એમણે કન્યાને પૂછી જોયું તો જવાબ મળ્યો કે હું રાજી છું.

ઠીંગણી ડોશીએ શરત મૂકી:

"પણ આ કન્યા જોઈતી હોય તો તમારે મોંઘાં મૂલ્ય ચૂકવવાં પડશે. મારા ખેતરમાં સમાય એટલાં ગાય અને ઘોડા તમારે મને આપવાં પડશે."

ઘોડાનાં ટોળેટોળાં અને ગાયનાં ધણનાં ધણ તરત ખેતરમાં ભેગાં કરવામાં આવ્યાં. એટલાં બધાં ગાય અને ઘોડા ભેગાં થઈ ગયાં કે ગણ્યાં ગણાય નહિ.

પછી કન્યાને જલદી શણગાર સજાવીને તૈયાર કરવામાં આવી. રૂપાળા કાબરચીતરા ઘોડાને ચાંદીની લગામ બાંધવામાં આવી અને એની ઉપર ચાંદીનું જીન ગોઠવીને પડખે ચાંદીનો ચાબુક ભરાવવામાં આવ્યો. ખાર્ઝિત-બેરગેન લાડીનો હાથ ઝાલીને એને બહાર લઈ આવ્યો. પછી એને કાબરચીતરા ઘોડા ઉપર બેસાડીને પોતે બીજા ઘોડા ઉપર સવાર થઈ ગયો અને બેઉ ઘર તરફ રવાના થયાં.

બન્નેના ઘોડા મારગ કાપતા જતા હતા એટલામાં અચાનક ખાર્ઝિત-બેરગેનની નજર એક લોંકડી ઉપર પડી.

શિકાર જોઈને એનાથી રહેવાયું નહિ એટલે એ બોલ્યો:

"હું આ લોંકડીની પાછળ પડું છું પણ જલદી પાછો આવી જઈશ. તું આ રસ્તે જ મારગ કાપતી જા. આગળ જતાં રસ્તાના બે ફાંટા બે જુદી જુદી દિશામાં પડે છે. ઉગમણે ફાંટે સેબલની ખાલ લટકતી હશે અને આથમણે ફાંટે ધોળી ગરદનવાળા રીંછની ખાલ લટકતી હશે. આથમણે ફાંટે વળતી નહિ, સેબલની ખાલ લટકતી હોય એ તરફ વળી જજે."

એટલું કહીને એણે ઘોડો મારી મૂક્યો.

દુલહન આગળ ચાલી અને થોડી વારમાં ત્રિભેટે પહોંચી ગઈ. પણ ખાર્ઝિત-બેરગેનની સૂચના ભૂલીને એ રીંછની ખાલને ફાંટે વળી ગઈ અને થોડી વારમાં લોખંડના મોટા તંબુ પાસે પહોંચી.

એ તંબુમાંથી શયતાનની દીકરી બહાર નીકળી. એણે લોખંડનાં કપડાં પહેર્યાં હતાં. એને એક જ પગ હતો અને એ પણ વાંકો. એને હાથ પણ એક જ, અને એ પણ પગ જેવો જ વાંકો. એના કપાળની બરાબર વચમાં એક બિહામણી ધૂંધળી આંખ હતી. એની લાંબી કાળી જીભ મોંની બહાર છાતી સુધી લટકતી હતી.

શયતાનની દીકરીએ ખાર્ઝિત-બેરગેનની વહુને પકડી લીધી અને ખેંચીને ઘોડા ઉપરથી નીચે ઉતારી. પછી એના ચહેરા ઉપરથી ચામડી ઉતરડીને એણે પોતાના ચહેરા ઉપર ચોંટાડી દીધી અને એનાં બધાં સુંદર કપડાં ઉતારીને પોતે પહેરી લીધાં. પછી કન્યાને તંબુની પાછળ ફેંકી દઈને એ કાબરચીતરા ઘોડા ઉપર સવાર થઈ ગઈ અને ઉગમણી દિશા તરફ ચાલી નીકળી.

એ ખાર્ઝિત-બેરગેનના ઘર નજીક પહોંચી એટલામાં ખાર્ઝિત-બેરગેન એને આંબી ગયો. પણ પોતાની લાડીના કેવા હાલ થયા છે એની તો એને ખબર જ નહોતી એટલે એના મનમાં કોઈ જાતની શંકા ન આવી.

લાડીનું સ્વાગત કરવા ખાર્ઝિત-બેરગેનનાં બધાં જ સગાંવહાલાં ભેગાં થયાં. નવ રૂપાળા જુવાન અને આઠ જુવાન છોકરીઓ એને લેવા ઝાંપા સુધી સામે ગયાં.

છોકરીઓ અંદર અંદર વાતચીત કરવા લાગી:

21–410

"લાડી મોં ઉઘાડીને એક શબ્દ બોલશે કે તરત જ એના મોંમાંથી રંગબેરંગી રૂપાળાં મોતી ખરીને ભોંય ઉપર દડવા લાગશે."

છોકરીઓ મોતી પરોવી લેવા સોયદોરા લઈને આવી હતી.

જુવાનિયા અંદર અંદર વાતચીત કરવા લાગ્યા:

"લાડી ભોંય ઉપર ડગલું માંડશે કે તરત એને પગલે પગલે કાળાં સેબળ દોડતાં આવશે."

સેબલનો શિકાર કરવા જુવાનિયા તીરકામઠાં લઈને આવ્યા હતા.

પણ લાડી બોલી તો એના મોંમાંથી દેડકાં ઊડયાં અને એણે ડગલું ભર્યું કે તરત ખસિયેલ કાકીડાનાં ટોળાં એની પાછળ દોડયાં.

સૌ આભા બનીને ફાટી આંખે જોઈ રહ્યાં. બધાંને દિલમાં ઊંડું દુખ થયું.

પણ એમણે ઝાંપાથી લાડાના ઘર સુધી હરિયાળા ઘાસની જાજમ બિછાવી દીધી અને તેઓ લાડીનો હાથ ઝાલીને એને ત્યાં લઈ ગયાં.

લાડી ઘરમાં ગઈ અને કુમળા ઝાડની ડાળખીઓ વડે એણે ચૂલામાં આગ પેટાવી.

પછી તો લગનની મહેફિલ જામી. બધાંએ ખૂબ ખાધું પીધું, રમતગમતની રમઝટ મચાવી, અને મઝા માણી. કોઈને જરા સરખીયે શંકા ન આવી કે આ સાચી લાડી નથી.

થોડા વખત પછી ઠીંગણી ડોશી ફરી વાર ખેતરમાં ગઈ. ત્યાં અગાઉની જગ્યાએ જ પાછી નવી નાનકડી વેલી ઊગી નીકળેલી. વેલીને પાંચ પાંચ ફણગા ફૂટેલા, અને એ અગાઉની વેલી કરતાંયે વધારે પાતળી ને સીધી હતી.

ઠીંગણી ડોશીએ વેલી મૂળિયાં સમેત ખોદી લીધી અને ઘેર જઈને એને તકિયા ઉપર મૂકી. પછી એ બહાર નીકળીને ગાય દોહવા બેઠી. એકાએક એને ઘરમાંથી ઘંટડીઓનો રણકાર સંભળાયો. એ દોડતી અંદર ગઈ તો એની એ જ કન્યા ખાટલા ઉપર બેઠી હતી. કન્યા પહેલાં કરતાંયે વધારે રૂપાળી થઈ ગઈ હતી.

ઠીંગણી ડોશીએ પૂછ્યું: "અરે, તું અહીં ક્યાંથી? પાછી કેમ આવી?"

કન્યાએ જવાબ દીધો: "અરે માડી, હું અને ખાર્ઝિત-બેરગેન એમના ઘર તરફ જતાં હતાં એટલામાં લોંકડી નજરે પડતાં મને એકલી આગળ જવાનું

કહીને એ શિકાર કરવા ચાલ્યા ગયા. એમણે મને સૂચના આપી કે સેબલની ખાલ લટકતી દેખાય એ તરફ વળી જજે, રીંછની ખાલને રસ્તે હરગિજ વળતી નહિ. પણ હું ચેતવણી ભૂલી ગઈ અને ખોટે રસ્તે વળી ગઈ. આગળ જતાં હું લોખંડના તંબુ પાસે પહોંચી. ત્યાં શયતાનની દીકરીએ મને પકડી લીધી અને મારા ચહેરા ઉપરથી નહોર વડે ચામડી ઉતરડીને એણે પોતાના ચહેરા ઉપર ચોંટાડી દીધી. એણે મારાં બધાંય સુંદર કપડાં ઉતારી લઈને પહેરી લીધાં અને મને લોખંડના તંબુની પાછળ ફેંકી દીધી. પછી મારા કાબરચીતરા ઘોડા ઉપર સવાર થઈને એ ચાલી ગઈ. થોડી વાર પછી કાળા કૂતરા આવ્યા અને મારા શરીરમાં જડબાં ભરાવીને મને ઢસડતા તમારા ઘર નજીક મોટા ખેતરમાં ખેંચી ગયા. ત્યાં હું વેલીના રૂપમાં પાછી સજીવન થઈ. માડી, મને ખાર્ઝિત-બેરગેન ફરી વાર કદી જોવા મળશે ખરા?"

એની આખી વાત ધ્યાનથી સાંભળીને ઠીંગણી ડોશી એને દિલાસો દેવા લાગી.

"બહુ સંતાપ ન કર, બેટી! તને એ જરૂર પાછો મળશે. પણ હમણાં તો તું અગાઉની જેમ જ મારી દીકરી થઈને રહે."

એવી રીતે વેલી કન્યા પાછી ઠીંગણી ડોશી ભેગી રહેવા લાગી.

કાબરચીતરા ઘોડાને ખબર પડી ગઈ કે વેલી કન્યા પાછી સજીવન થઈ છે. એણે માણસના અવાજે ખાર્ઝિત-બેરગેનના પિતાને કહ્યું:

"સાંભળો ને સમજો! ખાર્ઝિત-બેરગેન લાડીને લઈને આવતો હતો ત્યારે એણે લાડીને એકલી મૂકી દીધેલી અને એ એકલી જ ઘર તરફ આવવા નીકળેલી. ત્રિભેટે પહોંચીને એ રીંછની ખાલને ફાંટે વળી ગઈ અને લોખંડના તંબુ પાસે પહોંચી. શયતાનની દીકરી તરત બહાર ધસી આવી અને એણે લાડીના ચહેરા ઉપરથી ચામડી ઉતરડીને પોતાના ચહેરા ઉપર ચોંટાડી દીધી, લાડીનાં સુંદર કપડાં ઉતારીને પહેરી લીધાં, અને લાડીને લોખંડના તંબુની પાછળ ફેંકી દીધી. શયતાનની દીકરી તમારા દીકરાની વહુ થઈને તમારા ઘરમાં રહેવા લાગી છે. મારી સાચી માલિકણ હવે પાછી સજીવન થઈ ગઈ છે. તમે એને ઘેર લઈ આવો અને તમારા દીકરા જોડે પરણાવો. એમ નહિ કરો તો તમારે વસમા દહાડા જોવા પડશે. શયતાનની દીકરી તમારાં ઘરબાર ખેદાનમેદાન કરી નાખશે, તમારી જિંદગી

દુખી દુખી કરી નાખશે, અને અંતે તમને સૌને મારીને ભરખી જશે."

સાંભળીને ડોસો દોડતો ઘરમાં ગયો અને ખાર્ઝિત-બેરગેનને પૂછવા લાગ્યો:

"બેટા, તું વહુને ક્યાંથી લઈ આવ્યો છે? એ કોણ છે?"

ખાર્ઝિત-બેરગેને જવાબ આપ્યો: "બાપુ, એ તો પાંચ ગાયોવાળી ઠીંગણી ડોશીની દીકરી છે."

ડોસાએ કહ્યું:

"કાબરચીતરા ઘોડાએ હમણાં જ મને ફરિયાદ કરી છે. એણે કહ્યું કે તેં વહુને રસ્તામાં એકલી મૂકી દીધેલી. ત્રિભેટે પહોંચીને એણે લોખંડના તંબુનો મારગ લીધો. શયતાનની દીકરીએ એને ઘોડા ઉપરથી ખેંચીને નીચે ઉતારી, એના ચહેરાની ચામડી નહોર વડે ઉતરડીને પોતાના ચહેરા ઉપર ચોંટાડી દીધી, અને એનાં સુંદર કપડાં પહેરી લીધાં. શયતાનની દીકરીએ આપણ સૌની આંખમાં ધૂળ નાખી છે અને મેલું કાવતરું કરીને એ આપણા ઘરમાં ઘૂસી ગઈ છે... ઠીંગણી ડોશી પાસે જઈને એને આજીજી કર કે વહુને આપણે ત્યાં મોકલે. તું એને ભેગી જ લઈ આવ. શયતાનની દીકરીનું શું કરવું એ સવાલ છે. એને તોફાની ઘોડાની પૂંછડીએ બાંધીને ઘોડાને ખુલ્લા મેદાનમાં દોડાવી મૂક. ભોંયે અફળાઈને ભલે એનાં હાડકાં ખોખરાં થાય. નહિતર એ આપણને સૌને અને આપણાં ઢોરઢાંખરને ભરખી જશે."

શયતાનની દીકરી એની વાત સાંભળી ગઈ. દહેશત અને ગુસ્સાથી એનું મોં કાળું મેશ થઈ ગયું.

બાપની વાત સાંભળીને ખાર્ઝિત-બેરગેનને ઝાળ લાગી ગઈ અને એ ધૂંવાંપૂવાં થઈ ગયો.

એણે શયતાનની દીકરીને ટાંટિયેથી પકડીને બહાર ઢસડી અને તોફાની ઘોડાની પૂંછડી જોડે બાંધી દીધી.

ઘોડો ફાળ ભરતો વિશાળ ખુલ્લા મેદાનમાં દોડયો. દોડતાં દોડતાં ઘોડાએ શયતાનની દીકરીને લાતો ઝીંકી અને ખરીઓ તળે કચડી. એની કાયાના અનેક કકડા થઈ ગયા અને એમાંથી થોકબંધ ઝેરી જીવડા ને એરુવીંછી પેદા થયાં. ખાર્ઝિત-બેરગેન અને એના બાપે એ બધાંને ભેગાં કરીને આગમાં હોમી દીધાં

અને રાખ કરી નાખ્યાં.

પછી ખાર્ઝિત-બેરગેન ઘોડે ચડીને ઠીંગણી ડોશીને ઘેર જવા નીકળી પડયો. ઝાંપા પાસે પહોંચતાં જ એ ઠેકડો મારીને ઘોડેથી હેઠો ઊતર્યો. એને જોઈને ઠીંગણી ડોશી દોડતી બહાર આવી. ખોવાઈ ગયેલા સ્વજનને પાછું આવેલું કે પરલોક સિધાવેલા સ્વજનને ફરી સજીવન થયેલું જોઈને જેવી ખુશી થાય એવી ખુશી એને જોઈને ડોશીને થઈ. ઝાંપાથી ઘરના બારણા સુધી એણે હરિયાળા ઘાસની જાજમ બિછાવી દીધી. પછી સરસ મજાના અલમસ્ત બકરા તથા ઘોડાને કતલ કરીને એ લગનની મહેફિલની તૈયારીઓ કરવા લાગી.

વેલી કન્યા તો ખાર્ઝિત-બેરગેનની ઉપર નજર પડતાં જ ચોધાર આંસુએ રડી પડી.

રડતાં રડતાં એ ખાર્ઝિત-બેરગેનને સવાલ કરવા લાગી: "તમે હવે મારી પાસે શું કરવા આવ્યા છો? શયતાનની દીકરીને હાથે તમે જ મારું લોહી રેડાવ્યું અને મારી સુંવાળી ચામડી ઉતરડાવી, તમે જ મારી કાયાને કાળા કૂતરા પાસે ઢસડાવી. હવે તમે મારી પાસે કેમ આવ્યા છો? દુનિયામાં પંખીઓ કરતાં વધારે છોકરીઓ અને માછલીઓ કરતાં વધારે નારીઓ છે. જાઓ, એમાંથી જ એક વહુ ગોતી કાઢો. હું તમારી જોડે પરણવાની નથી!"

ખાર્ઝિત-બેરગેન બોલ્યો: "તને શયતાનની દીકરીના હાથમાં મેં નહોતી સોંપી... તને કાળિયા કૂતરાઓ સામે મેં નહોતી ફેંકી. હું લોંકડી પાછળ વનમાં ગયો ત્યારે મેં તને સાફ સમજાવ્યું હતું કે કયો રસ્તો લેવો. જઈને મોતના ખાડામાં પડવાનું મેં તને નહોતું કહ્યું."

ઠીંગણી ડોશીએ એની જમણી આંખમાંથી આંસુ લૂછયાં, એની ડાબી આંખમાંથી આંસુ લૂછયાં, અને પછી બેઉની વચ્ચે બેસીને એ બોલી:

"તું એક વાર મરીને પાછો સજીવન થઈ ગઈ, ખોવાઈને પાછી જડી ગઈ, છતાં તારા મનમાં જરાય ખુશી કેમ નથી જાગતી? તમે બેઉ એકબીજાની તરફ અગાઉ જેવું જ વહાલ રાખો અને હળીમળીને સુખશાંતિનું જીવન ગાળો. બેઉ છાનાંમાનાં મારી વાત માની જાઓ અને હું કહું એમ કરો."

ડોશીની વાત માની લઈને કન્યા હળવે અવાજે બોલી:

"સારું, ગઈગુજરી ભૂલીને હું તમે કહેતા હો એમ કરવા તૈયાર છું."

સાંભળીને ખાર્ઝિત-બેરગેન એકદમ ઊભો થઈ ગયો અને નાચતો કૂદતો વેલી કન્યાને ભેટવા અને બચ્ચીઓ ભરવા લાગ્યો.

પછી એમણે કાબરચીતરા ઘોડા ઉપર ચાંદીનું જીન ગોઠવીને રૂપેરી તારનું જીનપોશ બિછાવ્યું અને એને ચાંદીની લગામ બાંધીને પડખે ચાંદીનો ચાબુક ભરાવ્યો. વેલી કન્યાને સોળે શણગાર સજાવીને તૈયાર કરવામાં આવી. પછી ખાર્ઝિત-બેરગેન અને વેલી કન્યા ઘોડે ચડીને ચાલી નીકળ્યાં.

લાંબા વખત સુધી બેઉ ઘોડા દોડાવતાં રહ્યાં. હિમવર્ષા થઈ એટલે એમને શિયાળાની ખબર પડી, વરસતા વરસાદે એમને કહ્યું કે ઉનાળો આવ્યો છે, અને ખેતરોમાં જામેલું ધુમ્મસ જોઈને એમને થયું કે શરદની આણ વરતાય છે. ઘોડા દોડાવતાં દોડાવતાં આખરે બેઉ ખાર્ઝિત-બેરગેનના ઘર નજીક પહોંચ્યાં.

ખાર્ઝિત-બેરગેનનાં બધાં સગાંવહાલાં અને એના નવે નવ ભઈ લાડીને આવકારવા સામાં આવ્યાં. ઝાંપાથી ઘરના બારણા સુધી એમણે હરિયાળા ઘાસની જાજમ બિછાવી દીધી.

લાડીની વાટ જોવાતી હતી ત્યારે નવ ભાઈ માંહોમાંહે વાત કરતા: "લાડી આવીને એક પછી એક ડગલાં ભરશે ત્યારે એને પગલે પગલે કાળાં સેબલ પેદા થઈને રમતે ચડશે."

એમ માનીને બધા ભાઈઓ તીરકામઠાં બનાવવાના કામમાં લાગી ગયેલા. એમણે એટલી બધી મહેનત કરી કે સૌની હથેળીની ચામડી છોલાઈને ઊતરી ગઈ.

ખાર્ઝિત-બેરગેનની આઠ બહેનો રૂ કાંતીને દોરા બનાવવાના કામે લાગી ગયેલી. એમણે પણ એવી સખત મહેનત કરી કે એમની આંગળીઓની ચામડી છોલાઈને ઊતરી ગઈ. ભાભીની વાટ જોતી બહેનો માંહોમાંહે કહેતી:

"ભાભી આવશે અને એના મોંમાંથી રૂપેરી ઘંટડીના રણકાર સમા બોલ ભેગાં મહામૂલાં લાલ મોતી ખરશે."

આખરે ખાર્ઝિત-બેરગેન લાડીને લઈને ઘેર પહોંચ્યો. એની બે બહેનોએ જઈને ઘોડાને ઝાંપા નજીક ખીલે બાંધ્યા. લાડીને એમણે હેતાળ હાથે ઘોડા પરથી નીચે ઉતારી, લાડીના હોઠેથી રૂપેરી ઘંટડીના રણકાર સમા બોલ ગુંજી

ઊઠયા. એના મોંમાંથી બોલ ભેગાં લાલ મોતી ખર્યાં. છોકરીઓ મોતી વીણી વીણીને દોરામાં પરોવવા લાગી. લાડી ઘર તરફ ચાલી તો એને પગલે પગલે કાળાં સેબલ પેદા થઈને રમત કરવા લાગ્યાં. જુવાન ભાઈઓ નિશાન તાકીને તીર છોડવા લાગ્યા.

લાડી ઘરમાં ગઈ અને એણે ત્રણ કુમળાં ઝાડની ડાળખીઓ વડે ચૂલામાં આગ પેટાવી.

લગનના અવસરે મોજીલી મહેફિલ જામી. આજુબાજુનાં બધાં ગામડાંમાંથી મહેમાનો ટોળે વળ્યા. એમાં ગીત ગાનારા ગવૈયા હતા, નાચ કરનારા નટ હતા, વાર્તા કહેનારા બારોટ હતા, કુસ્તી કરનારા પહેલવાન હતા, અને ગુલાંટના ખેલ કરનારા ગુલાંટબાજ પણ હતા.

મહેફિલની રંગત પૂરા ત્રણ દિવસ ચાલી. મહેફિલ પૂરી થઈ એટલે મહેમાનો પોતપોતાને ઘેર પાછા ગયા, કોઈ પગપાળા અને કોઈ ઘોડે ચડીને.

ખાર્ઝિત-બેરગેન અને એની વહુએ મળીને ઘર વસાવ્યું. બેઉ હળીમળીને શાંતિથી રહેતાં અને સુખચેનનું જીવન ગાળતાં. એવી રીતે એમણે લાંબી જિંદગી ભોગવી. કહેવાય છે કે એમનાં વંશજો હયાત છે અને સુખચેનની જિંદગી ગાળે છે.

સોનાનો પ્યાલો

બુર્યાત વાર્તા



બહુ જૂના જમાનામાં સનાદ નામે એક ખાન રાજ કરતો હતો.

એક વાર એણે નક્કી કર્યું કે રૈયતને લઈને કોઈ બીજી જગ્યાએ ચાલ્યા જવું અને રહેવાનું તથા ઢોર ચારવાનું બહેતર ઠેકાણું ગોતીને ત્યાં વસવું.

સાબદા થઈને નીકળતાં પહેલાં સનાદ ખાને હુકમ કર્યો કે બધાં ઘરડાં માણસોને મારી નાખો.

"સફર બહુ મુશ્કેલ થવાની છે એટલે ઘરડાં માણસ રસ્તામાં આપણને નકામા ભાર જેવાં થઈ પડશે," ખાન બોલ્યો. "એક પણ ડોસો કે એક પણ ડોશી

આપણને ભેગાં ન જોઈએ. એકેય બૂઢિયાને જીવતું રહેવા દેશો મા. મારા હુકમનો અમલ નહિ કરે એને સખત સજા કરવામાં આવશે."

હુકમ તદ્દન ઘાતકી હતો. લોકોનાં હૈયાં ભારે થઈ ગયાં. પણ કોઈ ઉપાય હતો જ નહિ, ખાનની મરજી મુજબ કર્યે જ છૂટકો હતો. સૌ ખાનથી ખૂબ ડરતા અને એના હુકમનો ભંગ કરવાની કોઈનામાં હિંમત નહોતી.

સનાદ ખાનની રૈયતમાં ત્સિરેન નામે જુવાન સામેલ હતો. ફક્ત એણે જ સોગન લીધા કે મારા ઘરડા બાપને હું નહિ મારી નાખું.

બાપબેટાએ નક્કી કર્યું કે ત્સિરેન બુઢ્ઢા બાપને ચામડાના મોટા કોથળામાં છુપાવીને સનાદ ખાન તેમ જ બીજા સૌથી છાની રીતે વસવાટની નવી જગ્યાએ લઈ જાય. પછી જે થશે તે જોયું જશે...

સનાદ ખાન જૂની જગ્યા છોડીને રૈયત અને ઢોરઢાંખર ભેગો ઉત્તર દિશામાં લાંબી સફરે નીકળી પડયો. ત્સિરેનનો બાપ પણ ચામડાના મોટા કોથળામાં પુરાઈને અને ઘોડા ઉપર આડો લદાઈને બધાંની ભેગો નીકળ્યો. કોઈને પણ ખબર ન પડે એવી રીતે ત્સિરેન બાપને ખાવાપીવાનું આપતો. જ્યાં જ્યાં મુકામ થાય ત્યાં ત્સિરેન અંધારું થઈ ગયા પછી બુઢ્ઢા બાપને કોથળામાંથી બહાર કાઢતો. ખુલ્લી હવામાં બે ઘડી હાથપગ હલાવીને બાપ કાયાની પીડા થોડીક હળવી કરી લેતો.

એમ ઘણા વખત સુધી સફર ખેડયા પછી બધાં એક મોટા સાગરને કિનારે પહોંચ્યાં.

સનાદ ખાને ત્યાં મુકામ કરીને રાત ગાળવાનો હુકમ આપ્યો.

ખાનનો એક હજૂરિયો ફરતો ફરતો પાણી નજીક ગયો. એને સાગરને તળિયે કોઈ ચળકતી ચમકતી ચીજ દેખાણી. એણે બારીક નજરે જોયું તો એ ચીજ અજબ ઘાટના સોનાના મોટા પ્યાલા જેવી લાગી. એણે તરત ખાન પાસે જઈને એને જણાવ્યું કે કાંઠાની પાસે જ સાગરને તળિયે સોનાનો મૂલ્યવાન પ્યાલો પડયો છે.

આડોઅવળો મુદ્દલ વિચાર કર્યા વગર સનાદ ખાને એકદમ હુકમ છોડયો કે પ્યાલો લાવીને મારી પાસે હાજર કરવામાં આવે. પણ સાગરમાં ઝંપલાવવાની નહોતી કોઈની હિંમત કે નહોતું કોઈનું મન. એટલે ખાને નવો હુકમ છોડયો કે

સૌનાં નામની ચિઠ્ઠીઓમાંથી એક ચિઠ્ઠી ઉપાડીને ફેંસલો કરવામાં આવે. એમાં જેનું નામ નીકળે એ માણસ સાગરમાં ડૂબકી મારે.

પહેલી વાર ખાનના જ એક હજૂરિયાનું નામ નીકળ્યું. એણે ડૂબકી મારી પણ એ પાણીમાં જ રહી ગયો, પાછો ઉપર આવ્યો જ નહિ.

ફરી વાર ચિઠ્ઠી ઉપાડવામાં આવી. જેનું નામ નીકળ્યું એ માણસે મોટા ખડક ઉપર ચડીને જોરથી પાણીમાં છલંગ મારી. પણ એય સાગરમાં જ રહી ગયો, પાછો ઉપર દેખાયો જ નહિ.

એમ ખાનની રૈયતના ઘણા માણસો એક પછી એક મોતના ખપ્પરમાં હોમાઈ ગયા.

પણ નિર્દય ખાનના મનમાં લાલચ તજી દેવાનો વિચાર એક પળ માટે પણ ન આવ્યો. એ હુકમ છોડતો ગયો, અને રૈયતનો એક પછી એક માણસ ચૂં કે ચાં કર્યા વગર સાગરમાં ઝંપલાવીને મોતનો શિકાર બનતો ગયો.

આખરે ત્સિરેનનો વારો આવ્યો. સાગરમાં ઝંપલાવતા પહેલાં બાપને છેલ્લા સલામ કરી લેવા એ છૂપી જગ્યાએ એની પાસે જઈને બોલ્યો:

"અલવિદા, બાપુ! હવે આપણું મોત આવ્યું છે, તમારું ને મારું બેયનું."

"કેમ, એવું તે વળી શું થયું છે? મોત કેમ આવ્યું છે?" ડોસાએ પૂછ્યું.

ત્સિરેને આખી વાત બાપને કહી સંભળાવી અને સમજાવ્યું કે હવે મારા નામની ચિઠ્ઠી નીકળી છે એટલે પ્યાલો લાવવા મારે સાગરમાં ડૂબકી મારવાની છે.

"પણ જેણે જેણે ડૂબકી મારી છે એમાંથી એક પણ માણસ પાછો ઉપર આવ્યો નથી," ત્સિરેન બોલ્યો. "એટલે ખાનના હુકમ મુજબ મારે પણ સાગરમાં ડૂબીને મરવાનું જ છે. હું મરી જાઉં પછી ખાનના નોકરો તમને અહીં જોશે એટલે તરત મારી નાખશે."

આખી વાત પહેલેથી છેલ્લે સુધી ધ્યાનથી સાંભળીને ડોસો બોલ્યો:

"આમ ને આમ ચાલ્યું તો સોનાનો પ્યાલો હાથમાં નહિ આવે પણ તમે બધા સાગરમાં ડૂબીને મરી જશે. પ્યાલો તો સાગરને તળિયે છે જ નહિ. જો, પેલો પહાડ દેખાય છે તને? સાગરથી એ બહુ આઘો નથી. સોનાનો પ્યાલો તો એના શિખર ઉપર છે. તમે સાગરને તળિયે જેને પ્યાલો સમજી બેઠા છો એ

તો પ્યાલાનું કેવળ પ્રતિબિંબ જ છે. તમને કોઈને આટલુંય કેમ સૂઝયું નહિ?"

ત્સિરેને પૂછ્યું: "તો હવે મારે શું કરવું?"

"પહાડ ઉપર ચડીને પ્યાલો લઈ આવ અને ખાનને પહોંચાડી દે. પ્યાલો ગોતી કાઢવામાં ખાસ મુશ્કેલી નહિ પડે. એવા ઝગારા મારે છે કે દૂરથી જોઈ શકાય છે. પણ એમ બને ખરું કે એ શિખર તદ્દન સીધું હોય અને તું એની ઉપર ચડી ન શકે. એમ હોય તો વાટ જોઈને ઊભો રહેજે અને હરણાં નીકળે ત્યારે એમને ભડકાવવાની તરકીબ કરજે. હરણાં એકદમ ભાગાભાગ કરશે ત્યારે ગભરાટમાં પ્યાલાને ઠોકર મારીને હેઠો પાડી નાખશે. પ્યાલો નીચે આવે એટલે તરત પકડી લેજે, એક પળ પણ ગુમાવતો નહિ. વાર લગાડીશ તો એ ગબડતો ગબડતો કોઈ ઊંડી અંધારી ખીણમાં જઈ પડશે અને કદી તારા હાથમાં નહિ આવે."

બાપની શિખામણ માનીને ત્સિરેન તરત પહાડ તરફ જવા ચાલી નીકળ્યો.

પહાડના શિખર ઉપર ચડવાનું કામ સહેલું નહોતું. નાના છોડવા, ઝાડનાં ઠૂંઠાં, અને અણિદાર પથ્થર ઉપર હાથપગ ટેકવતો ટેકવતો ત્સિરેન ઉપર ચડતો ગયો. એના ચહેરા તથા હાથપગ ઉપર ઉઝરડા પડયા અને લોહી નીકળી આવ્યું. એનાં કપડાં ફાટી ગયાં. આખરે થોડુંક અંતર બાકી રહ્યું ત્યારે ત્સિરેનને સોનાનો પ્યાલો દેખાયો. એ ખૂબ જ સુંદર હતો અને ઊભા ખડક ઉપર પડયો પડયો ઝગારા મારી રહ્યો હતો.

ત્સિરેને જોયું કે ખડક ઉપર ચડવાનું તો કોઈ કાળે શક્ય જ નથી. એટલે બાપના શબ્દો યાદ કરીને એ હરણાંની વાટ જોતો ઊભો રહ્યો.

એને ઝાઝી વાટ ન જોવી પડી. થોડી વારમાં ખડક ઉપર કેટલાંય હરણાં નજરે પડયા. એ નિરાંતે ઊભાં રહીને નીચે નજર નાખવા લાગ્યાં. ત્સિરેને અચાનક જોરથી ઘાંટો પાડયો. હરણાં ચમકીને ગભરાટમાં ખડક ઉપર બેબાકળાં ભાગાભાગ કરવા લાગ્યાં અને એમણે સોનાના પ્યાલાને ઠોકર મારીને હેઠો ગબડાવી દીધો. પ્યાલો દડતો નીચે આવ્યો એટલે ત્સિરેને એને ચપળતાથી હાથમાં ઝીલી લીધો.

પ્યાલો હાથમાં લઈને એ ખૂબ ખુશ થતો પહાડ ઉપરથી નીચે ઊતર્યો, અને

સનાદ ખાન પાસે જઈને એણે પ્યાલો એની સામે રજૂ કર્યો.

ખાને એને પૂછ્યું: "સાગરને તળિયેથી આ પ્યાલો તું કેવી રીતે લઈ આવ્યો?"

ત્સિરેને જવાબ દીધો: "પ્યાલો મને સાગરને તળિયેથી નહિ પણ પેલા પહાડની ટોચ ઉપરથી મળ્યો છે. આપણને સાગરને તળિયે જે દેખાતું હતું એ તો પ્યાલાનું કેવળ પ્રતિબિંબ જ હતું."

ખાને પૂછ્યું: "તને કોણે કહ્યું?"

ત્સિરેને જવાબ આપ્યો: "મેં પોતે જ ભેજું કસીને સમજી લીધું હતું."

ખાને એને કંઈ વધારે પૂછ્યા વગર જવા દીધો.

બીજે દિવસે ખાન અને બધા લોકો આગળ ચાલી નીકળ્યા.

લાંબી સફર ખેડયા બાદ બધાં એક વિશાળ રણમાં પહોંચ્યાં. સૂરજે આગ વરસાવીને ધરતીને એ ઠેકાણે ખૂબ તપાવી નાખી હતી અને હરિયાળીને બાળીને રાખ કરી નાખી હતી. આસપાસમાં ક્યાંય નદી તો નહોતી જ, પણ નાનકડું ઝરણુંયે નહોતું. લોકો તરસથી ખૂબ અકળાઈ ગયા. સનાદ ખાને પાણીની શોધમાં ઘોડેસવારોને ચારે તરફ દોડાવ્યા પણ ખૂબ મહેનત કરવા છતાં એમને પાણી ક્યાંય મળ્યું જ નહિ. ચોતરફ સૂકી અને બળેલી ધરતી પથરાયેલી પડી હતી. લોકો હતાશ થઈ ગયા. ક્યાં જવું અને શું કરવું એની કોઈને સમજણ પડી નહિ.

ત્સિરેન લપાતો છુપાતો બાપ પાસે જઈને બોલ્યો:

"બધા તરસે મરવા પડયા છે, બાપુ! ઢોરઢાંખરની પણ એવી જ દશા છે. હવે શું કરવું? તમે કંઈ ઉપાય બતાવો તો બધાના જીવ બચે."

ડોસો બોલ્યો:

"ત્રણ વરસની ગાયને છૂટી મૂકીને એની ઉપર બારીક નજર રાખો. ગાય જ્યાં ઊભી રહીને જમીન સૂંઘવા લાગે ત્યાં ખોદવા માંડો. જરૂર પાણી નીકળશે."

ત્સિરેન દોડતો પાછો ગયો અને એણે ત્રણ વરસની એક ગાયને છૂટી મૂકી દીધી. ગાય માથું નીચું ઢાળીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે રખડવા લાગી. આખરે એક જગ્યાએ ઊભી રહીને એ ધીકતી ધરાને સૂંઘવા તથા ઊંડા શ્વાસ ભરવા લાગી.

ત્સિરેને કહ્યું: "ખોદવા માંડો અહીં, પાણી નીકળશે."

જે કંઈ સાધન હાથમાં આવ્યું એ લઈને લોકો ખોદવા લાગ્યા. ખોદતાં ખોદતાં જમીનમાં ઊંડે વહેતું ઝરણું મળી આવ્યું. નિર્મલ શીતળ જળનો ફુવારો ફૂટ્યો અને જમીન ઉપર ચોમેર પાણી ફેલાઈ ગયું. બધાંએ પેટ ભરીને પાણી પીધું. તરસનું દુખ મટતાં સૌ રાજી રાજી થઈ ગયાં.

સનાદ ખાને ત્સિરેનને બોલાવીને પૂછ્યું:

"આ સૂકી વેરાન જમીનમાં ઊંડે વહેતું ઝરણું તેં કેવી રીતે ખોળી કાઢ્યું?"

ત્સિરેને જવાબ આપ્યો: "અમુક નિશાનીઓ દેખાતાં મને ખબર પડી ગઈ કે અહીં પાણી છે."

લોકોએ ફરી વાર પાણી પીધું, થોડી વાર આરામ કર્યો, અને પછી સૌ આગળ ચાલ્યા.

ઘણા દિવસ સફર ખેડીને એક જગ્યાએ પાછો બધાંએ મુકામ કર્યો. રાતમાં અચાનક ધોધમાર વરસાદ પડયો અને તાપણું ઠરી ગયું. ખૂબ મહેનત કરવા છતાં લોકો ફરી વાર આગ પેટાવી શક્યા નહિ. બધાં ખૂબ ભીંજાઈ ગયાં અને ટાઢ હાડકાં સુધી ઊંડી ઊતરી ગઈ. કોઈને સમજણ ન પડી કે આ મુસીબતમાં શો ઉપાય લેવો.

એટલામાં એક આદમીની નજર દૂર પહાડની ટોચે બળતા તાપણા ઉપર પડી.

સનાદ ખાને તરત હુકમ છોડયો કે જઈને પહાડની ટોચ ઉપરથી આગ લઈ આવો.

ખાનના હુકમનો અમલ કરવા કેટલાય માણસો પહાડ તરફ દોડી ગયા. પહેલાં એક, પછી બીજો, અને પછી ત્રીજો એમ અનેક માણસો પહાડની ટોચ ઉપર ચડયા. એક મોટા ઘટાદાર ઝાડ નીચે તાપણું બળતું હતું અને એક શિકારી બેઠો બેઠો તાપતો હતો. દરેક જણે એક એક બળતું લાકડું લીધું પણ એને મુકામ સુધી કોઈ પહોંચાડી શક્યું નહિ. બળતાં લાકડાં ધોધમાર વરસાદને કારણે રસ્તામાં જ ઠરી ગયાં.

સનાદ ખાન ખૂબ ગુસ્સે ભરાયો. એણે હુકમ છોડયો કે જે કોઈ માણસ

આગ લેવા જાય પણ ખાલી હાથે મુકામમાં પાછો પગ મૂકે એને મોતની સજા કરવામાં આવશે.

ત્સિરેનનો વારો આવ્યો એટલે એણે ગુપચુપ છૂપી જગ્યાએ જઈને બાપને પૂછ્યું:

"બાપુ, આ આફતમાંથી કેવી રીતે ઊગરવું? આગને પહાડ ઉપરથી મુકામ સુધી કેમ પહોંચાડવી?"

ડોસો બોલ્યો:

"બળતાં લાકડાં લેતો નહિ, વરસતા વરસાદમાં એ બધાં રસ્તામાં જ ઠરી જશે. તારી ભેગું એક મોટું વાસણ લઈ જા અને એને આખું સળગતા અંગારાથી ભરીને લઈ આવ. એમ કરીશ તો જ તું આગને મુકામ સુધી પહોંચાડી શકીશ."

બાપની સૂચનાનો બરાબર અમલ કરીને ત્સિરેન પહાડ ઉપરથી તપેલું ભરીને સળગતા અંગારા લઈ આવ્યો. લોકોએ ફરી તાપણાં સળગાવીને કપડાં સૂકવ્યાં, શરીર તાપ્યાં, અને ખાવાનું રાંધ્યું.

પહાડ ઉપરથી આગ કોણ લાવ્યું એની સનાદ ખાનને ખબર પડી એટલે એણે તરત ત્સિરેનને બોલાવ્યો.

ત્સિરેન આવ્યો એટલે ખાન ખૂબ ગુસ્સામાં ઘાંટા પાડીને એને વઢવા લાગ્યો.

"પહાડ ઉપરથી આગ કેવી રીતે લાવવી એની તને પહેલેથી ખબર હતી તો પછી આટલી બધી વાર મૂંગો કેમ મર્યો હતો?" ખાન બરાડયો. "પહેલાં કેમ બોલ્યો નહિ?"

"કેમ કે આગ કેવી રીતે લાવવી એની મને પોતાને જ ખબર નહોતી," ત્સિરેને જવાબ વાળ્યો.

"અને છતાં આગ તું જ લઈ આવ્યો. તને કેમ કરીને ખબર પડી?" ખાને વાત પકડી રાખી.

એણે એક પછી એક સવાલની એવી ઝડી વરસાવી કે ત્સિરેનને સાચી વાત જાહેર કરવી જ પડી. એણે ખાનને કહ્યું કે આપના હુકમોનો અમલ હું મારા બાપુની શાણી શિખામણને લીધે જ કરી શક્યો છું.

"ક્યાં છે તારો બાપ?" ખાને પૂછ્યું.

ત્સિરેને જવાબ દીધો :

"મેં એમને ચામડાના મોટા કોથળામાં બાંધીને આખે રસ્તે મારી ભેગા જ રાખ્યા છે."

સનાદ ખાને હુકમ કર્યો કે ડોસાને મારી સામે હાજર કરવામાં આવે. ત્સિરેનનો બાપ ખાન પાસે પહોંચ્યો કે તરત ખાને અદબથી એને કહ્યું :

"હું મારો હુકમ પાછો ખેંચી લઉં છું. જઈફ માણસો જુવાનોને માથે ભારરૂપ કદી ન જ થાય. ઉંમર તો ડહાપણનો ખજાનો છે. તમારે હવે છુપાઈને રહેવાની જરાય જરૂર નથી. તમતમારે ઘોડેસવાર થઈને આઝાદીથી સૌની ભેગા જ ચાલો."

પવનરાજ કોતુરા

નેનેત્સ વાર્તા



ભમતા માલધારીઓના કોઈ પડાવમાં એક ડોસો વસે. ડોસાને ત્રણ દીકરીઓ. ત્રણમાંથી સૌથી નાની દીકરીનો સ્વભાવ ખૂબ ભલો અને વળી છોકરી ભારે ચતુર ને શાણી.

ડોસો બહુ ગરીબ. એનો ચામડાનો તંબુ તદ્દન ઘસાઈ ગયો હતો અને એમાં ઠેકઠેકાણે કાણાં પડી ગયાં હતાં. એમની પાસે ગરમ કપડાં લગભગ નહિ જેવાં હતાં. બહાર સખત હિમ પડે ત્યારે ડોસો ટૂંટિયું વાળીને દીકરીઓ ભેગો તાપણા નજીક બેસે અને શરીરને ગરમાવો આપવાની મહેનત કરે. રાત પડે એટલે સૂતાં પહેલાં તાપણું ઠારી નાખે અને પછી ચારેય સવાર સુધી ટાઢમાં થરથરતાં પડયાં રહે.

એક વાર મધશિયાળામાં ભયંકર હિમઝંઝાવાત આવી પડયો. આખો દિવસ

પવન જોરથી ફૂંકાતો રહ્યો, બીજે દિવસે પણ પવને જરાય વિસામો ન ખાધો, અને ત્રીજે દિવસે પણ ભારે જોરથી ફૂંકાતો રહ્યો. એમ લાગે કે પવનના ઝપાટામાં બધાય તંબુ હમણાં જ ઊખડીને આકાશમાં ઊડી જશે. માથું બહાર કાઢવાની પણ લોકોને હિંમત ન પડે. ભૂખ્યા પેટે અને ટાઢમાં થરથરતા બધા તંબુમાં બેઠા રહેતા.

ડોસાની અને એની ત્રણ દીકરીઓની પણ એવી જ દશા હતી. ચારેય જણ તંબુમાં બેસીને બહાર ચાલતા ઝંઝાવાતનો અવાજ સાંભળી રહ્યાં હતાં ત્યાં ડોસો બોલ્યો :

"આ ઝંઝાવાત બંધ થાય એની વાત જોઈને બેઠાં રહીશું તો તો મરી જ જવાનાં. આને પવનરાજ કોતુરાએ પેદા કર્યો છે. આપણે સરસ મઝાની વહુ મોકલીએ એની વાટ જોઈ જોઈને એ થાકી ગયો હશે અને હવે ખૂબ ગુસ્સે ભરાયો હશે. મોટીબેન, બેટી, તું કોતુરા પાસે જા, નરિતર આપણી આખી બિરાદરીને મોત ભરખી જાશે. તું જઈને એને વીનવ કે આ હિમઝંઝાવાત હવે બંધ કરે."

"પણ હું જાઉં કેવી રીતે?" છોકરી બોલી. "મને તો રસ્તાની પણ ખબર નથી."

"ચાલ, હું તને નાનકડી હિમગાડી આપું. એને સામે પવને ગોઠવીને સરકાવતી જા અને પાછળ પાછળ ચાલી જા. પવનથી તારા કોટની દોરી ખૂલી જશે પણ એને બાંધવા રોકાતી નહિ. તારા જોડામાં હિમ ભરાઈ જશે પણ એને ખંખેરી નાખવા રોકાતી નહિ. ઊંચા પહાડની નજીક પહોંચી જાય ત્યાં સુધી શ્વાસ ખાવા પણ અટકતી નહિ. પહાડની ઉપર ચડી જજે. છેક ટોચ ઉપર ચડી જાય પછી જ થંભીને જોડામાંથી હિમ ખંખેરી નાખજે અને કોટની દોરી બાંધી લેજે. થોડી વારમાં એક પંખી ઊડતું ઊડતું આવીને તારે ખભે બેસશે. એને ઉડાડી મૂકીશ મા. એની તરફ માયા બતાવજે અને એને હળવા હાથે વહાલ કરજે. પછી હિમગાડીમાં બેસીને એને નીચે સરકાવી મૂકજે. એ તને સીધી કોતુરાના તંબુને બારણે લઈ જાશે. બેધડક અંદર ચાલી જજે પણ કોઈ ચીજને અડતી નહિ. ત્યાં બેસીને કોતુરાની વાટ જોજે. એ આવીને જેમ કહે એમ કરજે."

સૌથી મોટી દીકરીએ ફરનો કોટ પહેરી લીધો, બાપે આપેલી હિમગાડીને

સામે પવને ગોઠવી, અને હળવો ધક્કો મારીને સરકાવી મૂકી.

એ થોડેક ગઈ હશે ત્યાં એના કોટની દોરી ખૂલી ગઈ અને જોડામાં હિમ ભરાઈ ગયું. એને સખત ટાઢ લાગી. બાપની શિખામણ અવગણીને એ કોટની દોરી બાંધવા અને જોડામાંથી હિમ ખંખેરી નાખવા ઊભી રહી ગઈ. પછી એ સામે પવને આગળ ચાલી. ઘણા વખત સુધી ચાલ્યા પછી એને ઊંચો પહાડ દેખાયો. એ પહાડ ઉપર ચડી કે તરત એક પંખી ઊડતું ઊડતું આવ્યું. પંખી એને ખભે બેસવા જ જતું હતું ત્યાં એણે હાથ હલાવીને એને ઉડાડી મૂક્યું. પંખી થોડી વાર એના માથા ઉપર ચકરાવા લેતું રહ્યું અને પછી ઊડતું ઊડતું ક્યાંક દૂર ચાલ્યું ગયું. મોટી દીકરી હિમગાડીમાં બેસી ગઈ અને એણે ગાડીને નીચે સરકાવી મૂકી. ગાડી ધસમસાટ સરકતી મોટા તંબુને બારણે પહોંચીને ઊભી રહી.

છોકરી અંદર ગઈ અને એણે આમતેમ નજર ફેરવી. સૌથી પહેલાં એની નજર હરણના ભૂંજેલા માંસ ઉપર પડી. એણે તાપણું સળગાવીને કાયાને ગરમાવો દીધો. પછી એ માંસના કકડા કાપવા લાગી. એક કકડો કાપે અને ખાઈ જાય. વળી એક કાપીને એનેય મોંમાં પધરાવી દે. એમ એણે પેટ ભરીને ખાઈ લીધું. એટલામાં એકાએક કોઈ તંબુ તરફ આવતું હોય એવો અવાજ સંભળાયો. બારણે ટાંગેલી ખાલ ઊંચી થઈ અને અલૌકિક જુવાન અંદર આવ્યો. એ કોતુરા પોતે જ હતો. મોટી દીકરીની સામે જોઈને એ બોલ્યો:

"બાઈ, તું ક્યાંથી આવી છો, અને અહીં તારે શું કામ છે?"

મોટી દીકરીએ જવાબ દીધો: "મારા બાપુએ મને તમારી પાસે મોકલી છે."

"શું કરવા મોકલી છે?"

"તમે મને તમારી વહુ કરીને રાખો એટલા માટે."

"હું શિકારે ગયો હતો ત્યાંથી થોડુંક માંસ લાવ્યો છું. ઊભી થા અને માંસ રાંધી દે," કોતુરાએ કહ્યું.

મોટો દીકરીએ એના કહેવા મુજબ કર્યું. માંસ રંધાઈને તૈયાર થઈ ગયું એટલે કોતુરાએ એને કહ્યું કે માંસને તપેલામાંથી કાઢીને એના બે ભાગ પાડી દે.

"તું ને હું મળીને એક ભાગ ખાઈશું," કોતુરા બોલ્યો. "બીજા ભાગને

લાકડાની થાળીમાં લઈને પાડોશના તંબુએ જા. અંદર જતી નહિ, બારણે જ ઊભી રહેજે. એક ડોશી તંબુમાંથી બહાર નીકળીને તારી પાસે આવશે. માંસ એને આપી દેજે અને એ ખાલી થાળી પાછી લાવે ત્યાં સુધી બહાર જ વાટ જોજે."

મોટી દીકરી માંસ લઈને બહાર ગઈ. બહાર પવન જોરથી ફૂંકાતો હતો, હિમવર્ષા ચાલતી હતી, અને ઘોર અંધારું છવાયું હતું. એવા ઝંઝાવાતમાં મારગ કેમ કરીને જડે!.. મોટી દીકરી થોડાંક ડગલાં ચાલીને ઊભી રહી ગઈ. પછી થોડી વાર વિચાર કરીને એણે માંસ હિમમાં ફેંકી દીધું. ખાલી થાળી લઈને એ પાછી કોતુરા પાસે પહોંચી.

કોતુરા એની ઉપર એક નજર નાખીને બોલ્યો:

"માંસ આપી આવી?"

"હા, આપી આવી," મોટી દીકરીએ જવાબ દીધો.

"જરા થાળી મને જોવા દે. જોઉં તો ખરો કે ડોશીએ માંસના બદલામાં તને શું આપ્યું છે," એણે કહ્યું.

મોટી દીકરીએ એને ખાલી થાળી બતાવી. કોતુરા કંઈ બોલ્યો નહિ. પોતાના ભાગનું માંસ ખાઈને એ સૂઈ ગયો.

સવારમાં ઊઠીને કોતુરા હરણની કેટલીક ખાલ લઈ આવ્યો અને મોટી દીકરીને આપતાં બોલ્યો:

"હું શિકારે જાઉં છું. તું આ કાચાં ચામડાં કેળવીને એમાંથી મારે માટે નવો કોટ, નવા જોડા, અને નવાં હાથમોજાં બનાવી રાખજે. હું પાછો આવીને એ બધું પહેરી જોઈશ. મને ખબર તો પડે કે કારીગરીમાં તું કાબેલ છે કે નહિ."

એટલું કહીને કોતુરા વનમાં શિકાર કરવા ચાલ્યો ગયો અને મોટી દીકરી કામ કરવા બેઠી. બારણે ટાંગેલી ખાલ અચાનક ઊંચી થઈ અને ધોળા વાળવાળી ડોશી અંદર આવી.

એણે કહ્યું: "મારી આંખમાં કણું પડયું હોય એમ લાગે છે, બેટી. જરા કાઢી આપ તો મને રાહત મળે."

મોટી દીકરીએ છણકો કરીને જવાબ દીધો: "એવી પંચાતમાં પડવાનો મને વખત નથી. મારે બહુ કામ છે."

ડોશી કંઈ જ બોલ્યા વગર પાછી વળીને બહાર ચાલી ગઈ. મોટી દીકરી એકલી પડી. એણે ઉતાવળમાં ચામડાં કેળવ્યાં અને છરી લઈને વેતરવા લાગી. એને ઝટ કરીને સાંજ પહેલાં કામ પતાવી નાખવું હતું. એને એટલી બધી ઉતાવળ હતી કે સીવણકામ સારું કરવાની મુદ્દલ પરવા વગર એ તો બધું જેમતેમ જલદી સીવી નાખવાની ફિકરમાં પડી. સીવવા માટે એની પાસે સોય પણ નહોતી. વળી બધું કામ પૂરું કરવા એને ફક્ત એક જ દિવસનો વખત મળ્યો હતો.

સાંજે કોતુરા શિકારેથી પાછો આવ્યો.

"મારાં નવાં કપડાં તૈયાર છે?" એણે પૂછ્યું.

મોટી દીકરીએ જવાબ આપ્યો: "હા, તૈયાર છે."

કોતુરાંએ કપડાં લઈને એની ઉપર હાથ ફેરવી જોયો. ખરાબ રીતે કેળવવામાં આવેલું ચામડું સાવ ખરબચડું હતું. વળી વેતરવામાં મુદ્દલ ઢંગધડો નહોતો અને સિલાઈ કાળજી વગર કરવામાં આવી હતી. વળી કપડાં એને બહુ નાનાં પડયાં.

કોતુરા ખૂબ ગુસ્સે ભરાયો. એણે મોટી દીકરીને ઉપાડીને તંબુમાંથી બહાર ફગાવી દીધી. એ જઈને દૂર હિમના ઢગલામાં પડી અને ત્યાં જ ઠરીને મરી ગઈ.

પવન વધારે ને વધારે જોરથી ફૂંકાવા લાગ્યો.

ડોસો તંબુમાં બેઠો બેઠો ફૂંકાતા પવનનો અને ગાજવીજનો અવાજ સાંભળતો રહ્યો. વખત વીતતો ગયો. એક દિવસ એણે વચેટ દીકરીને કહ્યું:

"વચેટબેન, બેટી, મોટી દીકરીએ મારી વાત માની નહિ અને મેં કહ્યું હતું એમ કર્યું નહિ. એટલે જ પવન ફૂંકાતો બંધ થતો નથી. કોતુરા ગુસ્સે ભરાયો છે. હવે તું એની પાસે જા અને એને મનાવ."

ડોસાએ નાનકડી હિમગાડી બનાવીને વચેટ દીકરીને આપી અને મોટી દીકરીની જેમ એને પણ બધું બરાબર સમજાવીને કોતુરા પાસે મોકલી. પછી ડોસો નાની દીકરી જોડે તંબુમાં બેઠો બેઠો હિમઝંઝાવાત બંધ થવાની વાટ જોવા લાગ્યો.

હિમગાડીને સામે પવને ગોઠવીને અને હળવેથી આગળ સરકાવીને વચેટ દીકરી એની પાછળ પાછળ ચાલવા લાગી. ચાલતાં ચાલતાં એના કોટની દોરી ખૂલી ગઈ અને જોડામાં હિમ ભરાઈ ગયું. એને સખત ટાઢ લાગી. ટાઢમાં

થરથરતી એ બાપની શિખામણ ભૂલીને ઊભી રહી ગઈ. એણે કોટની દોરી બાંધી લીધી અને જોડામાંથી હિમ ખંખેરી નાખ્યું.

પહાડ પાસે પહોંચીને એ ઉપર ચડી ગઈ. અને પંખીને જોતાં જ એણે હાથ હલાવીને એને ઉડાડી મૂક્યું. પછી હિમગાડીમાં બેસીને એને નીચે સરકાવતી એ સીધી કોતુરાના તંબુએ પહોંચી ગઈ.

તંબુમાં જઈને એણે તાપણું સળગાવ્યું અને હરણનું માંસ ધરાઈને ખાઈ લીધું. પછી એ કોતુરાની વાટ જોતી બેઠી.

કોતુરા શિકારેથી પાછો આવ્યો. વચેટ દીકરીને જોઈને એણે પૂછ્યું:

"અહીં શા સારુ આવી છે?"

"મારા બાપુએ મને તમારી પાસે મોકલી છે," વચેટ દીકરીએ જવાબ વાળ્યો.

"શા કાજે મોકલી છે?"

"તમારી વહુ થઈને રહેવા."

"તો પછી બેઠી બેઠી શું કરી રહી છે? ઊભી થઈને ઝટ થોડુંક માંસ રાંધી દે. મને ભૂખ લાગી છે."

માંસ તૈયાર થઈ ગયું એટલે કોતુરાએ કહ્યું કે એને તપેલામાંથી કાઢીને બે ભાગ પાડ.

"તું ને હું મળીને એક ભાગ ખાઈશું," કોતુરા બોલ્યો. "બીજો ભાગ પેલી લાકડાની થાળીમાં લઈને પાડોશના તંબુએ આપી આવ. તું અંદર જતી નહિ, ખાલી થાળી પાછી આપે ત્યાં સુધી બહાર ઊભી ઊભી વાટ જોજે."

વચેટ દીકરી થાળીમાં માંસ લઈને બહાર ગઈ. પવન ગાજતો જોરથી ફૂંકાઈ રહ્યો હતો, હિમ ઘૂમરીઓ ખાઈ રહ્યું હતું, અને કાજળકાળા અંધારામાં કંઈ જ દેખાતું નહોતું. વચેટ દીકરીને આગળ જવાનું જરાય મન ન થયું. એણે માંસ હિમમાં ફેંકી દીધું, અને થોડી વાર બહાર ઊભી રહીને એ પાછી કોતુરા પાસે પહોંચી.

"માંસ પાડોશીને આપી આવી?" કોતુરાએ પૂછ્યું.

"હા, આપી આવી," વચેટ દીકરીએ જવાબ વાળ્યો.

"બહુ જલદી પાછી આવી! વારુ, જરા થાળી મને જોવા દે. મારે જોવું છે કે બદલામાં તને શું મળ્યું છે."

વચેટ દીકરીએ થાળી બતાવી. કોતુરાએ એક નજર નાખીને ખાલી થાળી જોઈ લીધી. પછી એક પણ શબ્દ બોલ્યા વગર એ સૂઈ ગયો. સવારમાં એ હરણની કેટલીક ખાલ લઈ આવ્યો, અને મોટી દીકરીની જેમ વચેટ દીકરીને પણ એણે સાંજ સુધીમાં નવાં કપડાં સીવી આપવાનું કહ્યું.

"કામ શરૂ કરી દે," એ બોલ્યો. "સાંજે આવીને જોઈશ કે તને સીવતાં કેવુંક આવડે છે."

એટલું કહીને કોતુરા શિકારે ચાલ્યો ગયો અને વચેટ દીકરી કામે વળગી. એને ગમે તેમ કરીને બધું કામ સાંજ સુધીમાં આટોપી નાખવાનું હતું એટલે એ કામ જલદી જલદી કરવાની ધમાલમાં હતી. એટલામાં એકાએક ધોળા વાળવાળી ડોશી તંબુમાં આવીને બોલી:

"બેટી, મારી આંખમાં કણું પડયું છે. જરા કાઢી દે ને, મારાથી તો નીકળતું નથી."

"હું તે મારું કામ કરું કે તારા કણાની પંચાતમાં પડું! મારી પાસે પાર વિનાનું કામ છે," વચેટ દીકરી વડચકું ભરતી બોલી. "જા, તારું કણું લઈને ઘર ભેગી થઈ જા, મને મારું કામ કરવા દે."

ડોશીએ કંઈ જવાબ દીધો નહિ. એક શબ્દ પણ બોલ્યા વગર એ પાછી ચાલી ગઈ. રાત પડી એટલે કોતુરા શિકારેથી પાછો આવ્યો.

અંદર આવતાં જ એણે પૂછ્યું: "મારાં નવાં કપડાં તૈયાર છે?"

"હા, તૈયાર છે," વચેટ દીકરી બોલી.

"તો લાવ, જરા પહેરી જોઉં."

કપડાં પહેરતાં જ કોતુરાએ જોયું કે વેતરવામાં કંઈ ઢંગધડો ન મળે, કપડાં ખૂબ ટૂંકાં, અને બખિયા વાંકાચૂકા. કોતુરા ગુસ્સાથી ધૂંવાંપૂવાં થઈ ગયો. એણે વચેટ દીકરીને ઉપાડીને બહાર હિમમાં ફગાવી દીધી. એ જઈને મોટી બહેન નજીક પડી અને હિમમાં ઠરીને મરી ગઈ.

અહીં ડોસો નાની દીકરી જોડે તંબુમાં બેઠો બેઠો ઝંઝાવાત બંધ થવાની વાટ જોતો રહ્યો. પણ એની આશા ફળી નહિ. પવન પહેલાં કરતાંયે વધારે જોરથી ફૂંકાવા લાગ્યો. એમ લાગતું હતું કે હવે કોઈ પણ ઘડીએ તંબુ ઊખડીને પવનમાં ઊભી જશે.

ડોસાએ નાની દીકરીને કહ્યું: "બેય મોટી દીકરીઓએ મારી શિખામણની પરવા ન કરી. એમણે તો બાજી ઊલટી વધારે બગાડી નાખી અને કોતુરાને ખૂબ ગુસ્સે કરી દીધો. હવે તું એક જ જીવતી બચી છે. પણ કોતુરા તને વહુ કરીને રાખે એ આશાએ તને મોકલ્યા વગર છૂટકો નથી. નહિતર આપણી આખી બિરાદરી ભૂખે મરી જવાની. બેટી, સાબદી થા અને કોતુરા પાસે જા."

કેમ જવું અને શું કરવું એ બધું એણે નાની દીકરીને પણ બરાબર સમજાવ્યું.

તંબુમાંથી બહાર નીકળીને નાની દીકરીએ હિમગાડીને સામે પવને ગોઠવી અને હળવો ધક્કો મારીને એને આગળ સરકાવી. સૂસવતા ને ગાજતા પવનનાં ઝાપટાં નાની દીકરીને જમીન ઉપર પટકી નાખવાની કોશિશ કરતાં હતાં. વરસતું હિમ એની આંખોમાં ભરાઈને એને આંધળી બનાવી દેતું હતું અને એ રસ્તો મુદ્દલ જોઈ શકતી નહોતી.

પણ નાની દીકરી તો હિમઝંઝાવાતમાં આગળ ડગલાં ભરતી જ ગઈ. બાપની શિખામણ એક પળ પણ ભૂલ્યા વગર એણે એનો બરાબર અમલ કર્યો. એના કોટની દોરી ખૂલી ગઈ પણ એને બાંધી લેવા એ ખોટી થઈ નહિ. એના જોડામાં હિમ ભરાઈ ગયું પણ એને ખંખેરી નાખવા એ ઊભી રહી નહિ. ટાઢ સખત હતી અને પવન જોરથી ફૂંકાતો હતો પણ એ તો જરાય અટક્યા વગર આગળ ને આગળ ચાલતી જ ગઈ. પહાડ પાસે પહોંચીને ઉપર ચડી ગઈ ત્યારે જ એણે જોડામાંથી હિમ ખંખેર્યું અને કોટની દોરી બાંધી. એટલામાં એક નાનકડું પંખી ઊડતું આવીને એને ખભે બેઠું. એણે પંખીને ઉડાડી મૂક્યું નહિ. અને બદલે એણે પંખીને હળવે હાથ પંપાળીને વહાલ કર્યું. થોડી વારમાં પંખી પોતાની મેળે ઊડી ગયું. નાની દીકરી હિમગાડીમાં બેસીને ઝડપથી નીચે સરકતી સીધી કોતુરાના તંબુએ પહોંચી ગઈ.

અંદર જઈને એ વાટ જોતી બેઠી. બારણે ટાંગેલી ખાલ અચાનક ઊંચી

થઈ અને જુવાન આદમી અંદર આવ્યો. નાની દીકરીને જોતાં એ હસી પડયો અને બોલ્યો:

"મારી પાસે શા સારુ આવી છે?"

"મારા બાપુએ મોકલી છે," નાની દીકરીએ જવાબ દીધો.

"શું કરવા?"

"તમને વીનવવા કે ભલા થઈને હવે ઝંઝાવાત બંધ કરી દો. નહિતર અમારી આખી બિરાદરી મોતના ખપ્પરમાં હોમાઈ જશે."

"પણ તું આમ બેઠી કેમ છે? ચૂલો સળગાવીને થોડુંક માંસ કેમ નથી રાંધી લેતી?" કોતુરા બોલ્યો. "મને તો ભૂખ લાગી છે. તને પણ ભૂખ લાગી જ હશે. અહીં પહોંચીને તેં કંઈ ખાધું હોય એમ લાગતું નથી. બધું એમ ને એમ જ પડયું છે."

નાની દીકરીએ જલદી જલદી માંસ રાંધ્યું અને તપેલામાંથી કાઢીને કોતુરાને પીરસ્યું. કોતુરાએ થોડુંક ખાઈને એને કહ્યું કે અરધો ભાગ પાડોશના તંબુએ આપી આવ.

નાની દીકરી થાળીમાં માંસ લઈને બહાર નીકળી. પવન ભયાનક અવાજ કરતો ગરજી રહ્યો હતો. હિમ ધૂમરીઓ ખાતું ભમરડાની જેમ ચક્કર ચક્કર ફરતું હતું. ક્યાં જવું? પાડોશીનો તંબુ ક્યાં ગોતવો? એ થોડી વાર ઊભી રહી અને પછી ઝંઝાવાતમાં આગળ ચાલી. એ આગળ ડગળાં તો ભરતી જતી પણ એને ખબર જ નહોતી કે પોતે ક્યાં જઈ રહી છે.

અચાનક એને એક પંખી દેખાયું. એ જ પંખી પહાડની ટોચ ઉપર એને ખભે બેઠેલું. પંખી એના માથા પાસે ઊડાઊડ કરવા લાગ્યું. એણે નક્કી કર્યું કે આ પંખી જ્યાં લઈ જાય ત્યાં જવું. પંખી જે દિશામાં ઊડતું ગયું એ તરફ એ પણ આગળ વધી. ચાલતાં ચાલતાં એક તરફ થોડેક આઘે એને તણખાના ચમકારા જેવું કંઈક દેખાયું. એની ખુશીનો પાર ન રહ્યો. ત્યાં કોઈક તંબુ જરૂર હોવો જોઈએ એમ માનીને એણે એ તરફ ડગલાં માંડયાં. પણ નજીક પહોંચતાં એણે જોયું કે ત્યાં તંબુને બદલે મોટો ટીંબો હતો અને એમાંથી ધુમાડાની સેર નીકળતી હતી. નાની દીકરી ટીંબા ફરતી ચાલતી ગઈ અને પગ વડે તપાસ કરતી ગઈ કે ક્યાંય

પોલાણ અથવા મારગ જેવું કંઈ છે કે નહિ. અચાનક એને સામે જ ટીંબાનું બારણું દેખાયું. ધોળા વાળવાળી ડોશી બારણામાંથી ડોકું બહાર કાઢીને બોલી:

"કોણ છે તું? અને ક્યાંથી આવી છે?"

"હું તમારે માટે થોડુંક માંસ લાવી છું, દાદીમાં," નાની દીકરીએ જવાબ આપ્યો. "કોતુરાએ મોકલ્યું છે."

"કોણે, કોતુરાએ? બહુ સારું, લાવ, અને તું બહાર જ ઊભી રહે."

નાની દીકરી વાટ જોતી ટીંબા પાસે ઊભી રહી. ઘણી વાર પછી આખરે બારણું ફરી ઊઘડયું. ડોશીએ બારણામાંથી બહાર ડોકાઈને લાકડાની થાળી એને પાછી આપી. થાળીમાં કંઈક હતું પણ છોકરીને સમજણ ન પડી કે શું છે. થાળી લઈને એ પાછી કોતુરા પાસે પહોંચી.

"આટલી બધી વાર કેમ લાગી?" કોતુરાએ પૂછયું: "તંબુ મળ્યો?"

"હા."

"માંસ આપી આવી?"

"હા."

"થાળી દે તો મને, જરા જોઉં તો ખરો કે એમાં શું છે."

કોતુરાએ થાળી લઈને જોયું તો એમાં છરી, પોલાદનો સોયો, ખુરચની, મોગરી, વગેરે ઓજારો હતાં. કોતુરા જોરથી હસી પડયો અને બોલ્યો:

"તને સરસ ચીજો મળી છે, બધી ખૂબ કામમાં આવશે."

સવારમાં ઊઠીને કોતુરા હરણની કેટલીક ખાલ લઈ આવ્યો. પછી એણે નાની દીકરીને કહ્યું કે આમાંથી સાંજ સુધીમાં મારા માટે નવો કોટ, નવા જોડા, અને નવાં હાથમોજાં બનાવી રાખજે.

"બધું સરસ બનાવીશ તો હું તને મારી વહુ કરીને રાખીશ," કોતુરા બોલ્યો.

કોતુરા શિકારે ચાલ્યો ગયો અને નાની દીકરી કામે વળગી. ડોશીએ આપેલી ચીજો ખૂબ કામમાં આવી. કપડાં ને જોડા બનાવવા માટે જરૂરી બધાં ઓજાર નાની દીકરીને મળી ગયાં. પણ એક દિવસમાં કેટલું કામ થાય?.. નાની દીકરીએ એવી ફિકરમાં વખત બરબાદ કર્યો જ નહિ પણ જેટલું થાય એટલું કરવાની

કોશિશ કરી. એણે ચામડું કેળવીને ખુરચની વડે ઠીક કર્યું. પછી એને વેતરીને એ સીવવા લાગી. બારણે ટાંગેલી ખાલ અચાનક ઊંચી થઈ અને ધોળા વાળવાળી ડોશી અંદર આવી. નાની દીકરી એને તરત ઓળખી ગઈ. રાતે ટીંબામાં જેને માંસ આપેલું એ જ ડોશી હતી.

ડોશી અંદર આવીને બોલી: "બેટી, તારી મદદ લેવા આવી છું. મારો આંખમાં કણું પડયું છે. જરા કાઢી દે ને, મારાથી તો નીકળતું નથી."

નાની દીકરીએ ના ન પાડી. એણે કામ બાજુએ મૂક્યું અને વાત વાતમાં ડોશીની આંખમાંથી કણું કાઢી નાખ્યું.

"હાશ," ડોશી બોલી, "મારી આંખની પીડા ગઈ. કણું એવું ખટકતું'તું કે બસ! હવે મારા જમણા કાનમાં નજર કરીને જો તો જરાક!"

ડોશીના કાનમાં નજર કરતાં જ નાની દીકરી ચમકી ગઈ.

ડોશીએ પૂછ્યું: "શું દેખાય છે મારા કાનમાં?"

"તમારા કાનમાં તો એક છોકરી બેઠી છે," નાની દીકરીએ જવાબ આપ્યો.

"તો એને બોલાવી લે ને! કોતુરાનાં કપડાં સીવવામાં એ તને મદદ કરશે."

નાની દીકરી તો રાજી રાજી થઈ ગઈ. એણે સાદ પાડીને છોકરીને બોલાવી. સાદ પડતાં જ એક નહિ પણ ચાર ચાર છોકરીઓ ડોશીના કાનમાંથી ઠેકડા મારતી બહાર નીકળી અને તરત કામે વળગી ગઈ. એમણે ચામડાં કેળવીને ખુરચની વડે સરખાં કર્યાં અને વેતરીને સિલાઈ કરી નાખી. થોડી વારમાં જ બધી ચીજો તૈયાર થઈ ગઈ. કામ પૂરું થઈ ગયું એટલે ચારેય છોકરીઓને પાછી પોતાના કાનમાં છુપાવીને ડોશી ચાલી ગઈ.

સાંજે કોતુરા શિકારેથી પાછો આવ્યો.

તંબુમાં દાખલ થતાં જ એણે પૂછ્યું: "બધું કામ કરી નાખ્યું?"

"હા, બધું થઈ ગયું છે," નાની દીકરી બોલી.

"જોવા દે મને નવાં કપડાં, જરા પહેરી જોઉં."

નાની દીકરીએ એને કપડાં આપ્યાં. કોતુરાએ કપડાં ઉપર હાથ ફેરવ્યો. ચામડું સુંવાળું અને અડતાં જ ગમી જાય એવું હતું. એણે કપડાં પહેરી જોયાં તો નાનાં પણ નહિ ને મોટાં પણ નહિ એવાં માફકસર હતાં. વળી સિલાઈ મજબૂત


ને સરસ હતી. મોં મલકાવીને કોતુરા બોલ્યો:

"તું મને ગમી, નાનકીબાઈ! મારી માને અને તારી ચાર નણંદને પણ તું ગમી ગઈ છે. તું કામ સરસ કરે છે અને પાછી તારામાં હિંમત પણ છે. બિરાદરીના લોકો મોતથી ઊગરી જાય એ ખાતર તું ભયાનક ઝંઝાવાતની પરવા કર્યા વગર હિંમતથી નીકળી પડી. મારી વહુ થઈને અહીં રહી જા."

એના મોંમાંથી શબ્દો નીકળ્યા ન નીકળ્યા ત્યાં ઝઝાવાત ઓસરી ગયો. પવનથી ડરીને છુપાઈ જવાની લોકોને જરૂર ન રહી, અને ટાઢથી થરથરવાનું પણ બંધ થઈ ગયું. તંબુમાંથી બહાર નીકળીને સૌ દિવસના અજવાળાની મઝા માણવા લાગ્યાં.

છોકરી અને ચાંદો

ચુકચી વાર્તા



ચુકચી પ્રજાના કોઈ માણસને સંતાનમાં ફક્ત એક દીકરી જ હતી. પણ દીકરી બાપને બધી વાતે ખૂબ મદદ કરતી. દર વરસે આખો ઉનાળો એ પડાવથી ખૂબ આઘે ગાળતી અને બાપનાં હરણાંની દેખભાળ કરતી. શિયાળો આવે એટલે એ હરણાંને વધારે દૂર લઈ જતી. આખા વરસમાં ફક્ત એકબે વાર જ એ હિમગાડીએ હરણને જોડીને ખોરાક લાવવા પડાવમાં જતી.

એક દિવસ એ હિમગાડી દોડાવતી પડાવ તરફ જતી હતી ત્યાં હરણે માથું ઊંચું કર્યું, અને આકાશ તરફ મીટ માંડીને એ બોલી ઊઠ્યું:

"આમ જો! આમ જો!"

છોકરીએ ઉપર નજર કરી તો આકાશમાંથી ચાંદો હિમગાડીમાં બેસીને નીચે આવી રહ્યો હતો. એની હિમગાડીએ બે હરણ જોડેલાં હતાં.

છોકરીએ હરણને પૂછ્યું: "એ ક્યાં જાય છે અને શું કરવા જાય છે?"

હરણે જવાબ દીધો: "એ તો તને ઉપાડી જવા આવે છે."

છોકરી ખૂબ ગભરાઈ ગઈ અને બોલી:

"હવે શું કરવું? એ તો ક્યાંક સાચેસાચ મને ઉપાડી જશે!"

વધારે એક શબ્દ પણ બોલ્યા વગર હરણ પગની ખરી વડે હિમ ખોદવા લાગ્યું. થોડી વારમાં છોકરી સમાય એવડો ખાડો ખોદાઈ ગયો.

"ચાલ, આ ખાડામાં બેસી જા, ઝટ કર!" હરણ બોલ્યું.

છોકરી ખાડામાં બેસી ગઈ એટલે હરણ પગ વડે હિમ ઉડાડીને ખાડો પૂરી દેવા લાગ્યું. થોડી વારમાં છોકરી દેખાતી બંધ થઈ ગઈ અને ખાડાની જગ્યાએ નાનકડો ટીંબો બનો ગયો.

એટલામાં ચાંદો આવી પહોંચ્યો. હરણ ઊભાં રાખીને એ હિમગાડીમાંથી બહાર નીકળ્યો. એણે આમતેમ ખૂબ આંટા માર્યા અને છોકરીને ગોતવાની બહુ કોશિશ કરી. પણ એને છોકરી ક્યાંય મળી નહિ. ટીંબા પાસે જઈને એણે એની ટોચ તપાસી જોઈ. પણ એને ખ્યાલ જ ન આવ્યો કે છોકરી ટીંબાની અંદર હશે.

"અજબ વાત છે!" ચાંદો બોલ્યો. "છોકરી ક્યાં ચાલી ગઈ હશે? ક્યાંય દેખાતી જ નથી . ચાલ, હમણાં તો પાછો ચાલ્યો જાઉં. થોડી વાર રહીને ફરી આવીશ. એ વખતે તો મળી જ જશે એટલે પકડીને ભેગી લઈ જઈશ."

એમ વિચારતો એ હિમગાડીમાં બેસીને આકાશમાં ચાલ્યો ગયો.

એ ગયો કે તરત હરણે પગ વડે હિમ હઠાવી દીધું અને છોકરી ખાડામાંથી બહાર નીકળી.

બહાર આવતાં જ એ બોલી: "ચાલ, આપણે ઝટ પડાવ ભેગાં થઈ જઈએ. નહિતર ચાંદો મને જોઈ જશે અને એકદમ આવી પહોંચશે. બીજી વાર એનાથી છુપાઈને બચવાનું નહિ બને."

છોકરી હિમગાડીમાં બેસી ગઈ. હરણ વીજળીની ઝડપે ઊપડ્યું. થોડી વારમાં જ બેઉ પડાવમાં પહોંચી ગયાં. છોકરો દોડતી બાપના તંબુમાં ગઈ. પણ એનો બાપ તો બહાર ગયો હતો. હવે કોણ મદદ કરે?..

હરણ બોલ્યું: "તું ઝટ ક્યાંક છુપાઈ જા, ચાંદો પીછો પકડતો હમણાં આવી

પહોંચશે."

છોકરીએ પૂછ્યું: "પણ ક્યાં જઈને છુપાઉં?"

"ચાલ, તારું રૂપ બદલાવીને હું તને બીજું કંઈક બનાવી દઉં—પથ્થરની શિલા બનાવી દઉં તો?" હરણ બોલ્યું.

"ના, ના. એથી કામ નહિ ચાલે. ચાંદો તરત સમજી જશે."

"તો હથોડો બનાવી દઉં?"

"ના, એ પણ નહિ ચાલે."

"વાંસડો?"

"ના."

"વાળ બનાવીને બારણે ટાંગેલી ખાલ ઉપર ચોંટાડી દઉં?"

"ના, ના."

"તો પછી શું બનાવું? હા, હવે સૂઝ્યું. ચાલ, દીવો બનાવી દઉં છું."

"હા, એ બરાબર, દીવો બનાવી દે."

"ઠીક ત્યારે, નીચે બેસી જા જોઉં."

છોકરી નીચે બેસી ગઈ. હરણે પગની ખરી જમીન ઉપર પછાડી કે તરત છોકરી દીવો બની ગઈ. દીવાનું અજવાળું એવું જોરદાર કે આખા તંબુમાં ઝળહળાટ ફેલાઈ ગયો.

દરમિયાનમાં ચાંદો છોકરીને હરણાંના ટોળામાં ગોતતો હતો. ત્યાં એ મળી નહિ એટલે ચાંદો ઝપાટાબંધ પડાવ તરફ ધસી આવ્યો.

હરણાંને ખોલે બાંધીને એ તંબુમાં ગયો અને છોકરીને ગોતવા લાગ્યો. એણે બધે તપાસ કરી પણ છોકરી એને ક્યાંય મળી નહિ. એણે તંબુના થાંભલા વચ્ચે તપાસ કરી, દરેકે દરેક વાસણ જોઈ નાખ્યું, દરેકે દરેક ખાલનો એકેએક વાળ જોઈ લીધો, ખાટલા નીચે પડેલી દરેકે દરેક ડાળખી જોઈ નાખી, જમીન ઉપર પડેલી ધૂળ વીંખીને એમાં તપાસ કરી લીધી, પણ છોકરી એને ક્યાંય મળી નહિ.

દીવા ઉપર તો એનું ધ્યાન જ ન પડયું. દીવો ખૂબ તેજ રેલાવતો હતો એ સાચું, પણ ચાંદો પોતેય એટલો જ ઝગમગતો હતો એટલે એને દીવાની ખબર જ ન પડી.

"અજબ વાત છે," ચાંદો બોલ્યો. "ક્યાં હશે છોકરી? મારે એને લીધા વગર જ આકાશમાં પાછા ફરતું પડશે."

તંબુમાંથી બહાર નીકળીને એ હરણાંને છોડવા લાગ્યો. હિમગાડીમાં બેસીને એ ઊપડવાની તૈયારીમાં જ હતો એટલામાં બારણે ટાંગેલી ખાલ ઊંચી થઈ અને છોકરી કેડ સુધી બહાર ડોકાઈને ખડખડાટ હસી પડી.

"આ રહી! હું આ રહી!" એણે ચાંદાને સાદ દીધો.

હરણાંને પડતાં મૂકીને ચાંદો દોડતો પાછો તંબુમાં ગયો. પણ છોકરી તો વળી દીવો બનીને બેસી ગઈ હતી.

ચાંદો તંબુમાં છોકરીને ખોળવા લાગ્યો. એણે દરેકે દરેક સળીપાંદડું તપાસી લીધું, ખાલનો એકેએક વાળ જોઈ લીધો, દરેકે દરેક ખૂણોખાંચરો ફંફોળી લીધો, પણ છોકરી એને જડી નહિ.

આ તે કેવી અજબ વાત! ક્યાં હશે છોકરી? એટલી વારમાં ક્યાં અલોપ થઈ ગઈ? ચાંદાને લાગ્યું કે છોકરીને લીધા વગર જ પાછા જવું પડશે.

પણ તંબુમાંથી બહાર નીકળીને એણે હરણાંને છોડવાનું શરૂ કર્યું કે તરત છોકરીએ ખાલ ઊંચી કરીને ડોકું બહાર કાઢ્યું.

"આ રહી! હું આ રહી!" એણે હસતાં હસતાં સાદ પાડ્યો.

ચાંદો એકદમ તંબુમાં ધસી ગયો અને વળી પાછો છોકરીને ગોતવા લાગ્યો. એણે ઘણી વાર સુધી ગોત્યા કર્યું, ખૂબ ખાંખાંખોળા કર્યા, દરેક વસ્તુને ઊંધીચત્તી કરી નાખી, પણ છોકરી એને ન જડી તે ન જ જડી.

છોકરીને ગોતી ગોતીને એ એટલો બધો થાકી ગયો કે સાવ દૂબળોપાતળો ને કમજોર થઈ ગયો. હાથપગ પણ માંડ માંડ હલાવી શકતો હતો.

હવે છોકરીને એની જરાય બીક ન રહી. પોતાનું અસલી રૂપ ધારણ કરીને એ દોડતી તંબુમાંથી બહાર નીકળી અને એણે ચાંદાને જમીન ઉપર ચત્તો પછાડી દીધો. પછી દોરડું લઈને એણે ચાંદાના હાથપગ જકડીને બાંધી લીધા.

"ઊંહ!" ચાંદાના મોંમાંથી ઊંહકારો નીકળી ગયો. "હું સમજી ગયો કે તું મને જાનથી મારી જ નાખવાની! તો ઝટ મારી નાખ! ઠીક જ છે, હું એવી સજાને જ લાયક છું, બધો વાંક મારો જ છે. મારા મનમાં તને પૃથ્વી ઉપરથી

ઉપાડી જવાની લાલચ જાગી હતી. પણ હું મરી જાઉં તે પહેલાં મને ખાલ ઓઢાડ એટલે જરાક હૂંફ મળે. ટાઢથી એવો ઠરી ગયો છું..."

સાંભળીને છોકરીને ખૂબ અચરજ થયું.

"તું ટાઢથી ઠરી ગયો છે?" એ બોલી ઊઠી. "અરે, તું તો ખુલ્લા આકાશમાં રહેનારો, તારે ઘરબાર તો છે જ નહિ, તંબુ પણ નથી. તું તો ખુલ્લી જગ્યાનો જીવ છે અને ખુલ્લી જગ્યામાં જ વસે છે. ખાલ ઓઢવાની તને શી જરૂર!"

જવાબમાં ચાંદો કરગરીને છોકરીને કહેવા લાગ્યો:

"હું ઘરબાર વગરનો છું અને મારા નસીબમાં સદા એમ જ રહેવાનું લખ્યું છે એટલે આકાશમાં ભટકવા મને છૂટો મૂકી દે. હું આકાશમાં ભટકતો રહીશ તો તમને લોકોને મઝા પડે એવું કંઈક આકાશમાં હંમેશાં રહેશે. હું આકાશી રોશની બનીને વનવગડામાં લોકોને મારગ બતાવીશ. મને છોડી મૂક તો હું રાતને દિવસની જેમ અજવાળાથી ભરી દઈશ! મને છૂટો કરી દે તો હું તમારા લોકો માટે એક પછી એક વરસ માપતો રહીશ."

"તને છોડી મૂકું તો તું પાછો જોરાવર થઈ જાય અને તારા હાથપગ પાછા મજબૂત થઈ જાય ત્યારે મને ઉપાડી જવા તું આકાશમાંથી પાછો નીચે નહિ આવે?"

"ના, ના, કદી નહિ! હું તો તારી તરફ આવવાનો મારગ જ સાવ ભૂલી જઈશ. તું વધારે પડતી ચાલાક છે. હું આકાશમાંથી નીચે ફરી વાર હવે ક્યારેય નહિ આવું. ભલી થઈને મને છોડી મૂક તો હું આકાશમાં અને પૃથ્વી ઉપર ઝળહળાટ ફેલાવી દઈશ."

ચાંદાની આજીજી સાંભળીને છોકરીને દયા આવી અને એણે એને છોડી મૂક્યો. છૂટો થતાં જ એ ગગનમાં ઊંચે ચડી ગયો અને દુનિયામાં ઝગમગતી ચાંદની ફેલાઈ ગઈ.

